नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पज्य आनन्द-क्षमा-ललित-सशील-सधर्मसागर-गरूभ्यो नम:

આગમ- ૨

# સૂત્રકૃત્

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]

'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ-૨

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૨) સૂત્રકૃત્

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

અનુવાદક અને સંપાદક

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., શ્રુતમહર્ષિ]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र- | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र- | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र- | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | --- | --------------- | ----- |

# આગમસૂત્ર- ૨ 'સૂત્રકૃત્'

## અંગસૂત્ર- ૨ ગુજરાતી ભાવાનુવાદ

### ક્યાં શું જોશો?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| | શ્રુતસ્કંધ- ૧ | ૦૦૬ | | શ્રુતસ્કંધ– ૧ (ચાલુ) | – – – |
| ૧ | સમય | ૦૦૬ | ૧૩ | યથાતથ્ય | ૦૫૧ |
| ૨ | વૈતાલીય | ૦૧૪ | ૧૪ | ગ્રંથ | ૦૫૩ |
| ૩ | ઉપસર્ગ પરિજ્ઞા | ૦૧૯ | ૧૫ | યજ્ઞીય | ૦૫૫ |
| ૪ | સ્ત્રી પરિજ્ઞા | ૦૨૭ | ૧૬ | ગાથા | ૦૫૬ |
| ૫ | નરક વિભક્તિ | ૦૩૧ | | શ્રુતસ્કંધ– ૨ | ૦૫૭ |
| ૬ | મહાવીર સ્તુતિ | ૦૩૫ | ૧ | પુંડરીક | ૦૫૭ |
| ૭ | કુશીલ પરિભાષિત | ૦૩૮ | ૨ | ક્રિયાસ્થાન | ૦૬૭ |
| ૮ | વીર્ય | ૦૪૧ | ૩ | આહાર પરિજ્ઞા | ૦૭૮ |
| ૯ | ધર્મ | ૦૪૩ | ૪ | પ્રત્યાખ્યાન ક્રિયા | ૦૮૪ |
| ૧૦ | સમાધિ | ૦૪૫ | ૫ | આચાર શ્રુત | ૦૮૭ |
| ૧૧ | માર્ગ | ૦૪૭ | ૬ | આર્દ્રકીય | ૦૮૯ |
| ૧૨ | સમોસરણ | ૦૪૯ | ૭ | નાલંદીય | ૦૯૨ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય–સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | –1– **आगमसुत्ताणि–मूलं** print | [49] | | –1– આગમ વિષયાનુક્રમ– (મૂળ) | 02 |
| | –2– **आगमसुत्ताणि–मूलं** Net | [45] | | –2– **आगम विषयानुक्रम (सटीकं)** | 04 |
| | –3– **आगममञ्जूषा (मूल प्रत)** | [53] | | –3– **आगम सूत्र–गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | –1– આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | –1– આગમ કથાનુયોગ | 06 |
| | –2– **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | –2– **आगम संबंधी साहित्य** | 02 |
| | –3– AagamSootra English | [11] | | –3– **ऋषिभाषित सूत्राणि** | 01 |
| | –4– આગમસૂત્ર સટીક ગુજરાતી | [48] | | –4– **आगमिय सूक्तावली** | 01 |
| | –5– **आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | –1– **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય– | 13 |
| | –2– **आगम** मूलं एवं वृत्ति –1 | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય– | 06 |
| | –3– **आगम** मूलं एवं वृत्ति –2 | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય– | 05 |
| | –4– **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય– | 04 |
| | –5– **सवृत्तिक आगमसूत्राणि**–1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય– | 09 |
| | –6– **सवृत्तिक आगमसूत्राणि**–2 | [08] | 6 | વિધિ સાહિત્ય– | 04 |
| | –7– **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય– | 04 |
| | –1– **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય– | 02 |
| | –2– **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | –3– **आगम–सागर–कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય– | 05 |
| | –4– **आगमशब्दादिसंग्रह** (**प्रा–सं–गु**) | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | –5– **आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ | 85 |
| | | | | | |

| | |
|---|---|
| 1–આગમ સાહિત્ય (કુલ પુસ્તક) | 518 |
| 2–આગમેતર સાહિત્ય (કુલ પુસ્તક) | 085 |
| દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય | 603 |

# [૨] સૂત્રકૃત્
## અંગસૂત્ર–૨– ગુજરાતી ભાવાનુવાદ

## શ્રુતસ્કન્ધ–૧

### અધ્યયન–૧ સમય

### ઉદ્દેશક–૧

**સૂત્ર– ૧**

સુધર્માસ્વામીએ કહ્યું હે જંબૂ! મનુષ્ય એ બોધ પ્રાપ્ત કરવો જોઈએ. બંધનને જાણીને તોડવા જોઈએ.,

જંબૂસ્વામીએ પૂછ્યું– વીર પ્રભુએ બંધન કોને કહેલ છે? અને શું જાણીને બંધન તોડી શકાય?

**સૂત્ર– ૨**

બંધનના સ્વરૂપને જણાવે છે– સચિત્ત તથા અચિત્ત પદાર્થોમાં અલ્પમાત્ર પરિગ્રહ બુદ્ધિ રાખે છે અને બીજાને પરિગ્રહ રાખવા અનુજ્ઞા આપે છે, તે આઠ કર્મ કે તેના ફળરૂપ અશાતા વેદનીય–દુઃખથી મુક્ત થતો નથી.

**સૂત્ર– 3**

બીજી રીતે બંધનને જણાવે છે– જે મનુષ્ય સ્વયં પ્રાણીઓનો ઘાત કરે છે, બીજા પાસે ઘાત કરાવે છે કે ઘાત કરનારનું અનુમોદન કરે છે, તો તે પોતાનું વેર વધારે છે. પછી દુઃખ પરંપરારૂપ બંધનથી મુક્ત થતો નથી.

**સૂત્ર– ૪**

ફરી પણ બંધનને આશ્રીને કહે છે– જે મનુષ્યમાં જે કુળમાં જન્મે છે, જેની સાથે વસે છે, તે અજ્ઞાની તેની ઉપર મમત્વ કરીને લેપાય છે અને અન્ય–અન્ય પદાર્થમાં આસક્ત થતો જાય છે.

**સૂત્ર– ૫**

હવે બંધનને શું જાણીને તોડે? તે બતાવે છે– ધન–વૈભવ અને ભાઈ–બહેન વગેરે બધાં રક્ષા કરવા સમર્થ નથી તથા જીવનને અલ્પ છે તેમ જાણીને કર્મના બંધનને તોડી નાંખે છે. મિથ્યાત્વ અને અવિરતિ પણ કર્મબંધનના કારણ છે, તેથી વિરતિમાં ન રહેતા અને મિથ્યામત ધરાવનારના મતો હવેના સૂત્રોમાં જણાવે છે–

**સૂત્ર– ૬**

હવે અન્યમતને જણાવતા સૂત્રકારશ્રી કહે છે– કોઈ કોઈ શ્રમણ–(શાક્ય આદિ ભિક્ષુ) કે બ્રાહ્મણ પરમાર્થને નહીં જાણતા ઉપરોક્ત ગ્રંથનો ત્યાગ કરીને, પોતાના સિદ્ધાંતમાં બદ્ધ થઈને માનવ કામભોગમાં આસક્ત થાય છે.

**સૂત્ર– ૭**

ચાર્વાક મતને જણાવતા સૂત્રકારશ્રી કહે છે – આ જગતમાં પંચમહાભૂત છે – પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ. આ પાંચ મહાભૂતો લોકમાં છે,

**સૂત્ર– ૮**

ચાર્વાકના મતને જ બતાવતા આગળ કહે છે– આ પાંચ મહાભૂત છે, તેઓના સંયોગથી એક ચેતના ઉત્પન્ન થાય છે. અને તે ભૂતોનો નાશ થતા તેના થકી ઉત્પન્ન થયેલ ચેતના પણ નાશ પામે છે.

**સૂત્ર– ૯**

અન્યમતને જણાવતા સૂત્રકારશ્રી હવે 'આત્મા એક જ છે, તેવા અદ્વૈતવાદને બતાવે છે'– જેમ એક જ પૃથ્વીસમૂહ વિવિધરૂપે દેખાય છે, તે પ્રમાણે એક જ આત્મા છે, પણ તે સકલ લોકમાં વિવિધરૂપે દેખાય છે.

સૂત્ર– ૧૦

ઉપરના સૂત્ર–૯ માં અદ્વૈતવાદીએ કહેલ મતનો ઉત્તર આપતા સૂત્રકારશ્રી જણાવે છે– કોઈ કહે છે – 'આત્મા એક જ છે' પણ આરંભમાં આસક્ત રહેનારા પાપકર્મ કરીને પોતે જ દુઃખ ભોગવે છે. બીજો કોઈ ભોગવતો નથી.

સૂત્ર– ૧૧

સૂત્ર–૧૦ માં આત્મા એક નથી પણ અનેક છે તે બતાવ્યું, હવે 'તે જીવ–તે શરીર'છે તેવો અન્ય વાદીનો મત કહે છે– અજ્ઞાની હોય કે પંડિત પ્રત્યેકનો આત્મા અલગ–અલગ છે,. પરંતુ મૃત્યુ પછી આત્માનું અસ્તિત્વ રહેતું નથી પરલોકમાં ઉત્પન્ન થનારો કોઈ નિત્ય પદાર્થ/(આત્મા) નથી. કેમ કે શરીરના અભાવે ચૈતન્ય–આત્મા રહેતું નથી

સૂત્ર– ૧૨

'તે જીવ–તે શરીર' મતવાદી કહે છે– પૂન્ય નથી, પાપ નથી, આ લોક સિવાય કોઈ લોક નથી. શરીરનો વિનાશ થતા દેહી (આત્મા)નો પણ વિનાશ થાય છે.

સૂત્ર– ૧૩

બીજો એક અન્ય મતવાદી કહે છે– આત્મા સ્વયં ક્રિયા કરતો નથી, બીજા પાસે કરાવતો નથી. આ બધી ક્રિયાઓનો કરનાર કોઈ આત્મા નથી.  આત્મા અકારક છે. એવું તે અકારકવાદીઓ કહે છે.

સૂત્ર– ૧૪

સૂત્ર ૧૧, ૧૨, ૧૩ માં બે અન્ય મતો બતાવ્યા– 'તે જીવ– તે શરીર' અને 'આત્માનું અકારકપણુ' આ સૂત્રમાં તે અન્યમતનું ખંડન કરતા કહે છે– જે લોકો આત્માને અકર્તા કહે છે, તેમના મતે આ લોક અર્થાત્ ચતુર્ગતિક સંસાર કઈ રીતે સિદ્ધ થશે ? તે મૂઢઅને આરંભમાં આસક્ત લોકો એક અજ્ઞાન અંધકારમાંથી બીજા અજ્ઞાન–અંધકારમાં જાય છે.

સૂત્ર– ૧૫

હવે 'આત્મ ષષ્ઠવાદી' નામનો એક અન્યમત બતાવે છે– કેટલાક કહે છે–  આ જગતમાં પાંચ મહાભૂત છે અને છઠ્ઠો ભૂત ચૈતન્ય સ્વરૂપ આત્મા છે. તેમના મતે આ આત્મા નિત્ય અને લોક શાશ્વત છે.

સૂત્ર– ૧૬

આત્મ ષષ્ઠવાદીના મતનું જ નિરૂપણ કરતા જ આગળ કહે છે– પાંચ મહાભૂત અને છઠ્ઠો આત્મા સહેતુક કે નિર્હેતુક નષ્ટ થતા નથી. અસત્ વસ્તુ ઉત્પન્ન થતી નથી, સર્વે પદાર્થો સર્વથા નિયતીભાવ–નિત્યપણાને પ્રાપ્ત થાય છે.

સૂત્ર– ૧૭

બૌદ્ધ મતવાદી અન્ય મતને જ સૂત્રકાર જણાવે છે– કેટલાક અજ્ઞાનીઓ કહે છે સ્કંધ પાંચ જ છે, અને તે સર્વે ક્ષણ માત્ર જ રહેનારા છે, આ સ્કંધોથી ભિન્ન કે અભિન્ન, કારણથી ઉત્પન્ન થનાર કે કારણ વિના ઉત્પન્ન થનાર આત્મા નામનો કોઈ જુદો પદાર્થ નથી.

સૂત્ર– ૧૮

હવે બીજા બૌદ્ધોનો ચાતુર્ધાતુક નામનો અન્ય મત બતાવે છે– પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુ આ ચાર ધાતુઓથી શરીર બનેલ છે,  આ ચાર ધાતુઓથી ભિન્ન આત્મા નામનો કોઈ પદાર્થ નથી.

સૂત્ર– ૧૯

અન્ય દર્શનીઓ કહે છે– ઘરમાં વસતા ગૃહસ્થ હોય કે વનમાં રહેનાર વનવાસી હોય કે પ્રવ્રજ્યા ધારણ કરેલ હોય, જે કોઈ અમારા દર્શનને અંગીકાર કરે છે, તે સર્વે દુઃખોથી મુક્ત થઈ જાય છે.

હવે સૂત્રકારશ્રી ઉપરોક્ત અન્ય મતવાદીઓના અફળપણાને સૂત્ર– ૨૦ થી ૨૫ માંજણાવે છે–

**સૂત્ર– ૨૦**

જ્ઞાનાવરણ આદિ કર્મોની સંધિને ન જાણનાર, દશવિધ યતિધર્મને નહી જાણનારા, ઉપરોક્ત મિથ્યા પ્રરૂપણા કરનાર અન્ય મતવાદી લોકો દુખના પ્રવાહનો પાર પામી શકતા નથી.

**સૂત્ર– ૨૧**

જ્ઞાનાવરણ આદિ કર્મોની સંધિને ન જાણનાર, દશવિધ યતિધર્મને નહી જાણનારા, ઉપરોક્ત મિથ્યા પ્રરૂપણા કરનાર અન્ય મતવાદી લોકો સંસારને પાર કરી શકતા નથી.

**સૂત્ર– ૨૨**

જ્ઞાનાવરણ આદિ કર્મોની સંધિને ન જાણનાર, દશવિધ યતિધર્મને નહી જાણનારા, ઉપરોક્ત મિથ્યા પ્રરૂપણા કરનાર અન્ય મતવાદી લોકો ગર્ભનો પાર પામી શકતા નથી.

**સૂત્ર– ૨૩**

જ્ઞાનાવરણ આદિ કર્મોની સંધિને ન જાણનાર, દશવિધ યતિધર્મને નહી જાણનારા, ઉપરોક્ત મિથ્યા પ્રરૂપણા કરનાર અન્ય મતવાદી લોકો જન્મનો પાર પામી શકતા નથી.

**સૂત્ર– ૨૪**

જ્ઞાનાવરણ આદિ કર્મોની સંધિને ન જાણનાર, દશવિધ યતિધર્મને નહી જાણનારા, ઉપરોક્ત મિથ્યા પ્રરૂપણા કરનાર અન્ય મતવાદી લોકો દુઃખનો પાર પામી શકતા નથી.

**સૂત્ર– ૨૫**

જ્ઞાનાવરણ આદિ કર્મોની સંધિને ન જાણનાર, દશવિધ યતિધર્મને નહી જાણનારા, ઉપરોક્ત મિથ્યા પ્રરૂપણા કરનાર અન્ય મતવાદી લોકો મૃત્યુનો પાર પામી શકતા નથી.

હવે સૂત્રકારશ્રી ઉપરોક્ત અન્ય મતવાદીઓ કેવા ફળ ભોગવશે તે સૂત્ર– ૨૬, ૨૭ માંજણાવે છે–

**સૂત્ર– ૨૬**

પૂર્વોક્ત મિથ્યા સિદ્ધાંતની પ્રરૂપણા કરનાર વાદીઓ મૃત્યુ, વ્યાધિ, જરાથી આકુલ આ સંસારચક્રમાં વારંવાર વિવિધ પ્રકારના દુઃખોને ભોગવ્યા કરે છે.

**સૂત્ર– ૨૭**

જ્ઞાતપુત્ર જિનોત્તમ મહાવીરે કહ્યું છે કે પૂર્વોક્ત નાસ્તિક આદિ અન્યતીર્થિકો ઊંચી–નીચી ગતિઓમાં ભ્રમણ કરશે અને અનંત ગર્ભ પ્રાપ્ત કરશે – મેં જે તીર્થંકરો પાસે સાંભળેલ છે, તેમ હું તમને કહું છું.

**શ્રુત.૧ના અધ્યયન–૧ 'સમય' ના ઉદ્દેશક–૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## અધ્યયન–૧, ઉદ્દેશક–૨

સૂત્રકારશ્રીએ ઉદ્દેશા–૧ માં ભૂતવાદ આદિ મિથ્યા મતોનું નિરૂપણ કર્યું, હવે આ ઉદ્દેશામાં નિયતિવાદ આદિ મિથ્યાદષ્ટિ મતોનું નિરૂપણ કરે છે અને ઉદેશાને અંતે આ મિથ્યાત્વીઓને મળનાર ફળને બતાવેલ છે.

**સૂત્ર– ૨૮**

કોઈ અન્ય મતવાદી કહે છે – જીવ પૃથક્ પૃથક્ ઉત્પન્ન થાય છે, તેઓ સુખ–દુઃખનો અનુભવ પણ અલગ અલગ કરે છે, પોતાના સ્થાનથી અલગ–અલગ જ બીજા સ્થાને જાય અર્થાત્ શરીર છોડી બીજા શરીરમાં જાય છે.

**સૂત્ર– ૨૯**

નિયતિવાદીઓ શું માને છે તે સૂત્ર ૨૯ અને ૩૦ માં બતાવે છે–

જગતના જીવો જે સુખ–દુઃખ ભોગવે છે તે પોતાના દ્વારા કરેલું નથી તો ઈશ્વર આદિ અન્ય દ્વારા પણ કરેલું કઈ રીતે હોઈ શકે? તે સુખ–દુઃખ કોઈ કાર્ય સિદ્ધ ઉત્પન્ન થવાથી હોય કે સિદ્ધિના અભાવમાં ઉત્પન્ન થયું હોય.

સૂત્ર– ૩૦

તે સુખ–દુઃખને પ્રત્યેક જીવ અલગ–અલગ ભોગવે છે. તે સુખ દુખ ન તો તેમના પોતાના છે, ન બીજાના કરેલા છે. તે નિયતિ દ્વારા કરેલા છે તેમ નિયતિવાદી કહે છે.

સૂત્ર– ૩૧

નિયતિવાદીના મતનો ઉત્તર આપતા સૂત્રકારશ્રી સૂત્ર ૩૧ અને ૩૨ માં જૈનમત બતાવે છે–

આ પ્રમાણે કહેનારા નિયતિવાદી અજ્ઞાની હોવા છતાં, પોતાને પંડિત માને છે, સુખ–દુઃખ નિયત અને અનિયત બંને પ્રકારે છે, તે આ બુદ્ધિહીન અજ્ઞાની જાણતા નથી.

સૂત્ર– ૩૨

આ પ્રમાણે કેટલાક પાર્શ્વસ્થ અર્થાત્ નિયતિવાદી કે કર્મબંધનમાં જકડાયેલા, તેઓ નિયતિને જ સુખ–દુખ આદિના કર્તા બતાવવાની ધૃષ્ટતા કરે છે. તેથી તેઓ પરલોક સંબંધી ક્રિયામાં પ્રવૃત્ત થવા છતાં પણ સ્વયંને દુઃખ મુક્ત કરી શકતા નથી. કેમ કે નિયતિ એટલે 'જે થવાનું હોય તે જ થાય' એવો તેમનો મત છે.

સૂત્ર– ૩૩

હવે અજ્ઞાનવાદીને જાણાવતા સૂત્ર ૩૩ થી ૩૬ માં સૂત્રકાર મૃગના દૃષ્ટાંતથી બતાવે છે કે –

જેવી રીતે ત્રાણહીન અર્થાત્ સંરક્ષણ–રહિત, ચંચળ–જલ્દીથી દોડતા મૃગ–(હરણ) શંકાથી રહિત સ્થાનમાં શંકા કરે છે અને શંકાયુક્ત સ્થાનમાં શંકા કરતા નથી...

સૂત્ર– ૩૪

તેવી રીતે સુરક્ષિત સ્થાનોને શંકાસ્પદ અને બંધનયુક્ત સ્થાનોને શંકારહિત માનતા, અજ્ઞાન અને ભયથી ઉદ્વિગ્ન થયેલ તે મૃગ–હરણો બંધનયુક્તયુક્ત સ્થાનોમાં ફસાય છે...

સૂત્ર– ૩૫

તે સમયે તે મૃગ કદી તે બંધનને ઉલ્લંઘી જાય અથવા બંધનની નીચેથી નીકળી જાય તો તે બચી શકે છે, પણ તે મૂર્ખ મૃગ આ જાણતા નથી...

સૂત્ર– ૩૬

તે અહિતાત્મા અર્થાત્ પોતાનું અહિત કરનાર અને અહિત કરનારી બુદ્ધિવાળો તે મૃગ તે બંધનવાળા આદિ વિષમ સ્થાને સ્થાને પહોંચી ત્યાં પગના બંધનથી બંધાઈને વિનાશને પ્રાપ્ત થાય છે.

સૂત્ર– ૩૭

સૂત્ર ૩૩ થી ૩૬ માં આપેલ દૃષ્ટાંતને આધારે સૂત્રકાર સૂત્ર ૩૭ થી ૪૦ માં અજ્ઞાનના વિપાકને કહે છે.–

આ પ્રમાણે કોઈ મિથ્યાદૃષ્ટિ, અનાર્ય શ્રમણ શંકા નહી કરવા યોગ્ય સ્થાનમાં શંકા કરે છે અને શંકા કરવા યોગ્ય સ્થાનમાં શંકા કરતા નથી...

સૂત્ર– ૩૮

તે મૂઢ, વિવેકરહિત, અજ્ઞાની, ધર્મ પ્રરુપણામાં શંકા કરે છે, પણ આરંભ અર્થાત્ શાસ્ત્રજ્ઞાનથી રહિત હોવાને કારણે આરંભ અર્થાત્ હિંસાયુક્ત કાર્યોમાં તે અવિવેકી શંકા કરતા નથી...

સૂત્ર– ૩૯

જીવ સમસ્ત લોભ, માન, માયા, ક્રોધનો નાશ કરીને કર્મરહિત થાય છે, પણ મૃગ સમાન અજ્ઞાની જીવો, સર્વજ્ઞ કથિત આ પરમ–અર્થને અમલમાં મૂકતા નથી અર્થાત્ લોભ આદિનો ત્યાગ કરતા નથી.

સૂત્ર- ૪૦

જે મિથ્યાદષ્ટિ અનાર્યો આ અર્થને–સિદ્ધાંતને જાણતા નથી તેઓ મૃગની જેમ પાશ–બદ્ધ અર્થાત્ કર્મબંધનમાં બંધાયેલ જીવો અનંતવાર નષ્ટ થશે.

સૂત્ર- ૪૧

કેટલાક બ્રાહ્મણ તથા પરિવ્રાજક–શ્રમણ પોતાના જ્ઞાનને સત્ય કહે છે. પરંતુ સંપૂર્ણ લોકમાં જે પ્રાણીઓ છે, તેઓના વિષયમાં તેઓ કંઈપણ જાણતા નથી.

સૂત્ર- ૪૨

જેમ કોઈ મ્લેચ્છ અર્થાત્ અનાર્ય, અમ્લેચ્છ અર્થાત્ આર્ય પુરુષના કહેલા કથનનો માત્ર અનુવાદ કરે છે, પણ તેના હેતુને અર્થાત્ કથનના કારણ કે રહસ્યને જાણતા નથી;

સૂત્ર- ૪૩

એ રીતે સમ્યક્ જ્ઞાન રહિત શ્રમણ કે બ્રાહ્મણ પોતપોતાના જ્ઞાનને બતાવે છે, પણ તેના નિશ્ચયાર્થ અર્થાત્ પરમાર્થને નથી જાણતા. તેઓ પૂર્વોક્ત મ્લેચ્છોની માફક અબોધિક–અજ્ઞાની હોય છે.

સૂત્ર- ૪૪

હવે સૂત્ર ૪૪ થી ૪૮ માં અજ્ઞાન વાદીના દુષણો બતાવે છે–

'અજ્ઞાન જ શ્રેષ્ઠ છે' તેવો નિર્ણયાત્મક વિચાર અજ્ઞાન પક્ષમાં સંગત થઈ શકતો નથી. અજ્ઞાનવાદી પોતાને પણ શિક્ષા દેવા સમર્થ નથી, તો તે બીજાને શિક્ષા કઈ રીતે આપી શકે ?

સૂત્ર- ૪૫

જેમ વનમાં કોઈ દિશામૂઢ મનુષ્ય, બીજા દિશામૂઢ નેતાની પાછળ પાછળ ચાલે તો તે બંને રસ્તો નહીં જાણવાથી તીવ્ર દુઃખને પામે છે તેમ અજ્ઞાનવાદી, દિશા–મૂઢ એવા અજ્ઞાની નેતાને અનુસરીને તીવ્ર શોકને પામે છે.

સૂત્ર- ૪૬

જેમ કોઈ અંધ મનુષ્ય, બીજા કોઈ અંધને માર્ગે દોરે તો જ્યાં જવાનું હોય તે માર્ગથી દૂર કે ઉલટા માર્ગમાં લઈ જશે અથવા અન્ય માર્ગે ચાલ્યો જશે...

સૂત્ર- ૪૭

આ પ્રમાણે કોઈ મોક્ષાર્થી કહે છે– અમે ધર્મારાધક છીએ, પણ તેઓ અધર્મનું જ આચરણ કરે છે. તેઓ સરળ સંયમ માર્ગને અંગીકાર કરી શકતા નથી. વળી...

સૂત્ર- ૪૮

કોઈ કોઈ દુર્બુદ્ધિ જીવો પૂર્વોક્ત વિતર્કોને લીધે જ્ઞાનવાદીની સેવના કરતા નથી, તેઓ પોતાના વિતર્કોને લઈને ''અજ્ઞાનવાદ જ સરળ માર્ગ છે'' તેવું માને છે.

સૂત્ર- ૪૯

હવે જ્ઞાનવાદી આ અજ્ઞાનવાદનાં અનર્થોને કહે છે– આ પ્રમાણે તર્ક દ્વારા પોતાના મતને મોક્ષપ્રદ સિદ્ધ કરવા ધર્મ, અધર્મને ન જાણનાર અજ્ઞાનવાદીઓ, પીંજરાના પક્ષીની માફક દુઃખને નિવારી શકતા નથી.

સૂત્ર- ૫૦

હવે એકાંતવાદી મતના દૂષણો કહે છે– પોતપોતાના મતની પ્રશંસા અને બીજાના વચનોની નિંદા કરતા જે અન્યતીર્થિકો પોતાનું પાંડિત્ય દેખાડે છે, તે સંસારમાં જ ભમે છે.

સૂત્ર- ૫૧

હવે બીજું દર્શન એકાંત ક્રિયાવાદીનું છે. કર્મ અને કર્મબંધનની ચિંતાથી રહિત તે દર્શન સંસાર વધારનારું છે.

સૂત્ર– ૫૨

જે પુરુષ જાણવા છતાં મનથી કોઈ પ્રાણીની હિંસા કરે છે, પણ કાયા થકી કોઈને મારતો નથી તથા અજાણતા કાયાથી કોઈને હણે છે, તે અવ્યક્ત સાવદ્ય કર્મનું સ્પર્શમાત્ર જ બંધન અનુભવે છે.

સૂત્ર– ૫૩

ક્રિયાવાદીઓના મતે કર્મબંધના ત્રણ કારણો છે, જેના વડે પાપકર્મનો બંધ થાય છે– ૧. કોઈ પ્રાણીને મારવા માટે તેના પર આક્રમણ કરવું, (૨) બીજાને આદેશ આપી પ્રાણીનો ઘાત કરાવવો, (૩) મનથી અનુમોદવા.

સૂત્ર– ૫૪

ઉપર કહેલ ત્રણ આદાન અર્થાત્ કર્મબંધના કારણ છે, જેના વડે પાપકર્મ કરાય છે. પણ જ્યાં આ ત્રણ નથી, ત્યાં ભાવની વિશુદ્ધિ હોવાથી કર્મબંધ થતો નથી અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. (તેવું ક્રિયાવાદી માને છે.)

સૂત્ર– ૫૫

ક્રિયાવાદિઓ પોતાના મતની પુષ્ટિ માટે દૃષ્ટાંત આપતા કહે છે– જેમ અસંયમી પિતા વિપત્તિવેલા આહારને માટે પુત્રની હિંસા કરે છે, પણ રાગ–દ્વેષ રહિત તે મેધાવી પુરુષ તેનો આહાર કરવા છતાં કર્મથી લિપ્ત થતો નથી.

સૂત્ર– ૫૬

અન્યદર્શનીઓનું ઉક્ત કથન ખોટું છે કેમ કે જે મનથી રાગ–દ્વેષ કરે છે, તેનું મન શુદ્ધ નથી હોતું અને અશુદ્ધ મન વાળા સંવરમાં પ્રવૃત્તિ કરનાર ન હોય કેમ કે મન કર્મબંધનું પ્રધાન કારણ છે.

સૂત્ર– ૫૭

પૂર્વોક્ત અન્ય દર્શનીઓ તે તે દર્શનોને કારણે સુખભોગ અને મોટાઈમાં આસક્ત થઈ રહ્યા છે તથા પોતાના દર્શનને જ શરણરૂપ માની પાપકર્મને સેવે છે. (તે વિષયમાં દૃષ્ટાંત આપતા કહે છે કે–)

સૂત્ર– ૫૮

જેમ કોઈ જન્માંધ પુરુષ છિદ્રવાળી નૌકા પર આરૂઢ થઈ પાર જવા ઇચ્છે તો પણ તે વચ્ચે જ ડૂબી જાય...

સૂત્ર– ૫૯

તેમ મિથ્યાદૃષ્ટિ, અનાર્ય શ્રમણ સંસાર પાર જવાને ઇચ્છે તો પણ તે સંસારમાં ભમે છે – તેમ હું કહું છું.

**શ્રુત.૧ના અધ્યયન–૧ 'સમય' ના ઉદ્દેશક–૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## અધ્યયન–૧, ઉદ્દેશક–૩

સૂત્ર– ૬૦ થી ૬૩

આધાકર્મી આહારના એક કણથી પણ યુક્ત તથા શ્રદ્ધાળુ ગૃહસ્થે આગંતુક મુનિને માટે બનાવેલ આહાર જે સાધુ હજાર ઘરના આંતરેથી પણ લાવીને ખાય, તો તે ગૃહસ્થ અને સાધુ એ બંને પક્ષોનું સેવન કરે છે અર્થાત્ તે નથી સાધુ રહેતા કે નથી ગૃહસ્થ રહેતા ...

જેમ પાણીના પૂરમાં વિશાળ મત્સ્ય પણ તણાઈને કિનારે આવી જાય છે... પાણીના પ્રભાવથી કિનારે આવેલા તે મત્સ્ય આદિ જ્યારે પૂર ઓસરી જાય ત્યારે માંસભક્ષી ઢંક અને કંક પક્ષી દ્વારા દુઃખ કે ઘાતને પ્રાપ્ત થાય છે... તે પ્રમાણે વર્તમાનકાલીન સુખના ઇચ્છુક કેટલાક શાકય આદિ શ્રમણો વિશાળકાય મત્સ્યની માફક અનંતવાર મૃત્યુને તથા દુઃખને પ્રાપ્ત થાય છે.

સૂત્ર– ૬૪ થી ૬૭

હવે પાંચ સૂત્રોમાં જગત કર્તૃત્વ વિષયક બીજા અજ્ઞાનને જણાવે છે–

૬૪– કોઈ કહે છે આ લોક દેવતાએ બનાવેલ છે, કોઈ કહે છે આ લોક બ્રહ્માએ બનાવેલ છે...

૬૫– કોઈ કહે છે કે, જીવ અને અજીવથી યુક્ત, સુખ–દુઃખથી યુક્ત આ લોક ઇશ્વરે બનાવેલ છે, કોઈ કહે છે, આ લોક પ્રકૃતિ વડે ઉત્પન્ન થયેલો છે...

૬૬– કોઈ મહર્ષિ કહે છે, આ લોક સ્વયંભૂ અર્થાત્ વિષ્ણુએ બનાવેલ છે, કોઈ મતે યમરાજે માયા વિસ્તારી છે, તેથી લોક અશાશ્વત છે.

૬૭– કોઈ બ્રાહ્મણ અને શ્રમણ કહે છે– આજગત ઇંડામાંથી બન્યું છે, વસ્તુ તત્ત્વને ન જાણનારા તે અજ્ઞાનીઓનું આ કથન અસત્ય છે.

સૂત્ર– ૬૮

અહી જૈનાચાર્યો કહે છે કે– તે પૂર્વોક્ત વાદીઓ પોતપોતાના અભિપ્રાયથી આ લોકને  કૃત અર્થાત્ કરેલો બતાવે છે, પરંતુ  તેઓ તત્ત્વને જાણતા નથી. આ લોક કદી ઉત્પન્ન થયેલ નથી અને કદી તેનો વિનાશ થવાનો નથી.

સૂત્ર– ૬૯

ઉપરોક્ત અજ્ઞાનવાદીના અજ્ઞાનનું ફળ કહે છે– અશુભ અનુષ્ઠાનથી જ દુઃખ ઉત્પન્ન થાય છે, તેમ જાણવું. જે દુઃખની ઉત્પત્તિનું કારણ નથી જાણતા તે દુખના નિવારવાનો ઉપાય કઈ રીતે જાણે ?

સૂત્ર– ૭૦, ૭૧

ગોશાલક મતાનુયાયીઓ કહે છે – આત્મા શુદ્ધ અને પાપરહિત થાયછે, પણ પછીરાગ અને દ્વેષને કારણે તે ફરીથી બંધાઈ જાય છે...

આ મનુષ્યભવમાં જે મુનિ સંયમમાં રત રહે છે, પછી પાપરહિત થઇ જાય છે, પછી જેમ નિર્મળ પાણી ફરી મેલું થાય છે, તેમ તે આત્મા ફરીમલીન થાય છે.

સૂત્ર– ૭૨, ૭૩

જૈનાચાર્યો કહે છે કે – મેધાવી પુરુષ આ સર્વે અન્યમતોનો વિચાર કરીને એવો નિશ્ચય કરે કે તે લોકો બ્રહ્મચર્યમાં અર્થાત્ આત્માની ચર્યામાં સ્થિત નથી, બધાં વાદીઓ પોત–પોતાના દર્શનોને જ ઉત્તમ બતાવે છે.

વળી તે વાદીઓ કહે છે મનુષ્યને પોતપોતાના અનુષ્ઠાનથી જ સિદ્ધિ મળે છે, બીજી રીતે નહીં. મનુષ્યએ જિતેન્દ્રિય બનીને રહેવું જોઈએ તેનાથી આ લોકમાં સર્વ ઇષ્ટ કામભોગની પ્રાપ્તિ થાય છે.

સૂત્ર– ૭૪, ૭૫

કોઈ અન્ય મતવાદી કહે છે– અમારા મતનું અનુષ્ઠાન કરનાર જે સિદ્ધિ પ્રાપ્ત કરે છે તે નિરોગી થઈ જાય છે, તે અન્ય દર્શનીઓ સિદ્ધિને મુખ્ય માનીને પોતપોતાના દર્શનમાં ગૂંથાયેલા રહે છે.

તે મનુષ્યો અસંવૃત્ત અર્થાત્ ઇન્દ્રિય અને મનના સંયમ રહિત હોવાથી અનાદિ સંસારમાં વારંવાર ભમે છે અને લાંબા કાળ સુધી આસુર અને કિલ્બિષિક દેવોના સ્થાનોમાં ઉત્પન્ન થાય છે – તેમ હું કહું છું.

શ્રુત.૧ ના અધ્યયન–૧ 'સમય' ના ઉદ્દેશક–૩નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૧, ઉદ્દેશક–૪

સૂત્ર– ૭૬, ૭૭

મુનિને ઉપદેશ આપતા આચાર્ય કહે છે– હે શિષ્ય ! પરીષહ–ઉપસર્ગથી જિતાયેલા આ અજ્ઞાની પોતાને પંડિત માને છે, તે તારે શરણરૂપ નથી. તે પિતા, ભાઈ વગેરે પૂર્વ સંયોગને છોડ્યા પછી પણ ગૃહસ્થના પાપકારી કર્તવ્યનો ઉપદેશ આપે છે.

વિદ્વાન્ ભિક્ષુ તે આરંભ–પરિગ્રહરત અન્યતીર્થિકોને સારી રીતે જાણીને તેની સાથે પરિચય ન કરે, કદાચિત પરિચય થઇ જાય તો કોઈપણ પ્રકારનું અભિમાન ન કરે અને આસક્તિ રહિત થઈ મુનિ માધ્યસ્થભાવથી વિચરે.

**સૂત્ર– ૭૮, ૭૯**

કોઈ અન્ય મતવાદી કહે છે– પરિગ્રહી અને આરંભી પણ મોક્ષ મેળવે છે. પણ ભાવભિક્ષુ તેમના મતનો સ્વીકાર ન કરીને, પરિગ્રહ રહિત અને અનારંભી મહાત્માને શરણે જાય...

હવે આરંભ–પરિગ્રહ રહિત કેમ રહેવું તે બતાવે છે– વિદ્વાન્ મુનિ શુદ્ધ આહારની ગવેષણા કરે અને આપેલ આહારને જ ગ્રહણ કરે. તે આહારમાં મૂર્ચ્છા અને રાગ–દ્વેષ ન કરે, નિર્લોભી બને અને બીજાનું અપમાન ન કરે.

**સૂત્ર– ૮૦, ૮૧**

કોઈ અન્ય મતવાદી કહે છે – લોકવાદ અર્થાત્ પૌરાણિક–લૌકિક વાતને સાંભળવી જોઈએ, પણ વાસ્તવિક રીતે લોકવાદ એ વિપરીત બુદ્ધિથી ઉત્પન્ન થયેલ છે અને તેમાં બીજા અવિવેકીની વાતનું અનુસરણ માત્ર હોય છે...

લોકવાદીઓનું નિરુપણ આ પ્રમાણે છે– આ લોક અનંત અર્થાત્ સિમારહિત છે, નિત્ય છે એટલે કે જેવો આ ભવમાં છે, તેવો જ પર ભવમાં થાય છે. આ લોક શાશ્વત છે, તેનો કદી નાશ થતો નથી. કેટલાક ધીરપુરુષો લોકને અંતવાળો જુએ છે–જાણે છે.

**સૂત્ર– ૮૨, ૮૩**

વળી કોઈ કહે છે– જ્ઞાની પુરુષ ક્ષેત્ર અને કાલની સીમાથી રહિત અપરિમિત પદાર્થને જાણે છે, તો કોઈ કહે છે– જ્ઞાની પુરુષ સર્વને જાણનાર નથી, સમસ્ત દેશ–કાલની અપેક્ષાએ તે ધીર–પુરુષ એક સીમા–મર્યાદા સુધી જાણે છે. (એ રીતે સૂત્ર ૮૧,૮૨,૮૩ માં અનેક પ્રકારે લોકવાદ રજુ કરેલ છે.)

શાસ્ત્રકાર કહે છે– આ લોકમાં ત્રસ કે સ્થાવર જેટલા પણ પ્રાણી છે, તેઓ અવશ્ય અન્યાન્ય પર્યાયમાં જાય છે. ત્રસ મરીને સ્થાવર થાય છે અને સ્થાવર મરીને ત્રસરૂપે ઉત્પન્ન થાય છે. (સૂત્ર ૮૪ માં આગળ કહે છે–)

**સૂત્ર– ૮૪, ૮૫**

ઔદારિક શરીરવાળા પ્રાણી ગર્ભ આદિ અવસ્થાઓથી ભિન્ન બાલ, કુમાર આદિ અવસ્થાઓને પ્રાપ્ત કરે છે માટે લોકવાદીઓનું કથન સત્ય નથી.

બધાં પ્રાણીને દુઃખ અપ્રિય છે, માટે કોઈની હિંસા ન કરવી. ઉપલક્ષણથી જુઠું ન બોલવું વગેરે પાંચે જાણવા

જ્ઞાની હોવાનો સાર એ છે કે કોઈની હિંસા ન કરે. અહિંસા દ્વારા સમતાને જાણવી જોઈએ જેમ કે– મને મારું મરણ અને દુઃખ અપ્રિય છે, તેમ બીજા પ્રાણીને પણ અપ્રિય છે.

**સૂત્ર– ૮૬ થી ૮૮**

સૂત્ર ૮૪, ૮૫ માં મૂળગુણ કહ્યા હવે સાધુના ઉત્તરગુણ કહે છે– તે સાધુ સામાચારીમાં સ્થિત રહે, ગૃદ્ધિ રહિત બને, જ્ઞાન–દર્શન–ચારિત્રનું સંરક્ષણ કરે. ચાલવું, બેસવું, સુવું તથા આહાર–પાણીમાં સદા ઉપયોગ રાખે.

ઈર્યા સમિતિ –આદાનનિક્ષેપણા સમિતિ અને એષણા સમિતિ, આ ત્રણે સ્થાનોમાં મુનિ સતત સંયમ રાખે. ક્રોધ–માન–માયા–લોભનો ત્યાગ કરે.

સાધુ સદા સમિતિઓથી યુક્ત, પાંચ સંવરથી સંવૃત્ત, ગૃહસ્થોમાં આસક્તિ ન રાખનાર હોય; તેઓ મોક્ષપ્રાપ્તિ સુધી સંયમનું પાલન કરે – એમ હું કહું છું.

**શ્રુત.૧ના અધ્યયન–૧ 'સમય' ના ઉદ્દેશક–૪નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

**શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૧ 'સમય' નો ભાવાનુવાદ પૂર્ણ**

# શ્રુતસ્કન્ધ-૧

## અધ્યયન-૨ 'વેતાલીય'

### ઉદ્દેશક-૧

**સૂત્ર- ૮૯ થી ૯૨**

ભગવંત ઋષભદેવ પોતાના ૯૮ પુત્રોને આશ્રીને અથવા પર્ષદામાં ઉપદેશ આપતા કહે છે–

૮૯– હે ભવ્યો ! તમે સમ્યગ્ બોધ પામો, કેમ બોધ પામતા નથી ? પરલોકમાં સમ્યક્ બોધિ પ્રાપ્ત કરવી દુર્લભ છે. વીતેલ રાત્રિ પાછી નથી આવતી, સંયમી જીવન ફરીથી મળવું સુલભ નથી...

૯૦– જેમ બાજ પક્ષી તિતર–પક્ષીને ઉપાડી જાય છે, તેમ આયુ ક્ષય થતાં મૃત્યુ પણ પ્રાણીઓના પ્રાણ હરી લે છે. જુઓ કેટલાક બાલ્યાવસ્થામાં મરણ પામે છે, તો કેટલાક વૃદ્ધાવસ્થામાં કે ગર્ભાવસ્થામાં મરણ પામે છે.

૯૧– કોઈ મનુષ્ય માતા–પિતા આદિના મોહમાં પડી સંસારમાં ભમે છે, તેવા જીવોને પરલોકમાં સુગતિ સુલભ નથી, માટે સુવ્રતી પુરુષઆ ભયો જોઈને આરંભથી વિરમે.

૯૨– સંસારમાં જુદા જુદા સ્થાને રહેલ પ્રાણીઓ પોતાના કર્મો વડે નરક આદિ ગતિમાં જાય છે, પોતાના કર્મોનું ફળ ભોગવ્યા વિના છૂટકો નથી.

**સૂત્ર- ૯૩, ૯૪**

હવે ચારે ગતિની અનિત્યતા બતાવતા સૂત્રકાર કહે છે–

૯૩– દેવ, ગંધર્વ, રાક્ષસ, અસુર, ભૂમિચર, સરિસૃપ તેમજ રાજા, મનુષ્ય, શ્રેષ્ઠી, બ્રાહ્મણ, તે સર્વે દુઃખી થઈને પોતપોતાના સ્થાનો છોડે છે અર્થાત્ પ્રાણોનો ત્યાગ કરે છે.

૯૪– જેમ તાલવૃક્ષનું ફળ બંધન તૂટતાં નીચે પડે છે, તેમ કામભોગમાં આસક્ત અને સંબંધમાં ગૃદ્ધ પ્રાણીઓ કર્મોનું ફળ ભોગવતા–ભોગવતા આયુનો ક્ષય થતાં મૃત્યુ પામેં છે.

**સૂત્ર- ૯૫, ૯૬**

કર્મોના વિપાકને દર્શાવતા કહે છે– [૯૫]–જો કોઈ મનુષ્ય બહુશ્રુત હોય, ધાર્મિક બ્રાહ્મણ કે ભિક્ષુ હોય, પણ જો તે માયાકૃત અનુષ્ઠાનોમાં મૂર્ચ્છિત હોય તો તે પોતાના કર્મોથી દુઃખી થાય છે.

૯૬– જુઓ ! કોઈ અન્યતીર્થિક પરિગ્રહનો ત્યાગ કરી દીક્ષા લે, પણ સંયમનું સમ્યક્ પાલન ન કરે, તેવા લોકો મોક્ષની વાતો તો કરે છે, પણ મોક્ષ પ્રાપ્તિનો ઉપાય આચરતા નથી. તમે તેવા લોકોનું શરણ લઈને આ ભવ કે પરભવને કેમ જાણી શકાય ? કેમ કે તેઓ પોતાના જ કર્મોથી પીડાય છે.

**સૂત્ર- ૯૭, ૯૮**

માયાચારના કટુ ફળોને દર્શાવતા કહે છે– [૯૭] ભલે કોઈ નગ્ન અને કૃશ થઈને વિચરે કે માસક્ષમણ કરે, પણ જો તે માયા આદિથી યુક્ત છે, તો અનંતકાળ ગર્ભના દુઃખ ભોગવશે.

૯૮– હે પુરુષ ! તું પાપકર્મથી નિવૃત્ત થા. કેમ કે મનુષ્યનું જીવન નાશવંત છે. જે મનુષ્ય સંસારમાં આસક્ત તથા કામભોગમાં મૂર્ચ્છિત છે, અને પાપોથી નિવૃત્ત થતા નથી તેઓ મોહનીય કર્મનો સંચય કરે છે.

**સૂત્ર- ૯૯, ૧૦૦**

હવે ઉપરોક્ત મોહનીય કર્મનો સંચય ન થાય તે માટે ભવ્યાત્મા એ શું કરવું? તે ઉપદેશ આપે છે–

૯૯– હે યોગી ! તું યતના સહિત સમિતિ અને ગુપ્તિ યુક્ત બનીને વિચર, કારણ કે સૂક્ષ્મ પ્રાણીયુક્ત માર્ગ ઉપયોગ વિના પાર કરવો દુસ્તર છે. તું શાસ્ત્રોક્ત રીતે સંયમ પાલન કર. અરિહંતે સમ્યક્રીતે એ જ ઉપદેશ આપેલ છે

૧૦૦– જે હિંસાદિથી વિરત છે, કર્મોને દૂર કરવામાં વીર છે, સંયમમાં સમુપસ્થિત છે, ક્રોધાદિ કષાયોને દૂર

કરનારા, તે કોઈપણ પ્રાણીનો ઘાત કરતા નથી; તે સર્વે મુક્તાત્મા સમાન મુક્ત છે.

**સૂત્ર– ૧૦૧, ૧૦૨**

૧૦૧– વિવિધ પ્રકારે પરિષહ આવતા બુદ્ધિમાન સાધુ વિચારે કે– પરીષહોથી હું એકલો જ પીડાતો નથી પણ લોકમાં બીજા અનેક પ્રાણી વ્યથા પામી રહ્યા છે. આવો વિચાર કરીને પરિષહ આવવા છતા ક્રોધ આદિથી રહિત થઇ સમભાવે સહન કરે.

૧૦૨– લેપ કરેલી ભીંતનો લેપ કાઢી તેને ક્ષીણ કરી દેવામાં આવે, તે પ્રમાણે સાધુએ અનશન આદિ તપ વડે શરીરને કૃશ કરવું જોઈએ, તથા અહિંસા ધર્મનું પાલન કરે, ભગવંતે આ જ ધર્મની પ્રરૂપણા કરી છે.

**સૂત્ર– ૧૦૩, ૧૦૪**

૧૦૩– જેમ ધૂળથી ભરેલી પક્ષિણી પોતાનું શરીર કંપાવી ધૂળને ઉડાડી દે છે, તેમ અનશન આડી તપ કરનાર તપસ્વી સાધુ કર્મોને ખપાવી દે છે.

૧૦૪– ગૃહરહિત,એષણા પાલન કરવામાં તત્પર,સંયમધારી તપસ્વી સાધુ પાસે આવી તેના માતા–પિતા આદિ સ્વજનો દિક્ષા છોડી દેવા આજીજી કરે, અને તેમ કરતા તેનું ગળું સુકાવા લાગે તો ન તો પણ તે સાધુને મનાવીને પોતાને આધીન ન કરી શકે.

**સૂત્ર– ૧૦૫, ૧૦૬**

૧૦૫– કદાચ તે સાધુના માતા–પિતા આદિ તે શ્રમણ સમક્ષ કરુણ વિલાપ કરે કે પુત્ર માટે પ્રાર્થના કરે તો પણ સાધુ–ધર્મ પાલનમાં તત્પર તે સાધુને સંયમભ્રષ્ટ ન કરી શકે કે ગૃહસ્થ ન બનાવી શકે.

૧૦૬– કદાચ સાધુના કુટુંબીજનો તે સાધુને કામભોગ માટે પ્રલોભન આપે કે તેને બાંધીને ઘેર લઈ જાય પણ જો તે સાધુ અસંયમી જીવન ન ઇચ્છતા હોય, તો તે સાધુને મનાવીને ગૃહસ્થ બનાવી ન શકે.

**સૂત્ર– ૧૦૭ થી ૧૧૦**

૧૦૭– સાધુ પ્રત્યે મમત્વ દેખાડનારા માતા, પિતા, પુત્ર, પત્ની તે સાધુને શિક્ષા આપે છે કે – તમે દૂરદર્શી છો, સમજુ છો, અમારું પોષણ કરો, આવું ન કરીને તમે આલોક–પરલોક બન્ને બગાડો છો. તો અમારું પોષણ કરો.

૧૦૮– સંયમભાવ રહિત કેટલાક અપરિપક્વ સાધુ માત–પીતાદિ અન્ય વ્યક્તિમાંમાં મૂર્ચ્છિત થઈ, મોહ પામે છે, તેઓ અસંયમને ગ્રહણ કરીને પુનઃ પાપકાર્ય કરવામાં લજ્જિત થતા નથી.

૧૦૯– હે પંડિત પુરુષ! તેથી તમે રાગદ્વેષરહિત બની વિચરો, પાપથી અટકો, શાંત થાઓ. વીર પુરુષો જ મોક્ષમાર્ગને પામે છે. તે મહામાર્ગ સિદ્ધિનો પથ છે. તે મુક્તિની નિકટ લઇ જનાર છે અને ધ્રુવ છે.

૧૧૦– હે ભવ્યો! કર્મનું વિદારણ કરવાના માર્ગમાં પ્રવેશી મન, વચન, કાયાથી ગુપ્ત બની, ધન, સ્વજન અને આરંભનો ત્યાગ કરી, ઉત્તમ સંયમી બની વિચરે – તેમ હું કહું છું.

**અધ્યયન–૨ ' વેયાલિય' ના ઉદ્દેશક–૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## અધ્યયન–૨, ઉદ્દેશક–૨

**સૂત્ર– ૧૧૧, ૧૧૨**

સર્પ પોતાની કાંચળી છોડી દે, તેમ સાધુ કર્મરૂપી રજને છોડી દે. કષાયનો અભાવ જ કર્મના અભાવનું કારણ છે, એમ જાણીને અહિંસા પ્રધાન મુનિ ગોત્ર આદિનો મદ ન કરે તેમજ બીજાની નિંદા ન કરે, કેમ કે પરનિંદા અશ્રેયસ્કર છે.

જે સાધક બીજાનો તિરસ્કાર કરે છે, તે સંસારમાં ઘણુ પરિભ્રમણ કરે છે, પરનિંદા પાપનું કારણ છે, અધોગતિમાં લઇ જનારી છે, એવું જાણીને મુનિ જાતિ આદિનો મદ ન કરે.

સૂત્ર– ૧૧૩, ૧૧૪

ભલે કોઈ ચક્રવર્તી હોય કે દાસનો દાસ, પણ દીક્ષા ધારણ કરી છે, તેણે અભિમાનવશ કે હિનતાવશ શરમ અનુભવવી  ન જોઈએ, સદા સમભાવથી વ્યવહાર કરવો.

સમ્યક્ પ્રકારે શુદ્ધ, જીવન પર્યંત સંયમમાં સ્થિત, સમતામાં ઉદ્યુક્ત, શુદ્ધ અધ્યવસાયવાળા, મુક્તિગમન યોગ્ય, વિવેક સંપન્ન મુનિ મૃત્યુકાળ પર્યન્ત સંયમનું પાલન કરે.

સૂત્ર– ૧૧૫, ૧૧૬

ત્રણ કાળને જાણનાર મુનિ જીવના અતીત અર્થાત્ ઉચ્ચ–નીચ સ્થાનમાં જવાનો સ્વભાવ, અનાગત અર્થાત્ ભાવી ગતિ વિચારીને શરમ કે મદ ધારણ ન કરે, કોઈ કઠોર વચનો કહે કે માર મારે થાય તો પણ સમતા રાખે.

પ્રજ્ઞાવાન મુનિ સદા કષાયોને જીતે, સમતા સાથે ધર્મનો ઉપદેશ આપે. અપમાનિત થાય તો કદી ક્રોધ ન કરે કે સન્માનિત થાય તો કદી માન ન કરે પણ અવિરાધક રહે.

સૂત્ર– ૧૧૭, ૧૧૮

ઘણા લોકો દ્વારા નમનીય ધર્મમાં સદા સાવધાન રહેનાર સાધુ, સમસ્ત પદાર્થ કે ઇન્દ્રિયોમાં આસક્ત ન થતા, સરોવરની જેમ સદા નિર્મળ બનીછે તે કાશ્યપગોત્રીય અર્થાત્ અરિહંતના ધર્મને પ્રકાશિત કરે.

સંસારમાં ઘણા પ્રાણીઓ ત્રાસ–સ્થાવર આદિ ભિન્ન ભિન્ન અવસ્થામાં સ્થિત છે. તે દરેકને સમભાવથી જોનાર, સંયમમાં સ્થિત વિવેકી પુરુષ તેઓની હિંસાથી અટકે.

સૂત્ર– ૧૧૯, ૧૨૦

શ્રુત તથા ચારિત્રરૂપ ધર્મના પારગામી તથા હિંસાથી દૂર રહેનાર જ મુનિ કહેવાય છે. તેથી ઉલટું, વસ્તુ આદિની મમતા રાખનાર પુરુષ પરિગ્રહ માટે ચિંતાકરવા છતાં પોતા માટે પરિગ્રહ પ્રાપ્ત કરી શકતા નથી.

સોનું ચાંદી આદિ સર્વે પરિગ્રહ આ લોક અને પરલોક બંનેમાં દુઃખદાયી છે, તે નશ્વર છે, એવું જાણીને કોણ વિવેકી પુરુષ ગૃહવાસમાં રહે ?

સૂત્ર– ૧૨૧, ૧૨૨

સંસારી જીવો સાથેનો પરિચય મહાન કીચડ છે, તેમ જાણીને ગૃહસ્થ સાથે પરિચય ન કરે. વંદન–પૂજન પ્રાપ્ત થતા ગર્વ ન કરે કેમ કે  ગર્વ એવું સૂક્ષ્મ શલ્ય છે, જે મુશ્કેલીથી  નીકળે છે.

સાધુ એકલા વિચરે, એકલા કાયોત્સર્ગ કરે, એકલા શય્યા–આસન સેવે અને એકલા જધર્મધ્યાન કરે, તપમાં પરાક્રમ કરે તેમજ મન–વચનનું ગોપન કરે.

સૂત્ર– ૧૨૩, ૧૨૪

શૂન્ય ઘરમાં રહેવાનો અવસર આવે તો સાધુ શૂન્ય ઘરનું દ્વાર ન ખોલે, ન બંધ કરે, કોઈ પૂછે તો સાવદ્ય ભાષામાં ઉત્તર આપે નહીં, ઘરનું પરિમાર્જન ન કરે, ન તૃણ સંથારો કરે...

સાધુ વિહાર કરતા જ્યાં સૂર્યાસ્ત થાય ત્યાં રોકાઈ જાય, અનુકુળ–પ્રતિકુળ પરીષહો સહન કરે. ત્યાં રહેલ મુનિ ડાંસ–મચ્છર, જંગલી પ્રાણી, સર્પ આદિના પરીષહ સહન કરતા ત્યાં જ રહે.

સૂત્ર– ૧૨૫, ૧૨૬

શૂન્યગૃહમાં રહેલ મહામુનિ તિર્યંચ, મનુષ્ય, દેવસંબંધી ત્રિવિધ ઉપસર્ગો સહન કરે, પણ ભયથી રૂંવાડું પણ ફરકવા ન દે ... તે ભિક્ષુ, જીવનની આકાંક્ષા ન કરે, પૂજનનો પ્રાર્થી ન બને. શૂન્યગૃહમાં રહેતા ભિક્ષુ ભયંકર ઉપસર્ગ સહન કરવાને અભ્યાસી થઈ જાય છે.

સૂત્ર– ૧૨૭, ૧૨૮

આત્માને જ્ઞાનાદિ ગુણોમાં સ્થાપિત કરનાર, સ્વ–પર રક્ષક, એકાંતસ્થાનનું સેવન કરનાર છે, તેવા મુનિના

ચારિત્રને ભગવંતે સામાયિક કહ્યું છે, એવા ચારિત્રવાન મુનિ ઉપસર્ગ આવતા ભયભીત ન થાય.

ઉષ્ણ જળ પીનાર, શ્રુત–ચારિત્રરૂપ ધર્મમાં સ્થિત, અસંયમથી લજ્જિત થનાર મુનિને રાજા આદિનો સંસર્ગ હિતકર નથી, કેમ કે તે સંસર્ગ શાસ્ત્રોક્ત આચાર પાળનાર સાધુને પણ સમાધિભંગ કરે છે.

**સૂત્ર– ૧૨૯, ૧૩૦**

કલહ કરનાર, તિરસ્કારપૂર્ણ અને કઠોર વચન બોલનાર ભિક્ષુના સંયમ તથા મોક્ષ નષ્ટ થાય છે, માટે વિવેકી સાધુ કલહ ન કરે.

જે સાધુ સચિત્ત પાણી પિતા નથી, પરલોક સંબંધી સુખની અભિલાષા ન કરે, કર્મબંધન કરાવનાર પ્રવૃત્તિ થી દૂર રહે તથા ગૃહસ્થના પાત્રમાં ભોજન ન કરનારને જ ભગવંતે સામાયિક–ચારિત્રી કહેલ છે.

**સૂત્ર– ૧૩૧, ૧૩૨**

તૂટેલ આયુ ફરી સંધાતુ નથી, છતાં પણ અજ્ઞાની જન પાપ કરવાની ધૃષ્ટતા કરે છે, માટે મુનિએ બીજા પાપી છે અને હું ધર્મી છું તેવો મદ ન કરવો જોઈએ.

ઘણી માયા અને મોહથી આચ્છાદિત પ્રજા સ્વચ્છંદતાથી નષ્ટ થાય છે. પણ મુનિ નિષ્કપટતાથી સંયમમાં પ્રવૃત્તિ કરે અને અનુકુળ–પ્રતિકુળ પરીષહોને મન–વચન–કાયાથી સહન કરે.

**સૂત્ર– ૧૩૩, ૧૩૪**

જે રીતે અપરાજિત જુગારી, કુશળ પાસાથી જુગાર રમતો કૃત્ નામના દાવને જ સ્વીકારે છે, કલિ–દ્વાપર કે ત્રેતા નામક દાવ રમતા નથી... તેમ સાધુ, આ લોકમાં જગતની રક્ષા કરનારા સર્વજ્ઞ એ જે અનુત્તર ધર્મ કહ્યો છે, તેને કલ્યાણકારી અને ઉત્તમ સમજીને ગ્રહણ કરે. તે રીતે પંડિત પુરુષ શેષને છોડીને માત્ર કૃત્‌ને જ ગ્રહણ કરે.

**સૂત્ર– ૧૩૫, ૧૩૬**

શબ્દ–રૂપ આદિ વિષય અથવા મૈથુનસેવન મનુષ્યો માટે દુર્જય છે, એવું મેં સાંભળેલ છે. તેનાથી નિવૃત્ત અને સંયમમાં પ્રવૃત્ત મનુષ્ય જ ભગવંત ઋષભદેવના અનુયાયી છે.

જે મહાન્, મહર્ષિ, જ્ઞાતપુત્ર મહાવીર દ્વારા કથિત ધર્મનું આચરણ કરે છે તેઓ જ મોક્ષમાર્ગમાં ઉદ્યત છે, સમ્યક્ પ્રયત્નશીલ છે, ધર્મથી ભ્રષ્ટ થતા એક બીજાને તેઓ જ પુન: ધર્મમાં પ્રવૃત્ત કરે છે.

**સૂત્ર– ૧૩૭, ૧૩૮**

પહેલાં ભોગવેલાં શબ્દાદિ વિષયોનું સ્મરણ ન કરવું જોઈએ, કર્મોને નીવારવાની ઈચ્છા રાખવી જોઈએ. મનને દૂષિત કરનાર શબ્દાદિ વિષયોમાં જે આસક્ત નથી, તે પુરુષ રાગ–દ્વેષ ત્યાગરુપ આત્મસમાધિને જાણે છે.

સંયત પુરુષ ગૌચરી આદિને માટે જાય ત્યારે કથા–વાર્તા ન કરે, કોઈ પ્રશ્ન કરે તો નિમિત્ત આડી ન બતાવે, વૃષ્ટિ તથા ધનોપાર્જનના ઉપાય ન બતાવે પણ અનુત્તર ધર્મને જાણીને સંયમ અનુષ્ઠાન કરે. તેમજ કોઈ પણ કોઈ વસ્તુ પર મમતા ન કરે.

**સૂત્ર– ૧૩૯, ૧૪૦**

મુનિ માયા, લોભ, માન અને ક્રોધ ન કરે, જેણે કર્મોનો નાશ કરી, સંયમનું સારી રીતે સેવન કરેલ છે, તેમનો જ સુવિવેક જગતમાં પ્રસિદ્ધ છે અને તેઓ જ ધર્મમાં અનુરક્ત છે.

મુનિ કોઈ જ પ્રકારે મમતા ન કરે, સ્વહિતવાળા કાર્યોમાં પ્રવૃત્ત રહે, ઇન્દ્રિય તથા મનને ગોપવે, ધર્માર્થી બને, તપમાં પરાક્રમી અને સંયત ઇન્દ્રિય થઈને વિચરે કેમ કે જીવોને આત્મ કલ્યાણ દુર્લભ હોય છે.

**સૂત્ર– ૧૪૧, ૧૪૨**

સર્વ જગતદર્શી જ્ઞાતપુત્ર મહાવીરે સામાયિક આદિનું કથન કરેલ છે, નિશ્ચયથી જીવોએ તે પહેલા સાંભળેલ નથી અથવા તેનું અનુષ્ઠાન કર્યું નથી.

આ રીતે આત્મહિત પ્રાપ્તિ દુર્લભ જાણી, આર્હતધર્મની શ્રેષ્ઠતા સ્વીકારી ગુરુ ઉપદિષ્ટ માર્ગે ચાલતા, ઘણા પાપવિરત મનુષ્યોએ આ સંસારસમુદ્રને પાર કર્યો છે – તેમ હું કહું છું.

**અધ્યયન–૨ ' વેયાલિય' ના ઉદ્દેશક–૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## અધ્યયન–૨, ઉદ્દેશક–૩

**સૂત્ર– ૧૪૩, ૧૪૪**

કર્માસ્રવના કારણોને રોકનાર ભિક્ષુને અજ્ઞાનવશ જે કર્મ બંધાઈ જાય છે, તે સંયમ થકી નષ્ટ થાય છે, આવા પંડિત પુરુષ મરણને લાંઘીને મોક્ષ પામે છે.

જે પુરુષો સ્ત્રીઓથી સેવિત નથી, તેઓ મુક્ત પુરુષ જેવા છે, સ્ત્રી પરિત્યાગ પછી જ મુક્તિ મળે છે એમ જાણવું જોઈએ. જેણે કામભોગોને રોગ સમાન જાણી લીધા છે, તે પુરુષની જ મુક્તિ થાય છે.

**સૂત્ર– ૧૪૫, ૧૪૬**

જેમ વણિક દ્વારા લાવેલ ઉત્તમ રત્નો, વસ્ત્ર આદિને રાજા ગ્રહણ કરે છે, તેમ સાધુ, આચાર્ય દ્વારા ઉપદિષ્ટ રાત્રિભોજન ત્યાગ સહિત પાંચ મહાવ્રતો ગ્રહે છે.

આ લોકમાં જે મનુષ્યો સુખશીલ છે તથા, સમૃદ્ધિ, રસ અને સાતા ગૌરવમાં અત્યાસક્ત છે. તેઓ ઇન્દ્રિયોથી પરાજીત દિન પુરુષ સમાન ધૃષ્ટતાપૂર્વક કામસેવન કરે છે, એવા માણસો કહેવા છતાં પણ સમાધિને જાણતા નથી.

**સૂત્ર– ૧૪૭, ૧૪૮**

જેમ દુર્બળ બળદને ગાડીવાન ચાબૂક મારીને પ્રેરિત કરે છે પણ તે વિષમ માર્ગ કાપી શકતો નથી, તે બળ અને પરાક્રમ હીન હોવાથી ક્લેશ પામે છે પણ ભારવહન કરવામાં સમર્થ થતો નથી...

તેમ કામભોગનો જ્ઞાતા આજ–કાલમાં કામભોગ છોડી દઈશ એવું કહે પણ છોડી શકતો નથી, માટે કામભોગની ઇચ્છા જ ન કરવી. મળેલા કામ ભોગોને ન મળ્યા બરાબર જાણી તે કામભોગોથી નિસ્પૃહી બની જીવવું જોઈએ.

**સૂત્ર– ૧૪૯, ૧૫૦**

સંયમ દૂષિત થતા અસાધુતા ન થઇ જાય તે માટે સાધુ પોતાના આત્માને અનુશાસિત કરીને વિષયસેવનથી દૂર રાખવો જોઈએ. હે આત્મન્ ! અસાધુ દુર્ગતિમાં ગયા બાદ શોક કરે છે, હાયહાય કરે છે અને વિલાપ કરે છે.

હે મનુષ્યો! આ લોકમાં પહેલા પોતાનું જીવન જ જુઓ, સો વર્ષના આયુવાળાનું જીવન પણ યુવાવસ્થામાં જ નષ્ટ થઈ જાય છે. આ જીવનને થોડા દિવસનો નિવાસ સમજો, ક્ષુદ્ર મનુષ્યો જ કામભોગોમાં મૂર્ચ્છિત બને છે.

**સૂત્ર– ૧૫૧, ૧૫૨**

આ લોકમાં જેઓ આરંભમાં આસક્ત, આત્મને દંડનાર અને એકાંતે જીવ–હિંસા કરનાર છે, તેઓ ચિરકાળ માટે નરકાદિ પાપલોકમાં જાય છે અથવા અધમ અસુર કે કિલ્બીષી દેવ થાય છે.

સર્વાગ્ય એ કહ્યું છે કે– જીવન તૂટ્યા પછી સંધાતુ નથી, તો પણ અજ્ઞાની મનુષ્યો પાપ કરવામાં ધૃષ્ટતા કરતા કહે છે – અમને તો વર્તમાન સુખનું જ પ્રયોજન છે, પરલોક કોણે જોયો છે ?

**સૂત્ર– ૧૫૩, ૧૫૪**

હે અંધતુલ્ય પુરુષ ! તું સર્વજ્ઞ એ કહેલા સિદ્ધાતંમાં શ્રદ્ધા કર. મોહનીય કર્મના પ્રભાવથી અંધ થયેલ દૃષ્ટિવાળા મનુષ્યો જ સર્વજ્ઞ–કથિત સિદ્ધાંતની શ્રદ્ધા કરતા નથી, એ સમજ.

દુઃખીજન વારંવાર મોહને વશ થાય છે, તેથી સાધુએ મોહજનક એવી પોતાની–સ્તુતિ કે નિંદાથી દૂર રહે, જ્ઞાનાદિ સંપન્ન સાધુ બધાં પ્રાણીને પોતાના આત્મા સમાન જુએ.

સૂત્ર- ૧૫૫, ૧૫૬

જે પુરુષ ગૃહસ્થપણે રહીને પણ શ્રાવકધર્મ પાળીને ક્રમશઃ પ્રાણીની હિંસાથી નિવૃત્ત થાય છે, સર્વ પ્રાણીમાં સમભાવ રાખે છે, તે સુવ્રતી પુરુષ સ્વર્ગે જાય છે.

સાધુએ ભગવંતના આગમને સાંભળીને, તેમાં કહેલ સત્ય–સંયમમાં ઉદ્યમી થવું. કોઈના પર મત્સર ન કરવો અને વિશુદ્ધ ભિક્ષા લાવી વિચરવું.

સૂત્ર- ૧૫૭, ૧૫૮

ધર્માર્થી સાધુ બધું જાણીને બળ–વીર્ય ગોપવ્યા વિના સંવરનું આચરણ કરે, મન–વચન–કાયાનું ગોપન કરે, જ્ઞાનાદિ યુક્ત બની સદા યતના કરે તથા મોક્ષનો અભિલાષી થઈ વિચરે.

અજ્ઞાની જન ધન, પશુ અને જ્ઞાતિજનોને પોતાનું શરણ માને છે. તે માને છે કે તેઓ મારા છે, હું તેમનો છું, પણ વસ્તુતઃ તેઓ ત્રાણ–રક્ષણ કરનાર અને શરણરૂપ થતા નથી.

સૂત્ર- ૧૫૯, ૧૬૦

દુઃખ આવતા જીવ એકલો જ તે દુખ ભોગવે છે, ઉપક્રમનાં કારણે આયુ નષ્ટ થતા, તે એકલો જ પરલોકે જાય છે. તેથી વિદ્વાન પુરુષો કોઈ વસ્તુ કે વ્યક્તિને પોતા માટે શરણરૂપ માનતા નથી.

બધા પ્રાણીઓ પોતપોતાના કર્મો અનુસાર વિવિધ અવસ્થાઓથી યુક્ત છે. તથા અવ્યક્ત દુઃખથી પીડિત છે. તે શઠ જીવો જન્મ–જરા–મરણના દુઃખો ભોગવે છે અને ભય થી આકૂળ થઈ સંસારચક્રમાં પરિભ્રમણ કરે છે.

સૂત્ર- ૧૬૧, ૧૬૨

બુદ્ધિમાન પુરુષ આ અવસરને ઓળખે, બોધિ–ધર્મની પ્રાપ્તિ સુલભ નથી, એ પ્રમાણે જ્ઞાની પુરુષ વિચારે. એ પ્રમાણે ભગવંત ઋષભદેવ અને અન્ય તીર્થંકરોએ પણ કહ્યું છે.

હે ભિક્ષુઓ ! જે તીર્થંકરો પૂર્વે થઈ ગયા અને હવે થશે, તે બધા સુવ્રત પુરુષોએ તથા ભગવંત ઋષભના અનુયાયીઓએ પણ આ ગુણોને મોક્ષનું સાધન બતાવેલ છે.

સૂત્ર- ૧૬૩, ૧૬૪

મન–વચન–કાયા એ ત્રણે યોગથી પ્રાણીની હિંસા ન કરે. પોતાના આત્મહિતમાં પ્રવૃત્ત રહીને, સ્વર્ગ આદિની ઈચ્છારહિત બનીને ગુપ્તેન્દ્રિય રહે. એ રીતે અનંત જીવ સિદ્ધ થયા છે, થાય છે, થશે.

આ પ્રમાણે અનુત્તર જ્ઞાની, અનુત્તર દર્શી, અનુત્તર જ્ઞાનદર્શનધર, અર્હત્, જ્ઞાતપુત્ર, વૈશાલિક, ભગવંત મહાવીરે કહ્યું છે – તે હું તમને કહું છું.

અધ્યયન–૨ 'વેયાલિય' ના ઉદ્દેશક–૩નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

**શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૨ 'વેયાલિય' નો ભાવાનુવાદ પૂર્ણ**

# શ્રુતસ્કન્ધ-૧

## અધ્યયન-૩ ' ઉપસર્ગ પરિજ્ઞા'

### ઉદ્દેશક-૧

સૂત્ર- ૧૬૫

જ્યાં સુધી કોઈ વિજેતાનું દર્શન ન થાય, ત્યાં સુધી કાયર પોતાને શૂરવીર સમજે છે. જેમ શિશુપાળ પોતાને શૂરવીર માનતો હતો, છતાં દઢપ્રતિજ્ઞ મહારથી કૃષ્ણને યુદ્ધમાં આવતા જોઈને ક્ષોભ પામ્યો

સૂત્ર- ૧૬૬, ૧૬૭

સંગ્રામમાં ઉપસ્થિત, પોતાને શૂર માનનાર પણ વાસ્તવમાં કાયર પુરુષ યુદ્ધના અગ્રભાગે તો જાય છે, પણ ભયંકર યુદ્ધ ચાલતું હોય ત્યારે જેમ માતા પોતાનાં ખોળામાંથી પડી ગયેલા પુત્રનું પણ ભાન ભૂલી જાય છે, તેમ તે કાયર પુરુષ, વિજયી પુરુષ દ્વારા છેદન-ભેદન થતાં દીન બને છે.

એ જ રીતે જેના જીવનમાં પરિષહ અને ઉપસર્ગો આવેલ નથી તથા જે ભિક્ષાચર્યામાં અકુશલ છે, તેવો નવ-દીક્ષિત શિષ્ય પોતાને શૂરવીર સમજે છે, પણ સંયમ-પાલનના અવસરે કાયર પુરુષની જેમ ભાગી છૂટે છે.

સૂત્ર- ૧૬૮, ૧૬૯

જેમ રાજ્યથી ભ્રષ્ટ થયેલ ક્ષત્રિય વિષાદને પામે તેમ જ્યારે હેમંતઋતુમાં ઠંડી બધા અંગોને સ્પર્શે ત્યારે મંદ સાધુઓ પણ વિષાદને પ્રાપ્ત થાય છે.

ગ્રીષ્મઋતુના તીવ્ર તાપથી પીડિત નવદીક્ષિત સાધુ ઉદાસ અને તૃષાતુર થાય છે, ત્યારે જળરહિત મત્સ્યની જેમ તે મંદ અને અધીર સાધુ વિષાદને પામે છે.

સૂત્ર- ૧૭૦, ૧૭૧

સાધુને બીજા દ્વારા અપાતી વસ્તુ જ ગ્રહણ કરવાનું અર્થાત્ 'દત્ત-એષણા'નું દુઃખ જીવનપર્યંત સહેવાનું હોય છે. યાચનાનો આ પરિષહ દુ:સહ્ય હોય છે, કેમ કે યાચના માટે વિચરણ કરતા સાધુને જોઇને કોઈ અવિવેકી પુરુષ એમ કહે છે કે 'આ દુર્ભાગી પાપકર્મનું ફળ ભોગવી રહેલ છે'... જેમ કાયર પુરુષ સંગ્રામમાં વિષાદ પામે છે, તેમ ગામ કે નગરમાં પૂર્વોક્ત શબ્દોને સહન કરવામાં અસમર્થ મંદમતિ સાધુ પણ વિષાદ પામે છે.

સૂત્ર- ૧૭૨

ભિક્ષાર્થે ભ્રમણ કરતા, ક્ષુધાથી પીડાતા સાધુને કોઈ ક્રૂર કૂતરો કરડે તો તે વખતે મંદમતિ સાધુ અગ્નિથી દાઝેલ - ગભરાયેલા પ્રાણીની જેમ દુઃખી થાય છે - વિષાદ પામે છે.

સૂત્ર- ૧૭૩

કોઈ કોઈ સાધુના દ્વેષીઓ અથવા માર્ગે ચાલતા સામે મળનારા પુરુષ,સાધુને જોઈને પ્રતિકુળ વચન બોલતા કહે છે કે - ભિક્ષા માંગીને જીવનનિર્વાહ કરનારા આ સાધુઓ પોતાના પૂર્વ કર્મોનું ફળ ભોગવી રહ્યા છે.

સૂત્ર- ૧૭૪, ૧૭૫

કોઈ કોઈ પુરુષ જિનકલ્પી આદિને જોઈને કહે છે - આ નગ્ન છે, પરપિંડપ્રાર્થી અર્થાત્ બીજાના ભોજનથી આજીવિકા ચલાવનાર છે, મુંડીઆ છે, લુખસના રોગથી સડી ગયેલા અંગવાળા છે, ગંદા અને અશોભનીય છે.

આ પ્રમાણે સાધુનો અને સન્માર્ગનો દ્રોહ કરનાર, સ્વયં અજ્ઞાની, મોહથી વેષ્ટિત થયેલ મૂર્ખ પુરુષ અજ્ઞાનરૂપી અંધકારથી નીકળી ગાઢ અંધકારમાં જાય છે એટલે કે કુમાર્ગગામી થાય છે.

સૂત્ર- ૧૭૬, ૧૭૭

દંશ, મચ્છર પરિષહથી પીડિત તથા તૃણ-શય્યાના સ્પર્શને સહન કરવામાં અસમર્થ સાધુ એમ વિચારે છે કે

મેં પરલોક તો જોયો નથી, પણ પરિષહના આ કષ્ટથી મારું મરણ તો પ્રત્યક્ષ દેખાય છે.

કેશલોચથી સંતપ્ત અને કામવિકારથી પરાજિત મૂર્ખ મનુષ્ય, જેમ જાળમાં ફસાયેલી માછલી વિષાદ પામે છે. તેમ તે સાધુ દિક્ષા ગ્રહણ કરીને દુઃખી થાય છે.

સૂત્ર– ૧૭૮ થી ૧૮૦

આત્મા દંડાય તેવું આચરણ કરનાર, વિપરીત ચિત્તવૃત્તિવાળા તથા રાગ–દ્વેષથી યુક્ત, કોઈ અનાર્ય પુરુષ સાધુને પીડા પહોંચાડે છે....

અનાર્ય દેશની સીમા પર વિચરતા સુવ્રતી સાધુને કેટલાક અજ્ઞાની લોકો- આ જાસૂસ છે, ચોર છે; એમ કહીને તેમને દોરી આદિથી બાંધે છે અને કઠોર વચન કહી તિરસ્કારે છે...

તે અનાર્ય દેશે વિચરતા સાધુને દંડ, મુક્કા કે ભાલા આદિથી મારે છે, ત્યારે તે સાધુ પોતાના જ્ઞાતિજનોને, ક્રોધિત થઈ ઘેરથી નીકળી જનાર સ્ત્રીની માફક યાદ કરવા લાગે છે.

સૂત્ર– ૧૮૧

જેમ બાણોથી વિંધાયેલ હાથી સંગ્રામમાંથી ભાગે, તેમ હે શિષ્યો ! પૂર્વોક્ત કઠોર અને દુસ્સહ પરીષહોથી પીડિત અસમર્થ સાધુ સંયમથી ભ્રષ્ટ થાય – તેમ હું તમને કહું છું.

અધ્યયન–૩ ' ઉપસર્ગ પરિજ્ઞા' ના ઉદ્દેશક–૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૩, ઉદ્દેશક–૨

સૂત્ર– ૧૮૨

સ્નેહાદિ સંબંધરૂપ અનુકૂળ ઉપસર્ગો સૂક્ષ્મ છે, સાધુ તેને મુશ્કેલીથી પાર કરી શકે છે. આવા સૂક્ષ્મ ઉપસર્ગ આવતા કેટલાક  સાધુ વ્યાકુળથઈ જાય છે. તેઓ સંયમી જીવનના પાલનમાં સમર્થ થતા નથી.

સૂત્ર– ૧૮૩ થી ૧૮૬

સાધુને જોઈને તેના સ્વજન તેની પાસે જઈ રડે છે અને કહે છે કે – હે તાત ! તું અમારું પાલન કર. અમે તને પોષેલ છે, તું અમને કેમ છોડી દે છે ?

(સાધુને કહે છે) હે તાત! તારા પિતા વૃદ્ધ છે, તારી બહેન નાની છે. હે તાત ! તારો આજ્ઞાકારી સહોદર–ભાઈ છે, તો પણ તું અમને કેમ છોડીને જતો રહે છે ?

હે પુત્ર ! તું માતા–પિતાનું પાલન કર, તેથી તારો પરલોક સુધરશે. પોતાના માતા–પિતાનું પાલન કરવું એ લૌકીક આચાર છે.

હે પુત્ર ! ઉત્તરોત્તર જન્મેલા આ તારા મધુરભાષી, નાના પુત્રો છે. તારી પત્ની પણ નવયૌવના છે, તે ક્યાંક પરપુરુષ પાસે ચાલી ન જાય !

સૂત્ર– ૧૮૭ થી ૧૯૦

હે પુત્ર ! ઘેર ચાલ. ઘરનું કોઈ કામ ન કરશો, અમે બધું કરી લઈશું. તમે એક વખત ઘેરથી નીકળી ગયા, હવે ફરીથી ઘેર આવી જાઓ.

હે પુત્ર ! એક વખત ઘેર આવી સ્વજનોને મળી ફરી પાછો જજો, તેથી કંઈ તું અશ્રમણ નહીં થઈ જાય. ગૃહકાર્યોમાં ઈચ્છારહિત રહેતા અને પોતાની રૂચી પ્રમાણે કાર્ય કરતા તમને કોણ રોકી શકે છે ?

હે પુત્ર ! તારું જે કંઈ દેવું હતું, તે બધું અમે સરખે ભાગે વહેંચીને ભરી દીધું છે, વ્યવહાર માટે તારે જેટલું સુવર્ણ–ધન જોઈશે, તે અમે તને આપીશું.

આ પ્રમાણે તેના સ્વજનો કરુણ બનીને સાધુને લલચાવે છે. ત્યારે જ્ઞાતિજનના સંગથી બંધાયેલો ભારેકર્મી આત્મા પ્રવ્રજ્યા છોડી પાછો ઘેર ચાલી જાય છે.

સૂત્ર– ૧૯૧, ૧૯૨

જેમ જંગલમાં ઉત્પન્ન થયેલ વૃક્ષને લતા બાંધી લે છે, તેમ સાધુને સ્વજનો કરુણ વિલાપ દ્વારા ચિત્તમાં અશાંતિ ઉત્પન્ન કરી સ્નેહપાશમાં બાંધી લે છે.

જ્યારે તે સાધુ સ્વજનના સ્નેહમાં બંધાઈ જાય છે ત્યારે સાધુને નવા પકડેલા હાથીની જેમ સારી રીતે રાખે છે. તેમજ જેમ નવપ્રસૂતા ગાય વાછરડા પાસે જ રહે છે, તેમ સ્વજનો તેની પાસે જ રહે છે.

સૂત્ર– ૧૯૩

માતા–પિતા વગેરે સ્વજનો નો સંગ મનુષ્ય માટે સાગરની જેમ દુસ્તર છે. જ્ઞાતિજનના સ્નેહમાં મૂર્છિત થયેલ એવો અસમર્થ પુરુષ ક્લેશને પામે છે અર્થાત્ સદા સંસારમાં રખડે છે.

સૂત્ર– ૧૯૪

તે સાધુ જ્ઞાતિવર્ગ આદિ સંગોને સંસારનું કારણ જાણીને છોડી દે. કેમકે બધા સ્નેહસંબંધો કર્મના મહાઆશ્રવ દ્વાર છે. સર્વજ્ઞદેવ દ્વારા પ્રરૂપિત અનુત્તર ધર્મને સાંભળીને સાધુ અસંયમી જીવનની ઇચ્છા ન કરે.

સૂત્ર– ૧૯૫

કાશ્યપ ગોત્રીય મહાવીર સ્વામીએ આ સંગો અર્થાત્ સ્નેહ સંબંધોને આવર્ત કહેલ છે. જ્ઞાની પુરુષ તો તેથી દૂર થઈ જાય, અજ્ઞાની તેમાં આસક્ત થઈને દુઃખી થાય છે.

સૂત્ર– ૧૯૬ થી ૨૦૦

૧૯૬– રાજા, રાજમંત્રી, બ્રાહ્મણ કે ક્ષત્રિય, ઉત્તમ આચારથી જીવતા સાધુને ભોગ માટે નિમંત્રિત કરે છે

૧૯૭– તે રાજા વગેરે કહે છે, હે મહર્ષિ ! તમે આ હાથી, ઘોડા, અશ્વ, રથ, યાનમાં બેસો, ચિત્ત–વિનોદ માટે ઉદ્યાનાદિમાં વિચરો, આ પ્રશસ્ત ભોગો ભોગવો, અમે તમારો સત્કાર કરીએ છીએ

૧૯૮– હે આયુષ્યમાન શ્રમણ! વસ્ત્ર, ગંધ, અલંકાર, સ્ત્રી, શય્યા આદિ ભોગોને ભોગવો. આ દરેક વસ્તુ વડે અમે તમારો સત્કાર કરીએ છીએ

૧૯૯– હે સુંદર વ્રતધારી મુનીવર! તમે સંયમમાં રહી, જે નિયમાદિનું આચરણ–અનુષ્ઠાન ભિક્ષુભાવથી કર્યું છે, ગૃહવાસમાં રહીને પણ તમે તે રીતે જ સંયમનું અનુષ્ઠાન કરી શકો છો.

૨૦૦– આપ દીર્ઘકાળથી સંયમનુ અનુષ્ઠાન કરતા વિચરી રહ્યા છો, તમને હવે ભોગ ભોગવતા કયો દોષ લાગવાનો છે ? આ પ્રમાણે જેમ ચોખાના દાણાથી સુવરને લલચાવે, તેમ ભોગના નિમંત્રણથી સાધુને ફસાવે છે.

સૂત્ર– ૨૦૧ થી ૨૦૩

૨૦૧– જેમ ચઢાણવાળા માર્ગમાં દુર્બળ બળદ પડી જાય તેમ સાધુ સામાચારીના પાલન માટે આચાર્ય દ્વારા પ્રેરિત તે અલ્પ પરાક્રમી અને સાધુ સામાચારીમાં શિથિલ તે સાધુ સીદાય છે

૨૦૨– ચઢાણવાળા માર્ગમાં ઘરડો બળદ કષ્ટ પામે છે, તેમ સંયમપાલનમાં અસમર્થ અને તપથી પીડિત મંદ સાધુ સંયમ માર્ગમાં ક્લેશ પામે છે.

આ રીતે ભોગનું આમંત્રણ મળતાં, ભોગમાં મૂર્છિત; સ્ત્રીમાં આસક્ત વિષય–ભોગમાં દત્તચિત્ત સાધુ, ગુરુ આદિ વડે સંયમ–પાલનની પ્રેરણા છતાં ફરી ગૃહસ્થ બની જાય છે. તેમ હું કહું છું.

અધ્યયન–૩ ' ઉપસર્ગ પરિજ્ઞા' ના ઉદ્દેશક–૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૩, ઉદ્દેશક–૩

સૂત્ર– ૨૦૪ થી ૨૦૮

૨૦૪– જેમ કાયર પુરુષ વિચારે છે– કોણ જાણે છે કે યુદ્ધમાં કોનો પરાજય થશે? એવું વિચારી પ્રાણ

બચાવવા માટે પાછળની બાજુ ખાડો, ગહન સ્થાન કે કોઈ છાનું સ્થાન જોઈ રાખે છે.

૨૦૫– વળી તે ભીરુ–ડરપોક પુરુષ એવું વિચારે છે કે– ઘણા મુહૂર્ત્તોમાં એવું પણ એક મુહૂર્ત્ત આવે છે, જેમાં પરાજિત થઈ પાછળ ભાગવું પડે. તેથી પહેલેથી છુપાવાનું સ્થાન જોઈ રાખવું.

૨૦૬– આ પ્રમાણે કેટલાક કાયર શ્રમણો સંયમ પાલનમાં પોતાને નિર્બળ સમજીને, ભવિષ્યકાલીન ભયને જોઈને–વિચારીને જ્યોતિષ આદિ વિવિધ શ્રુતનો અભ્યાસ કરે છે, જેથી પોતાનાં જીવનનો નિર્વાહ કરી શકે.

૨૦૭– વળી તે કાયર સાધુ વિચારે છે કે– કોણ જાણે મારું પતન સ્ત્રી સેવનથી થશે કે કાચા પાણીના ઉપભોગથી? મારી પાસે દ્રવ્ય નથી તેથી બીજા કંઈ પૂછશે ત્યારે હસ્તવિદ્યા, ધનુર્વિદ્યા આદિ બતાવીને મારી આજીવિકા ચલાવીશ.

૨૦૮– આ પ્રમાણે ચંચળ ચિત્તવાળા, સંયાપાલનમાં સંશય કરનાર અને સન્માર્ગને નહી જાણનાર શ્રમણ આજીવિકાના સાધનોનો વિચાર કરતા રહે છે.

### સૂત્ર– ૨૦૯, ૨૧૦

જેઓ જગપ્રસિદ્ધ છે અને વીરોમાં અગ્રગણ્ય છે, તેઓ યુદ્ધના સમયે પોતાની રક્ષા માટે પાછળ નજર કરતા નથી, તેઓ સમજે છે કે મરણથી વિશેષ બીજું શું થઈ શકવાનું હતું?

આ પ્રમાણે જે ભિક્ષુ ગૃહસ્થના બંધન છોડીને તથા સાવદ્ય ક્રિયાનો ત્યાગ કરીને સંયમમાં ઉદ્યત થયા છે, તે મોક્ષ માટે શુદ્ધ સંયમમાં સ્થિર રહે છે.

### સૂત્ર– ૨૧૧

સાધુ–આચાર પૂર્વક જીવનારા તે સાધુનાં વિષયમાં કેટલાક અન્યદર્શનીઓ આક્ષેપાત્મક વચનો કહે છે, પણ જેઓ આ પ્રમાણે આક્ષેપાત્મક વચનો કહે છે તે સમાધિથી બહુ દૂર રહે છે.

### સૂત્ર– ૨૧૨, ૨૧૩

સાધુના નિંદકો શું બોલે છે તે બતાવે છે–

૨૧૨– તમારો વ્યવહાર ગૃહસ્થ સમાન છે, જેમ ગૃહસ્થ માતા–પિતાદિમાં આસક્ત રહે છે તેમ તમે પણ પરસ્પર આસક્ત છો, બીમાર સાધુ માટે આહાર લાવીને આપો છો.

૨૧૩– આ પ્રમાણે તમે સરાગી છો, પરસ્પર એક બીજાને આધીન છો, તેથી તમે સદ્‌ભાવ અને સન્માર્ગથી રહિત છો માટે તમે સંસાર પાર કરી શકો તેમ નથી.

### સૂત્ર– ૨૧૪ થી ૨૧૬

આ પ્રમાણે અન્યતીર્થિક આદિ દ્વારા નિંદા કરાતા મોક્ષ વિશારદ મુનિ તેમને કહે છે કે –

૨૧૪– આ પ્રમાણે બોલતા તમે બે પક્ષનું સેવન કરો છો– તમે પોતે સદોષ આચારનું સેવન કરો છો અને બીજાની નિંદા પણ કરો છો. એ રીતે બમણા દોષને સેવો છો.

૨૧૫– તમે ધાતુના પાત્રમાં ભોજન કરો છો, રોગી સાધુ માટે ભોજન મંગાવો છો, સચિત્ત બીજ અને પાણીનું સેવન કરો છો અને ઔદ્દેશિકઆદિ દોષયુક્ત આહાર વાપરો છો.

૨૧૬– તમે જીવની વિરાધના કરો છો, મિથ્યાત્વને સેવો છો તેથી કર્મબંધનથી લિપ્ત છો, વિવેકશૂન્ય બની અને શુભ અધ્યવસાયથી દૂર રહો છો, ઘાવને અતિ ખંજવાળવો શ્રેયસ્કર નથી, એમ કરવાથી વિકાર વધે છે.

### સૂત્ર– ૨૧૭ થી ૨૧૯

૨૧૭– સત્ય અર્થનું નિરૂપણ કરનાર તથા તત્ત્વજ્ઞાતા મુનિ તેઓને શિક્ષા આપે છે કે – તમારો નિંદા આદિ માર્ગ યુક્તિસંગત નથી, તમારી કથની અને કરણી વિચાર્યા વિનાની અને વિવેકશૂન્ય છે, તે દ્દષ્ટાંત દ્વારા બતાવે છે–

૨૧૮– ગૃહસ્થ દ્વારા લાવેલ આહાર કરવો સારો, પણ સાધુ દ્વારા લાવેલ આહાર ન કરવો. એવું તમારું કથન

વાંસના અગ્રભાગ જેવું દુર્બળ છે. કારણ કે તે યુક્તિશૂન્ય છે.

૨૧૯– "દાનધર્મની પ્રરૂપણા ગૃહસ્થો માટે છે, સાધુ માટે નહીં.'' એમ તમે કહો છો પણ પૂર્વવર્તી તીર્થંકરોએ આવો ધર્મ પ્રરૂપેલ નથી કે સાધુ ગૃહસ્થ દ્વારા લાવેલ આહાર ભોગવે, પણ સાધુ દ્વારા લાવેલ નહી.

**સૂત્ર– ૨૨૦, ૨૨૧**

૨૨૦– સમગ્ર યુક્તિથી પોતાનો મત સ્થાપન કરવામાં અસમર્થ તે અન્યદર્શનીઓ વાદને છોડીને ફરી પોતાનો પક્ષ સ્થાપવાની ધૃષ્ટતા કરે છે...

૨૨૧– રાગદ્વેષથી જેનો આત્મા દબાયેલ છે, મિથ્યાત્વથી અભિભૂત છે, તેવા અન્યદર્શનીઓ શાસ્ત્રાર્થમાં હારી જાય ત્યારે આક્રોશના શરણે જાય છે, જેમ પહાડી અનાર્યો દુર્જય છે, છતાં બળવાન શત્રુ સામે યુદ્ધમાં હારી જાય ત્યારે પર્વતનું જ શરણ લે છે.

**સૂત્ર– ૨૨૨ થી ૨૨૪**

૨૨૨– અન્યદર્શનીઓ સાથે વાદ કરતી વખતે મુનિ પોતાની ચિત્તવૃત્તિને પ્રસન્ન રાખે અને બીજા મનુષ્યો તેના વિરોધી ન બને તેવા આચરણ પૂર્વક પોતાનો પક્ષ રજૂ કરે.

૨૨૩– કાશ્યપગોત્રીય ભગવાન મહાવીર સ્વામીએ કહેલ આ ધર્મને ગ્રહણ કરીને પ્રસન્નચિત્તે, મુનિ ગ્લાનિ–રહિત બની રોગી સાધુની સેવા કરે.

૨૨૪– સમ્યગ્ દૃષ્ટિ, શાંતમુનિ મોક્ષદાયી એવા ઉત્તમ ધર્મને જાણીને ઉપસર્ગોને સહન કરી, જ્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સંયમનું અનુષ્ઠાન કરે – તેમ હું તમને કહું છું.

**અધ્યયન–૩ ' ઉપસર્ગ પરિજ્ઞા' ના ઉદ્દેશક–૩નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## અધ્યયન–૩, ઉદ્દેશક–૪

**સૂત્ર– ૨૨૫ થી ૨૨૮**

પરમાર્થને ન જાણનારા કેટલાંક લોકો સંયમભ્રષ્ટ થાય તેવા દૃષ્ટાંતો આપે છે, તે કહે છે–

૨૨૫– પ્રાચીન સમયમાં ઉગ્ર તપસ્વી મહાપુરુષોએ કાચા પાણીનો ઉપભોગ કરી સિદ્ધિ પ્રાપ્ત કરી છે, આ સાંભળી મંદ સાધુ વિષાદ પામે છે અને સંયમ પાળવામાં કષ્ટ અનુભવે છે.

૨૨૬– વિદેહ જનપદના નમિરાજા એ આહાર ન કરીને, રામગુપ્તે ભોજન કરતા, બાહુકે સચિત્ત જળ અર્થાત્ કાચા પાણીનું પાન કરીને, નારાયણ ઋષીએ અચિત્ત જળથી સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

૨૨૭– મહર્ષિ–આસિલ, દેવિલ, દ્વૈપાયન અને પારાસરે સચિત્ત જળ અર્થાત્ કાચુ પાણી, સચિત્ત બીજ અને સચિત્ત વનસ્પતિનો ઉપભોગ કરીને સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

૨૨૮– પ્રાચીન કાળમાં આ મહાપુરુષો પ્રખ્યાત અને માન્ય હતા. ઋષિભાષિત આગમમાં પણ તેમાંના કેટલાકનો સ્વીકાર થયેલ છે, તેઓએ સચિત્ત જળ અને બીજનો ઉપયોગ કરી સિદ્ધિ પ્રાપ્ત કરી એવુ મેં પરંપરાએ સાંભળેલ છે.

**સૂત્ર– ૨૨૯**

ઉક્ત કથનો સાંભળી અજ્ઞાન સાધુ, ભારથી પીડાતા ગધેડાની માફક સંયમમાં ખેદ પામે છે. જેમ કોઈ પાંગળો માણસ લાકડીના સહારે ચાલે છે પણ રસ્તામાં આગ લાગે તો દોડતા મનુષ્ય પાછળ ભાગે છે, પરંતુ તે ચાલવાના અસામર્થ્યથી જેમ નાશ પામે છે, તેમ સંયમમાં દુઃખ માનતો મનુષ્ય પાછળ જ રહે છે, મોક્ષે જતો નથી.

**સૂત્ર– ૨૩૦, ૨૩૧**

૨૩૦– કેટલાક શાકય આદિ તથા લોચથી કંટાળેલા શ્રમણ એમ કહે છે કે – સુખથી જ સુખ મળે છે, પણ

દુઃખથી સુખ મળતું નથી. આમ કહી જિનેશ્વર દ્વારા પ્રરૂપિત શ્રેષ્ઠ અને કલ્યાણકારી માર્ગનો ત્યાગ કરે છે.

૨૩૧– શાસ્ત્રકારશ્રી કહે છે– જિનશાસનની અવગણના કરીને, તુચ્છ વિષયસુખનાં લોભથી મોક્ષસુખનો નાશ ન કરો. જો તમે અસત્ પક્ષને નહીં છોડો તો સોનું છોડીને લોઢું લેનાર વણિકની જેમ પસ્તાશો.

## સૂત્ર– ૨૩૨ થી ૨૩૬

હવે શાક્ય આદિ શ્રમણોની મિથ્યા માન્યતામાં રહેલ દોષોને જણાવે છે–

૨૩૨– સુખથી સુખ મળે એવું માનનારા લોકો જીવહિંસા કરે છે, મૃષાવાદ સેવે છે, અદત્ત વસ્તુ લે છે, મૈથુન સેવે છે અને પરિગ્રહમાં વર્તે છે. આ રીતે તેઓ સાવ પાપમાં પ્રવૃત્ત થઇ સંયમહીન બની જાય છે.

૨૩૩– જિનશાસનથી વિમુખ, સ્ત્રીઓને વશવર્તી, અજ્ઞાની, અનાર્ય કર્મ કરનાર, પાર્શ્વસ્થા આ પ્રમાણે પ્રરૂપણા કરે છે કે–

૨૩૪– જેમ ગુમડા કે ફોલ્લાને દબાવી તેમાંથી પરુ કાઢી નાંખતા તુરંત જ પીડા દૂર થાય છે. તેમ સમાગમની પ્રાર્થના કરનાર સ્ત્રી સાથે સમાગમમાં શું દોષ છે ?

૨૩૫– જેમ ઘેટું–બકરું પાણીને હલાવ્યા વિના પાણી પીને પોતાની તૃષા છીપાવે છે, તેમ સમાગમની પ્રાર્થના કરનારી સ્ત્રી સાથે સમાગમમાં કોઈને પીડા થતી નથી, પોતાની તૃપ્તિ થઈ જાય છે, તો તેમાંશો દોષ છે ?

૨૩૬– જેમ કપિંજલ પક્ષિણી પાણીને હલાવ્યા વિના પીએ છે, તેથી જીવને કોઈ કષ્ટ થતું નથી, તેમ સમાગમપ્રાર્થી સ્ત્રી સાથે સમાગમમાં પણ શો દોષ છે ?

## સૂત્ર– ૨૩૭

ઉક્ત પ્રકારે મૈથુન સેવનને નિરવદ્ય બતાવનારા પાર્શ્વસ્થ છે, મિથ્યાદષ્ટિ છે, અનાર્ય છે. બાળકોમાં આસક્ત રહેતી પૂતનાની માફક તેઓ કામ–ભોગમાં આસક્ત રહે છે.

## સૂત્ર– ૨૩૮, ૨૩૯

૨૩૮– કામ–આસક્તને દોષો બતાવતા કહે છે– જે મનુષ્ય ભવિષ્ય તરફ ન જોતા, વર્તમાન સુખની જ શોધમાં આસક્ત રહે છે, તેઓ યૌવન અને આયુ ક્ષીણ થતા પશ્ચાત્તાપ કરે છે. પરંતુ...

૨૩૯– જેમણે ધર્મોપાર્જનના સમયે ધર્મોપાર્જન કર્યું છે, તે પછીથી પસ્તાવો કરતા નથી, તે બંધનમુક્ત ધીર પુરુષો અસંયમી જીવનની ઇચ્છા પણ ન કરે.

## સૂત્ર– ૨૪૦

૨૪૦– સ્ત્રી–સંયોગરૂપ ઉપસર્ગને જણાવતા કહે છે– જેમ તીવ્ર વેગથી વહેતી, વિષમ તટવાળી વૈતરણી નદીને પાર કરવી દુસ્તર છે, તેમ વિવેકહીન પુરુષો માટે લોકમાં સ્ત્રીઓ દુસ્તર છે. પરંતુ...

## સૂત્ર– ૨૪૧ થી ૨૪૩, ૨૪૪ (અધૂરું)

૨૪૧– જે પુરુષોએ સ્ત્રી સંસર્ગ અને કામશૃંગાર છોડ્યા છે, તે સર્વે ઉપસર્ગોને જીતીને સંવરરૂપ સમાધિમાં સ્થિત થાય છે.

૨૪૨– જેમ વ્યાપારી નાવ દ્વારા સમુદ્રને પાર કરે છે તેમ કામજયી મહાપુરુષ સંસારસમુદ્રને પાર કરશે. બાકી સંસારરૂપ પ્રવાહમાં પડેલા પ્રાણીઓ પોતાના કર્મોથી દુઃખી થાય છે.

૨૪૩– સુવ્રતવાન ભિક્ષુ પૂર્વોક્ત કથનને જાણીને સમિતિપૂર્વક વિચરે, મૃષાવાદનો ત્યાગ કરે, અદત્તાદાનનું પણ વિસર્જન કરે.

૨૪૪ અધૂરું– ઉર્ધ્વદિશા, અધોદિશા, તિર્છીદિશામાં જે ત્રસ–સ્થાવર જીવો છે, તેની હિંસાનો ત્યાગ કરે.

## સૂત્ર– ૨૪૪ (અધૂરેથી), ૨૪૫, ૨૪૬

૨૪૪ અધુરેથી– ઉક્ત હિંસા આદિના ત્યાગથી શાંતિ અને નિર્વાણ પદની પ્રાપ્તિ થાય છે.

૨૭૫– કાશ્યપગોત્રીય ભગવાન મહાવીર સ્વામી દ્વારા કહેલ આ ધર્મને સ્વીકારીને સાધુ પ્રસન્ન ચિત્તથી તેમજ ગ્લાનીરહિત તથા સમાધિયુક્ત થઈને રોગી સાધુની સેવા કરે.

૨૭૬– સમ્યગ્ દૃષ્ટિ, શાંત મુનિ, મોક્ષ આપવામાં કુશળ એવા આ ધર્મને જાણીને ઉપસર્ગો સહે, મોક્ષ પ્રાપ્તિ સુધી સંયમનું પાલન કરતા રહે. – તેમ હું તમને કહું છું.

અધ્યયન–૩ ' ઉપસર્ગ પરિજ્ઞા' ના ઉદ્દેશક–૪નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

**શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૩ 'ઉપસર્ગપરિજ્ઞા' નો ભાવાનુવાદ પૂર્ણ**

# શ્રુતસ્કન્ધ-૧

## અધ્યયન-૪ ' સ્ત્રી પરિજ્ઞા'

### ઉદ્દેશક-૧

**સૂત્ર- ૨૪૭, ૨૪૮**

જે પુરુષએમ વિચારે છે કે હું માતા, પિતાદિ પૂર્વ સંબંધને છોડીને તથા મૈથુનથી વિરત થઈ, જ્ઞાન-દર્શન-ચારિત્રનું પાલન કરતો એકલો એકાંતમાં વિચરીશ...

અવિવેકી સ્ત્રીઓ છળથી તે સાધુ પાસે આવી કપટપૂર્વક એવા ઉપાયો જાણે છે – કરે છે, કે જેથી કોઈક સાધુ તેણીનો સંગ કરી લે છે.

**સૂત્ર- ૨૪૯ થી ૨૫૨**

તે સ્ત્રીઓ કેવા ઉપાયોથી પુરુષને ઠગે છે અને સાધુ એ ત્યારે શું કરવું તે બતાવે છે-

૨૪૯- તે સ્ત્રીઓ સાધુની ઘણી નિકટ બેસે છે. કામોત્પાદક વસ્ત્રો ઢીલા કરી ફરી પહેરે છે. શરીરના જંઘા આદિ અધોકાય દેખાડે છે, હાથ ઊંચો કરી કાંખ બતાવે છે.

૨૫૦- ક્યારેક તે સ્ત્રીઓ એકાંતમાં શયન, આસન પર બેસવા નિમંત્રણ આપે છે પણ સાધુએ તેને વિવિધ પ્રકારના પાશ-બંધન જાણી, તેનો સ્વીકાર ન કરે.

૨૫૧- સાધુ તે સ્ત્રી તરફ દષ્ટિ ન કરે, તેના આ સાહસનું સમર્થન ન કરે, સાથે વિચરણ ન કરે; આ રીતે સાધુનો આત્મા સુરક્ષિત રહે.

૨૫૨- સ્ત્રીઓ સાધુને સંકેત કરીને, વાર્તાલાપ દ્વારા વિશ્વાસમાં લઈને ભોગ ભોગવવા સ્વયં નિમંત્રે છે, સાધુ તે શબ્દોને વિવિધ પ્રકારના બંધન સમજે.

**સૂત્ર- ૨૫૩ થી ૨૫૬**

સ્ત્રીઓ કઈરીતે સાધુને ફસાવે તેનું કથન સૂત્રકારશ્રી આગળ કરે છે-

૨૫૩- સ્ત્રીઓ સાધુના ચિત્તને હરવા અનેક ઉપાય કરે છે, પાસે આવીને કરુણ, વિનીત, મંજુલ ભાષા બોલે છે. સાધુને પોતાની સાથેભોગવશ થયેલ જાણી, નોકરની માફક તેના પર હૂકમો ચલાવે છે.

૨૫૪- જેમ શિકારી એકાકી, નિર્ભય વિચરતા સિંહને માંસના પ્રલોભનથી ફસાવે છે, તેમ સ્ત્રીઓ સંવૃત્ત, એકલા સાધુને મોહજાળમાં ફસાવે છે.

૨૫૫- જેમ રથકાર અનુક્રમે પૈડાની ધૂરીને નમાવે, તેમ સ્ત્રીઓ સાધુને વશ કરીને પોતાના ઈષ્ટ અર્થમાં ઝૂકાવે છે. પછી તે સાધુ, પાશમાં બંધાયેલ મૃગની માફક કૂદવા છતાં સ્ત્રી-પાશમાંથી મુક્ત થતો નથી.

૨૫૬- વિષમિશ્રિત ખીર ખાનાર મનુષ્ય માફક પછી તે સાધુ પસ્તાય છે. આ રીતે વિવેક પ્રાપ્ત કરીને મુક્તિ ગમન યોગ્ય સાધુ, સ્ત્રીનો  સહવાસ ન કરે.

**સૂત્ર- ૨૫૭, ૨૫૮**

૨૫૭- સ્ત્રી સંબંધી દોષ બતાવી ઉપસંહાર કરતા કહે છે- સ્ત્રી સંસર્ગ વિષલિપ્ત કાંટા જેવો જાણીને સાધુ તેનો ત્યાગ કરે, સ્ત્રીને વશ થયેલ, ગૃહસ્થના ઘરમાં એકલા ઉપદેશદાતા સાધુ, ત્યાગને ટકાવી શકતો નથી.

૨૫૮- જે સાધુ સ્ત્રી સંસર્ગરૂપ નિંદનીય કર્મમાં આસક્ત છે, તે કુશીલ છે તેથી તે ઉત્તમ તપસ્વી સાધુ હોય તો પણ સ્ત્રી સાથે ન વિચરે.

**સૂત્ર- ૨૫૯ થી ૨૬૨**

કેવી સ્ત્રી સાથે ન વિચરવું? તે શંકાનો ખુલાસો કરે છે-

૨૫૯– ભલે પોતાની પુત્રી હોય, પુત્રવધૂ હોય, ધાત્રી હોય કે દાસી હોય, મોટી ઉંમરની હોય કે કુંવારી હોય, પણ સાધુ તેની સાથે પરિચય ન કરે.

૨૬૦– સ્ત્રી સાથે એકાંતમાં બેસેલ સાધુને જોઈને તેણીના જ્ઞાતિજનો કે મિત્રોને કદી દુઃખ થાય છે કે આ સાધુ પણ સ્ત્રીમાં ગૃદ્ધ અને આસક્ત છે, પછી ક્રોધથી તેઓ કહે છે– તું જ આ સ્ત્રીનું ભરણ–પોષણ કેમ કરતોનથી?

૨૬૧– ઉદાસીન શ્રમણને આવી સ્થિતિમાં જોઈને કોઈ ક્રોધિત થઈ જાય છે. અથવા તે સ્ત્રી પ્રેમવશ સાધુને ભોજન આપે છે, તે જોઈને તેઓ સ્ત્રીમાં દોષ હોવાની શંકા કરે છે કે – આ સ્ત્રી સાધુ સાથે અનુચિત સંબંધ રાખે છે.

૨૬૨– સમાધિભ્રષ્ટ અર્થાત્ ધર્મ ધ્યાનથી ભ્રષ્ટ પુરુષ જ તે સ્ત્રીઓ સાથે પરિચય કરે છે. તેથી સાધુ આત્મહિત માટે સ્ત્રીની શય્યા નજીક ન જાય.

## સૂત્ર– ૨૬૩ થી ૨૬૬

દીક્ષા લઈને પણ કોઈક સાધુ સ્ત્રી સંબંધ કરે છે, તે બતાવે છે–

૨૬૩– કેટલાક સાધુ ગૃહત્યાગ કરવા છતાં મિશ્ર માર્ગનું સેવન કરે છે અર્થાત્ કાંઈક ગૃહસ્થના અને કાંઈક સાધુના આચારનું સેવન કરે છે અને તેને જ મોક્ષનો માર્ગ કહે છે, કેમ કે કુશીલો બોલવે શૂરા હોય છે, કાર્યમાં નહી.

૨૬૪– કુશીલ સાધુ સભામાં પોતાને શુદ્ધ બતાવે છે, પણ છૂપી રીતે પાપ કરે છે, અંગચેષ્ટાદિના જ્ઞાતા પુરુષ જાણી લે છે કે આ માયાવી અને મહાશઠ છે.

૨૬૫– દ્રવ્યલિંગી અજ્ઞાની સાધુ પૂછવા છતાં પોતાના દુષ્કૃતને કહેતો નથી. પણ આત્મપ્રશંસા કરવા લાગે છે, આચાર્યાદિ જ્યારે તેને કહે છે કે 'મૈથુન ઈચ્છા ન કરો' ત્યારે તે ખેદ પામે છે.

૨૬૬– જેઓ સ્ત્રીઓનું પોષણ કરી ચૂક્યા છે, સ્ત્રીઓ દ્વારા થતા વેદ–ખેદના જ્ઞાતા છે. તથા જે પુરુષ બુદ્ધિશાળી છે, એવા પણ સ્ત્રીઓને વશીભૂત થઈ જાય છે.

## સૂત્ર– ૨૬૭, ૨૬૮

૨૬૭– આ લોકમાં જ સ્ત્રીસંબંધી વિપાકને બતાવે છે– પરસ્ત્રી સેવન કરનાર પુરુષના હાથ, પગ છેદીને આગમાં શેકે છે, અથવા માંસ, ચામડી કાપીને તેના શરીરને ક્ષારથી સીંચે છે.

૨૬૮– પાપથી સંતપ્ત પુરુષો આ લોકમાં કાન, નાક અને કંઠનું છેદન સહન કરે છે, પણ એવો નિશ્ચય નથી કરતા કે હવે અમે ફરીથી આ પાપ નહીં કરીએ.

## સૂત્ર– ૨૬૯, ૨૭૦

અમે સાંભળેલ છેકે 'સ્ત્રીનો સંગ ખરાબ છે, કોઈ એમ પણ કહે છે કે– સ્ત્રીઓ 'હવે હું આવું કરીશ નહી' એવું બોલે છે, પણ સ્ત્રીઓ કહેલી વાતનું કાર્ય દ્વારા કદી પાલન કરતી નથી...

સ્ત્રીઓ મનમાં કંઈક જુદું વિચારે છે, વાણીથી જુદું કહે છે અને કાર્ય કંઈક જુદું જ કરે છે, તેથી સાધુ સ્ત્રીઓને ઘણી માયાવી જાણી તેણીનો વિશ્વાસ ન કરે.

## સૂત્ર– ૨૭૧ થી ૨૭૪

૨૭૧– વિવિધ વસ્ત્રો અને અલંકારયુક્ત કોઈ યુવતી શ્રમણને કહે છે કે હે ભયથી બચાવનાર ! મને ધર્મ કહો, હું વિરત બનીને સંયમ પાળીશ.

૨૭૨– અથવા શ્રાવિકા હોવાથી હું સાધુની સાધર્મિણી છું. એવું કહીને સ્ત્રીઓ સાધુ પાસે આવે છે પણ જેમ અગ્નિના સહવાસથી લાખનો ઘડો પીગળે તેમ સ્ત્રી સંસર્ગથી વિદ્વાન પુરુષ પણ વિષાદ પામે છે.

૨૭૩– જેમ લાખનો ઘડો અગ્નિથી તપ્ત થઈ શીઘ્ર નાશ પામે છે, તેમ સ્ત્રીના સંસર્ગથી સાધુ શીઘ્ર સંયમથી ભ્રષ્ટ થાય છે.

૨૭૪– કોઈ ભ્રષ્ટ–આચારી સાધુ પાપકર્મ કરે છે, પણ આચાર્ય આદિના પૂછવા પર જલદી કહે છે કે હું

પાપકર્મ કરતો નથી, આ સ્ત્રી તો બાળપણથી મારા ખોળે રમેલી છે.

**સૂત્ર– ૨૭૫ થી ૨૭૭**

૨૭૫– તે અજ્ઞાનીની બીજી અજ્ઞતા એ છે કે – તે પાપકર્મ કરીને ફરી ઈન્કાર કરે છે. એ રીતે તે બમણુ પાપ કરે છે. તે કામી સંસારમાં પોતાની પૂજાને ઈચ્છતો અસંયમને ઇચ્છે છે.

૨૭૬– દેખાવમાં સુંદર, આત્મજ્ઞાની સાધુને આમંત્રણ આપીને તેણી કહે છે કે હે ભવતારક ! આપ આ વસ્ત્ર, પાત્ર, અન્ન અને પાન ગ્રહણ કરો.

૨૭૭– પૂર્વોક્ત પ્રકારના પ્રલોભનને ભિક્ષુ, ભૂંડને લલચાવનાર ચાવલ વગેરે અન્નની સમાન જાણે, સ્ત્રી આમંત્રણ કરે તો પણ ઘેર જવા ઈચ્છા ન કરે, વિષયપાશમાં બંધાનાર મંદપુરુષ ફરી મોહમાં પડે છે – તેમ હું કહું છું.

**અધ્યયન–૪ 'સ્ત્રી પરિજ્ઞા' ના ઉદ્દેશક–૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ**

## અધ્યયન–૪, ઉદ્દેશક–૨

**સૂત્ર– ૨૭૮**

સાધુ, રાગ–દ્વેષરહિત બનીને ભોગમાં કદી ચિત્ત ન કરે, જો કદી ભોગની ઇચ્છા થાય તો તેને જ્ઞાન વડે પાછું ખસેડે. છતાં કેટલાક સાધુ ભોગ ભોગવે છે, તે શ્રમણોના ભોગ તમે સાંભળો.

**સૂત્ર– ૨૭૯ થી ૨૮૧**

૨૭૯– ચારિત્રથી ભ્રષ્ટ, સ્ત્રીમાં મૂર્ચ્છિત, કામમાં અતિ પ્રવૃત્ત સાધુને પોતાના વશમાં જાણીને પછી પગ વડે સાધુના મસ્તક પર સ્ત્રી પ્રહાર કરે છે.

૨૮૦– સ્ત્રી કહે છે– હે ભિક્ષુ! જો મારા જેવી કેશવાળી સ્ત્રી સાથે વિહરણ કરવામાં તમને શરમ આવતી હોય તો હું લોચ કરી દઈશ અર્થાત્ અહી જ મારા વાળ ઉખેડીને ફેંકી દઉં, પણ તમે મને છોડીને બીજે ન જશો.

૨૮૧– જ્યારે તે સાધુ વશમાં આવી જાય ત્યારે તે સ્ત્રી તેને નોકરની જેમ અહીં–તહીં કામ કરવા મોકલે છે, કહે છે કે – તુંબડી કાપવા છરી લાવો, ફળ લાવો. (વળી તે સ્ત્રી કહે છે કે–)

**સૂત્ર– ૨૮૨ થી ૨૮૫**

૨૮૨– હે સાધુ ! શાક પકાવવા લાકડા લાવો, તેનાથી રાત્રે પ્રકાશ પણ થશે. અનેકહે છે કે– મારા પગ રંગી દો, મારી પીઠ ચોળી દો...

૨૮૩– મારે માટે નવા વસ્ત્ર લાવો અથવા આ વસ્ત્ર સાફ કરી દો. મારા માટે અન્ન–પાણી લાવો, ગંધ અને રજોહરણ લાવો, મારા માટે વાણંદ બોલાવો કેમ કે લોચની પીડા હું શાન કરી શકતી નથી.

૨૮૪– મારા માટે અંજનપાત્ર, અલંકાર અને વીણા લાવો, લોધ્ર, લોધ્રના ફૂલ, તથા એક વાંસળી અને યૌવનરક્ષક ગુટિકા લાવો...

૨૮૫– ઉશીર (એક પ્રકારની વનસ્પતિ)માં પીસેલ કોષ્ઠ, તગર, અગર લાવો. મુખ ઉપર લગાડવાનું તેલ લાવો અને વસ્ત્રો રાખવા માટે વાંસની પેટી લાવો. (વળી તે સ્ત્રી કહે છે કે–)

**સૂત્ર– ૨૮૬ થી ૨૮૯**

૨૮૬– હોઠ રંગવાનું ચૂર્ણ લાવો, છત્ર અને પગરખાં લાવો, શાક સમારવા માટે છરી લાવો, ગળી આદિથી વસ્ત્ર રંગાવી આપો...

૨૮૭– શાક બનાવવા માટે તપેલી લાવો, આંબળા લાવો, પાણી લાવવાનું પાત્ર લાવો, ચાંદલા તથા આંજણ માટેની સળી લાવો, હવા ખાવાનો વીંઝણો લાવો...

૨૮૮– નાકના વાળ ચુંટવાનો ચીપીયો લાવો, કાંસકી લાવો, અંબોડા પર બાંધવાની જાળી લાવો, દર્પણ

લાવો , દંત પ્રક્ષાલક એ બધું લાવી આપો...

૨૮૯– સોપારી અને પાન લાવો, સોય–દોરા લાવો. મૂત્ર કરવા માટેનું પાત્ર લાવો, સૂપડું, ખાંડણી તથા ખાર ગાળવાનું પાત્ર લાવો. (વળી તે સ્ત્રી કહે છે કે–)

સૂત્ર– ૨૯૦ થી ૨૯૩

૨૯૦– દેવપૂજાનું પાત્ર લાવો, મદિરાપાત્ર લાવો. હે આયુષ્યમાન્ શૌચાલયનું! ખનન કરો, પુત્રને રમવા માટે ધનુષ લાવો , તમારા પુત્રને ગાડીમાં ફેરવવા માટે એક બળદ લાવો...

૨૯૧– માટીની ઘટિકા તથા ડિંડિમ લાવો, કુમારને રમવા માટે કાપડનો દડો લાવો. વર્ષાઋતુ નજીક છે માટે મકાન અને અન્નનો પ્રબંધ કરો...

૨૯૨– નવી સૂતળીથી બનેલ માંચી લાવો, ચાલવા માટે પાદુકા લાવો. મને ગર્ભ–દોહદ ઉત્પન્ન થયો છે, તેની પૂર્તિ માટે અમુક વસ્તુ લાવો, આ રીતે નોકર માફક પુરુષ પર હૂકમ કરે છે...

૨૯૩– પુત્ર જન્મ થતા તે સ્ત્રી ક્રોધિત થઈને કહે છે – આ પુત્રને લો અથવા ત્યાગી દો. આ રીતે કોઈ પુત્રપોષણમાં આસક્ત ઉંટની જેમ ભારવાહી બની જાય છે.

સૂત્ર– ૨૯૪, ૨૯૫

૨૯૪– સ્ત્રીવશ પુરુષ રાત્રે ઉઠીને પણ પુત્રને ધાવમાતા માફક ખોળામાં સૂવાડે છે, શરમ આવતી હોવા છતાં પણ ધોબીની માફક કપડા ધુવે છે.

૨૯૫– આ પ્રમાણે પૂર્વે ઘણા સ્ત્રી–વશ પુરુષોએ આવું કર્યું છે, જે પુરુષ ભોગનાં નિમિત્તે સાવદ્યકાર્યમાં આસક્ત છે, તે દાસ–પશુ કે મૃગ જેવો થઈ જાય છે અથવા તેનાથી પણ અધમ છે.

સૂત્ર– ૨૯૬, ૨૯૭

૨૯૬– આ પ્રમાણે સ્ત્રીના વિષયમાં કહ્યું છે, માટે સાધુ સ્ત્રી સાથે પરિચય કે સહવાસ ન કરે. આ કામભોગો પાપોત્પાદક છે, તેમ તીર્થંકરે કહ્યું છે.

૨૯૭– સ્ત્રી સંસર્ગ ભયોત્પાદક છે, કલ્યાણકારી નથી, તેથી સાધુ આત્મનિરોધ કરે અને સ્ત્રી તથા પશુનો સ્વયં હાથથી સ્પર્શ ન કરે.

સૂત્ર– ૨૯૮, ૨૯૯

૨૯૮વિશુદ્ધ લેશ્યાવાન, મેધાવી, જ્ઞાની સાધુ મન–વચન–કાયાથી પરક્રિયાનો ત્યાગ કરે અને સાધુ અનુકુળ પ્રતિકુળ વગેરે સર્વ પરિષહ સહન કરે.

૨૯૯– જેમને સ્ત્રીસંપર્ક જનિત કર્મોને દૂર કર્યા છે, જે રાગ–દ્વેષ રહિત છે, તે સાધુ છે, એવું વીર ભગવંતે કહ્યું છે. તેથી અધ્યાત્મ વિશુદ્ધ, સુવિમુક્ત સાધુ મોક્ષ અનુષ્ઠાનમાં પ્રવૃત્ત રહે. તેમ હું કહું છું.

અધ્યયન–૪ 'સ્ત્રી પરિજ્ઞા' ના ઉદ્દેશક–૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

**શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૪ 'સ્ત્રી પરિજ્ઞા' નો ભાવાનુવાદ પૂર્ણ**

# શ્રુતસ્કન્ધ–૧

## અધ્યયન–૫ ' નરયવિભત્તિ

### ઉદ્દેશક–૧

**સૂત્ર– ૩૦૦, ૩૦૧**

૩૦૧– મેં કેવલી મહર્ષિને પૂછ્યું કે નરકમાં કેવી પીડા ભોગવવી પડે છે ? હે મુનીશ ! આપ જ્ઞાન દ્વારા જાણો છો માટે અજ્ઞાની એવા મને બતાવો કે અજ્ઞાની જીવો નરકમાં કેવી રીતે ઉત્પન્ન થાય છે ?...

મેં આવું પૂછ્યું ત્યારે મહાનુભાવ, કાશ્યપ, આશુપ્રજ્ઞ ભગવંતે એમ કહ્યું કે – નરકસ્થાન ઘણુ વિષમ છે, છદ્મસ્થ માટે તેનો અર્થ દુર્ગમ છે. ત્યાં પાપી અને દીન જીવો રહે છે. તે દુઃખસ્થાનનું સ્વરૂપ હવે હું કહીશ.

**સૂત્ર– ૩૦૨ થી ૩૦૪**

નરક ગતિને યોગ્ય કૃત્યોને જણાવતા સૂત્રકારશ્રી કહે છે–

૩૦૨– આ સંસારમાં કેટલાક અજ્ઞાની જીવો કે જે અસંયમી જીવનના અર્થી છે, પ્રાણીને ભય ઉત્પન્ન કરનાર એવા રૌદ્ર પાપકર્મ કરે છે, જીવહિંસાદિ પાપો કરે છે, તેઓ ઘોર, સઘન અંધકારમય, તીવ્ર સંતપ્ત નરકમાં જાય છે.

૩૦૩– તે જીવો પોતાના સુખને માટે ત્રસ અને સ્થાવર જીવોની ક્રૂરતાથી હિંસા કરે છે, પ્રાણીનું ભેદન કરે છે, અદત્ત લે છે અને સેવનીય સંયમનું અલ્પ પણ સેવન કરતા નથી. તે જીવો નરકમાં ઉત્પન્ન થાય છે.

૩૦૪– તે જીવો ઘણા પ્રાણીનીની હિંસા કરે છે, ધૃષ્ટતાપૂર્વકના વચન બોલે છે, તે અજ્ઞાની મરીને નીચે અંધકારમય નરકમાં જાય છે, ત્યાં ઉંધે માથે મહાકષ્ટ ભોગવે છે.

**સૂત્ર– ૩૦૫**

પરમાધામીના 'હણો, છેદો, ભેદો, બાળો' એવાશબ્દો સાંભળીને તે નારકી જીવો ભયથી સંજ્ઞાહીન બની જાય છે અને તેઓ વિચારે છે કે કઈ દિશામાં જઈએ કે જેથી અમારી રક્ષા થાય?

**સૂત્ર– ૩૦૬**

પ્રજ્વલિત અગ્નિની રાશિ સમાન તથા જ્યોતિમય ભૂમિ સમાન અતિ ગરમ નરકભૂમિ ઉપર ચાલતા તે નારકો દાઝે છે ત્યારે જોર જોરથી કરુણ રૂદન કરતા ત્યાં ચિરકાળ રહે છે.

**સૂત્ર– ૩૦૭**

અસ્ત્રા જેવી તેજ ધારવાળી, અતિ દુર્ગમ વૈતરણી નદી વિશે તમે સાંભળેલ હશે ? બાણોથી છેદાતા અને ભાલાથી હણાતા તે નારકો, પરમાધામી દ્વારા પ્રેરિત થઇ દુર્ગમ વૈતરણીમાં પડે છે.

**સૂત્ર– ૩૦૮, ૩૦૯**

૩૦૮– વૈતરણી નદીના દુઃખથી ઉદ્વિગ્ન તે નારકો નાવની નજીક આવે ત્યારે પરમાધામી તેમનું ગળું ખીલીથી વીંધે છે. તેથી તેઓ સ્મૃતિવિહીન બને છે. બીજા પરમાધામી પણ તેને ત્રિશૂલાદિથી વીંધીને નીચે ફેંકી દે છે.

૩૦૯– કોઈ પરમાધામી નારકીના ગળામાં શિલા બાંધીને નારકને ધગધગતા ઊંડા પાણીમાં ડૂબાડે છે. કોઈ પરમાધામી તેને કદમ્બ પુષ્પ સમાન લાલ ગરમ રેતી અને મુર્મુર અગ્નિમાં આમતેમ ફેરવીને પકાવે છે.

**સૂત્ર– ૩૧૦ થી ૩૧૨**

૩૧૦– જ્યાં સૂર્યનો પ્રકાશ નથી તેવી મહાસંતાપકારી, અંધકાર આચ્છાદિત, જેનો પાર પામવો કઠીન છે તેવી તથા સુવિશાલ નરક છે. ત્યાં ઊર્ધ્વ, અધો, તિર્છી દિશાઓમાં પ્રચંડ આગ જલતી રહે છે.

૩૧૧– પોતાના પાપકર્મને ન જાણનાર, બુદ્ધિહીન નારક, જે ગુફામાં રહેલ અગ્નિમાં પડે છે અને બળે છે, તે નરકભૂમિ કરુણા–જનક તેમજ દુઃખનું સ્થાન–દુઃખપ્રદ છે. પાપી જીવો તેમાં ઉત્પન્ન થાય છે.

૩૧૨– જેમ જીવતી માછલી આગમાં પડતા સંતપ્ત થાય છે, પણ બીજે જઈ શકતી નથી. તેમ પરમાધામી ચારે દિશામાં અગ્નિ જલાવીને તે અજ્ઞાની નારકીઓને બાળે છે. તો પણ નારક–જીવોને ત્યાં જ રહેવું પડે છે.

**સૂત્ર– ૩૧૩, ૩૧૪**

૩૧૩– સંતક્ષણ નામનું એક મહાસંતાપ ઉત્પન્ન કરનાર નરક છે. ત્યાં પરમાધામીદેવો હાથમાં કુહાડી લઈને, નારક જીવોના હાથ–પગ બાંધીને લાકડાની જેમ તેઓને છોલી નાખે છે...

૩૧૪– પરમાધામી દેવો તે નારકી જીવોનું લોહી કાઢીને લોઢાની ગરમ કડાઈમાં નાંખી, નારકોને જીવતી માછલી માફક તળે છે, નારકોને ઊંચા–નીચા કરી પકાવે છે, પછી તેના શરીરને મસળે છે, મસ્તકના ચૂરેચૂરા કરે છે.

**સૂત્ર– ૩૧૫ થી ૩૧૭**

૩૧૫– તે નરકજીવો ત્યાં નરકની આગમાં બળીને રાખ થતા નથી કે નરકની તીવ્ર વેદનાથી મરતા નથી. પણ આ લોકમાં પોતાના કરેલા દુષ્કૃત્યોથી દુઃખી થઈ નરકની વેદના ભોગવે છે.

૩૧૬– ત્યાં અતિ ઠંડીથી પીડાતા નારક જીવો પોતાની ટાઢ દૂર કરવા સુતપ્ત અગ્નિ પાસે જાય છે. પણ ત્યાં દુર્ગમ સ્થાનમાં તે બિચારા શાતા પામતા નથી. પણ ત્યાં ભયંકર અગ્નિથી બળવા લાગે છે.

૩૧૭– જેમ કોઈ નગરના વિનાશ સમયે જનતાનો કોલાહલ સંભળાય છે, તેમ નરકમાં કરુણ અને ચિત્કાર ભરેલા શબ્દો સંભળાય છે. મિથ્યાત્વનાં ઉદયવાળા પરમાધામી દેવો, કર્મોના ઉદયવાળા નારકોને પુનઃ પુનઃ ઉત્સાહથી વારંવાર દુઃખ આપે છે.

**સૂત્ર– ૩૧૮, ૩૧૯**

૩૧૮– પરમાધામી દેવો નારક જીવોના અંગોને કાપીને તેના પ્રાણોનું વિયોજન કરે છે, તેનું યથાર્થ કારણ હું તમને બતાવું છું. તેણે પૂર્વે જેવો દંડ બીજાને આપ્યો છે, તેવો જ દંડ તે અજ્ઞાનીને પરમાધામીઓ આપે છે. નારકીને દંડ આપીને પૂર્વકૃત્ પાપોનું સ્મરણ કરાવે છે...

૩૧૯– નરકપાળો વડે તાડીત થવાથી તે નારકો વિષ્ટા–મૂત્રવાળા સ્થાનમાં પડે છે, ત્યાં તે વિષ્ટા અને મૂત્રનું ભક્ષણ કરતા ચીરકાળ રહે છે અને કર્મને વશ થઈ ત્યાં કીડાઓ દ્વારા ખવાય છે.

**સૂત્ર– ૩૨૦, ૩૨૧**

૩૨૦– નરક જીવોને રહેવાનું સ્થાન સદા ઉષ્ણ રહે છે. સ્વભાવથી જ અતિ દુઃખપ્રદ છે. ત્યાં પરમાધામીદેવો નારકોને બેડીના બંધનમાં નાંખે છે અને નારકોના શરીર અને મસ્તકમાં છિદ્ર કરી પીડે છે.

૩૨૧– પરમાધામી દેવો તે અજ્ઞાનીના નાક, હોઠ અને કાનને તિક્ષ્ણ અસ્ત્રાથી છેદે છે તથા જીભ બહાર ખેંચીને તેમાં તીક્ષ્ણ શૂળ ભોંકી નારકોને પીડા આપે છે.

**સૂત્ર– ૩૨૨ થી ૩૨૪**

૩૨૨– નારકોના શરીરથી લોહી–પરુ ઝરતા રહે છે, તેઓ સૂકાયેલા તાળપત્ર માફક શબ્દ કરતા રાત–દિન રડે છે. અગ્નિમાં બળતા અને ક્ષાર પ્રક્ષિપ્ત તે નારકનાં અંગથી લોહી, પરું, માંસ ઝર્યા કરે છે.

૩૨૩– લોહી અને પરુ પકાવનારી, નવા સળગાવેલ અગ્નિ જેવી તપ્ત, પુરુષથી અધિક પ્રમાણવાળી, લોહી–પરુથી ભરેલી કુંભી વિશે તમે સાંભળેલ હશે.

૩૨૪– પરમાધામી તે કુંભીમાં આર્તસ્વરે કરુણ ક્રંદન કરતા અજ્ઞાની નારકોને નાંખી પકાવે છે, તેમને તરસ લાગતા સીસું અને તાંબુ ગાળીને પાય છે,ત્યારે તે આર્તસ્વરે રુદન કરે છે.

**સૂત્ર– ૩૨૫, ૩૨૬**

૩૨૫– પૂર્વે અધમ ભાવોમાં હજારો વખત પોતે પોતાને ઠગીને તે ઘણા ક્રૂરકર્મી ત્યાં સેંકડો અને હજારો વખત નીચ ભવ પામી નરકમાં નિવાસ કરે છે. જેને જેવા કર્મ પૂર્વ જન્મમાં કર્યા હોય તેવી જ પીડા તે પામે છે.

૩૨૬– અનાર્યપુરુષ પાપ ઉપાર્જન કરીને અનિષ્ટ, અપ્રિય, દુર્ગંધી, અશુભ સ્પર્શવાળી, માંસ–લોહીથી પૂર્ણ નરકભૂમિમાં કર્મને વશ થઈ નિવાસ કરે છે. તેમ હું તમને કહું છું.

અધ્યયન–૫ ' નરયવિભત્તિ' ના ઉદ્દેશક–૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૫, ઉદ્દેશક–૨

**સૂત્ર– ૩૨૭**

હવે હું શાશ્વત દુઃખદાયી નરક સ્થાન, કે જ્યાં એક ક્ષણ પણ શાંતિ નથી અને સંપૂર્ણ આયુ ભોગવવું જ પડે તે સ્થાન વિશે યથાર્થ વાત કહીશ. તેમજ પાપકર્મ કરનાર અજ્ઞાની જીવો પૂર્વકૃત્ કર્મોને કઈ રીતે વેદે છે તે બતાવીશ

**સૂત્ર– ૩૨૮ થી ૩૩૦**

૩૨૮– પરમાધામી દેવો તે નારક જીવોના હાથ, પગ બાંધીને નારકીના પેટને છરી, તલવારથી કાપે છે. તે અજ્ઞાનીના શરીરને પકડીને ચીરી–ફાડીને, તેની પીઠની ચામડી ઉતરડે છે.

૩૨૯– પરમાધામી દેવો નારક જીવોના હાથને મૂળથી કાપી નાંખે છે, મોઢામાં તપેલા લોઢાના ગોળા નાંખી બાળે છે. એકાંતમાં લઈ જઈ તેના પૂર્વકૃત્ પાપ યાદ કરાવી તેમજ ક્રોધીત બનીને પીઠ પર ચાબુક મારે છે.

૩૩૦– તપેલા લોઢાના ગોળા જેવી બળતી આગ જેવી ભૂમિ પર ચાલતાં નારકો દાઝવાથી કરુણ રુદન કરે છે. તેને તપેલા ધોંસરામાં જોડે છે અને પરોણાની તીક્ષ્ણ અણી મારી તેને પ્રેરે છે, તેથી પણ નારકો વિલાપ કરે છે.

**સૂત્ર– ૩૩૧, ૩૩૨**

૩૩૧– પરમાધામીઓ અજ્ઞાની–નારકોને તપેલા લોહપથ જેવી અને પરુના કીચડથી ભરેલ ભૂમિ પર ચલાવે છે. કોઈ દુર્ગમ સ્થાને ચાલતા રોકાઈ જાય તો બળદની માફક પરોણા મારી આગળ ધકેલે છે...

૩૩૨– બહુ વેદનામય માર્ગ પર ચાલતા તે વિશ્રાંતિ માટે થોભે તો તે નારકને પરમાધામીઓ મોટી શિલાથી મારે છે, સંતાપિની નામક લાંબી સ્થિતિવાળી કુંભીમાં ગયેલ નારકજીવ લાંબા કાળ સુધી દુઃખ ભોગવે છે.

**સૂત્ર– ૩૩૩, ૩૩૪**

૩૩૩– ત્યાં પરમાધામી દેવો તે નારકોને ભઠ્ઠીમાં નાંખી પકાવે છે, પછી જ્યારે તે ઉપર ઉછળે છે ત્યારે કાક પક્ષી કે હિંસક પશુ તેમને ટોચી ખાય છે, બીજી તરફ જાય તો સિંહ વાઘ વગેરે ખાઈ જાય છે.

ત્યાં એક ઊંચું નિર્ધૂમ અગ્નિ સ્થાન છે, ત્યાં ગયેલા નારક જીવો શોકથી તપીને કરુણ રુદન કરે છે. ત્યાં પરમાધામી દેવો નારકોનું માથુ નીચુ કરીને, લોઢાના શસ્ત્રોથી તેના ટૂકડે–ટૂકડા કરી દે છે.

**સૂત્ર– ૩૩૫, ૩૩૬**

૩૩૫– અધોમુખ કરાયેલા તથા શરીરની ચામડી ઉખેડી નંખાયેલા નારક જીવોને વજ્રની ચાંચવાળા પક્ષીઓ ખાય છે. નરકની ભૂમિ સંજીવની કહેવાય છે,ત્યાં અત્યંત દુઃખ પામીને પણ નરકજીવો અકાળે મરતા નથી. ત્યાં આયુષ્ય પણ ઘણું લાંબુ હોય છે.

૩૩૬– જંગલી પશુને મારતા શિકારી માફક પરમાધામીઓ, નારકોને તીક્ષ્ણ શૂળથી મારે છે. શૂળથી વિંધાયેલા તે બાહ્ય તથા આંતરિક દુઃખથી દુઃખી નારકો કરુણાજનક રૂદન કરે છે.

**સૂત્ર– ૩૩૭ થી ૩૪૦**

૩૩૭– નરકમાં સદા બળતું રહેતું એક ઘાતસ્થાન છે. જેમાં કાષ્ઠ વિના અગ્નિ બળે છે. જેમણે પૂર્વજન્મોમાં ઘણા ક્રૂર કર્મો કરેલા છે, તે નારકોને ત્યાં બંધાય છે, વેદનાથી તેઓ ત્યાં ચિરકાળ રૂદન કરે છે.

૩૩૮– પરમાધામી મોટી ચિતા બનાવી, તેમાં રોતા નરકને ફેંકે છે. આગમાં પડેલ ઘી પીગળે તેમ તે આગમાં પડેલ પાપી જીવો દ્રવીભૂત થઈ જાય છે.

૩૩૯– ત્યાં નિરંતર બળતું એક ગરમ સ્થાન છે. જે અત્યંત દુખ આપવાના સ્વભાવવાળું છે, તે સ્થાન ગાઢ દુષ્કર્મોથી પ્રાપ્ત થાય છે. ત્યાં નારકોના હાથ, પગ બાંધીને શત્રુની જેમ દંડ વડે મારે છે.

૩૪૦– પરમાધામી દેવો તે અજ્ઞાની નારકોની પીઠને લાઠી મારીને તોડી નાંખે છે, લોઢાના ઘણથી માથુ પણ ભાંગી નાંખે છે. તે ભિન્ન દેહીને લાકડાથી છોલે છે અને તેમને ગરમ સીસું પીવા માટે વિવશ કરે છે.

સૂત્ર– ૩૪૧ થી ૩૪૪

૩૪૧– તે પાપી નારકજીવોને, પરમાધામીઓ પૂર્વકૃત્ પાપ યાદ કરાવી બાણોના પ્રહાર કરીને, હાથીની જેમ ભાર વહન કરાવે છે.એક નારકીની પીઠ ઉપર એક, બે, ત્રણ આદિને બેસાડીને ચલાવે છે. ક્રોધથી મર્મસ્થાને મારે છે.

૩૪૨– પરમાધામી તે અજ્ઞાની–નારકોને કીચડ અને કાંટાવાળી વિશાળ ભૂમિ ઉપર ચલાવે છે. નારક જીવોને અનેક પ્રકારે બાંધે છે, તે મૂર્ચ્છિત થાય ત્યારે તેના શરીરના ટૂકડા કરીને બલિની માફક ચોતરફ ફેંકી દે છે.

૩૪૩– ત્યાં અંતરીક્ષમાં પરમાધામી વડે વિકુર્વેલ બહુ તાપ આપનારો વૈતાલિક નામક એક લાંબો પર્વત છે. પરમાધામીઓ ત્યાં બહુક્રૂરકર્મી–નારકોને હજારો મુહૂર્તોથી અધિક કાલ સુધી માર મારે છે.

૩૪૪– રાત–દિન પરિતાપ પામતા તે નિરંતર પીડિત, પાપી જીવો રોતા રહે છે. તેઓને એકાંત દુઃખવાળા, ક્રૂર, વિશાલ અને વિષમ નરકમાં બાંધવામાં આવે છે. ત્યાં તેમના ગાળામાં ફાંસી નાખી મારવામાં આવે છે.

સૂત્ર– ૩૪૫ થી ૩૪૮

૩૪૫– પરમાધામીઓ રોષથી મુદ્‌ગર અને મૂસળના પ્રહારથી નારક જીવોના દેહને તોડી નાંખે છે, જેના અંગોપાંગ ભાંગી ગયા છે, મુખમાંથી લોહી વમતા તે નારકો અધોમુખ થઈ પૃથ્વી પર પડે છે.

૩૪૬– તે નરકમાં સદા ક્રોધિત, ભૂખ્યા, ધૃષ્ટ, વિશાળકાય શિયાળો રહે છે. તેઓ સાંકળથી બંધાયેલા તથા નિકટમાં સ્થિત બહુ–ક્રૂરકર્મી પાપી જીવોને ને ખાઈ જાય છે.

૩૪૭– નરકમાં એક સદાજલા નામક નદી છે, તે ઘણી કષ્ટદાયી છે. તેનું પાણી, ક્ષાર રસી અને લોહીથી સદા મલિન રહે છે, તે નદીઅગ્નિના તાપથી પીગળતા લોઢા જેવી ગરમ પાણીવાળી છે, તેમાં નારક જીવો રક્ષણ રહિત એકલા તરે છે અને દુઃખ ભોગવે છે.

૩૪૮– નરકમાં દીર્ઘકાળથી રહેલા અજ્ઞાની નારકો નિરંતર દુઃખ ભોગવે છે. તેમને કોઈપણ દુઃખ ભોગવતા બચાવી શકાતું નથી. તેઓ નિઃસહાય બની એકલા જ સ્વયં દુઃખ અનુભવે છે.

સૂત્ર– ૩૪૯ થી ૩૫૧

૩૪૯– જે જીવે પૂર્વભવે જેવું કર્મ કર્યું છે, તેવું જ આગામી ભવે ભોગવવું પડે છે. જેણે એકાંત દુઃખરૂપ નરક ભવોનું અર્જન કર્યું, તે દુઃખી અનંત દુઃખરૂપ નરકને વેદે છે.

૩૫૦– ધીરપુરુષ આ નરકનું કથન સાંભળીને સર્વ લોકમાં કોઈપણ પ્રાણીની હિંસા ન કરે. જીવાદિ તત્ત્વો પર અટલ વિશ્વાસ રાખે. અપરિગ્રહી થઈ લોકના સ્વરૂપને સમજીને કષાયોને વશ ન થાય.

૩૫૧– જે પ્રમાણે પાપી પુરુષની નરકગતિ કહી તે રીતે તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ પણ જાણવી.ચાર ગતિ યુક્ત સંસાર, અનંત અને કર્મને અનુરૂપ ફળ આપનારો છે, એવું જાણીને બુદ્ધિમાન્ પુરુષ મરણકાળ પર્યંત સંયમનું પાલન કરે – તેમ હું કહું છું.

અધ્યયન–૫ ' નરયવિભત્તિ' ના ઉદ્દેશક–૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

**શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૫ 'નરકવિભક્તિ' નો ભાવાનુવાદ પૂર્ણ**

## શ્રુતસ્કન્ધ-૧

## અધ્યયન-૬ ' વીરસ્તુતિ'

**સૂત્ર- ૩૫૨, ૩૫૩**

૩૫૨- શ્રમણ, બ્રાહ્મણ, ગૃહસ્થ અને પરતીર્થિઓએ પૂછ્યું કે જેમણે ઉત્તમ રીતે વિચારીને એકાંત હીતકર અને અનુપમ ધર્મ કહ્યો તે કોણ છે ?

૩૫૩- હે પૂજ્ય ! જ્ઞાતપુત્ર મહાવીરનું જ્ઞાન-દર્શન-ચારિત્ર કેવું હતું ? હે ભિક્ષો અર્થાત્ સુધર્માસ્વામી ! આપ એ જાણો છો માટે આપે જેવું સાંભળેલ છે, જેવો નિશ્ચય કર્યો છે તે મને કહો.

**સૂત્ર- ૩૫૪, ૩૫૫**

૩૫૪- ભગવાન મહાવીર ખેદજ્ઞ-પ્રાણીઓના દુઃખના જ્ઞાતા, આઠ પ્રકારના કર્મોને નષ્ટ કરવામાં કુશળ, ઉગ્ર તપસ્વી, મહર્ષિ હતા. અનંતજ્ઞાની, અનંતદર્શી હતા. એવા યશસ્વી, જગતના જીવોના ચક્ષુસ્પથમાં સ્થિત હતા. ભગવંતના ધર્મ અને ધૈર્યને તમે જાણો.

૩૫૫- કેવલી ભગવંત મહાવીરે ઊર્ધ્વ, અધો, તિર્છી દિશામાં રહેલ ત્રસ અને સ્થાવર પ્રાણીઓને જાણીને, તેને નિત્ય, અનિત્ય દૃષ્ટિથી સમીક્ષા કરીને ભગવંતે દ્વીપ તુલ્ય સદ્ધર્મનું સમ્યક્ કથન કરેલ છે.

**સૂત્ર- ૩૫૬, ૩૫૭**

૩૫૬- તેઓ સર્વદર્શી, અપ્રતિહતજ્ઞાની, વિશુદ્ધ ચારિત્રવાન, ધૈર્યવાન્ અને આત્મસ્વરૂપમાં લીન હતા. સર્વ જગતમાં અનુત્તર, વિદ્વાન, ગ્રંથિરહિત, નિર્ભય અને આયુષ્યરહિત હતા.

૩૫૭- તેઓ અનંતજ્ઞાની, અપ્રતીબદ્ધ વિહારી, સંસાર-સાગરથી પાર થયેલા, પરમ ધીર, અનંતચક્ષુ, તપ્ત સૂર્ય સમાન અનુપમ, પ્રદીપ્ત અગ્નિ સમાન અંધકારમાં પ્રકાશ કરનાર હતા.

**સૂત્ર- ૩૫૮, ૩૫૯**

૩૫૮- આશુપ્રજ્ઞ કાશ્યપગોત્રીય મહાવીર, જિનેશ્વરોના આ અનુત્તર ધર્મના નાયક હતા, જેમ સ્વર્ગમાં ઇન્દ્ર મહાપ્રભાવશાળી અને રૂપ-બળ-વર્ણ આદિમાં સર્વથી વિશિષ્ટ છે, તેવી રીતે ભગવાન પણ ધર્મના નાયક, સર્વથી અધિક પ્રભાવશાળી અને સર્વથી વિશિષ્ટ હતા.

૩૫૯- તેઓ સમુદ્ર સમાન અક્ષય પ્રજ્ઞાવાન, મહોદધિ સમાન અપાર જ્ઞાનવાળા, નિર્મળ, કષાયોથી સર્વથા રહિત, ઘાતીકર્મોથી મુક્ત, દેવાધિપતિ શક્ર સમાન તેજસ્વી છે.

**સૂત્ર- ૩૬૦, ૩૬૧**

૩૬૦- જેમ મેરુ પર્વત સર્વ પર્વતોમાં શ્રેષ્ઠ છે, સ્વર્ગવાસી માટે હર્ષદાતા છે. તેમ ભગવંત વીર્યથી પ્રતિપૂર્ણ અને અનેક ગુણોથી શોભે છે.

૩૬૧- મેરુ પર્વત એક લાખ યોજન છે, તેના ત્રણ કંડક છે. પંડકવન પતાકા જેવું શોભે છે. પર્વત ૯૯,૦૦૦ યોજન ઊંચો છે, જમીનમાં ૧૦૦૦ યોજન છે.

**સૂત્ર- ૩૬૨, ૩૬૩**

૩૬૨- મેરુ ઉપર આકાશને સ્પર્શતો, નીચે ભૂમિસ્થિત છે, સૂર્યગણ તેની પરિક્રમા કરે છે. તે સુવર્ણવર્ણીય અને નંદનવનોથી યુક્ત છે, ત્યાં મહેન્દ્ર-દેવગણ આનંદ પામે છે.

૩૬૩- તે પર્વત સુમેરુ, સુદર્શન આદિ અનેક નામોથી ઓળખાય છે, સોનાની જેમ શુદ્ધ-વર્ણથી સુશોભિત છે. પર્વતોમાં શ્રેષ્ઠ છે, મેખલા આદિ ઉપ પર્વતોથી દુર્ગમ છે, તે ગિરિવરનો ભૂભાગ મણિઓ અને ઔષધિ આદિથી પ્રકાશિત રહે છે.

સૂત્ર- ૩૬૪, ૩૬૫

૩૬૪– તે નગેન્દ્ર પૃથ્વી મધ્યે સ્થિત છે. સૂર્યની માફક તેજયુક્ત જણાય છે. અનેકવર્ણીય અનુપમ શોભાથી યુક્ત, મનોહર છે. સૂર્ય સમ પ્રકાશિત છે.

૩૬૫– જેમ સર્વે પર્વતોમાં સુદર્શન પર્વતનો યશ શ્રેષ્ઠ કહેવાય છે. તેમ શ્રમણ જ્ઞાતપુત્ર મહાવીરને પણ આ પર્વતની ઉપમા આપવામાં આવી છે. સુમેરુ પર્વતનાં ગુણોની માફક ભગવંત મહાવીર પણ જાતિ, યશ, દર્શન, જ્ઞાન, શીલથી બધામાં શ્રેષ્ઠ છે.

સૂત્ર- ૩૬૬ થી ૩૬૮

૩૬૬– જેમ પર્વતોમાં નિષધપર્વત સૌથી લાંબો છે, વલયાકાર પર્વતોમાં રૂચકપર્વત શ્રેષ્ઠ છે, તેમ જગતના બધા મુનિઓની મધ્યે ભગવાન મહાવીર શ્રેષ્ઠ છે, તેમ જ્ઞાની પુરુષો કહે છે.

૩૬૭– ભગવાન મહાવીરે અનુત્તર ધર્મનો ઉપદેશ આપી, અનુત્તર એવું શ્રેષ્ઠ ધ્યાન કર્યું. તે ધ્યાન અત્યંત શુક્લ–સાફેદ ફીણ જેવું હતું, ચંદ્રમા અને શંખ જેવું એકાંત શુક્લ કે શુભ ધ્યાન હતું.

૩૬૮– મહર્ષિ મહાવીરે જ્ઞાન, દર્શન, ચારિત્રના પ્રભાવથી સર્વે કર્મોનો ક્ષય કરીને અનુત્તર આદિ અનંત એવી પરમ સિદ્ધિ ગતિને પ્રાપ્ત કરી.

સૂત્ર- ૩૬૯ થી ૩૭૧

૩૬૯– જેમ વૃક્ષોમાં શાલ્મલીવૃક્ષ શ્રેષ્ઠ છે, જ્યાં સુવર્ણકુમાર રતિ અનુભવે છે. જેમ વનોમાં નંદનવન શ્રેષ્ઠ છે, તેમ જ્ઞાન અને શીલથી ભગવાન મહાવીર શ્રેષ્ઠ છે.

૩૭૦– જેમ શબ્દોમાં મેઘગર્જના અનુત્તર છે, તારાગણમાં ચંદ્રમા પ્રધાન છે, ગંધોમાં ચંદન શ્રેષ્ઠ છે, તેમ મુનિઓમાં અપ્રતિજ્ઞ અર્થાત્ ભગવંત મહાવીર શ્રેષ્ઠ છે.

૩૭૧– જેમ સમુદ્રોમાં સ્વયંભૂરમણ શ્રેષ્ઠ છે, નાગકુમારોમાં ધરણેન્દ્ર શ્રેષ્ઠ છે, રસોમાં ઇક્ષુરસ શ્રેષ્ઠ છે, તેમ તપસ્વીઓમાં ભગવંત સર્વોપરી છે.

સૂત્ર- ૩૭૨, ૩૭૩

૩૭૨– જેમ હાથીઓમાં ઐરાવત હાથી, મૃગોમાં સિંહ, નદીઓમાં ગંગા, પક્ષીઓમાં વેણુદેવ ગરૂડ શ્રેષ્ઠ છે, તે રીતે નિર્વાણ વાદીઓમાં–મોક્ષમાર્ગના નાયકોમાં જ્ઞાતપુત્ર મહાવીર શ્રેષ્ઠ છે.

૩૭૩– જેમ યોદ્ધાઓમાં વિશ્વસેન વાસુદેવ શ્રેષ્ઠ છે, પુષ્પોમાં કમળ અને ક્ષત્રિયોમાં દંતવક્ત્ર અથવા ચક્રવર્તી શ્રેષ્ઠ છે, તેમ ઋષિઓમાં ભગવંત વર્ધમાન– મહાવીર શ્રેષ્ઠ છે.

સૂત્ર- ૩૭૪, ૩૭૫

૩૭૪– જેમ દાનોમાં અભયદાન શ્રેષ્ઠ છે, સત્યમાં નિરવદ્ય સત્ય શ્રેષ્ઠ છે, તપોમાં બ્રહ્મચર્ય ઉત્તમ છે, તેમ લોકમાં જ્ઞાતપુત્ર શ્રમણ મહાવીર ઉત્તમ છે.

૩૭૫– જેમ સ્થિતિ–આયુષ્યમાં સાત લવના આયુવાલા અનુત્તરદેવ શ્રેષ્ઠ છે, સભાઓમાં સુધર્મા સભા શ્રેષ્ઠ છે, સર્વ ધર્મોમાં નિર્વાણ–મોક્ષ ધર્મ શ્રેષ્ઠ છે, તેમ જ્ઞાતપુત્ર મહાવીરથી વધુ શ્રેષ્ઠ કોઈ જ્ઞાની નથી.

સૂત્ર- ૩૭૬, ૩૭૭

૩૭૬– ભગવંત મહાવીર આસુપ્રજ્ઞ, પૃથ્વી સમાન સમસ્ત પ્રાણીઓના આધારભૂત, આઠ પ્રકારના કર્મોને વિદારનાર, આસક્તિરહિત, કોઇપણ વસ્તુનો સંચય ન કરનાર, સદા જ્ઞાનોપયોગથી સંપન્ન, પ્રાણી મારને અભય દેનાર, વીર, અનંતચક્ષુ એવા ભગવંત મહાભવસાગરનો પાર પામ્યા.

૩૭૭– અરહંત મહર્ષિ ભગવંત મહાવીરે ક્રોધ–માન–માયા અને લોભ એ ચાર અધ્યાત્મ દોષોનો ત્યાગ કર્યો છે. તે સ્વયં કોઈ પાપ કરતા ન હતા કે કરાવતા ન હતા.

સૂત્ર– ૩૭૮ થી ૩૮૦

૩૭૮– ક્રિયાવાદી, અક્રિયાવાદી, વિનયવાદી અને અજ્ઞાનવાદીના પક્ષની પ્રતીતિ કરી એ સર્વ વાદોને જાણીને ભગવંત મહાવીર આજીવન સંયમમાં સ્થિર રહ્યા.

૩૭૯– ભગવંત મહાવીરે દુઃખના ક્ષયને માટે સ્ત્રીસંગ તથા રાત્રિ ભોજનનો ત્યાગ કર્યો હતો. તપમાં પ્રવૃત્ત હતા. આલોક–પરલોક જાણીને સર્વે પાપોને સર્વથા તજેલા હતા.

૩૮૦– અરહંત ભાષિત, સમાહિત અર્થાત્ યુક્તિસંગત અર્થ અને પદથી વિશુદ્ધ ધર્મને સાંભળીને, જે જીવો તેના પર શ્રદ્ધા રાખે છે, તેઓ મોક્ષને પ્રાપ્ત કરે છે અથવા કદાચિત શેષ કર્મ રહી જાય તો ઈન્દ્ર સમાન દેવતાના અધિપતિ બને છે– તેમ હું તમને કહું છું.

**શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૬ 'વીરસ્તુતિ' નો ભાવાનુવાદ પૂર્ણ**

## શ્રુતસ્કન્ધ–૧

## અધ્યયન–૭ 'કુશીલપરિભાષિત'

### સૂત્ર– ૩૮૧, ૩૮૨

૩૮૧– પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, તૃણ, વૃક્ષ, બીજ આદિ વનસ્પતિકાય તથા ત્રસકાય, પ્રાણ–અંડજ, જરાયુજ, સંસ્વેદજ, રસજ આ બધાં જીવ–સમૂહને...

૩૮૨– ભગવંતે જીવનિકાય કહેલ છે. તે બધા જીવોને સુખના અભિલાષી જાણવા. આ જીવોનો નાશ કરનારા પોતાના આત્માને જ દંડિત કરે છે અને તે વારંવાર આ યોનિઓમાં જન્મ ધારણ કરે છે.

### સૂત્ર– ૩૮૩, ૩૮૪

૩૮૩– પૂર્વોક્ત ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરનાર જીવ વારંવાર તે જ જાતિમાં ભ્રમણ કરે છે, વારંવાર તરસ અને સ્થાવરમાં જન્મ લઈને ક્રૂરકર્મ કરનાર અજ્ઞાની જીવ જે કર્મ કરે છે, તેનાથી જ મૃત્યુને પામે છે...

૩૮૪– તે પ્રાણી આલોકમાં કે પરલોકમાં, એક જન્મ પછી કે સેંકડો જન્મ પછી તે રૂપે કે અન્યરૂપે સંસારમાં આગળ–આગળ પરિભ્રમણ કરતા તે કુશીલ જીવો આર્તધ્યાન કરીને ફરી નવા કર્મોનું બંધન અને વેદન કરે છે.

### સૂત્ર– ૩૮૫, ૩૮૬

૩૮૫– સર્વજ્ઞ ભગવંતે કહ્યું છે કે– જે માતા–પિતાને છોડીને, શ્રમણવ્રત લઈને, અગ્નિકાયનો આરંભ કરે છે, પોતાના સુખ માટે જે જીવોની હિંસા કરે છે, તે લોકમાં કુશીલધર્મી કહેવાય છે...

૩૮૬– અગ્નિ સળગાવનાર અનેક જીવોનો ઘાત કરે છે, અગ્નિ બુઝાવનાર અગ્નિ જીવોનો ઘાત કરે છે. તેથી મેધાવી પંડિત પુરુષ ધર્મને જાણીને અગ્નિકાયનો આરંભ–હિંસા ન કરે.

### સૂત્ર– ૩૮૭ થી ૩૯૦

૩૮૭– પૃથ્વી જીવ છે, પાણી પણ જીવ છે. અગ્નિ સળગાવતા આ પૃથ્વી, પાણી, સંપાતિમ–ઉડીને પડતા, સંસ્વેદજ અને કાષ્ઠ આશ્રિત જીવો બળે છે.

૩૮૮– દુર્વા, અંકુર વગેરે હરિતકાય વગેરે પણ જીવ છે. કેમ કે આપણા શરીરની જેમ તેમનું શરીર પણ આહારથી વધે છે, કાપવાથી કરમાઈ જાય છે, માટે તે જીવ છે. હરિતકાયના એ જીવ મૂળ, સ્કંધ, શાખા, પત્ર, પુષ્પ, ફળ આદિમાં અલગ–અલગ હોય છે. તે જીવ સ્વ સુખ માટે તેને છેદે–ભેદે છે, તે ધૃષ્ટ ઘણા જીવો હણે છે.

૩૮૯– જે અસંયમી પુરુષ પોતાના સુખના માટે બીજનો, બીજ દ્વારા ઉત્પન્ન કે વૃદ્ધિગત અંકુર–શાખા–પત્ર વગેરે જીવોનો નાશ કરે છે તે અસંયત પોતાના આત્માને દંડિત કરે છે, જ્ઞાનીઓએ તેવાઓને અનાર્યધર્મી કહ્યા છે.

૩૯૦– વનસ્પતિનું છેદન કરનાર પુરુષોમાં કોઈ કોઈ ગર્ભમાં મારી જાય છે. કોઈ અસ્પષ્ટ બોલવાની અવસ્થામાં, અને કોઈ ન બોલવાની સ્થિતિમાં, કોઈ કુમારપણે, કોઈ યુવાનીમાં, કોઈ પ્રૌઢ તો કોઈ વૃદ્ધાવસ્થામાં ગમે ત્યારે આયુ ક્ષયથી મૃત્યુ પામે છે. એ રીતે વનસ્પતિના હિંસક કોઈપણ અવસ્થામાં મરણને શરણ થાય છે.

### સૂત્ર– ૩૯૧ થી ૩૯૪

૩૯૧– હે જીવો ! તમે બોધ પામો, મનુષ્યત્વ અતિ દુર્લભ છે. તથા નરકગતિ અને તિર્યંચ ગતિના ઘોર દુખોને જુઓ અને વિચારો કે અજ્ઞાની જીવોને બોધ–પ્રાપ્તિ થતી નથી. છોડો. આ લોક જ્વરથી પીડિતની જેમ એકાંત દુઃખરૂપ છે, જીવ પોતાના સુખ માટે કરેલ પાપકર્મને કારણે દુઃખને પાત્ર બને છે.

૩૯૨– આ લોકમાં કોઈ મૂઢ આહારમાં નમકના ત્યાગથી મોક્ષ માને છે, કોઈ ઠંડા પાણીના સેવનથી, તો કોઈ હોમ કરવાથી મોક્ષની પ્રાપ્તિ માને છે.

૩૯૩– પ્રાતઃકાળમાં સ્નાનાદિ કરવાથી મોક્ષ મળતો નથી કે ક્ષાર કે મીઠાના ન ખાવાથી મોક્ષ મળતો નથી.

તેઓ મદ્ય, માંસ અને લસણ ખાઈને મોક્ષ મેળવવાને બદલે સંસારમાં ભ્રમણ કરે છે.

૩૯૪– કોઈક સવાર–સાંજ જળનો સ્પર્શ કરી જળથી સિદ્ધિ થાય તેમ બતાવે છે, તેઓ મિથ્યાવાદી છે પણ જો જળસ્પર્શથી સિદ્ધિ મળે તો અનેક જળચરો પણ મોક્ષે જતા હોય.

સૂત્ર– ૩૯૫ થી ૩૯૮

૩૯૫– જો જળથી મુક્તિ મળતી હોય તો માછલાં, કાચબા, જળસર્પ, બતક, ઉંટ, જળ રાક્ષસ બધા પહેલા મોક્ષ પામે, વિદ્વાનો કહે છે તેવું બનતું નથી.તેથી જે જલસ્પર્શથી મોક્ષપ્રાપ્તિ કહે છે તે અયુક્ત છે.

૩૯૬– જો જળ કર્મરૂપી મેલને ધોઈ નાખે તો પુણ્યને કેમ ન ધોઈ નાખે ? તેથી જલસ્નાનથી મોક્ષ માનવો તે કલ્પના માત્ર છે. જેમ કોઈ અજ્ઞાની, અંધ માફક નેતાને અનુસરે તો તે કુમાર્ગે ચાલી પોતાના પ્રાણનો નાશ કરે છે.

૩૯૭– જો સચિત્ત પાણી પાપકર્મીના પાપ હરી લે તો માછલી આદિ જલજીવોના હત્યારા પણ મુક્તિ પામે છે, પણ તેવું બનતું નથી. માટે જળસ્નાનથી સિદ્ધિ કહેનાર મિથ્યા ભાષણ કરે છે.

૩૯૮– સાંજે અને સવારે અગ્નિનો સ્પર્શ કરનારા, હોમ–હવનથી સિદ્ધિ માને છે,તેઓ મિથ્યાવાદી છે. જો આ રીતે સિદ્ધિ મળતી હોય તો અગ્નિનો સ્પર્શ કરનાર કુકર્મી પણ સિદ્ધ થાય.

સૂત્ર– ૩૯૯ થી ૪૦૨

૩૯૯– જળ સ્નાન કે અગ્નિહોમથી મોક્ષ કહેનારે પરીક્ષા કરીને જોયું નથી કે ખરેખર એ રીતે સિદ્ધિ મળતી નથી. આ રીતે મોક્ષ માનનારા જીવો સંસારમાં પરિભ્રમણ કરે છે. સર્વ પ્રકારના ત્રસ અને સ્થાવર જીવો સુખને ઇચ્છે છે, તેવું જાણીને તેમજ સમ્યક્ બોધ પામીને કોઈપણ પ્રાણીની હિંસા ન કરવી.

૪૦૦– પાપકર્મી પ્રાણી રડે છે, તલવાર આદિથી છેદાય છે, ત્રાસ પામે છે. એ જાણીને વિદ્વાન ભિક્ષુ, પાપથી વિરત થઈને અને પોતાના મન–વચન–કાયાને ગોપન કરીને તથા ત્રસ–સ્થાવર પ્રાણીના સ્વરૂપને જાણીને તે જીવોની હિંસા ન કરે.

૪૦૧– જે સાધુ દોષરહિત અને સાધુધર્મ મર્યાદાથી પ્રાપ્ત આહારનો પણ સંચય કરી ભોજન કરે છે, તે શરીર સંકોચીને ભલે અચિત જળથી પણ સ્નાન કરે છે, વસ્ત્રો ધુએ છે અથવા મસળે છે, તે સંયમથી દૂર છે તેમ કહ્યું છે.

૪૦૨– ધીર પુરુષ જળ–સ્નાનથી કર્મબંધ જાણીને મોક્ષ પર્યન્ત અચિત્ત જળ વડે જીવનયાપન કરે, બીજ–કંદાદીનું ભોજન ન કરે અને સ્નાન તથા મૈથુનને તજે. તેઓને શીઘ્ર મોક્ષની પ્રાપ્તિ થાય છે.

સૂત્ર– ૪૦૩ થી ૪૦૬

૪૦૩– જેણે માતા, પિતા, ઘર, પુત્ર, પશુ અને ધનને છોડીને દીક્ષા લીધી, પછી પણ સ્વાદિષ્ટભોજન બનાવતા કુલો પ્રતિ લોલુપતાથી દોડે છે, તે શ્રામણ્યથી દૂર છે.

૪૦૪– જે પેટ ભરવામાં આસક્ત સાધક, સ્વાદિષ્ટ ભીજન માટે તેવા કુલો પ્રતિ દોડે છે, તથા ત્યાં ધર્મકથા કહે છે, સુંદર આહાર માટે આત્મપ્રશંસા કરે છે, તે આચાર્યના ગુણોના સેંકડે ભાગે પણ નથી.તેમ તીર્થંકરોએ કહ્યું છે.

૪૦૫– દીક્ષા લઈ જે સાધુ પર–ભોજન માટે દીન બને છે. ઉદરાર્થે ગૃદ્ધ બની ભાટ–ચારણની જેમ બીજાને પ્રશંસે છે, તે આહારગૃદ્ધ સુવરની જેમ જલદી નાશ પામે છે અર્થાત્ વારંવાર જન્મ–મરણ ધારણ કરે છે.

૪૦૬– જે સાધક આલોકના અન્ન–પાન કે વસ્ત્ર નિમિત્તે દાન–દાતા પુરુષ પ્રત્યે સેવકની જેમ પ્રિય વચનો બોલે છે તે પાર્શ્વસ્થ અને કુશીલ છે. ધાન્યના ફોતરાની જેમ તેનો સંયમ નિસ્સાર બની જાય છે.

સૂત્ર– ૪૦૭ થી ૪૧૦

૪૦૭– સંયમી મુનિ અજ્ઞાત કુળના આહારથી નિર્વાહ કરે, પૂજા–પ્રતિષ્ઠાની આકાંક્ષાથી તપસ્યા ન કરે, શબ્દ અને રૂપોમાં આસક્ત ન બને, સર્વ પ્રકારના કામભોગોમાં ગૃદ્ધિ દૂર કરીને સંયમનું પાલન કરે.

૪૦૮– ધીર મુનિ બધા સંબંધોને છોડીને, બધાં દુઃખોને સહન કરીને જ્ઞાન–દર્શન–ચારિત્રથી યુક્ત થાય.

કોઈપણ વિષયમાં આસક્ત ન રહે. અપ્રતીબદ્ધ વિહારી બને., અભયને કરનારો અને વિષય–કષાય રહિત અકલુષિત આત્મા બને.

૪૦૯– મુનિ સંયમની રક્ષા કરવા આહાર ગ્રહણ કરે, પાપોને દૂર કરવા પ્રયત્ન કરે. પરિષહ કે ઉપસર્ગનું દુઃખ આવે ત્યારે સંયમને સાચવે, સંગ્રામ–શીર્ષ બની તે સાધુ કર્મરૂપી શત્રુઓનું દમન કરે.

૪૧૦– પરીષહાદીથી પીડાતા સાધુ બંને બાજુથી છોલાતા પાટિયા માફક રાગદ્વેષ ન કરતા મૃત્યુની પ્રતીક્ષા કરે. આ રીતે કર્મક્ષય કરતા જેમ ધરી તૂટતા ગાડું ન ચાલે, તેમ કર્મો તૂટી જવાથી સાધુ, ફરી સંસારને પ્રાપ્ત કરતા નથી – તેમ હું તમને કહું છું.

**શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૭ 'કુશીલપરિભાષિત' નો ભાવાનુવાદ પૂર્ણ**

## શ્રુતસ્કન્ધ–૧

## અધ્યયન–૮ 'વીર્ય'

**સૂત્ર– ૪૧૧, ૪૧૨**

૪૧૧– તીર્થંકરે વીર્ય બે પ્રકારે કહેલું છે. અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે- વીરપુરુષનું વીરત્વ શું છે ? તેને વીર શા માટે કહે છે ?...

૪૧૨– શિષ્યને ઉત્તર આપતા કહે છે કે– હે સુવ્રતો ! કોઈ કર્મને વીર્ય કહે છે, કોઈ અકર્મને વીર્ય કહે છે. મર્ત્યલોકના માનવીઓ આ બે ભેદમાં જ સમાવેશ પામે છે.

**સૂત્ર– ૪૧૩, ૪૧૪**

૪૧૩– તીર્થંકરભગવંતે પ્રમાદને કર્મ ખેલ છે અને અપ્રમાદને અકર્મ કહેલ છે. ભાવ આદેશથી પ્રમાદીને બાળવીર્ય ખેલ છે અને અપ્રમાદીને પંડિતવીર્ય કહેલ છે.

૪૧૪– બાળવીર્યનું પ્રતિપાદન કરતા કહે છે– કોઈ અજ્ઞાની જીવ પ્રાણીના ઘાતને માટે શસ્ત્રોનું શિક્ષણ લે છે, કોઈ પ્રાણી–ભૂતોના વિનાશ માટે મંત્રોનું અધ્યયન કરે છે.

**સૂત્ર– ૪૧૫, ૪૧૬**

૪૧૫– માયાવી માયા કરીને કામ–ભોગોનું સેવન કરે છે. પોતાના સુખના અનુગામી એવા તે પ્રાણીઓનું હનન, છેદન, કર્તન કરે છે...

૪૧૬– તે અસંયમી જીવો મન, વચન અને કાયાથી તથા તંદુલમત્સ્યની માફક મનથી આલોક–પરલોક અને બંને માટે પ્રાણીનો ઘાત પોતે કરે છે અને બીજા પાસે કરાવે છે.

**સૂત્ર– ૪૧૭, ૪૧૮**

૪૧૭– પ્રાણીનો ઘાટ કરનારા જીવો તેમની સાથે વૈર બાંધે છે, પછી વૈરની પરંપરા થાય છે, સાવદ્ય અનુષ્ઠાનથી પાપ પ્રવૃત્તિ કરે છે અને છેલ્લે દુઃખના ભાગી થાય છે...

૪૧૮– સ્વયં દુષ્કૃત કરનારા જીવો સાંપરાયિક અર્થાત્ કષાયપૂર્વક કર્મો બાંધે છે, રાગ–દ્વેષનો આશ્રય લઈ તે અજ્ઞાની જીવો ઘણા પાપો કરે છે.

**સૂત્ર– ૪૧૯ થી ૪૨૧**

૪૧૯– આ અજ્ઞાની જીવોનું સકર્મ અર્થાત્ બાળવીર્ય કહ્યું. હવે પંડિતોનું અકર્મવીર્ય મારી પાસે સાંભળો.

૪૨૦– મોક્ષાર્થી પુરુષ કષાયરૂપ બંધનથી મુક્ત હોય છે, સર્વે બંધનો છોડીને, પાપ કર્મને તજીને, અંતે સર્વે શલ્યોને અર્થાત્ પાપકર્મોને કાપી નાંખે છે.

૪૨૧– તીર્થંકર દ્વારા સુકથિત મોક્ષમાર્ગને ગ્રહણ કરીને પંડિતપુરુષો મોક્ષ માટે ઉદ્યમ કરે, બાલવીર્યવાળો જેમ જેમ નરકાદિ દુઃખાવાસ ભોગવે, તેમ તેમ તેનું અશુભધ્યાન વધે છે.

**સૂત્ર– ૪૨૨ થી ૪૨૪**

૪૨૨– ઉચ્ચ સ્થાન પર બેઠેલા બધાં જીવો, આયુષ્ય પૂરું થતા પોતપોતાના તે–તે સ્થાન એક દિવસ છોડી દેશે તેમાં સંશય નથી. તથા જ્ઞાતિજનો અને મિત્રો સાથેનો વાસ પણ અનિત્ય છે.

૪૨૩– એવું જાણીને મેધાવી પુરુષ પોતાની આસક્તિને છોડે અને સર્વ ધર્મોમાં નિર્મલ અને અદૂષિત એવા આર્યધર્મને ગ્રહણ કરે છે.

૪૨૪– સ્વબુદ્ધિથી જાણીને અથવા ગુરૂ આદિ પાસેથી સાંભળીને, ધર્મના સત્ય સ્વરૂપને સમજીને જ્ઞાનાદિ ગુણોના ઉપાર્જનમાં તત્પર સાધુ પાપનું પ્રત્યાખ્યાન કરે.

સૂત્ર– ૪૨૫, ૪૨૬

૪૨૫– જ્ઞાની પુરુષ જો કોઈ પ્રકારે પોતાના આયુષ્યનો ક્ષયકાળ જાણે તો તેના ક્ષય થયા પહેલા જલ્દીથી જ તે સંલેખનારૂપ શિક્ષા ગ્રહણ કરે.

૪૨૬– જેમ કાચબો પોતાના અંગોને પોતાના દેહમાં સંકોચી લે, તેમ સાધુ પોતાના પાપોને સમ્યગ્ ધર્માદિ ભાવના વડે સંહરી લે.

સૂત્ર– ૪૨૭, ૪૨૮

૪૨૭– સાધુ પોતાના હાથ, પગ, મન અને પાંચે ઇન્દ્રિયોને સંકુચિત કરે અથવા ગોપવીને રાખે. પાપમય પરિણામ અને ભાષાદોષનો ત્યાગ કરે.

૪૨૮– પંડિત પુરુષ અલ્પ પણ માન અને માયા કરે. તેના અશુભ ફળને જાણીને સુખશીલતાની પ્રાપ્તિ થાય ત્યારે અહંકાર ન કરે તથા ક્રોધ આદિથી ઉપશાંત થઈ, સરળતાથી એટલે કે નિષ્કપટ ભાવે વિચરે.

સૂત્ર– ૪૨૯, ૪૩૦

૪૨૯– પ્રાણીઓની હિંસા ન કરે, અદત્ત વસ્તુ ગ્રહણ ન કરે. માયા મૃષાવાદ ન કરે, એ જ જિતેન્દ્રિય સંયમી સાધકનો ધર્મ છે...

૪૩૦– મુનિ વચનથી કે મનથી કોઈપણ જીવને પીડા કરવા ન ઇચ્છે. સર્વથા સંવૃત્ત અર્થાત બહારથી અને અંદરથી ગુપ્ત રહી , ઇન્દ્રિય દમન કરી, સારી રીતે સંયમ પાળે.

સૂત્ર– ૪૩૧, ૪૩૨

૪૩૧– આત્મગુપ્ત, જિતેન્દ્રિય પુરુષ કોઈએ કરેલા, કરાતા કે ભવિષ્યમાં કરાનારા સર્વે પાપકાર્યોનું અનુમોદન કરતા નથી.

૪૩૨– જે પુરુષ મહાભાગ અને વીર હોય, પણ બુદ્ધ અને સમ્યક્ત્વદર્શી ન હોય, તો તવા મિથ્યાદૃષ્ટિનું તપ–દાન વગેરે બધું અશુદ્ધ છે અને કર્મબંધનું કારણ છે.

સૂત્ર– ૪૩૩ થી ૪૩૬

૪૩૩– જે વસ્તુ સ્વરૂપને જાણનાર, મહા પૂજનીય, કર્મ વિદારવામાં નિપુણ અને સમ્યક્ત્વદર્શી છે, તેના તપ–દાન આદિ સર્વે અનુષ્ઠાન શુદ્ધ અને સર્વથા કર્મફલરહિત હોય છે.

૪૩૪– જે ઉત્તમકુલમાં જન્મી, દીક્ષા લઈ, પૂજા–સત્કાર માટે તપ કરે છે, તો તેમનું તપ શુદ્ધ નથી. તેથી સાધુ પોતાના તપને ગુપ્ત રાખે અને આત્મ–પ્રશંસા ન કરે.

૪૩૫– સંયમ નિર્વાહ માટે સાધુ સુવ્રતી, અલ્પભોજી, અલ્પજલગ્રાહી, અલ્પભાષી બને. તથા ક્ષમાવાન, આસક્તિ રહિત, જિતેન્દ્રિય, વિષયોમાં અનાસક્ત બની હંમેશા સંયમાનુષ્ઠાન કરે.

૪૩૬– સાધુ ધર્મધ્યાન આદિ શુભ યોગને ગ્રહણ કરીને, સર્વ પ્રકારે કાયાનો વ્યુત્સર્ગ કરે. પરિષહ અને ઉપસર્ગમાં સહિષ્ણુતા રાખવી તે ઉત્તમ જાણીને મોક્ષ પર્યન્ત સંયમ પાળે – તેમ હું કહું છું.

**શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૮ 'વીર્ય' નો ભાવાનુવાદ પૂર્ણ**

## શ્રુતસ્કન્ધ–૧

## અધ્યયન–૯ ' ધર્મ'

### સૂત્ર– ૪૩૭ થી ૪૪૦

૪૩૭– શિષ્ય પ્રશ્ન કરે છે– મતિમાન ભગવંતે કેવા ધર્મનું કથન કરેલ છે ? તેનો ઉત્તર આપતા કહે છે– જિનવરોએ મને સરળ ધર્મ કહ્યો છે. તે ધર્મને તમે મારી પાસેથી સાંભળો–

૪૩૮– બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ચંડાલ, બુક્કસ, ઐષિક અર્થાત હસ્તિતાપસ કે કંદ અને મૂળ ખાનારા, વૈષિક અર્થાત માયા પ્રધાન કે શુદ્ર કે જે કોઈ આરંભમાં આસક્ત છે...

૪૩૯– તે પરિગ્રહ મૂર્છિત જીવોનું બીજા સાથે વૈર વધતું જાય છે. તે આરંભ અને કામભોગ રક્ત જીવોના દુઃખનો અંત આવતો નથી.

૪૪૦– મૃત વ્યક્તિની મરણક્રિયા કર્યા પછી વિષયસુખ અભિલાષી જ્ઞાતિવર્ગ, તેનું ધન હરી લે છે. પરંતુ પાપકર્મ કરીને ધન સંચય કરનાર મૃત વ્યક્તિ એકલો જ તે પાપનું ફળ ભોગવે છે.

### સૂત્ર– ૪૪૧ થી ૪૪૩

૪૪૧– સ્વ કર્માનુસાર દુઃખ ભોગવતા પ્રાણીને માતા, પિતા, પુત્રવધૂ, ભાઈ, પત્ની કે ઔરસપુત્ર વગેરે, કોઈ તેની રક્ષા કરી શકતા નથી.

૪૪૨– પરમાર્થરૂપ મોક્ષ અથવા સંયમના અનુગામી ભિક્ષુ ઉપરોક્ત અર્થને સમજીને, નિર્મમ–નિરહંકાર થઈ જિનોક્ત ધર્મ આચરે.

૪૪૩– ધન, પુત્ર, સ્વજન અને પરિગ્રહને છોડીને; આંતરિક શોકને છોડીને ભિક્ષુ કોઇપણ સાંસારિક પદાર્થની અપેક્ષા ન રાખીને વિચરે.

### સૂત્ર– ૪૪૪ થી ૪૪૯

૪૪૪– પૃથ્વીકાય, અપકાય, અગ્નિકાય, વાયુકાય, તૃણ, વૃક્ષ, બીજક, અંડજ, પોતજ–હાથી આદિ, જરાયુજ–ગાય, મનુષ્ય, રસજ–દહીં વગેરેમાં ઉત્પન્ન, સ્વેદજ–પરસેવાથી ઉત્પન્ન, ઉદ્‌ભિજ્જ આડી ત્રસકાય જીવો...

૪૪૫– આ છ કાય જીવોને હે વિજ્ઞ! તમે જાણો. મન–વચન–કાયાથી તેનો આરંભ કે પરિગ્રહ ન કરો.

૪૪૬– હે વિજ્ઞ ! મૃષાવાદ, મૈથુન, પરિગ્રહ, અદત્તાદાન લોકમાં શસ્ત્ર સમાન તે જાણ અને તેનો ત્યાગ કર.

૪૪૭– માયા, લોભ, ક્રોધ, માન એ લોકમાં ધૂર્ત ક્રિયા છે, તેમ તું સમજ અને તેનો ત્યાગ કર.

૪૪૮– હે વિજ્ઞ ! હાથ પગ ધોવા તેમજ રંગવા, વમન, વિરેચન, વસ્તિકર્મ, શિરોવેધને જાણીને ત્યાગ કર.

૪૪૯–હે વિજ્ઞ ! સુગંધી પદાર્થ, ફૂલ માલા, સ્નાન, દંતપ્રક્ષાલન, પરિગ્રહ અને સ્ત્રીસેવન કે હસ્તકર્મ આદિને પાપનું કારણ જાણીને તેનો ત્યાગ કરો.

### સૂત્ર– ૪૫૦ થી ૪૫૨

૪૫૦– સાધુને ઉદ્દેશી બનાવેલ, સાધુ માટે ખરીદેલ કે ઉધાર લાવેલ, સામે લાવેલ, પૂતિનિર્મિત,અનેષણીય કે કોઈપણ રીતે દોષિત આહારને જાણીને મુની તેનો ત્યાગ કરે.

૪૫૧– શક્તિવર્ધક ઔષધ આદિ, આંખોનું આંજણ, શબ્દાદિ વિષયોમાં આસક્તિ, પ્રાણી ઉપઘાત્ક કર્મ, હાથ–પગ ધોવા અને માલીશ–ક્રીમ વગેરે લગાડવા આદિને સંસારનું કારણ સમજીને ત્યાગ કરવો...

૪૫૨– અસંયમી સાથે સંસારિક વાર્તાલાપ, અસંયમ–અનુષ્ઠાનની પ્રશંસા, જ્યોતિષ સંબંધી પ્રશ્નોના ઉત્તર આપવા, જ્યોતિષ્ક અને શય્યાત્તરપીંડ એટલે કે વસતીદાતાનો આહાર લેવો, ઈત્યાદિને સંસારનું કારણ સમજીને સાધુએ તે બધાનો ત્યાગ કરવો

**સૂત્ર- ૪૫૩ થી ૪૫૬**

૪૫૩–સાધુ જુગાર ન શીખે, ધર્મ વિરુદ્ધ વચન ન બોલે, હસ્તકર્મ અને વાદવિવાદનો ત્યાગ કરે...

૪૫૪– પગરખા, છત્રી, જુગાર રમવો, પંખાથી પવન, પરક્રિયા, અન્યોન્ય ક્રિયાને જાણીને ત્યાગ કરે...

૪૫૫– મુનિ વનસ્પતિ પર મળ–મૂત્ર ન ત્યાગે, બીજ વગેરે હટાવીને અચિત્તપાણીથી પણ આચમન ન કરે

૪૫૬– ગૃહસ્થના પાત્રમાં અન્ન, પાણી ન લે. વસ્ત્રરહિત હોય તો પણ ગૃહસ્થના વસ્ત્રને પોતાના કામમાં ન લે અને આ બધું સંસાર–ભ્રમણનું કારણ સમજીને તેનોત્યાગ કરે.

**સૂત્ર- ૪૫૭ થી ૪૬૦**

૪૫૭– સાધુ માંચી, પલંગ કે ગૃહસ્થના ઘર મધ્યે બેસે કે સૂવે નહીં, ગૃહસ્થના સમાચાર ન પૂછે, પૂર્વક્રીડા સ્મરણ ન કરે પણ આ બધું સંસાર–ભ્રમણનું કારણ સમજીને તેનોત્યાગ કરે.

૪૫૮– યશ, કીર્તિ, શ્લાઘા, વંદન, પૂજન તથા સમસ્ત લોક સંબંધી જે કામભોગ, તેને જાણીને ત્યાગ કરે.

૪૫૯– જેનાથી નિર્વાહ થાય તેવા અન્ન–પાણી સાધુ ગ્રહણ કરે કે બીજા સાધુને આપે. પરંતુ સંયમ વિનાશક આહાર–પાણીનો ત્યાગ કરે.

૪૬૦– અનંતજ્ઞાની, અનંતદર્શી, નિર્ગ્રન્થ, મહામુનિ મહાવીરે આવા શ્રુત ધર્મને કહ્યો છે.

**સૂત્ર- ૪૬૧ થી ૪૬૪**

૪૬૧– મુનિ બોલતો છતાં મૌન રહે, મર્મવેધી વચન ન બોલે, માયાસ્થાનનું વર્જન કરે, વિચારીને બોલે...

૪૬૨– ચાર પ્રકારની ભાષામાં ત્રીજી ભાષા ન બોલે, જે બોલ્યા પછી પ્રાયશ્ચિત્ત કરવું પડે તેવું વચન ન બોલે ન બોલવા યોગ્ય ભાષા ન બોલે એવી નિર્ગ્રન્થની આજ્ઞા છે...

૪૬૩– મુનિ હલકા વચન, સખી વચન કે ગોત્રવચન ન બોલે, અમનોજ્ઞ વચન સર્વથા ન બોલે...

૪૬૪– સાધુ સદા અકુશીલ રહે, કુશીલની સંગતિ ન કરે, કેમ કે કુશીલોની સંગતમાં સુખ ભોગની ઇચ્છારૂપ ઉપસર્ગ પ્રાપ્ત થાય છે, માટે મુનિ તે સત્ય સમજે.

**સૂત્ર- ૪૬૫ થી ૪૬૮**

૪૬૫– સાધુ કારણ–વિશેષ વિના ગૃહસ્થના ઘેર ન બેસે, ગ્રામ–કુમારિક ક્રીડા ન કરે, અતિ હાસ્ય ન કરે.

૪૬૬– મનોહર શબ્દાદિમાં ન ખેંચાય, યતનાથી સંયમ પાળે, ચર્યામાં અપ્રમત્ત રહે, ઉપસર્ગ સમભાવે સહે

૪૬૭–કોઈ મારે તો ક્રોધ ન કરે, કંઈ કહે તો ઉત્તેજિત ન થાય, પ્રસન્નતાથી બધું સહે, કોલાહલ ન કરે...

૪૬૮–પ્રાપ્ત કામભોગોની ઇચ્છા ન કરે, તીર્થંકર ભગવંતે તેને વિવેક કહ્યો છે, જ્ઞાની પાસે આચાર શિક્ષા લે.

**સૂત્ર- ૪૬૯, ૪૭૦**

૪૬૯– સાધુએ સુપ્રજ્ઞ અને સુતપસ્વી ગુરુની શુશ્રૂષા અને ઉપાસના કરવી જોઈએ. જેઓ વીર, આત્મપ્રજ્ઞ, ધૃતિમાન્, જિતેન્દ્રિય છે તે જ આવું કાર્ય કરી શકે.

૪૭૦– ગૃહવાસમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થાય તેમ સમજી, મનુષ્ય પ્રવ્રજ્યા ગ્રહણ કરી પુરુષોને આદાનીય બને છે. તે બંધનથી મુક્ત છે અને અસંયમ જીવનની આકાંક્ષા કરતા નથી.

**સૂત્ર- ૪૭૧, ૪૭૨**

૪૭૧– સાધુ શબ્દ અને સ્પર્શમાં આસક્ત ન રહે. આરંભમાં અનિશ્રિત રહે, આ અધ્યયનના આરંભથી જે વાતોનો નિષેધ કર્યો છે, તે સર્વે જિનઆગમ વિરુદ્ધ છે, માટે તેનો નિષેધ કરેલ છે.

૪૭૨– વિદ્વાન મુનિ અતિમાન, માયા અને સર્વે ગારવોનો ત્યાગ કરી કેવળ નિર્વાણની જ અભિલાષા કરે –

**શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૯ 'ધર્મ' નો ભાવાનુવાદ પૂર્ણ**

# શ્રુતસ્કન્ધ–૧

## અધ્યયન–૧૦ ' સમાધિ'

### સૂત્ર– ૪૭૩ થી ૪૭૬

૪૭૩– કેવળજ્ઞાની ભગવંતે કેવલજ્ઞાન વડે જાણીને જે ઋજુ સમાધિ અર્થાત મોક્ષ દેનારા ધર્મનું કથન કરેલ છે, તેને સાંભળો. સમાધિ પ્રાપ્ત સાધુ આલોક પરલોકના સુખ અને તપના ફળની ઈચ્છારહિત, શુદ્ધ સંયમ પાળે.

૪૭૪– ઊર્ધ્વ, અધો, તિર્છી દિશામાં જે ત્રસ, સ્થાવર પ્રાણી છે, તેમની હાથ કે પગથી હિંસા ન કરે અને અદત્ત વસ્તુ ગ્રહણ ન કરે...

૪૭૫– સુઆખ્યાતધર્મમાં શંકા ન કરનાર તથા નિર્દોષ આહારી, બધા પ્રાણીને આત્મતુલ્ય માને, જીવિતને માટેઆશ્રવોનું સેવન ન કરે, તેમજ ધાન્યાદિ સંચય ન કરે...

૪૭૬– સ્ત્રીના વિષયમાં સર્વેન્દ્રિય રોકે, સર્વ બંધનથી મુક્ત થઈને વિચરે. લોકમાં પૃથક્ પૃથક્ પ્રાણીવર્ગ આર્ત અને દુઃખથી પીડિત છે, તે જુઓ.

### સૂત્ર– ૪૭૭ થી ૪૮૦

૪૭૭– અજ્ઞાની જીવ પૃથ્વીકાયાદિને દુઃખ આપી પાપકર્મ કરતો વારંવાર તે–તે યોનિઓમાં ભમે છે, તે આ પાપકર્મ પોતે કરે છે કે બીજા પાસે કરાવે છે...

૪૭૮– જે પુરુષ દીન વૃત્તિ કરે છે તે પણ પાપકર્મ કરે છે, તેવું જાણી તીર્થંકરોએ એકાંત ભાવસમાધિ કહી છે, તેથી પંડિત સાધુ ભાવસમાધિ અને વિવેકમાં રત બની પ્રાણાતિપાત ત્યાગી વિરત એવો સ્થિતાત્મા બને...

૪૭૯– સર્વ જગતને સમભાવે જોનાર કોઈનું પ્રિય કે અપ્રિય ન કરે. કોઈ કોઈ દીક્ષિત થઈ, ઉપસર્ગ આદિ આવતા ફરી દીન બને છે તો કોઈ પૂજા–પ્રશંસાના કામી બને છે...

૪૮૦– જે દિક્ષા લઈને આધાકર્મી આહારની ઈચ્છાથી વિચરે તે કુશીલ છે. તે અજ્ઞાની સ્ત્રીમાં આસક્ત બની પરિગ્રહ કરતો પાપની વૃદ્ધિ કરે છે.

### સૂત્ર– ૪૮૧ થી ૪૮૪

૪૮૧– વૈરાનુગૃદ્ધ પુરુષ કર્મનો સંચય કરે છે, અહીંથી મરીને દુઃખરૂપ સ્થાનને પામે છે, તેથી વિવેકી સાધુ ધર્મની સમીક્ષા કરી, સર્વ દુરાચારોથી દૂર રહી સંયમનું પાલન કરે.

૪૮૨– સાધુ, ભોગમય જીવનની ઈચ્છાથી ધનનો સંચય ન કરે, અનાસક્ત થઈ સંયમમાં પરાક્રમ કરતો વિચરે, વિચારપૂર્વક ભાષા બોલે. શબ્દાદિ વિષયોમાં આસક્ત ન બને. હિંસાયુક્ત કથા ન કરે...

૪૮૩– આધાકર્મી આહાર આદિની ઈચ્છા ન કરે, તેવી ઈચ્છા કરનારો પરિચય ન કરે, અનુપ્રેક્ષા પૂર્વક સ્થૂળ શરીરની પરવા કર્યા વિના તેને કૃશ કરે અર્થાત સંયમનું પાલન કરે.

૪૮૪– સાધુ એકત્વની ભાવના કરે, એકત્વ ભાવના જ મોક્ષ છે, તે મિથ્યા નથી, આ મોક્ષ જ સત્ય અને શ્રેષ્ઠ છે, તે જુઓ. તેનાથી યુક્ત અક્રોધી, સત્યરત અને તપસ્વી બને છે.

### સૂત્ર– ૪૮૫ થી ૪૮૮

૪૮૫– જે સાધુ, સ્ત્રી સાથેના મૈથુનથી વિરત હોય, પરિગ્રહ ન કરતો હોય, મનોજ્ઞ–અમનોજ્ઞ વિષયોમાં રાગ–દ્વેષ ન કરતો હોય, જીવ માત્રની રક્ષા કરે, તે નિઃસંદેહ સમાધિ પામે છે...

૪૮૬– ભિક્ષુ રતિ–અરતિ છોડીને તૃણસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણ, ડાંસ આદિને તથા સુગંધ–દુર્ગંધને સહે.

૪૮૭– વચનગુપ્ત સાધુ ભાવ સમાધિને પ્રાપ્ત થાય છે. તે સાધુ શુદ્ધ લેશ્યાને ગ્રહણ કરી સંયમાનુષ્ઠાન કરે, પોતે ઘર સંબંધી સમારકામ ન કરે – ન કરાવે, તેમજ સ્ત્રી સાથે સંપર્ક ન રાખે.

૪૮૮–લોકમાં જે કોઈ અક્રિયાવાદી છે, તેમને પણ કોઈ ધર્મ પૂછે ત્યારે મોક્ષનો ઉપદેશ આપે છે, આરંભમાં આસક્ત, વિષયમાં ગૃદ્ધ તેઓ મોક્ષના હેતુભૂત ચારિત્ર ધર્મને જાણતા નથી.

સૂત્ર– ૪૮૯ થી ૪૯૨

૪૮૯– આ લોકમાં મનુષ્યોની ભિન્ન ભિન્ન રુચિ હોય છે.કોઈ ક્રિયાવાદને માને છે, કોઈ અક્રિયાવાદને માને છે. આવા આરંભમાં આસક્ત કોઈ મનુષ્ય, તત્કાલ જન્મેલા બાળકનું શરીરના ટુકડા કરવામાં સુખ માને છે. આ રીતે સંયમથી રહિત તેઓ પ્રાણીઓ સાથેના વૈર વધારે છે.

૪૯૦– આરંભમાં આસક્ત પુરુષ આયુક્ષયને જાણતા નથી, તે મમત્વશીલ, સાહસકારી અને મૂઢ, પોતાને અજરામર માનતો એવો તે રાત–દિવસ ધનમાં જ સંતપ્ત રહે છે...

૪૯૧– હે મુમુક્ષુ! તું ધન અને પશુનો ત્યાગ કર, જે બંધુ, માતા, પિતાદિ માટે તું રડે છે, મોહ કરે છે, પણ તારા મૃત્યુ બાદ તેઓ જ તારું ધન હરી લેશે...

૪૯૨– જેમ વિચરતા શુદ્ધ મૃગ સિંહથી ડરીને દૂર વિચરે છે, એ રીતે મેધાવી પુરુષ ધર્મ તત્ત્વને સારી રીતે વિચારીને દૂરથી પાપને તજે.

સૂત્ર– ૪૯૩ થી ૪૯૬

૪૯૩– ધર્મના સ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણનાર, મતિમાન મનુષ્ય પોતાને પાપકર્મથી નિવૃત્ત કરે. વૈરની પરંપરાને ઉત્પન્ન કરનાર અને મહાભયકારી છે, તેમ જાણી, સાધક હિંસાનો ત્યાગ કરે.

૪૯૪– મોક્ષમાર્ગને અનુસરનાર મુનિ અસત્ય ન બોલે, તે પ્રમાણે સાધુ બીજા વ્રતોનો ભંગ પણ સ્વયં ન કરે, ન કરાવે, કરનારને સારા ન માને, એ જ નિર્વાણ અને સંપૂર્ણ સમાધિ છે.

૪૯૫– સાધુ નિર્દોષ આહાર પ્રાપ્ત થયા પછી તેમાં રાગ દ્વેષ કરી ચારિત્રને દૂષિત ન કરે. સ્વાદિષ્ટ આહારમાં મૂર્છિત ન થાય. ધૈર્યવાનબને, પરિગ્રહ વિમુક્ત બને. તે પૂજનનો અર્થી કે પ્રશંસા કામી બની ન વિચરે.

૪૯૬– સાધુ ગૃહત્યાગ કરી નિરપેક્ષ થાય, કાયાનો વ્યુત્સર્ગ કરી, નિદાનરહિત તપશ્ચરણ કરે. જીવન–મરણની આકાંક્ષા ન કરે. સંસારથી મુક્ત થઈ વિચરે. – તેમ હું કહું છું.

**શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૧૦ 'સમાધિ' નો ભાવાનુવાદ પૂર્ણ**

# શ્રુતસ્કન્ધ-૧

## અધ્યયન-૧૧ ' માર્ગ'

### સૂત્ર- ૪૯૭ થી ૫૦૦

૪૯૭- મતિમાન મહાવીરે કયો માર્ગ કહ્યો છે ? જે ઋજુ માર્ગને પામીને જીવ દુસ્તર સંસાર પાર કરી જાય છે

૪૯૮- હે ભિક્ષુ! શુદ્ધ, સર્વ દુઃખ વિમોક્ષી, અનુત્તર તે માર્ગને જેમ આપ જાણતા હો તે હે મહામુનિ ! કહો

૪૯૯- જો કોઈ દેવ કે મનુષ્ય અમને માર્ગ પૂછે તો તેમને કયો માર્ગ બતાવવો? તે અમને કહો

૫૦૦- જો કોઈ દેવ કે મનુષ્ય તમને મોક્ષનો માર્ગ પૂછે તો તેમને કયો માર્ગ કહેવો જોઈએ, તે તમે મારી પાસેથી સાંભળો.

### સૂત્ર- ૫૦૧ થી ૫૦૪

૫૦૧- કાશ્યપ ભગવંત મહાવીરે કહેલ માર્ગ ઘણો કઠિન છે, જેને પામીને પૂર્વે સમુદ્ર વ્યાપારી માફક...

૫૦૨-અનેક આત્માઓ તર્યા છે, તરે છે, તરશે. તે ભગવંત મહાવીર પાસે મેં જે રીતે સાંભળેલ છે, તે તમને હું કહું છું, તે હે પ્રાણીઓ ! મારી પાસેથી સાંભળો...

૫૦૩- પૃથ્વી જીવ છે, તે પ્રત્યેક જીવો પૃથક્ પૃથક્ છે, પાણી અને અગ્નિ જીવ પણ છે, વાયુ જીવ પણ પૃથક્ છે તથા તૃણ, વૃક્ષ, બીજરૂપ વનસ્પતિ પણ જીવ છે...

૫૦૪- તે સિવાય છટ્ઠા ત્રસ જીવ છે, એ રીતે છકાય કહ્યા છે, જીવકાય આટલા જ છે, તેથી અતિરિક્ત કોઈ જીવકાય નથી.

### સૂત્ર- ૫૦૫ થી ૫૦૮

૫૦૫- મતિમાન્ પુરુષ સર્વ યુક્તિઓથી જીવોમાં જીવત્વ સિદ્ધ કરીને જાણે કે- બધાં જીવોને દુઃખ અપ્રિય છે, તેથી કોઈ જીવની હિંસા ન કરવી...

૫૦૬- જ્ઞાનીનું એ જ ઉત્તમ જ્ઞાન છે કે તે કોઈની હિંસા ન કરે. અહિંસા સમર્થક શાસ્ત્રોનો એ જ સિદ્ધાંત છે.

૫૦૭- ઊર્ધ્વ, અધો, તિર્છા લોકમાં જે કોઈ ત્રસ સ્થાવર જીવ છે, તે બધાંની હિંસાથી વિરમે, કેમ કે તેનાથી જીવને શાંતિમય નિર્વાણ મળે છે.

૫૦૮-જિતેન્દ્રિય, સર્વે દોષોનું નિરાકરણ કરી મન-વચન-કાયાથી જીવનપર્યંત કોઈ જીવ સાથે વૈર ન કરે.

### સૂત્ર- ૫૦૯ થી ૫૧૧

૫૦૯- સંવૃત્ત, મહાપ્રજ્ઞ અને ધીર સાધુ ગૃહસ્થે આપેલ એષણીય આહારથી વિચરે, અનેષણીય વર્જીને, નિત્ય એષણા સમિતિનું પાલન કરે.

૫૧૦- જીવોનો આરંભ કરી, સાધુના ઉદ્દેશથી બનાવેલ અન્ન-પાણી સુસંયતી સાધુ ગ્રહણ ન કરે.

૫૧૧- આહારમાં પૂતીકર્મ દોષનું સેવન ન કરવું એ સંયમી સાધુનો ધર્મ છે, શુદ્ધ આહારમાં જ્યાં કિંચિત્ પણ આશંકા થાય, તે સર્વથા અકલ્પનીય છે.

.

### સૂત્ર- ૫૧૨ થી ૫૧૬

૫૧૨- શ્રાવકોના નિવાસસ્થાન ગામ કે નગરમાં હોય છે, ત્યાં રહેલ આત્મગુપ્ત જિતેન્દ્રિય સાધુ જીવહિંસા કરનારની અનુમોદના ન કરે...

૫૧૩- તેના સમારંભ યુક્ત વચન સાંભળી 'સાધુ પુણ્ય છે' એમ ન કહે તથા 'પુણ્ય નથી' એમ કહેવું તે પણ મહાભયનું કારણ છે...

૫૧૪– દાનને માટે જે ત્રસ અને સ્થાવર પ્રાણી હણાય છે, તેના સંરક્ષણ માટે 'પુણ્ય થાય છે' એમ ન કહે...

૫૧૫– જેને આપવા માટે તેવા અન્ન–પાન બનાવાયા છે, તેના લાભમાં અંતરાય થાય, માટે 'પુન્ય નથી' એમ પણ ન કહે...

૫૧૬– જીવહિંસા દ્વારા નિષ્પન્ન દાનને જે પ્રશંસે છે, તે પ્રાણીવધને ઇચ્છે છે અને જેઓ પ્રતિષેધ કરે છે, તેઓ પ્રાણીઓની આજીવિકાનું છેદન કરે છે.

**સૂત્ર– ૫૧૭ થી ૫૨૦**

૫૧૭– દાનમાં પુણ્ય છે કે નથી, આ બંનેમાંથી કંઈ ન કહે તે કર્માશ્રવ રોકીને નિર્વાણ પ્રાપ્ત કરે છે...

૫૧૮– જેમ નક્ષત્રોમાં ચંદ્રમા પ્રધાન છે, તેમ ગતિમાં નિર્વાણ શ્રેષ્ઠ છે, તેથી દાંત અને જિતેન્દ્રિય બની મુનિ સદા નિર્વાણને સાધે...

૫૧૯– સંસાર પ્રવાહમાં વહેતા, સ્વકર્મથી કષ્ટ પામતા પ્રાણી માટે ભગવંતે મોક્ષરૂપ દ્વીપ કહ્યો છે, તત્વજ્ઞ તેનાથી જ મોક્ષ પામે...

૫૨૦–જે આત્મગુપ્ત, દાંત, છિન્નસ્રોત, અનાશ્રવ છે, તે જ શુદ્ધ, પ્રતિપૂર્ણ, અનુપમ ધર્મનું કથન કરી શકે છે

**સૂત્ર– ૫૨૧ થી ૫૨૪**

૫૨૧– પૂર્વોક્ત શુદ્ધ ધર્મથી અજ્ઞાન, અબુદ્ધ હોવા છતાં પોતાને જ્ઞાની માનનાર, 'અમે જ્ઞાની છીએ' એમ કહેનારા અન્ય દર્શાનીઓ સમાધિથી દૂર છે...

૫૨૨– તેઓ બીજ, સચિત્ત જળ, ઔદ્દેશિક આહાર ભોગવીને ધ્યાન કરે છે, તે અખેદજ્ઞ, અસમાહિત છે.

૫૨૩–જેમ ઢંક, કંક, કુરર, મદ્‌ગુ, શિખી માછલી શોધવા ધ્યાન કરે, તેમ તેનું ધ્યાન કલુષ અને અધમ છે

૫૨૪– એ રીતે મિથ્યાદષ્ટિ, અનાર્ય શ્રમણ વિષયેચ્છાનું ધ્યાન કરે છે, તે પાપી અને અધમ છે.

**સૂત્ર– ૫૨૫ થી ૫૨૮**

૫૨૫– આ જગતમાં કેટલાક દુર્મતિ શુદ્ધ માર્ગ વિરાધીને ઉન્માર્ગે જઈ દુઃખી થઈ, મરણની ઇચ્છા કરે છે...

૫૨૬– જેમ જન્માંધ પુરુષ છિદ્રવાળી નાવમાં બેસી નદી પાર કરવા ઇચ્છે તો પણ માર્ગમાં જ ડૂબે છે...

૫૨૭– તે પ્રમાણે મિથ્યાદષ્ટિ, અનાર્ય શ્રમણ આશ્રવ સેવીને આગામી ભવે મહાભય પામે છે.

૫૨૮– ભગવંત મહાવીર દ્વારા પ્રવેદિત આ ધર્મ પામીને મુનિ ઘોર સંસારને તરે, આત્મભાવે વિચરે.

**સૂત્ર– ૫૨૯ થી ૫૩૨**

૫૨૯– તે ઇન્દ્રિય વિષયોથી નિવૃત્ત થઈ, સર્વ પ્રાણીઓને આત્મતુલ્ય સમજી સંયમમાં પરાક્રમ કરતા વિચરે

૫૩૦–વિવેકી મુનિ અતિ માન અને માયાને જાણીને, તેનો ત્યાગ કરી નિર્વાણનું અનુસંધાન કરે...

૫૩૧– સાધુધર્મનું સંધાન કરે, પાપધર્મનો ત્યાગ કરે, તપમાં વીર્ય ફોરવે, ક્રોધ–માન ન કરે...

૫૩૨– જેમ પ્રાણીઓનો આધાર પૃથ્વી છે, તેમ થયેલા કે થનારા તીર્થંકરોનો આધાર શાંતિ છે.

**સૂત્ર– ૫૩૩, ૫૩૪**

૫૩૩– જેમ વાયુથી મહાગિરિ ન કંપે તેમ વ્રતસંપન્ન મુનિને અનુકૂળ–પ્રતિકૂળ પરીષહ આવે ત્યારે, જરા પણ વિચલિત ન થાય.

૫૩૪– તે સંવૃત્ત, મહાપ્રજ્ઞ, ધીર, બીજાએ આપેલ આહારની એષણા કરે, કશાય રહિત થઈ મૃત્યુ પર્યંત સંયમમાં સ્થિર રહે. કરે એ જ કેવલી ભગવંતનો મત છે. તેમ હું કહું છું.

**શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૧૧ 'માર્ગ'નો ભાવાનુવાદ પૂર્ણ**

# શ્રુતસ્કન્ધ-૧

## અધ્યયન-૧૨ ' સમોસરણ'

### સૂત્ર- ૫૩૫ થી ૫૩૮

૫૩૫- ક્રિયાવાદ, અક્રિયાવાદ, વિનયવાદ અને અજ્ઞાનવાદ એ ચાર સમવસરણ (સિદ્ધાંત) છે, જેને પ્રવક્તાઓ પૃથક્-પૃથક્ રીતે કહે છે...

૫૩૬- તે અજ્ઞાનવાદી કુશલ હોવા છતાં પ્રશંસનીય નથી, સંશયથી રહિત નથી. તેઓ અજ્ઞાની છે અને અજ્ઞાનીઓમાં વિમર્શ કર્યા વિના મિથ્યાભાષણ કરે છે...

૫૩૭- વિનયવાદી અસત્યને સત્ય ચિંતવે છે, અસાધુને સાધુ કહે છે, તેમને પૂછીએ તો વિનયને જ મોક્ષનું સાધન બતાવે છે...

૫૩૮- વિનયવાદીઓ વસ્તુતત્ત્વને ન સમજતા કહે છે કે અમને અમારા પ્રયોજનની સિદ્ધિ વિનયથી જ દેખાય છે. કર્મબંધની આશંકા કરનાર અક્રિયાવાદી ભૂત અને ભવિષ્યકાલ વડે વર્તમાનકાલને ઉડાવીને ક્રિયાનો નિષેધ કરે છે .

### સૂત્ર- ૫૩૯ થી ૫૪૨

૫૩૯-પૂર્વોક્ત નાસ્તિક જે પદાર્થનો નિષેધ કરે છે, તેનું અસ્તિત્વ સ્વીકારી પદાર્થની સત્તા અને અસત્તા બંનેથી મિશ્રિત પક્ષનો સ્વીકાર કરે છે. તેઓ સ્યાદ્વાદીના વચનનો અનુવાદ કરવામાંઅસમર્થ હોવાથી મૂક બની જાય છે. પછી સ્યાદ્વાદી સાધનોનું ખંડન કરવા વાકછળનો પ્રયોગ કરે છે.

૫૪૦- વસ્તુ સ્વરૂપને ન જાણનારા તે અક્રિયાવાદી વિવિધરૂપે શાસ્ત્ર આખ્યાન કરે છે, જે સ્વીકાર કરી અનેક મનુષ્યો અપાર સંસારમાં ભમે છે...

૫૪૧- શૂન્યવાદીઓનો એક મત એવો છે કે- સૂર્ય ઉદય કે અસ્ત થતો નથી, ચંદ્રમા વધતો કે ઘટતો નથી, પાણી વહેતું નથી, વાયુ વાતો નથી, સંપૂર્ણ જગત શૂન્ય અને મિથ્યા છે...

૫૪૨- જેમ નેત્રહીન અંધ પ્રકાશમાં પણ રૂપ જોઈ ન શકે તેમ બુદ્ધિહીન અક્રિયાવાદી પદાર્થોને જોઈ ન શકે

### સૂત્ર- ૫૪૩ થી ૫૪૬

૫૪૩- સંવત્સર, સ્વપ્ન, લક્ષણ, નિમિત્ત, દેહ, ઉત્પાદ, ભૂમિકંપ તથા ઉલ્કાપાત, એ અષ્ટાંગ શાસ્ત્રોનું અધ્યયન કરી, લોકો ભાવિને જાણી લે છે. પણ શૂન્યવાદી તો આટલું પણ જાણતા નથી.

૫૪૪-કોઈ નિમિત્તકનું જ્ઞાન સત્ય તો કોઈનું વિપરીત હોય છે. આવું જોઇને વિદ્યાનું અધ્યયન ન કરીને અક્રિયાવાદીઓ વિદ્યાનાં ત્યાગમાં જ શ્રેય માને છે...

૫૪૫-ક્રિયાવાદી જ્ઞાનનો નિષેધ કરી ફક્ત ક્રિયાથી મોક્ષ માને છે. તેઓ કહે છે- દુઃખ સ્વયંકૃત્ છે અન્યકૃત્ નહીં. પણ તીર્થંકર દેવોએ કહ્યું છે કે મોક્ષ જ્ઞાન-ક્રિયા બંનેથી મળે છે, માત્ર ક્રિયાથી નહી.

૫૪૬- તીર્થંકર આ લોકમાં ચક્ષુ સમાન છે, લોકનાયક છે, જે પ્રજાને મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે કે હે માનવ! જેમ જેમ મિથ્યાત્ત્વ વધે છે, તેમ તેમ સંસાર વધતો જાય છે માટે હિતકર માર્ગનું અનુશાસન કરે છે.

### સૂત્ર- ૫૪૭ થી ૫૫૦

૫૪૭- જે રાક્ષસ, યમલૌકિક, સૂર, ગાંધર્વ, પૃથ્વીઆદિ છ કાયો, આકાશગામી અને પૃથ્વી આશ્રિત પ્રાણી છે, તેઓ બધાં પોતાના કર્મ પ્રમાણે પુનઃ પુનઃ આ સંસારમાં ભમે છે...

૫૪૮- આ સંસારને સ્વયંભૂરમણ સમુદ્રની જેમ અપાર છે, તેથી આ ગહન સંસારને દુર્મોક્ષ જાણો. વિષય અને સ્ત્રીમાં આસક્ત જીવો આ સંસારમાં વારંવાર બંને લોકમાં ભમે છે...

૫૪૯– અજ્ઞાની જીવ પાપકર્મ કરીને કર્મક્ષય કરી શકતા નથી. પણ ધીર પુરુષ અકર્મથી કર્મક્ષય કરે છે. મેધાવી પુરુષો લોભથી દૂર રહે છે, તેઓ સંતોષી બની પાપ નથી કરતા.

૫૫૦– તે સર્વજ્ઞ વિતરાગ લોકના ભૂત–વર્તમાન–ભાવિના યથાર્થ જ્ઞાતા છે, તેઓ બીજાના નેતા છે, પણ સ્વયં નિયંતા, જ્ઞાની અને સંસારનો અંત કરનાર છે.

સૂત્ર– ૫૫૧ થી ૫૫૫

૫૫૧– જીવની હિંસાની જુગુપ્સા કરનારા તે પૂર્વોક્ત ઉત્તમ સાધુ, હિંસા કરતા નથી કે  કરાવતા નથી. તે ધીર, સદા સંયમ પ્રતિ ઝૂકેલા રહે છે, પણ કેટલાક અન્ય દર્શની માત્ર વાણીથી વીર હોય છે...

૫૫૨– પંડિત પુરુષ તે નાના કે મોટા શરીરવાળા બધાને આત્મવત્ જુએ છે,  અને આ લોકને મહાન કે અનંત જીવોથી વ્યાપ્ત સમજે છે. તેથી તે જ્ઞાની પુરુષ  અપ્રમત્ત સાધુ પાસે દિક્ષા ગ્રહણ કરે...

૫૫૩– જે સ્વયં કે બીજા પાસે જાણીને ધર્મ કહે છે, તે સ્વ–પરની રક્ષા કરવા સમર્થ છે, જે ચિંતન કરીને ધર્મ પ્રકાશે છે એવા જ્યોતિર્ભૂત મુની  પાસે સદા રહેવું જોઈએ...

૫૫૪– જે આત્માને, ગતિને, આગતિને, શાશ્વતને, અશાશ્વતને, જન્મને, મરણને, ચ્યવનને અને ઉપપાતને જાણે છે... તથા ...

૫૫૫– જે જીવોની વિવિધ પીડાને, આશ્રવ અને સંવરને જાણે છે, દુઃખ અને નિર્જરા જાણે છે, તે ક્રિયાવાદનું કથન કરવા યોગ્ય છે...

સૂત્ર– ૫૫૬

સાધુ મનોહર શબ્દ અને રૂપમાં આસક્ત ન થાય, ગંધ અને રસમાં દ્વેષ ન કરે, જીવન–મરણની આકાંક્ષા ન કરે, સંયમયુક્ત થઈ, માયારહિત બનીને વિચરે – તેમ હું કહું છું.

**શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૧૨ 'સમોસરણ' નો ભાવાનુવાદ પૂર્ણ**

# શ્રુતસ્કન્ધ–૧

## અધ્યયન–૧૩ ' યથાતથ્ય'

### સૂત્ર– ૫૫૭ થી ૫૬૦

૫૫૭– હું યથાતથ્ય, જ્ઞાનના પ્રકાર, જીવના ગુણો, સાધુનું શીલ, અસાધુનું કુશીલ, શાંતિ અને અશાંતિ અર્થાત મોક્ષ અને સંસારના સ્વરૂપને પ્રગટ કરીશ...

૫૫૮– દિન–રાત ઉત્તમ અનુષ્ઠાન કરનારા, તીર્થંકરોથી ધર્મ પ્રાપ્ત કરીને સમાધિમાર્ગનું સેવન ન કરનાર નિહ્નવ પોતાને શિખામણ દેનાર તીર્થંકર આદિને જ કઠોર શબ્દો કહે છે...

૫૫૯– જે નિહ્નવ વિશુદ્ધ માર્ગને અહંકારથી દૂષિત કરે છે, પોતાની રૂચી અનુસાર વિપરીત અર્થ પ્રરૂપે છે, જ્ઞાનમાં શંકિત થઈ મિથ્યા બોલે છે, તે ઉત્તમ ગુણનું ભાજન બની શકતો નથી.

૫૬૦– કોઈના પૂછવા પર જે ગુરુનું નામ છૂપાવે છે, તે પોતાને મોક્ષથી વંચિત કરે છે, અસાધુ છતાં પોતાને સાધુ માને છે, તે માયાવી અનંતવાર સંસારમાં ઘાતને પામે છે.

### સૂત્ર– ૫૬૧ થી ૫૬૪

૫૬૧– જે ક્રોધી છે તે અશિષ્ટ ભાષી છે, શાંત કલહને પ્રદીપ્ત કરે છે, તે પાપકર્મી છે. તે સાંકડા માર્ગે જતાં અંધની માફક દુઃખી થાય છે...

૫૬૨– જે કલહકારી છે, અન્યાયભાષી છે. તે સમતા મેળવી શકતો નથી, કલહરહિત બની શકિત નથી. જે ગુરુની આજ્ઞાનો પાલક છે તે લજ્જા રાખે છે, એકાંત શ્રદ્ધાળુ છે, તે અમાયી છે...

૫૬૩– ગુરુ શિખામણ આપે ત્યારે જે ક્રોધ ન કરે તે જ પુરુષ વિનયી, સૂક્ષ્માર્થ જોનાર, જાતિ–સંપન્ન, સમભાવી અને અમાયી છે...

૫૬૪– જે પરીક્ષા કર્યા વિના સ્વયંને સંયમી અને જ્ઞાની માની અભિમાન કરે કે હું તપસ્વી છું, તે બીજાને પાણીમાં પડેલ ચંદ્રના પડછાયાની જેમ નિરર્થક જ માને છે. તે અભિમાની અવિવેકી છે.

### સૂત્ર– ૫૬૫ થી ૫૬૮

૫૬૫– ઉક્ત અહંકારી સાધુ એકાંત મોહવશ સંસારે ભમે છે, તે સર્વજ્ઞોક્ત માર્ગથી બહાર છે. જે સન્માનાર્થે ઉત્કર્ષ દેખાડે છે, તે જ્ઞાનહીન અબુદ્ધ છે...

૫૬૬– જે બ્રાહ્મણ કે ક્ષત્રિય જાતિક છે, ઉગ્રપુત્ર કે લિચ્છવી હોય, તે દીક્ષા લઈ, પરદત્ત ભોજી થઈ, ગોત્ર મદ ન કરે...

૫૬૭–તેના જાતિ કે કુળ શરણભૂત થતા નથી, સમ્યક્ સેવિત જ્ઞાનાચરણ સિવાય કોઈ રક્ષક નથી. દીક્ષા લઈને પણ જે ગૃહસ્થકર્મ સેવે છે, તે કર્મોથી છૂટવા માટે સમર્થ થતો નથી...

૫૬૮– નિષ્કિંચન અને રૂક્ષજીવી ભિક્ષુ પણ જો પ્રશંસાકામી અને અહંકારી થાય, તો તે અબુદ્ધ છે, તેના બીજા ગુણો પેટ ભરવાનું સાધન માત્ર છે. તે પુનઃ પુનઃ જન્મ–મરણને પામે છે.

### સૂત્ર– ૫૬૯ થી ૫૭૨

૫૬૯– જે સાધુ ઉત્તમ રીતે બોલનાર ભાષાવિદ હોય પ્રતિભાવાન, વિશારદ, આગાઢપ્રજ્ઞ હોય, છતાં તે સુભાવિતાત્મા બીજાને પોતાની પ્રજ્ઞાથી પરાભૂત કરે છે તો તે સાધુ વિવેકી ગણાય નહિ.

૫૭૦– જે સાધુ પોતાની પ્રજ્ઞાનું અભિમાન કરે છે અથવા લાભના મદથી ઉન્મત્ત થઈ તે બાલપ્રજ્ઞ બીજાની નિંદા કરે છે, તે બાળબુદ્ધિ સાધુ સમાધિ પામી શકતો નથી.

૫૭૧– જે સાધુ પ્રજ્ઞા–તપ–ગોત્ર કે આજીવિકાનો મદ ન કરે તે સાધુ પંડિત છે અને સર્વશ્રેષ્ઠ છે...

૫૭૨– ધીર પુરુષ ઉક્ત મદસ્થાનોને છોડી દે, ફરી ન સેવે. બધા ઉચ્ચ–નીચ ગોત્રોથી મુક્ત તે મહર્ષિ સર્વોત્તમ મોક્ષ ગતિને પામે છે.

સૂત્ર– ૫૭૩ થી ૫૭૬

૫૭૩– ઉત્તમ લેશ્યાવાળા, દ્રષ્ટધર્મા મુનિ ભિક્ષા માટે ગામ કે નગરમાં પ્રવેશી, એષણા અને અનેષણાને સમજીને અન્ન–પાન પ્રતિ અનાસક્ત રહી શુદ્ધ ભિક્ષા ગ્રહણ કરે.

૫૭૪– સાધુ અરતિ–રતિનો ત્યાગ કરીને બહુજન મધ્યે રહે અથવા એકચારી બને. પણ સંયમમાં અબાધક વચન બોલે. વળી ધ્યાનમાં રાખે કે ગતિ–આગતિ જીવની એકલાની જ થાય...

૫૭૫– ધીર પુરુષ સ્વયં જાણીને કે સાંભળીને પ્રજાને હીતકર ધર્મ બોલે, ઉત્તમ ધૈર્ય ધર્મવાળાપુરુષ નિંદ્ય કાર્ય કે ફળની પ્રાપ્તિ માટે કાર્ય ન કરે...

૫૭૬– સાધુ, શ્રોતાના અભિપ્રાયને પોતાની તર્કબુદ્ધિથી સમજ્યા વિના ધર્મનો ઉપદેશ ન આપે, શ્રોતાને શ્રદ્ધા ન થતા તે ક્રોધિત બની જાય. તેથી સાધુ, અનુમાનથી બીજાના અભિપ્રાય જાણીને ધર્મનો ઉપદેશ આપે.

સૂત્ર– ૫૭૭ થી ૫૭૯

૫૭૭– ધીર સાધુ, શ્રોતાના કર્મ અને અભિપ્રાય જાણીને ધર્મ કહે, તેમનું મિથ્યાત્વ દૂર કરે, તેમને સ્ત્રી–રૂપમાં મોહ ન પામવા સમજાવે, તેમાં લુબ્ધથનાર નાશ પામે છે. ત્રસ સ્થાવર જીવોનું હિત થાય તેવો ઉપદેશ આપે.

૫૭૮– સાધુ, ધર્મનો ઉપદેશ આપતા પૂજા–પ્રશંસાની કામના ન કરે, કોઈનું પ્રિય–અપ્રિય ન કરે. સર્વે અનર્થો છોડીને, અનાકુળ–અકષાયી બને...

૫૭૯– ધર્મનું યથાર્થ સ્વરૂપ જોઈને, બધાં પ્રાણીની હિંસાને તજે. જીવન–મરણનો અનાકાંક્ષી બને તથા માયાથી મુક્ત થઈને વિચરણ કરે – તેમ હું કહું છું.

**શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૧૩ 'યથાતથ્ય' નો ભાવાનુવાદ પૂર્ણ**

## શ્રુતસ્કન્ધ–૧

## અધ્યયન–૧૪ 'ગ્રંથ'

### સૂત્ર– ૫૮૦ થી ૫૮૩

૫૮૦– પરિગ્રહને છોડીને, શિક્ષા પ્રાપ્ત કરતો સાધક, પ્રવ્રજિત થઈને બ્રહ્મચર્ય પાલન કરે, ગુરુ આજ્ઞા પાળીને વિનય શીખે, સંયમ પાલનમાં પ્રમાદ ન કરે...

૫૮૧– જે રીતે પાંખરહિત પક્ષીનું બચ્ચુ, આવાસમાંથી ઊડવા પ્રયત્ન કરે છે, પણ ઊડી શકતુ નથી. એવા તે પંખહીન તરુણ પક્ષીનું ઢંક આદિ હરણ કરે છે...

૫૮૨– એ પ્રમાણે અનિપુણ અગીતાર્થ શિષ્ય ચારિત્રને નિસ્સાર માની નીકળવા ઇચ્છે છે, પાખંડી લોકો તેને પોતાના હાથમાં આવેલ માનીને હરી લે છે અર્થાત ધર્મભ્રષ્ટ કરી દે છે.

૫૮૩– ગુરુકુલમાં ન રહેનાર સંસારનો અંત કરી શકતા નથી, એમ જાણી સાધુ ગુરુકુળમાં વસે અને સમાધિને ઇચ્છે, ગુરુ, સાધુના આચરણને શાસિત કરે છે માટે તે ગુરુકુલ ન છોડે.

### સૂત્ર– ૫૮૪ થી ૫૮૬

૫૮૪– ગુરુ સમીપે રહેનાર સાધુ, જે સ્થાન, શયન, આસન આદિમાં પરાક્રમ કરી ઉત્તમ સાધુવત્ આચરણ કરે તે સમિતિ, ગુપ્તિમાં નિષ્ણાત બનીને, બીજાને તેનું યથાર્થ સ્વરૂપ કહે...

૫૮૫– અનાશ્રવી સાધુ કઠોર શબ્દો સાંભળીને સંયમમાં વિચરે. ભિક્ષુ નિદ્રા અને પ્રમાદ ન કરે, કોઈ વિષયમાં શંકા થતા તેને નિવારી નિઃશંક બને...

૫૮૬– ગુરુ સમીપે રહેનાર સાધુ, બાળ કે વૃદ્ધ, રાત્નિક કે સમવ્રતી દ્વારા અનુશાસિત થવા છતાં જે સમ્યક્ સ્થિરતામાં ન પ્રવેશે તે ગુરુ આદિ દ્વારા નિયમન કરાયા છતાં તેનો સ્વીકાર ન કરે તો સંસારનો પાર ન પામે...

### સૂત્ર– ૫૮૭ થી ૫૯૦

૫૮૭– સાધ્વાચાર પાલનમાં કઈ ભૂલ થાય ત્યારે અન્ય દર્શની દ્વારા અથવા બાળક, વૃદ્ધ, નાની દાસી કેગૃહસ્થ દ્વારા આગમાનુસાર અનુશાસિત થાય ત્યારે તે સાધુ –

૫૮૮– તેના પર ક્રોધ ન કરે, વ્યથિત ન થાય, કંઈ કઠોર વચન ન બોલે, ''હવે હું તેમ કરીશ તે મારે શ્રેયસ્કર છે'', એમ સ્વીકારી પ્રમાદ ન કરે...

૫૮૯– જેમ વનમાં કોઈ માર્ગ ભૂલેલાને કોઈ સાચો માર્ગ બતાવે ત્યારે માર્ગ ભૂલેલો વિચારે કે આ મને જે માર્ગ બતાવે છે, તે મારા માટે શ્રેયસ્કર છે...

૫૯૦– તે માર્ગ ભૂલેલા મૂઢે અમૂઢની વિશેષરૂપે પૂજા કરવી જોઈએ. આ ઉપમા વીર ભગવાને આપી છે, તેનો અર્થ જાણી સાધુ સમ્યક્ સત્કાર કરે...

### સૂત્ર– ૫૯૧ થી ૫૯૫

૫૯૧– જેમ માર્ગદર્શક પણ રાત્રિના અંધકારમાં ન જોઈ શકવાથી માર્ગ નથી જાણતો, તે સૂર્યોદય થતા પ્રકાશિત માર્ગ જાણે છે –

૫૯૨– તે જ રીતે – ધર્મમાં અનિપુણ શિષ્ય, અજ્ઞાન હોવાને લીધે ધર્મ નથી જાણતો, પણ જિનવચનથી વિદ્વાન બનતા ઉક્ત દૃષ્ટાંત મુજબ બધું જાણે છે...

૫૯૩–ઉર્ધ્વ, અધો, તિર્છી દિશામાં જે ત્રસ કે સ્થાવર પ્રાણી છે, તેમના પ્રતિ સદા સંયત રહીને વિચરે, લેશમાત્ર દ્વેષ ન કરે...

૫૯૪– સમ્યક આચારવાન અને આગમનો ઉપદેશ દેનારા આચાર્યને ઉચિત સમયે સમાધિના વિષયમાં પૂછે

અને કૈવલિભાષિત સમાધિને જાણીને પોતાના હૃદયમાં સ્થાપિત કરે...

૫૯૫– ગુરુ ઉપદેશમાં સ્થિત સાધુ ત્રિવિધરૂપે સુસ્થિત થઈને તેમાં પ્રવૃત્ત થાય, તેનાથી શાંતિની પ્રાપ્તિ અને કર્મોનો નિરોધ થાય છે. ભગવંત કહે છે કે તે પુનઃ પ્રમાદમાં લિપ્ત થતો નથી.

સૂત્ર– ૫૯૬ થી ૫૯૯

૫૯૬– ગુરુકુળવાસી તે મુનિ, સાધુના આચારને સાંભળીને તથા મોક્ષરૂપ ઈષ્ટ અર્થને જાણીને પ્રતિભાવાન અને વિશારદ થઈ જાય છે, તે આદાનાર્થી મુનિ તપ અને સંયમ પામીને, શુદ્ધ નિર્વાહથી મોક્ષ મેળવે છે...

૫૯૭– ગુરુકુળવાસી સાધુ સમ્યક્ પ્રકારે ધર્મ જાણીને તેની પ્રરૂપણા કરે છે, તે જ્ઞાની કર્મોનો અંત કરે છે, તે પૂછેલા પ્રશ્નોના વિચારીને ઉત્તર આપી પોતાને તથા બીજાને સંસારથી છોડાવે છે, તથા સ્વયં સંસારનો પાર પામે છે.

૫૯૮– પ્રાજ્ઞ સાધુ અર્થને છૂપાવે નહીં, વિપરીત વ્યાખ્યા ન કરે. પોતે માન ન કરે, આત્મપ્રશંસા ન કરે, શ્રોતા તત્ત્વ ન સમજે તો પરિહાસ ન કરે તેમજ કોઈને આશીર્વચન ન કહે...

૫૯૯– જીવહિંસાની શંકાથી પાપની ઘૃણા કરે, મંત્ર પ્રયોગથી પોતાના સંયમને નિ:સાર ન કરે. પ્રજાજનો પાસેથી કોઈ વસ્તુની ઇચ્છા ન કરે કે અસાધુ ધર્મનો ઉપદેશ ન આપે.

સૂત્ર– ૬૦૦ થી ૬૦૩

૬૦૦– નિર્મળ અને અકષાયી ભિક્ષુ પાપધર્મીનો પરિહાસ ન કરે, અકિંચન રહે, સત્ય કઠોર હોય છે તે જાણે, આત્મ–હીનતા કે આત્મપ્રશંસા ન કરે...

૬૦૧– સૂત્ર અને અર્થના વિષયમાં નિ:શંક હોવા છતાં બુદ્ધિમાન સાધુ ગર્વ ન કરે. સ્યાદ્વાદમય સાપેક્ષ વચન કહે. મુનિ મિશ્ર ભાષા ન બોલે ધર્મ સમુત્થિત સાધુ સાથે વિચરે.

૬૦૨– સત્ય અને વ્યવહાર ભાષામાં ધર્મ વ્યાખ્યાન કરતા કોઈ તથ્યને જાણે છે, કોઈ નથી સમજતું. આવા ન સમજનારને સાધુ વિનમ્ર ભાવથી ઉપદેશ આપે. ક્યાંય ભાષા સંબંધી હિંસા ન કરે, નાની વાતને લાંબી ન ખેંચે...

૬૦૩– વ્યાખ્યાન કરતી વેળા સંક્ષેપમાં ન સમજાવી શકાય તેને વિસ્તારથી સમજાવે. આચાર્ય પાસે સૂત્રાર્થનું શ્રવણ કરી ભિક્ષુ સમ્યક્ પ્રકારે નિર્દોષ વચન બોલે, આજ્ઞા શુદ્ધ વચન બોલે, પાપનો વિવેક રાખે

સૂત્ર– ૬૦૪ થી ૬૦૬

૬૦૪– જિનેશ્વર દ્વારા ઉપદિષ્ટ સિદ્ધાંતોને સારી રીતે અભ્યાસ કરે અને તે પ્રમાણે વચન બોલે, મર્યાદા બહાર ન બોલે, એવો ભિક્ષુ જ તે સમાધિને કહેવાની વિધિ જાણી શકે છે...

૬૦૫– સાધુ આગમના અર્થને દૂષિત ન કરે તથા શાસ્ત્રના અર્થને ન છુપાવે. સૂત્રાર્થને અન્યરૂપ ન આપે, શિક્ષાદાતાની ભક્તિ કરે, જેવો અર્થ સાંભળ્યો હોય, તેવી જ પ્રરૂપણા કરે...

૬૦૬– જે સાધુ શુદ્ધ સૂત્રજ્ઞ અને તપસ્વી છે, જે ધર્મનો સમ્યક્ જ્ઞાતા છે, જેનું વચન લોકમાન્ય છે, જે કુશળ અને વ્યક્ત છે, તે જ સર્વજ્ઞોક્ત ભાવસમાધિને કહી શકે છે – તેમ હું કહું છું.

**શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૧૪ 'ગ્રંથ'નો ભાવાનુવાદ પૂર્ણ**

# શ્રુતસ્કન્ધ-૧

## અધ્યયન-૧૫ ' આદાનીય'

### સૂત્ર- ૬૦૭ થી ૬૧૦

૬૦૭- અતીત, વર્તમાન અને ભાવિમાં થનારા બધાને દર્શનાવરણીયાદિ કર્મનો અંત કરનારા, પ્રાણીમાત્રના રક્ષક પુરુષ પરિપૂર્ણ રૂપે જાણે છે...

૬૦૮- વિચિકિત્સાનો અંત કરનાર, અનુપમ તત્ત્વના જ્ઞાતા, અનુપમ પ્રરૂપક એવા અનુપમ વ્યાખ્યાતા જ્યાં ત્યાં હોતા નથી...

૬૦૯-જિનેશ્વર દેવે જે જીવાદિ તત્ત્વોનો સારી રીતે ઉપદેશ કર્યો છે, તે જ સત્ય અને સુભાષિત છે, તેથી સદા સત્ય સંપન્ન બનીને બધા જીવો સાથે મૈત્રી રાખવી...

૬૧૦- જીવો સાથે વિરોધ ન કરે, એ સુસંયમીનો ધર્મ છે, સાધુ જગતના સ્વરૂપને જાણીને શુદ્ધ ધર્મની ભાવના કરે.

### સૂત્ર- ૬૧૧ થી ૬૧૪

૬૧૧- ભાવના યોગથી વિશુદ્ધ આત્માની સ્થિતિ જળમાં નાવ સમાન છે, તે કિનારા પ્રાપ્ત નાવની માફક સર્વ દુઃખોથી મુક્ત થાય છે...

૬૧૨- લોકમાં પાપનો જ્ઞાતા મેધાવી પુરુષ બંધનથી મુક્ત થઈ જાય છે, નવા કર્મ ન કરનાર મેધાવી પુરુષના પૂર્વસંચિત બધા પાપકર્મો નષ્ટ થઈ જાય છે...

૬૧૩- જે નવા કર્મનો અકર્તા છે, વિજ્ઞાતા છે, તે કર્મબંધ કરતો નથી, એ વાત જાણીને મહા-વીર પુરુષ જન્મતો કે મરતો નથી...

૬૧૪- જેને પૂર્વકૃત કર્મો નથી, તે મહા-વીર પુરુષ જન્મતા કે મરતા નથી. જેમ વાયુ અગ્નિને પાર કરી જાય તેમ તે લોકમાં પ્રિય સ્ત્રીઓને પાર કરી જાય છે.

### સૂત્ર- ૬૧૫ થી ૬૧૮

૬૧૫- જે સ્ત્રી સેવન કરતા નથી, તે પહેલા મોક્ષગામી થાય છે. બંધનમુક્ત તે પુરુષ જીવનની આકાંક્ષા કરતા નથી...

૬૧૬- જેઓ ઉત્તમ કર્મોથી મોક્ષની સન્મુખ છે, મોક્ષ માર્ગ પ્રરૂપે છે, તેઓ અસંયમી જીવન છોડીને કર્મોનો ક્ષય કરે છે...

૬૧૭- આશારહિત, સંયત, દાંત, દ્દઢ અને મૈથુન વિરત, જે પૂજાની આકાંક્ષા કરતા નથી. તે સંયમી, પ્રાણીઓ ની યોગ્યતાનુસાર પરિણત થાય છે...

૬૧૮- જે છિન્નસ્રોત અર્થાત આશ્રવદ્વારોથી નિવૃત્ત છે, રાગદ્વેષ રહિત છે, નિર્મળ છે, તે પ્રલોભનથી લિપ્ત ન થાય. ઈન્દ્રિયો અને મનને વશ કરનાર તે પુરુષ અનુપમ ભાવસમાધિને પ્રાપ્ત કરે છે.

### સૂત્ર- ૬૧૯ થી ૬૨૨

૬૧૯- જે પુરુષ સંયમ પાલનમાં નિપુણ છે, ખેદજ્ઞ છે, તે પુરુષ મન-વચન-કાયાથી કોઈ સાથે વિરોધ ન કરે, એવો જ સાધુ તે જ પરમાર્થથી દિવ્ય તત્ત્વદર્શી કહેવાય છે.

૬૨૦- જે પુરુષ ભોગની આકાંક્ષાનો અંત કરે છે, તે મનુષ્ય માટે ચક્ષુ સમ સન્માર્ગદર્શક બની જાય છે. જેમ તિક્ષ્ણ અસ્તરાનો અંત ભાગ ચાલે છે, રથનું પૈડું પણ અંતિમ ભાગમાં ચાલે છે, તેમ મોહનો અંત સંસારક્ષય કરે છે.

૬૨૧- ધીર પુરુષ અંત-પ્રાંત આહારનું સેવન કરીને સંસારનો અંત કરે છે. તે નર આ મનુષ્ય જીવનમાં

ધર્મારાધના કરીને –

૬૨૨– મુક્ત થાય કે અનુત્તરદેવ થાય છે, તેમ મેં સાંભળેલ છે. મનુષ્ય સિવાયની ગતિમાં આ યોગ્યતા નથી

**સૂત્ર– ૬૨૩ થી ૬૨૬**

૬૨૩– કોઈ કહે છે – મનુષ્ય જ દુઃખોનો અંત કરે છે, કોઈ કહે છે – મનુષ્ય ભવ મળવો દુર્લભ છે...

૬૨૪– મનુષ્યભવ ગુમાવ્યા પછી ફરી સંબોધિ દુર્લભ છે, ધર્માર્થના ઉપદેષ્ટા પુરુષનો યોગ પણ દુર્લભ છે.

૬૨૫– જે પ્રતિપૂર્ણ, અનુપમ, શુદ્ધ ધર્મની વ્યાખ્યા કરે છે અને તે પ્રમાણે આચરે છે, તેમને ફરી જન્મ લેવાની વાત ક્યાંથી હોય ?...

૬૨૫– પુનરાગમન રહિત મોક્ષમાં ગયેલ મેધાવી પુરુષ સંસારમાં ક્યાંથી ઉત્પન્ન થાય ? સર્વ પ્રકારની કામનાઓથી રહિત તીર્થંકર, લોકના અનુત્તર નેત્ર–પથદર્શક છે.

**સૂત્ર– ૬૨૭ થી ૬૩૧**

૬૨૭– કાશ્યપગોત્રીય મહાવીરે તે અનુત્તર સ્થાન બતાવેલ છે, જેના આચરણથી, પંડિત પુરુષ સંસારનો અંત કરે છે અને મોક્ષ પામે છે...

૬૨૮– જ્ઞાની પુરુષ કર્મને વિદારવા સમર્થ વીર્ય મેળવી પૂર્વકૃત્ કર્મનો નાશ કરે, નવા કર્મ ન બાંધે...

૬૨૯– કર્મોનો વિનાશ કરવામાં સમર્થ વીર પુરુષ, બીજા દ્વારા પ્રાપ્ત કર્મ–રજનો બંધ ન કરે કેમ કે તે પુરુષ આઠ પ્રકારના કર્મોને છોડીને મોક્ષની સન્મુખ થયેલા છે.

૬૩૦– સર્વ સાધુને માન્ય જે સંયમ છે તે શલ્યને કાપનાર છે, તે સંયમ આરાધીને ઘણાં આત્માઓ સંસાર સાગરને તર્યા છે અથવા દેવપણું પામ્યા છે.

૬૩૧– પૂર્વે ઘણાં ધીર પુરુષો થયા છે અને ભાવિમાં પણ થશે, તેઓ અતિદુર્લભ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું અનુષ્ઠાન કરી તથા માર્ગ પ્રગટ કરીને સંસાર તરી જાય છે – તેમ હું કહું છું.

**શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૧૫ 'આદાનીય' નો ભાવાનુવાદ પૂર્ણ**

# શ્રુતસ્કન્ધ–૧

## અધ્યયન–૧૬ 'ગાથા'

સૂત્ર- ૬૩૨

ભગવંતે કહ્યું- પૂર્વોક્ત ૧૫ અધ્યયનોમાં કહેલ ગુણોથી યુક્ત સાધુ ઈન્દ્રિયોનું દમન કરનાર, મુક્ત થવા યોગ્ય હોવાથી દ્રવ્ય હોય, કાયાને વોસિરાવનાર હોય, તેને માહન, શ્રમણ, ભિક્ષુ, નિર્ગ્રન્થ કહેવાય છે. હે ભગવંત ! દાંત, દ્રવ્ય અને વ્યુત્સૃષ્ટકાયને નિર્ગ્રન્થ, બ્રાહ્મણ, ભિક્ષુ કેમ કહે છે ? તે મને બતાવો.

જે સર્વ પાપકર્મોથી વિરત છે, પ્રેમ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, અરતિ–રતિ, માયા–મૃષા, મિથ્યાદર્શન શલ્યથી વિરત, સમિત, સહિત, સદા સંયત, અક્રોધી, અમાની છે માટે માહણ કહ્યા.

એવો તે શ્રમણ અનિશ્ચિત, નિદાનરહિત છે. આદાન, અતિપાત, મૃષાવાદ અને પરિગ્રહ (તથા) ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ એવા જે કોઈ આત્મપ્રદોષના હેતુ છે, તે–તે આદાનથી જે પહેલાથી પ્રતિવિરત છે, પ્રાણાતિપાતાદિ નિવૃત્ત, દાંત, વ્યુત્સૃષ્ટકાય તે શ્રમણ કહેવાય છે.

આવો ભિક્ષુ અનુન્નત, વિનિત, નમ્ર, દાંત, દ્રવ્ય, દેહ વિસર્જક છે, તે વિવિધ પરીષહ–ઉપસર્ગોને પરાજિત કરી, અધ્યાત્મયોગ અને શુદ્ધ સ્વરૂપમાં સ્થિત છે. સ્થિતાત્મા, વિવેકી, પરદત્તભોજી છે તે ભિક્ષુ કહેવાય છે.

— આવો ભિક્ષુ નિર્ગ્રન્થ- એકાકી, એકવિદ્, બુદ્ધ, છિન્નસ્રોત, સુસંયત, સુસમિત, સુસામયિક, આત્મપ્રવાદ પ્રાપ્ત, વિદ્વાન, દ્વિવિધ શ્રોત પરિછિન્ન, પૂજા સત્કારનો અનાકાંક્ષી, ધર્માર્થી, ધર્મવિદ્, મોક્ષમાર્ગ પ્રતિ સમર્પિત, સમ્યક્ચારી, દાંત, દ્રવ્ય, દેહવિસર્જક છે. તે નિર્ગ્રન્થ કહેવાય છે.

તેને એવી રીતે જાણો જેવી રીતે મેં ભગવંતથી જાણ્યું. તેમ હું કહું છું. કેમ કે ભયથી જીવોની રક્ષા કરનાર સર્વજ્ઞ તીર્થંકર દેવ અન્યથા ઉપદેશ કરતા નથી.

**શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૧૭ 'ગાથા'નો ભાવાનુવાદ પૂર્ણ**

## 'સૂત્રકૃત્' સૂત્રના શ્રુતસ્કંધ–૧ નો
## મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## શ્રુતસ્કન્ધ–૨

## અધ્યયન–૧ 'પુંડરીક'

સૂત્ર– ૬૩૩

સુધર્માસ્વામીએ જમ્બૂસ્વામીને કહ્યું– હે આયુષ્યમાન્! મેં ભગવંત પાસે આવું સાંભળેલ છે કે, આ પૌંડરીક નામના અધ્યયનમાં આ પ્રમાણે વિષય કહ્યો છે – કોઈ પુષ્કરિણી(વાવ)છે, તે ઘણુ પાણી, ઘણુ કીચડ અને જળથી ભરેલી છે. તે પુષ્કરિણી લબ્ધ પ્રતિષ્ઠિત અર્થાત જગતમાં પ્રતિષ્ઠાને પ્રાપ્ત, પ્રાસાદીય અર્થાત ચિત્તને પ્રસન્ન કરનારી, દર્શનીય અર્થાત નેત્રને આનંદકારી, અભિરૂપ અર્થાત પ્રશસ્ત રૂપસંપન્ન, પ્રતિરૂપ અર્થાત અત્યંત મનોહર છે

તે પુષ્કરિણીના તે–તે ભાગમાં ત્યાં ઘણા ઉત્તમોત્તમ પુંડરીક (કમળ) કહ્યા છે. જે ક્રમશઃ ખીલેલા, પાણી અને કીચડ થકી ઉપર ઉઠેલા, સુંદર એવા વર્ણ–ગંધ–રસ–સ્પર્શથી યુક્ત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે. તે પુષ્કરિણીના બહુ મધ્ય ભાગમાં એક ઘણુ મોટું શ્રેષ્ઠ કમળ રહેલું છે. તે પણ ખીલેલુ, ઊંચી પાંખડીવાળુ, સુંદર વર્ણ–ગંધ–રસ–સ્પર્શથી યુક્ત, પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે. તે આખી વાવડીમાં અહીં–તહીં ઘણા ઉત્તમ કમળો રહેલા છે. જે ખીલેલા ઉપર ઉઠેલા યાવત્ પ્રતિરૂપ છે. તે વાવડીના ઠીક મધ્ય ભાગે એક મહાન ઉત્તમ પુંડરીક યાવત્ પ્રતિરૂપ છે.

સૂત્ર– ૬૩૪

હવે કોઈ પુરુષ પૂર્વ દિશાથી વાવડી પાસે આવીને તે વાવડીને કિનારે રહીને જુએ છે કે, ત્યાં એક મહાન શ્રેષ્ઠ કમળ, જે ક્રમશઃ સુંદર રચનાથી યુક્ત યાવત્ પ્રતિરૂપ છે. ત્યારે તે પુરુષ આ પ્રમાણે બોલ્યો – હું પુરુષ છું, ખેદજ્ઞ–દેશ કાલનો જ્ઞાતા અથવા માર્ગના પરિશ્રમનો જ્ઞાતા, કુશળ, પંડિત–વિવેકવાન, વ્યક્ત–પરિપક્વ બુદ્ધિવાળો, મેધાવી, અબાલ–બાલ્યાવસ્થાથી નિવૃત્ત થઇ યુવાવસ્થાને પ્રાપ્ત થયેલ, માર્ગસ્થ, માર્ગવિદ્–માર્ગની ગતિવિધિનો જ્ઞાતા, ગતિપરાક્રમજ્ઞ છું. હું આ શ્રેષ્ઠ કમળને ઉખેડી લાવું.

આવું કહીને તે પુરુષ તે વાવડીમાં પ્રવેશ કરે. જેવો–જેવો તે વાવડીમાં આગળ વધે છે, તેવો–તેવો તે ઘણા પાણી અને કાદવમાં ખૂંચીને કિનારાથી દૂર થયો અને શ્રેષ્ઠ કમળ પ્રાપ્ત ન કરી શક્યો. તે ન આ પાર રહ્યો, ન પેલે પાર. વાવડીમાં ખૂંચી ગયો. આ પહેલો પુરુષ.

સૂત્ર– ૬૩૫

હવે બીજો પુરુષ – તે પુરુષ દક્ષિણ દિશાથી વાવડી પાસે આવ્યો. તે વાવડીના કિનારે રહીને એક મહાન શ્રેષ્ઠ કમળને જુએ છે, જે સુંદર રચનાવાળુ, પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે. ત્યાં તે એક પુરુષને જુએ છે જે કિનારાથી દૂર છે અને તે શ્રેષ્ઠ પુંડરીક સુધી પહોંચ્યો નથી. જે નથી અહીંનો રહ્યો કે નથી ત્યાંનો. પણ તે વાવડી મધ્યે કીચડમાં જ ફસાયેલો છે. ..... ત્યારે બીજા પુરુષે પહેલા પુરુષ સંબંધે કહ્યું –

અહો ! આ પુરુષ અખેદજ્ઞ, અકુશળ, અપંડિત, અવ્યક્ત, અમેધાવી, બાળ, અમાર્ગજ્ઞ, અમાર્ગવિદ્, માર્ગની ગતિ–પરાક્રમને જાણતો નથી. પણ હું ખેદજ્ઞ, કુશળ છું યાવત્ હું તે ઉત્તમ શ્વેત કમળને જરૂર ઉખેડી લાવીશ. પરંતુ આ કમળ આવી રીતે ઉખેડીને લાવી ન શકાય, જેમ આ પુરુષ સમજતો હતો.

હું પુરુષ છું, ખેદજ્ઞ, કુશળ, પંડિત, વ્યક્ત, મેધાવી, અબાલ, માર્ગસ્થ, માર્ગવિદ્, ગતિ–પરાક્રમજ્ઞ છું. હું આ ઉત્તમ શ્વેત કમળ ઉખેડી લાવીશ. તે પુરુષ વાવડીમાં ઊતર્યો. જેવો આગળ વધતો ગયો, તેવો ઊંડા પાણી અને કીચડમાં ફસાયો. કિનારાથી દૂર થયો અને તે કમળને પ્રાપ્ત ન કરી શક્યો. વાવડીમાં ફસાઈ ગયો. આ બીજો પુરુષ.

સૂત્ર– ૬૩૬

હવે ત્રીજો પુરુષ – ત્રીજો પુરુષ પશ્ચિમ દિશાથી વાવડી પાસે આવ્યો. વાવડીના કિનારે એક ઉત્તમ શ્વેત કમળને જુએ છે, જે વિકસિત યાવત્ પ્રતિરૂપ છે. ત્યાં પહેલા બંને પુરુષોને પણ જુએ છે, જેઓ કિનારાથી ભ્રષ્ટ થયા

છે અને ઉત્તમ શ્વેત કમળ લઈ શક્યા નથી યાવત વાવડીની વચ્ચે કીચડમાં ફસાઈ ગયા છે ત્યારે તે ત્રીજો પુરુષ એમ કહે છે, અરે ! આ પુરુષો અખેદજ્ઞ, અકુશળ, અપંડિત, અવ્યક્ત, અમેધાવી, બાળ, અમાર્ગસ્થ, અમાર્ગવિદ્, અમાર્ગગતિ પરાક્રમજ્ઞ છે. તેઓ જે માનતા હતા કે અમે શ્વેત કમળને લઈ આવીશું, પણ તેઓ માનતા હતા તે રીતે આ શ્વેત કમળ લાવી શકાય નહીં.

પરંતુ હું ખેદજ્ઞ, કુશળ, પંડિત, વ્યક્ત, મેધાવી, અબાલ, માર્ગસ્થ, માર્ગવિદ્, ગતિ–પરાક્રમજ્ઞ છું. હું આ ઉત્તમ શ્વેત કમળને લઈ આવીશ. એમ વિચારી તેણે વાવડીમાં પ્રવેશ કર્યો. પણ જેવો તે આગળ ચાલ્યો યાવત તેવો તે ઊંડા પાણી અને કીચડમાં ફસાઈ ગયો. કલેશ પામ્યો ને દુઃખી થયો. આ ત્રીજો પુરુષ.

સૂત્ર– ૬૩૭

હવે ચોથો પુરુષ – ચોથો પુરુષ ઉત્તર દિશાથી તે વાવડી પાસે આવ્યો, કિનારે ઊભા રહી તેણે એક ઉત્તમ શ્વેત કમળ જોયું, જે ખીલેલું યાવત્ પ્રતિરૂપ હતું. તેણે પહેલા ત્રણ પુરુષો જોયા, જે કિનારાથી ભ્રષ્ટ થઈ યાવત્ કાદવમાં ખૂંચેલા હતા. ત્યારે ચોથા પુરુષે કહ્યું – અહો ! આ પુરુષો અખેદજ્ઞ છે યાવત્ માર્ગના ગતિ–પરાક્રમને જાણતા નથી. યાવત્ તેઓ ઉત્તમ શ્વેત કમળને લાવી શક્યા નથી.

પરંતુ હું ખેદજ્ઞ યાવત્ માર્ગના ગતિ–પરાક્રમનો જ્ઞાતા છું, હું આ ઉત્તમ શ્વેત કમળને ખેંચી લાવીશ, તે વાવડીમાં જેવો આગળ વધ્યો યાવત્ કાદવમાં ખૂંચી ગયો. આ ચોથો પુરુષ.

સૂત્ર– ૬૩૮

પછી રાગદ્વેષ રહિત, ખેદજ્ઞ યાવત્ ગતિ–પરાક્રમનો જ્ઞાતા ભિક્ષુ કોઈ દિશા કે વિદિશાથી તે વાવડીને કિનારે આવ્યો. તે વાવડીના કિનારે રહીને જુએ છે કે ત્યાં એક મહાન શ્વેત કમળ યાવત્ પ્રતિરૂપ છે. તે સાધુ ચાર પુરુષોને પણ જુએ છે, જેઓ કિનારાથી ભ્રષ્ટ છે યાવત્ ઉત્તમ શ્વેત કમળને પ્રાપ્ત કરી શક્યા નથી. આ પાર કે પેલે પાર જવાના બદલે વાવડીની વચ્ચે ઊંડા કાદવમાં ફસાયા છે. ત્યારે તે ભિક્ષુએ કહ્યું – અરે ! આ પુરુષો અખેદજ્ઞ યાવત્ માર્ગના ગતિ–પરાક્રમના જ્ઞાતા નથી, યાવત આ પુરુષો માનતા હતા કે અમે ઉત્તમ કમળ લાવીશું પણ લાવી શક્યા નથી.

હું ભિક્ષાજીવી સાધુ છું, રાગ–દ્વેષ રહિત છું, સંસાર–કિનારાનો અર્થી છું. ખેદજ્ઞ યાવત્ માર્ગના ગતિ પરાક્રમનો જ્ઞાતા છું. હું આ ઉત્તમ શ્વેત કમળ લાવીશ. એમ વિચારીને તે સાધુ વાવડીમાં પ્રવેશ કર્યા વિના કિનારે ઊભી અવાજ કરે છે – અરે ઓ ઉત્તમ શ્વેત કમળ ! ઊઠીને અહીં આવો. એ રીતે તે ઉત્તમ કમળ વાવડીમાંથી બહાર આવી જાય છે.

સૂત્ર– ૬૩૯

હે આયુષ્યમાન્ શ્રમણો ! મેં જે દૃષ્ટાંત કહ્યું, તેનો અર્થ જાણવો જોઈએ.

હા, ભદન્ત ! કહી, શ્રમણ ભગવંત મહાવીરને સાધુ–સાધ્વીઓ વાંદી, નમીને આ પ્રમાણે બોલ્યા – હે આયુષ્યમાન્ શ્રમણ ! અમે તે દૃષ્ટાંતનો અર્થ જાણતા નથી.

શ્રમણ ભગવંત મહાવીરે તે અનેક સાધુ–સાધ્વીઓને આમંત્રીને આ પ્રમાણે કહ્યું – હે આયુષ્યમાન્ શ્રમણો ! હું તેનો અર્થ કહીશ, સ્પષ્ટ કરીશ, પર્યાયો કહીશ, પ્રવેદીશ, અર્થ–હેતુ–નિમિત્ત સહિત તે અર્થને વારંવાર જણાવીશ.

સૂત્ર– ૬૪૦

હે આયુષ્યમાન્ શ્રમણો ! મેં લોકને પુષ્કરિણી કહી છે. હે શ્રમણ આયુષ્યમાન્ ! મેં કર્મને પાણી કહ્યું છે. કામભોગોને કાદવ કહ્યો છે. જન–જાનપદોને મેં ઘણા શ્રેષ્ઠ શ્વેત કમળો કહ્યા છે. રાજાને મેં એક મહા પદ્મવર પૌંડરિક કહ્યું છે. મેં અન્યતીર્થિકોને તે ચાર પુરુષજાતિ બતાવી છે. હે આયુષ્યમાન્ શ્રમણો ! મેં ધર્મને તે ભિક્ષુ કહ્યો છે, ધર્મતીર્થને મેં તટકિનારો કહ્યો છે. ધર્મકથાને મેં તે શબ્દો (અવાજ) કહ્યો છે. નિર્વાણને મેં તે કમળને વાવડીમાંથી ઊઠીને બહાર આવવા કહ્યું છે. હે આયુષ્યમાન્ શ્રમણો ! મેં આ રીતે વિચારીને તે ઉપમાઓ આપી છે.

સૂત્ર- ૬૪૧

આ મનુષ્યલોકમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ દિશાઓમાં વિવિધ પ્રકારના મનુષ્યો અનુક્રમે લોકમાં ઉત્પન્ન થાય છે. જેમ કે કોઈ આર્ય, કોઈ અનાર્ય, કોઈ ઉચ્ચગોત્રીય, કોઈ નીચગોત્રીય, કોઈ વિશાળકાય, કોઈ ઠીંગણા, કોઈ સુંદરવર્ણા, કોઈ હીનવર્ણા, કોઈ સુરૂપ, કોઈ કુરૂપ હોય છે. તે મનુષ્યોમાં એક રાજા થાય છે...

તે મહાન હિમવંત, મલય, મંદર, મહેન્દ્ર પર્વત સમાન, અત્યંત વિશુદ્ધ રાજકુલવંશમાં ઉત્પન્ન, નિરંતર રાજલક્ષણોથી શોભિત અંગવાળો, અનેક જનના બહુમાનથી પૂજિત, સર્વગુણ સમૃદ્ધ, ક્ષત્રિય, આનંદિત, રાજ્યાભિષેક કરાયેલ, માતા–પિતાનો સુપુત્ર, દયાપ્રિય, સીમંકર–સીમાને કરનાર, સીમંધર–મર્યાદાનું પાલન કરનાર, ક્ષેમંકર–કલ્યાણને કરનાર, ક્ષેમંધર–કલ્યાણને ધારણ કરનાર, મનુષ્યોમાં ઈન્દ્ર, જનપદનો પિતા, જનપદનો પુરોહિત, સેતુકર–કુમાર્ગે જનારને સન્માર્ગે લાવીને મર્યાદામાં સ્થિર કરનાર, કેતુકર–અદભૂત કાર્ય કરનાર, નરપ્રવર–સાધારણ મનુષ્યોમાં શ્રેષ્ઠ, પુરુષપ્રવર–પુરુષાર્થ સિદ્ધ કરવામાં શ્રેષ્ઠ, પુરિસસિંહ, પુરુષઆસીવિષ, પુરુષવરપૌંડરીક, પુરુષવરગંધહસ્તી, આઢ્ય–અખૂટ ધનના સ્વામી, દપ્ત–શત્રુના અભિમાનનો નાશ કરનાર, વિત્ત–પ્રખ્યાત હતો.

તેને ત્યાં વિશાળ, વિપુલ, ભવન, શયન, આસન, યાન, વાહનની પ્રચૂરતા હતી. અતિ ધન, સુવર્ણ, રજતયુક્ત હતો. તેને ઘણા દ્રવ્યોની આવક–જાવક હતી. વિપુલ ભોજન, પાણી અપાતા હતા. તેને ઘણા દાસ, દાસી, ગાય, ભેંસ, બકરીઓ હતા. તેના કોશ, કોષ્ઠાગાર, શસ્ત્રાગાર સમૃદ્ધ હતા. તે બળવાન હતો, શત્રુઓને નિર્બળ બનાવતો હતો. તેનું રાજ્ય ઓહયકંટક, નિહયકંટક, મલિયકંટક, ઉદ્ધિયકંટક, અકંટક હતું. ઓહયશત્રુ, નિહયશત્રુ, મલિયશત્રુ, ઉદ્ધિતશત્રુ, નિર્જિતશત્રુ, પરાજિતશત્રુ, દુર્ભિક્ષ અને મારીના ભયથી મુક્ત હતું. અહીંથી આરંભીને રાજ્ય વર્ણન ઉવવાઈ સૂત્રાનુસાર ''એવા રાજ્યનું પ્રશાસન–પાલન કરતો રાજા વિચરતો હતો.'' ત્યાં સુધી જાણવું.

તે રાજાને પર્ષદા હતી. તેમાં ઉગ્ર, ઉગ્રપુત્રો, ભોગ, ભોગપુત્રો, ઇક્ષ્વાકુ, ઇક્ષ્વાકુપુત્રો, જ્ઞાત, જ્ઞાતપુત્રો, કૌરવ્ય, કૌરવ્યપુત્રો, ભટ્ટ, ભટ્ટપુત્રો, બ્રાહ્મણ, બ્રાહ્મણપુત્રો, લેચ્છકી, લેચ્છકીપુત્રો, પ્રશાસ્તા, પ્રશાસ્તાપુત્રો, સેનાપતિ અને સેનાપતિ પુત્રો હતા.

તેમાં કોઈ ધર્મશ્રદ્ધાળુ હતા. કોઈ શ્રમણ કે બ્રાહ્મણ તેમની પાસે જવા વિચારે છે, કોઈ એક ધર્મશિક્ષા દેનાર શ્રમણ કે બ્રાહ્મણ એવો નિશ્ચય કરે કે અમે તેને અમારા ધર્મની શિક્ષા આપીશું. તે આ ધર્મશ્રદ્ધાળુ પાસે જઈને કહે છે, હે પ્રજાના રક્ષક રાજન્ ! હું તમને ઉત્તમ ધર્મનું સ્વરૂપ બતાવું છું. તે તમે સમજો. તે ધર્મ આ પ્રમાણે છે –

અહી સૌ પહેલા 'તજ્જીવ તચ્છરીરવાદી'નો અભિપ્રાય જણાવે છે– પાદતળથી ઉપર, માથાના વાળ પર્યન્ત, તીર્છુ ચામડી સુધી શરીર છે. તે જ જીવ છે, આ જીવ જ શરીરનો સમસ્ત પર્યાય છે, શરીર જીવતા તે જીવે છે. મરતા તે જીવતો નથી. શરીર હોય ત્યાં સુધી રહે છે, નાશ પામતા નથી રહેતો. શરીર છે, ત્યાં સુધી જ જીવન છે. શરીર મરી જાય ત્યારે લોકો તેને બાળવા લઈ જાય છે. બળ્યા પછી હાડકા કાબરચીતરા થાય છે. પછી પુરુષો નનામીને લઈને ગામમાં પાછા જાય છે. યાવત એ સ્થિતિમાં સ્પષ્ટ થાય છે કે શરીરથી ભિન્ન જીવ નામનો કોઈ પદાર્થ નથી.

જેઓ યુક્તિપૂર્વક એવું પ્રતિપાદન કરે છે – જીવ જુદો છે, શરીર જુદું છે તેઓ એવું બતાવી શકતા નથી કે – આ આત્મા દીર્ઘ છે કે હ્રસ્વ છે, પરિમંડલ છે કે ગોળ છે, ત્રિકોણ–ચતુષ્કોણ–ષટ્કોણ કે અષ્ટકોણ છે, કૃષ્ણ–નીલ–લાલો–પીળો કે સફેદ છે, સુગંધી છે કે દુર્ગંધી, તીખો–કડવો–તૂરો–ખાટો કે મીઠો છે, કર્કશ–કોમળ–ભારે–હલકો–ઠંડો–ગરમ–સ્નિગ્ધ કે રૂક્ષ છે.

એ રીતે જેઓ જીવને શરીરથી ભિન્ન માને છે, તેમનો મત યુક્તિયુક્ત નથી.

જેઓનું આ કથન છે કે – જીવ અન્ય છે, શરીર અન્ય છે, તેઓ જીવને ઉપલબ્ધ કરાવી શકતા નથી.

૧– જેમ કોઈ પુરુષ મ્યાનથી તલવાર બહાર કાઢી કહે કે – આ તલવાર છે, આ મ્યાન છે, તેમ આ જીવ–આ શરીર કહી શકતો નથી.

૨– જેમ કોઈ પુરુષ મુંજ ઘાસમાંથી સળી બહાર કાઢી બતાવે – આ મુંજ અને આ સળી તેમ કોઈ પુરુષ બતાવી શકતો નથી કે આ જીવ અને આ શરીર.

૩– જેમ કોઈ પુરુષ માંસથી હાડકું અલગ કરી બતાવે કે આ માંસ અને આ હાડકું, તેમ કોઈ પુરુષ બતાવી શકતો નથી કે આ શરીર છે અને આ આત્મા છે.

૪– જેમ કોઈ પુરુષ હથેળીમાં આંબળો રાખીને બતાવી શકે કે આ હથેળી અને આ આંબળો છે, તેમ કોઈ પુરુષ શરીરમાંથી આત્મા બહાર કાઢી ન કહી શકે કે આ શરીર છે અને આ આત્મા છે.

૫– જેમ કોઈ પુરુષ દહીંમાથી માખણ કાઢીને બતાવે કે આ દહીં છે અને આ માખણ છે, તેમ કોઈ પુરુષ બતાવી શકતો નથી કે આ શરીર છે – આ આત્મા છે.

૬– જેમ કોઈ પુરુષ તલમાંથી તેલ કાઢી બતાવે કે આ તેલ છે અને આ ખોળ છે તેમ કોઈ પુરુષ શરીર પૃથક્ આત્માથી આ આત્મા છે – આ શરીર છે, તેમ ન કહી શકે.

૭– જેમ કોઈ પુરુષ શેરડીમાંથી રસ કાઢીને બતાવે કે આ શેરડીનો રસ છે અને આ છોતરા છે, તેમ કોઈ પુરુષ શરીર અને આત્માને અલગ કરી દેખાડી ન શકે.

૮– જેમ કોઈ પુરુષ અરણિમાંથી આગ કાઢીને પ્રત્યક્ષ બતાવે કે આ અરણિ છે અને આ આગ છે, તેમ હે આયુષ્યમાન્ ! કોઈ પુરુષ શરીરથી આત્માને કાઢીને બતાવી શકતો નથી કે આ શરીર છે અને આ આત્મા છે.

આ રીતે તે સુઆખ્યાત છે કે અન્ય શરીર–અન્ય જીવની વાત મિથ્યા છે.

આ પ્રમાણે 'તે જીવ–તે શરીરવાદી'લોકાયાતિક નાસ્તિક ચાર્વાકદર્શનની માન્યતા સ્વીકારનારા–

જીવોને સ્વયં હણે છે – અને કહે છે કે – હણો, ખોદો, છેદો, બાળો, પકાવો, લૂંટો, હરો, વિચાર્યા વિના સહસા આ કરો, તેને પીડિત કરો. આ શરીર માત્ર જીવ છે, પરલોક નથી. તે શરીર–આત્મવાદી માનતા નથી કે – આ કરવું જોઈએ કે આ ન કરવું જોઈએ, સુકૃત છે કે દુષ્કૃત છે, કલ્યાણ છે કે પાપ છે, સારું છે કે ખરાબ છે, સિદ્ધિ છે કે અસિદ્ધિ છે, નરક છે કે નરક નથી, આ રીતે તેઓ વિવિધ રૂપે કામભોગનો સમારંભ અને કામભોગોનું સેવન કરે છે

આ રીતે શરીરથી ભિન્ન આત્માને ન માનવાની ધૃષ્ટતા કરનાર કોઈ પોતાના મત–અનુસાર દીક્ષા લઈ '' મારો ધર્મ જ સત્ય છે'' એવી પ્રરૂપણા કરે છે. આ શરીરાત્મવાદમાં શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ કરી કોઈ રાજા આદિ તેને કહે છે – હે શ્રમણ કે બ્રાહ્મણ ! તમે મને સારો ધર્મ બતાવ્યો. હે આયુષ્ય માન્ ! હું તમારી પૂજા કરું છું, તે આ પ્રમાણે – અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછનક આદિ દ્વારા તમારો સત્કાર–સન્માન કરીએ છીએ. એમ કહી તેમની પૂજામાં પ્રવૃત્ત થાય છે.

આ શરીરાત્મવાદીની પહેલા તો પ્રતિજ્ઞા હોય છે કે – અમે અનગાર, અકિંચન, અપુત્ર, અપશુ, પરદત્તભોજી ભિક્ષુ એવા શ્રમણ બનીને પાપકર્મ કરીશું નહીં, દીક્ષા લીધા પછી તે પાપકર્મોથી વિરત થતા નથી. તે સ્વયં પરિગ્રહ કરે છે, બીજા પાસે પણ કરાવે છે અને તેમ કરનારનું અનુમોદન કરે છે. એ જ પ્રમાણે તેઓ સ્ત્રી તથા કામભોગોમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, ગ્રથિત, આસક્ત, લુબ્ધ, રાગ–દ્વેષ વશ થઈને પીડિત રહે છે. તેઓ સંસારથી નથી પોતાને છોડાવતા, નથી બીજાને છોડાવતા, નથી બીજા પ્રાણી, જીવ, ભૂત કે સત્ત્વોને મુક્ત કરાવતા. તેઓ પોતાના પૂર્વસંબંધીથી ભ્રષ્ટ થયા છે અને આર્ય માર્ગ પામતા નથી. તે નથી આ લોકના રહેતા કે નથી પરલોકના. વચ્ચે કામભોગોમાં ડૂબી જાય છે. આ પ્રમાણે તે જીવ–તે શરીરવાદી પહેલો પુરુષજાત જાણવો.

સૂત્ર– ૬૪૨

હવે બીજો પંચમહાભૂતિક પુરુષજાત કહે છે – મનુષ્ય લોકમાં પૂર્વાદિ દિશામાં મનુષ્યો અનુક્રમે ઉત્પન્ન

થયેલા હોય છે. જેમ કે કોઈ આર્ય છે – કોઈ અનાર્ય છે યાવત્ કોઈ કુરુપ છે. તેઓમાં કોઈ એક રાજા હોય. એ પ્રમાણે યાવત્ સેનાપતિપુત્ર જાણવા. તેમાં કોઈ એક શ્રદ્ધાળુ હોય છે. તે શ્રમણ કે બ્રાહ્મણ પાસે જવાની ઇચ્છા કરે છે. તે કોઈ એક ધર્મની શિક્ષા દેનાર અન્યતીર્થિક, રાજા આદિને કહે છે – અમે તમને ઉત્તમ ધર્મનું શિક્ષણ આપીશું. હે ભયત્રાતા ! મારો આ ધર્મ સુઆખ્યાત, સુપ્રજ્ઞપ્ત છે.

આ જગતમાં પંચમહાભૂત છે, જેથી અમારી ક્રિયા, અક્રિયા, સુકૃત, દુષ્કૃત, કલ્યાણ, પાપ, સારું, ખરાબ, સિદ્ધિ, અસિદ્ધિ, નરક કે અનરક અધિક શું કહીએ ? તૃણના હલવા માત્ર જેવી ક્રિયા પણ પાંચ મહાભૂતોથી થાય છે.

તે ભૂત – સમવાયને જુદા–જુદા નામે જાણવા. તે આ પ્રમાણે – પૃથ્વી એક મહાભૂત છે, પાણી બીજું, અગ્નિ ત્રીજું, વાયુ ચોથુ અને આકાશ પાંચમું મહાભૂત છે. આ પાંચ મહાભૂત અનિર્મિત છે, અનિર્માપિત છે, અકૃત છે. કૃત્રિમ નથી. અનાદિ, અનંત, અવશ્ય કાર્ય કરનાર છે, તેને કાર્યમાં પ્રવૃત્ત કરનાર કોઈ બીજો પદાર્થ નથી. તે સ્વતંત્ર તેમજ શાશ્વત–નિત્ય છે.

કેટલાંક સાંખ્યવાદી પંચ મહાભૂત અને છટ્ઠા આત્મતત્ત્વને માને છે. તેઓ એમ કહે છે કે– સત્‌નો વિનાશ નથી, અસત્‌ની ઉત્પત્તિ નથી. પાંચ મહાભૂત જ જીવકાય છે, આટલા જ અસ્તિકાય છે, આટલો જ સર્વલોક છે, આ જ લોકનું પ્રમુખ કારણ છે, વિશેષ શું કહેવું? તૃણ કંપન પણ તેના કારણે જ થાય છે.

આ દૃષ્ટિએ આત્મા અસત હોવાથી સ્વયં ખરીદતા–ખરીદાવતા, હણતા–હણાવતા, રાંધતા–રંધાવતા ત્યાં સુધી કે કોઈ પુરુષને ખરીદ કરી ઘાત કરનાર પણ દોષનો ભાગી થતો નથી, કેમ કે આ બધાં કાર્યોમાં કોઈ દોષ નથી, એ પ્રમાણે સમજો. પાંચ મહાભૂતવાદી આ પ્રમાણે વિપરીત પ્રરુપણા કરે છે. વળી....

તેઓ ક્રિયાથી લઈ નરકભિન્ન ગતિને માનતા નથી. તેઓ વિવિધરૂપે કર્મસમારંભ વડે વિવિધ કામભોગોને ભોગવવા સમારંભ કરે છે. એ રીતે તેઓ અનાર્ય તથા વિપ્રતિપન્ન બની પંચમહાભૂતવાદીઓના ધર્મમાં શ્રદ્ધા રાખતા, પ્રતીતિ કરતા યાવત્ તેઓ આ પાર કે પહેલે પાર ન રહેતા, વચ્ચે જ કામભોગોમાં વિષાદ પામે છે. આ બીજો પંચમહાભૂતિક પુરુષજાત કહેવાયેલ છે.

સૂત્ર– ૬૪૩

હવે ત્રીજો પુરુષ ઈશ્વરકારણવાદી કહેવાય છે, તેનું વર્ણન કરે છે– આ લોકમાં પૂર્વાદિ દિશામાં અનુક્રમે કેટલાય મનુષ્યો ઉત્પન્ન થાય છે. તેમાં કોઈ આર્ય હોય છે યાવત્ તેમાંનો કોઈ રાજા થાય છે. યાવત્ તેમાં કોઈ એક ધર્મશ્રદ્ધાળુ હોય છે. કોઈ શ્રમણ કે બ્રાહ્મણ તેની પાસે જવા નિશ્ચય કરે છે. યાવત્ મારો આ ધર્મ સુઆખ્યાત, સુપ્રજ્ઞપ્ત છે. આ જગતમાં જે ધર્મ છે તે પુરુષાદિક, પુરુષોત્તરિક, પુરુષપ્રણિત, પુરુષસંભૂત, પુરુષપ્રદ્યોતીત, પુરુષ અભિસમન્વાગત પુરુષને આધારે જ રહેલ છે. અહીં પુરુષનો અર્થ ઈશ્વર જાણવો.

જેમ કોઈ પ્રાણીના શરીરમાં ગુમડા ઉત્પન્ન થાય, શરીરમાં વધે, શરીરનું અનુગામી બને, શરીરમાં જ સ્થિત થાય, તેમ ધર્મ ઈશ્વરથી જ ઉત્પન્ન થાય યાવત્ ઈશ્વરને આધારે ટકે છે. જેમ અરતિ શરીરથી જ ઉત્પન્ન થાય, વૃદ્ધિ પામે, અનુગામી બને, શરીરને આધારે ટકે તેમ ધર્મ પણ ઈશ્વરથી ઉત્પન્ન થાય યાવત્ ઈશ્વરને આધારે ટકે.

જેવી રીતે કોઈ રાફડો પૃથ્વીથી ઉત્પન્ન થાય, વૃદ્ધિ પામે, અનુગામી બને, સ્થિત થાય, તેમ ધર્મ પણ ઈશ્વરથી ઉત્પન્ન થઈ યાવત્ ઈશ્વરને આધારે રહે છે.

જેમ કોઈ વૃક્ષ પૃથ્વીથી ઉત્પન્ન થાય, વૃદ્ધિ પામે, અનુગામી બને, પૃથ્વીને આધારે સ્થિત રહે, તેમ ધર્મ પણ ઈશ્વરથી ઉત્પન્ન થાય યાવત્ ટકે છે.

જેમ કોઈ વાવડી પૃથ્વીથી ઉત્પન્ન થઈ યાવત્ પૃથ્વીને આધારે રહે છે, તેમ ધર્મ પણ ઈશ્વરથી ઉત્પન્ન થઈ યાવત્ ઈશ્વરને આધારે ટકે છે.

જેમ કોઈ પાણીની ભરતી પાણીથી ઉત્પન્ન થાય યાવત્ પાણીથી જ વ્યાપ્ત રહે છે, તેમ ધર્મ પણ ઈશ્વરથી

ઉત્પન્ન થઈ યાવત્ ઈશ્વરમાં જ વ્યાપ્ત રહે છે.

જેમ કોઈ પાણીનો પરપોટો પાણીથી ઉત્પન્ન થાય યાવત્ પાણીમાં જ વિલીન થાય, તેમ ધર્મ ઈશ્વરથી ઉત્પન્ન થાય યાવત્ સ્થિત રહે છે.

જે આ શ્રમણ–નિર્ગ્રન્થો દ્વારા ઉદ્દિષ્ટ, પ્રણીત, પ્રગટ કરેલ દ્વાદશાંગ ગણિપિટક છે, જેમ કે – આચાર, સૂયગડ યાવત્ દિટ્ઠિવાય, તે બધું મિથ્યા છે તે સત્ય નથી અને યથાતથ્ય પણ નથી. આ (ઈશ્વરવાદ) જ સત્ય, તથ્ય અને યથાતથ્ય છે. આ પ્રમાણે તેઓ આવી સંજ્ઞા રાખે છે, તેની સ્થાપના કરે છે, બીજાને કહે છે. પક્ષી જેમ પીંજરાને તોડી શકતું નથી, તેમ તેઓ ઈશ્વર–કતૃત્વવાદને સ્વીકારી ઉત્પન્ન થતા દુઃખને છોડી શકતા નથી.

ઈશ્વર કર્તૃત્ત્વવાદી આ પ્રમાણે વિપરીત પ્રરુપણા કરે છે કે– તેઓ ક્રિયા યાવત્ નરકને સ્વીકારતા નથી. એ પ્રમાણે તેઓ વિવિધરૂપે કર્મ સમારંભ વડે અને વિવિધ કામ–ભોગોને માટે આરંભ કરે છે. તેઓ અનાર્ય છે, વિપ્રતિપન્ન છે. ઈશ્વરકતૃત્વવાદમાં શ્રદ્ધા રાખતા યાવત્ આ પાર કે પેલે પાર ન પહોંચતા મધ્યમાં જ કામભોગોમાં ફસાઈ દુઃખ પામે છે. આ ત્રીજો ઈશ્વરકારણિક પુરુષવાદ કહ્યો.

સૂત્ર– ૬૪૪

હવે નિયતિવાદી નામના ચોથા પુરુષનું વર્ણન કરે છે. આ લોકમાં પૂર્વાદિ દિશામાં મનુષ્યો ઉત્પન્ન થાય છે ઈત્યાદિ પૂર્વવત્ જાણવું. તેમાં કોઈ એક ધર્મશ્રદ્ધાળુ હોય છે. શ્રમણ કે બ્રાહ્મણ તેની પાસે જવા નિશ્ચય કરે છે યાવત્ મારો આ ધર્મ સુઆખ્યાત, સુપ્રજ્ઞપ્ત છે.

આ લોકમાં બે પ્રકારના પુરુષો હોય છે – એક ક્રિયાનું કથન કરે છે, બીજો ક્રિયાનું કથન કરતો નથી. યાવત તે બંને પુરુષો એક જ અર્થવાળા, એક જ કારણને પ્રાપ્ત તુલ્ય છે. બંને અજ્ઞાની છે.

નિયતીવાદી પોતાના સિદ્ધાંતને સ્પષ્ટ કરતા કહે છે કે– સુખ દુઃખના કારણભૂત કાલાદિને માનતા એમ સમજે છે કે – હું જે કંઈ દુઃખ, શોક, ઝૂરાપો, તપ્તતા, પીડા, પરિતપ્તતા પામી રહ્યો છું, તે મારા જ કર્મનું ફળ છે, બીજા જે દુઃખ, શોક આદિ પામી રહ્યા છે, તે તેના કર્મ છે.

આ પ્રમાણે તે અજ્ઞાની સ્વનિમિત્ત તથા પરનિમિત્ત–કારણ કર્મફળ સમજે છે. પરંતુ એકમાત્ર નિયતિને જ કારણ માનનારા મેધાવી એવું જ માને છે – કહે છે કે હું જે કાંઈ દુઃખ–શોક–ઝુરાપો–સંતપ્તતા–પીડા કે પરિતપ્તતા પામું છું તે મારા કરેલા કર્મ નથી. બીજા પુરુષ પણ જે દુઃખ–શોક આદિ પામે છે, તે પણ તેના કરેલા કર્મોનું ફળ નથી. પરંતુ તે મેધાવી માને છે કે – × – આ બધું નિયતિકૃત છે, બીજા કોઈ કારણથી નહીં.

હું નિયતિવાદી કહું છું કે પૂર્વાદિ દિશામાં રહેનાર જે ત્રસ સ્થાવર પ્રાણી છે, તે બધાં નિયતિના પ્રભાવથી સંઘાયને, વિપર્યાસને, વિવેકને અને વિધાનને પામે છે એ રીતે નિયતિ જ બધાં સારા–ખરાબ કાર્યોનું કારણ છે.

નિયતિવાદી ક્રિયા યાવત્ નરક કે નરક અતિરિક્ત ગતિને નથી માનતા. આ પ્રમાણે તે નિયતિવાદી વિવિધરૂપે કર્મસમારંભ કરતા વિવિધ કામભોગોને ભોગવતા આરંભ કરે છે. એ રીતે તે અનાર્યો વિપ્રતિપન્ન થઈ તેની શ્રદ્ધા કરતા યાવત્ તેઓ આ પાર કે પેલે પાર ન રહેતા વચમાં જ કામભોગોમાં ફસાઈને વિષાદ પામે છે. નિયતિવાદી નામક ચોથો પુરુષ કહ્યો.

આ રીતે આ ચાર પુરુષ ભિન્ન–ભિન્ન બુદ્ધિવાળા–અભિપ્રાયવાળા–શીલવાળા–દ્રષ્ટિવાળા–રુચિવાળા–આરંભવાળા–અધ્યવસાયવાળા છે. તેઓએ માતા પિતા આદિ પૂર્વસંયોગો તો છોડ્યા છે, પરંતુ મોક્ષમાર્ગને પ્રાપ્ત થયા નથી. તેથી તેઓ આ પાર કે પેલે પાર પહોંચ્યા વિના મધ્યમાં જ કામભોગોમાં આસક્ત બનીને ખેદને પામે છે– ડૂબી જાય છે.

સૂત્ર– ૬૪૫

સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે– હું એમ કહું છું કે – પૂર્વાદિ દિશાઓમાં મનુષ્યો હોય છે. જેવા કે – આર્ય

કે અનાર્ય, ઉચ્ચગોત્રીય કે નીચ ગોત્રીય, મહાકાય કે હ્રસ્વકાય, સુવર્ણ કે દુર્વર્ણ, સુરૂપ કે કુરૂપ, તેમને જન–જાનપદ આદિ થોડો કે વધુ પરિગ્રહ હોય છે. આવા પ્રકારના કુળોમાં આવીને કોઈ ભિક્ષાવૃત્તિ ધારણ કરવા ઉદ્યત થાય છે. કેટલાક જ્ઞાતિજન, અજ્ઞાતિજન, ઉપકરણ છોડીને ભિક્ષાવૃત્તિ ધારણ કરે છે અથવા કોઈ અવિદ્યમાન જ્ઞાતિજન આદિ છોડીને ભિક્ષાવૃત્તિ ધારણ કરે છે.

જે વિદ્યમાન કે અવિદ્યમાન જ્ઞાતિજન, અજ્ઞાતિજન અને ઉપકરણોને છોડીને ભિક્ષાચર્યાને માટે સમુત્થિત થાય છે, તેઓને પહેલાથી ખબર હોય છે કે – આ લોકમાં પુરુષગણ પોતાનાથી ભિન્ન વસ્તુઓ માટે અમસ્તા જ તેવું માને છે કે આ વસ્તુ મારે કામ આવશે. જેમ કે – મારા ક્ષેત્ર–વાસ્તુ–હિરણ્ય–સુવર્ણ–ધન–ધાન્ય–કાંસુ–વસ્ત્ર – વિપુલ ધન–કનક–રત્ન–મણિ–મોતી–શંખ–શિલ–પ્રવાલ–રક્તરત્ન આદિ સારભૂત વસ્તુઓ, મારા શબ્દો–રૂપ–ગંધ–રસ–સ્પર્શ, આ કામભોગો મારા છે, હું તેનો ઉપભોગ કરીશ.

તે મેધાવી પહેલાથી જ સ્વયં એવું જાણી લે કે – આ લોકમાં જ્યારે મને કોઈ દુઃખ, રોગ, આતંક ઉત્પન્ન થાય, કે જે મને અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમણામ, દુઃખરૂપ, અસુખરૂપ છે. હે ભયંતાર ! મારા આ કામભોગો, મારા અનિષ્ટ, અકંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમણામ દુઃખ, અસુખ, રોગ–આતંક આદિ તમે વહેંચી લો. કેમ કે હું તેનાથી ઘણો દુઃખી છું, શોકમાં છું, ચિંતામાં છું, પીડિત છું, વેદનામાં છું, અતિસંતપ્ત છું. તેથી તમે બધા મને આ અનિષ્ટ, અકાંત – યાવત્ – અસુખરૂપ મારા કોઈ એક દુઃખ કે રોગાતંકથી મને મુક્ત કરાવો, તો તેવું કદી બનતું નથી.

આ સંસારમાં કામભોગ તે દુઃખીને રક્ષણ કે શરણરૂપ થતાં નથી. કોઈ પુરુષ પહેલાથી જ આ કામભોગોને છોડી દે છે અથવા કામભોગો તે પુરુષને પહેલાં છોડી દે છે. તેથી કામભોગો અન્ય છે અને હું પણ અન્ય છું. તો પછી અમે આ ભિન્ન કામભોગોમાં શા માટે મૂર્ચ્છિત થઈએ ? આવું જાણીને અમે જ કામભોગોનો ત્યાગ કરીએ.

તે મેધાવી જાણી લે કે આ કામભોગો બહિરંગ છે. તેનો રાગ છોડી દે, જેમ કે – મારી માતા, મારા પિતા, મારા ભાઈ–બહેન–પત્ની–પુત્ર–પુત્રી, મારા દાસ–પૌત્ર–પુત્રવધૂ–પ્રિયા–સખા–સ્વજન–સંબંધી છે, આ મારા જ્ઞાતિજન છે અને હું પણ તેમનો છું.

તે મેધાવી પહેલાથી જ પોતાને સારી રીતે જાણી લે. આ લોકમાં મને કોઈ દુઃખ, રોગ, આતંક ઉત્પન્ન થશે, જે અનિષ્ટ યાવત્ અસુખરૂપ હોય તો હે ભયંતાર ! જ્ઞાતિજનો, આ મારા કોઈ દુઃખ, રોગ, આતંક તમે વહેંચી લેજો કે જે મને અનિષ્ટ યાવત્ અસુખરૂપ છે. હું તે દુઃખથી દુઃખી છું, શોકમાં છું યાવત્ સંતપ્ત છું. મને આ કોઈપણ દુઃખ, રોગ, આતંકથી મુક્ત કરાવો, જે મને અનિષ્ટ યાવત્ અસુખરૂપ છે એવું કદી બનતું નથી.

અથવા તે ભયંતાર મારા જ્ઞાતિજનને જ કોઈ દુઃખ, રોગ, આતંક ઉત્પન્ન થઈ જાય જે મને અનિષ્ટ યાવત્ અસુખરૂપ છે, તો હું મારા તે ભયત્રાતા જ્ઞાતિજનોના કોઈ દુઃખ, રોગ, આતંકમાં ભાગ પડાવું કે જે અનિષ્ટ યાવત્ અસુખરૂપ છે, જેથી તેઓ દુઃખી યાવત્ સંતપ્ત ન થાય. હું તેમને અનિષ્ટ યાવત્ અસુખરૂપ દુઃખ રોગાંતકથી મુક્ત કરાવું, પણ એવું ન થાય.

કોઈનું દુઃખ બીજો કોઈ ન લઈ શકે, એકનું કરેલું દુઃખ બીજો ભોગવી ન શકે. પ્રત્યેક પ્રાણી એકલા જ જન્મે છે, મરે છે, ચ્યવે છે, ઉત્પન્ન થાય છે. પ્રત્યેક પ્રાણી એકલા જ કષાય–સંજ્ઞા (જ્ઞાન), મનન, વિદ્વતા, વેદના પામે છે. આ લોકમાં કોઈ સ્વજનાદિ સંયોગ તેના ત્રાણ કે શરણ થતા નથી. પુરુષ પહેલેથી જ્ઞાતિસંયોગ છોડી દે છે અથવા જ્ઞાતિસંયોગો તે પુરુષને છોડી દે છે. જ્ઞાતિસંયોગ ભિન્ન છે અને હું પણ ભિન્ન છું. તો પછી મારે આ ભિન્ન એવા જ્ઞાતિસંયોગોથી શા માટે મૂર્ચ્છિત થવું ? એમ વિચારી અમે જ્ઞાતિ–સંયોગોનો પરિત્યાગ કરીએ છીએ.

તે મેધાવી જાણે કે આ બાહ્ય વસ્તુ છે, મારે તેઓનો રાગ છોડવો જોઈએ જેવા કે – મારા હાથ, મારા પગ, મારા બાહુ, સાથળ, પેટ, માથુ, મારું શીલ, મારા આયુ–બળ–વર્ણ, મારા ત્વચા–છાયા–કાન–નાક–ચક્ષુ–

જીભ–સ્પર્શ. આ રીતે મારું–મારું કરે છે. આયુષ્ય વધતા આ બધું જીર્ણ થાય છે, જેમ કે – આયુ, બળ, ત્વચા, છાયા, શ્રોત્ર યાવત્ સ્પર્શ, સાંધા ઢીલા થઈ જાય છે, ગાત્રો પર કડચલી પડે છે, કાળા વાળ ધોળા થાય છે, જે આહારથી ઉપચિત આ શરીર છે, તે પીણ કાળક્રમે છોડવું પડશે. એમ વિચારી તે ભિક્ષાચર્યા માટે સમુત્થિત ભિક્ષુ જીવ અને અજીવ કે ત્રસ અને સ્થાવર લોકને જાણે.

સૂત્ર- ૬૪૬

આ લોકમાં ગૃહસ્થ આરંભ, પરિગ્રહ યુક્ત હોય છે. કેટલાક શ્રમણ અને બ્રાહ્મણ પણ આરંભ અને પરિગ્રહયુક્ત હોય છે. જેઓ આ ત્રસ અને સ્થાવર પ્રાણીઓનો સ્વયં આરંભ કરે છે, બીજા પાસે પણ આરંભ કરાવે છે, અન્ય આરંભ કરનારનું પણ અનુમોદન કરે છે. આ જગતમાં ગૃહસ્થ તથા કેટલાક શ્રમણ, બ્રાહ્મણ પણ આરંભ, પરિગ્રહથી યુક્ત હોય છે. તેઓ સચિત્ત અને અચિત્ત બંને પ્રકારના કામભોગો સ્વયં ગ્રહણ કરે છે, બીજા પાસે પણ ગ્રહણ કરાવે છે અને ગ્રહણ કરનારાની અનુમોદના પણ કરે છે.

આ જગતમાં ગૃહસ્થ અને કેટલાક શ્રમણ, બ્રાહ્મણ પણ આરંભ, પરિગ્રહથી યુક્ત હોય છે. હું આરંભ અને પરિગ્રહથી રહિત છું. જે ગૃહસ્થો અને કેટલાક શ્રમણ, બ્રાહ્મણ આરંભ, પરિગ્રહયુક્ત છે, તેઓની નિશ્રામાં બ્રહ્મચર્યવાસ માં હું વસીશ, તો તેનો લાભ શો ? ગૃહસ્થ જેવા પહેલા આરંભા–પરિગ્રહી હતા, તેવા પછી પણ છે, તેમ કેટલાક શ્રમણ–બ્રાહ્મણ પ્રવ્રજ્યા પૂર્વે પણ આરંભી–પરિગ્રહી હતા અને પછી પણ હોય છે. આરંભ–પરિગ્રહયુક્ત ગૃહસ્થ કે શ્રમણ–બ્રાહ્મણ તેઓ બંને પ્રકારે પાપકર્મો કરે છે. એવું જાણીને તે બંને અંતથી અદૃશ્ય થઈને ભિક્ષુ સંયમમાં પ્રવૃત્તિ કરે. તેથી હું કહું છું– પૂર્વાદિ દિશાથી આવેલા યાવત્ કર્મના રહસ્યને જાણે છે, કર્મબંધન રહિત થાય છે, કર્મોનો અંત કરે છે, તેમ તીર્થંકરાદિએ કહ્યું છે.

સૂત્ર- ૬૪૭

તે ભગવંતે છ જીવનિકાયને કર્મબંધના હેતુ કહ્યા છે, તે આ રીતે – પૃથ્વીકાય યાવત્ ત્રસકાય. જેમ કોઈ વ્યક્તિ મને દંડ, હાડકું, મુક્રી, ઢેફા, પથ્થર, ઠીકરા આદિથી મારે છે અથવા તર્જના કરે, પીટે, સંતાપ આપે, તાડન કરે, ક્લેશ આપે. ઉદ્વેગ પહોંચાડે યાવત્ એક રુંવાડું પણ ખેંચે તો હું અશાંતિ, ભય અને દુઃખ પામું છું તે પ્રમાણે સર્વે જીવો–ભૂતો–પ્રાણો–સત્વો દંડ વડે કે ચાબુક વડે મારવાથી, પીટવાથી, તર્જના કરવાથી, તાડન કરવાથી, પરિતાપ આપવાથી, કિલામણા કરવાથી, ઉદ્વેગ કરાવવાથી યાવત્ એક રોમ પણ ઉખેડવાથી હિંસાકારક દુઃખ અને ભયને અનુભવે છે, આ પ્રમાણે જાણીને સર્વે પ્રાણી આદિને હણવા નહીં, આજ્ઞાકારી ન બનાવવા, પકડી ન રાખવા, પરિતાપવા નહીં કે ઉદ્વેગ ન કરાવવો.

હું સુધર્માસ્વામી કહું છું કે – જે અરિહંત ભગવંતો થઈ ગયા, થાય છે કે થશે તે બધા એમ કહે છે, બતાવે છે, પ્રરૂપે છે કે – સર્વે પ્રાણી યાવત્ સત્વોને હણવા નહીં, આજ્ઞા પળાવવી નહીં, ગ્રહણ કરવા નહીં, પરિતાપ ન આપવો, ઉદ્વેગ ન પમાડવો. આ ધર્મ ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે, સમસ્ત લોકના દુઃખ જાણીને આમ કહ્યું છે.

આ પ્રમાણે તે ભિક્ષુ પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહથી વિરત થાય, દાંત સાફ ન કરે, અંજન–વમન–ધૂપન–આપિબન ન કરે. તે ભિક્ષુ સાવદ્યક્રિયાથી રહિત, અહિંસક, અક્રોધી, અમાની, અમાયી, અલોભી, ઉપશાંત, પરિનિવૃત્ત રહે. કોઈ આકાંક્ષા થકી ક્રિયા ન કરે. આ જ્ઞાન જે મેં જોયું, સાંભળ્યું કે મનન કર્યું, આ સુચરિત તપ, નિયમ, બ્રહ્મચર્યપાલન, જીવન–નિર્વાહ વૃત્તિનો સ્વીકારાદિ ધર્મના ફળરૂપે અહીંથી ચ્યવીને દેવ થાઉં, કામભોગ મને વશવર્તે, દુઃખ અને અશુભ કર્મોથી રહિત થાઉં, સિદ્ધિને પ્રાપ્ત કરું ઇત્યાદિ.

તે ભિક્ષુ શબ્દ–રૂપ–ગંધ–રસ–સ્પર્શમાં મૂર્ચ્છિત ન થાય. ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, અરતિરતિ, માયા–મૃષાવાદ, મિથ્યાદર્શન શલ્યથી વિરત રહે. તેનાથી ભિક્ષુ મહાન કર્મોના આદાનથી ઉપશાંત થાય છે, સંયમમાં ઉદ્યત અને પાપથી વિરત થાય છે.

જે ભિક્ષુ ત્રસ અને સ્થાવર પ્રાણીઓનો સ્વયં સમારંભ કરતા નથી, બીજા પાસે કરાવતા નથી અને સમારંભ કરનારનું અનુમોદન કરતા નથી, તે સાધુ ઘણા કર્મબંધથી મુક્ત થાય છે, શુદ્ધ સંયમમાં ઉદ્યમવંત થાય છે અને પાપ કર્મોથી વિરત થાય છે.

જે ભિક્ષુ સચિત્ત કે અચિત્ત કામભોગો છે, ભિક્ષુ સ્વયં તેનો પરિગ્રહ ન કરે, બીજા પાસે ન કરાવે, કરનારને અનુમોદે નહીં, તેનાથી તે કર્મોના આદાનથી મુક્ત થાય છે, સંયમમાં ઉદ્યત થાય છે, પાપથી વિરત થાય છે.

જે આ સાંપરાયિક કર્મબંધ છે, તેને ભિક્ષુ સ્વયં ન કરે, બીજા પાસે ન કરાવે, કરનારની અનુમોદના ન કરે, તેનાથી તે કર્માદાનથી મુક્ત થાય યાવત પાપથી વિરત થાય છે.

તે ભિક્ષુ એમ જાણે કે આ અશનાદિ કોઈ સાધર્મિક સાધુને ઉદ્દેશીને પ્રાણ, ભૂત, જીવ, સત્ત્વનો આરંભ કરી, ઉદ્દેશીને, ખરીદીને, ઉધાર લઈને, છીનવીને, માલિકને પૂછ્યા વિના, સામેથી લાવીને, નિમિત્તથી બનાવીને લાવેલ છે, તો તેવા આહાર ન લે, કદાચ ભૂલથી એવો આહાર આવી જાય તો યાવત સ્વયં ન વાપરે, બીજાને ન આપે, તેવો આહાર કરનારને ન અનુમોદે, તો તે કર્માદાનથી મુક્ત થાય છે, સંયમે ઉદ્યત થાય છે, પાપથી વિરત રહે છે.

તે ભિક્ષુ બીજા માટે કરાયેલ કે રખાયેલ આહાર જો ઉદ્‌ગમ, ઉત્પાદના, એષણા દોષ રહિત હોય, અગ્નિ આદિ શસ્ત્ર દ્વારા પરિણત હોય, અહિંસક, એષણા પ્રાપ્ત, વેશમાત્રથી પ્રાપ્ત, સામુદાનિક ભિક્ષાથી પ્રાપ્ત હોય, કારણાર્થે, પ્રમાણોપેત ગાડીની ધરીમાં પુરાતા તેલ કે લેપ સમાન હોય, કેવલ સંયમયાત્રા નિર્વાહાર્થે, બિલમાં પ્રવેશતા સાપની માફક તે આહાર વાપરે. અન્નકાળે અન્નને, પાનકાલે પાણીને, વસ્ત્રકાળે વસ્ત્રને યાવત શય્યાકાળે શય્યાને સેવે.

તે ભિક્ષુ મર્યાદાજ્ઞાતા થઈ કોઈ દિશા, વિદિશામાં પહોંચીને ધર્મનું આખ્યાન કરે, વિભાગ કરે, કિર્તન કરે, ધર્મ શ્રવણ માટે ઉપસ્થિત–અનુપસ્થિત શ્રોતાને ધર્મ કહે, શાંતિ–વિરતિ–ઉપશમ–નિર્વાણ–શૌચ–આર્જવ–માર્દવ–લાઘવ–અહિંસાદિ નો ઉપદેશ આપે. સર્વે પ્રાણી આદિને અનુરૂપ ધર્મ કહે.

તે ભિક્ષુ ધર્મોપદેશ કરતા અન્ન–પાન–વસ્ત્ર–સ્થાન–શય્યા–વિવિધ કામભોગોની પ્રાપ્તિના હેતુ માટે ધર્મ ન કહે. ગ્લાનિ રહિતપણે ધર્મ કહે. કર્મોની નિર્જરા સિવાયના કોઈ હેતુથી ધર્મ ન કહે.

આ જગતમાં તે ભિક્ષુ પાસે ધર્મ સાંભળીને, સમજીને ધર્માચરણાર્થે ઉદ્યત વીર આ ધર્મમાં સમુપસ્થિત થાય, તે સર્વોપગત, સર્વ ઉપરત, સર્વ ઉપશાંત થઈ કર્મક્ષય કરી પરિનિવૃત્ત થાય છે, તેમ હું કહું છું.

આ પ્રમાણે તે ભિક્ષુ ધર્માર્થી, ધર્મવિદ્, સંયમનિષ્ઠ, પૂર્વોક્ત પુરુષોમાં પાંચમો પુરુષ પદ્મવર પૌંડરીકને પ્રાપ્ત કરે કે ન કરે (તો પણ) તે ભિક્ષુ કર્મનો – સંબંધોનો – ગૃહવાસનો પરિજ્ઞાતા છે, ઉપશાંત – સમિત – સહિત – સદા સંયત છે. તે સાધુને શ્રમણ, માહણ, ક્ષાંત, દાંત, ગુપ્ત, મુક્ત, ઋષિ, મુનિ, કૃતિ, વિદ્વાન, ભિક્ષુ, રુક્ષ, તીરાર્થી, ચરણ–કરણના ગુણોનો પારગામી કહેવાય છે. તેમ હું કહું છું.

**શ્રુતસ્કંધ-૨, અધ્યયન-૧ 'પૌંડરીક'નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ**

# શ્રુતસ્કન્ધ-૨

## અધ્યયન-૨ ' ક્રિયાસ્થાન'

સૂત્ર- ૬૪૮

મેં સાંભળેલ છે કે, તે આયુષ્યમાન્ ભગવંતે આ પ્રમાણે કહ્યું છે - અહીં ' ક્રિયાસ્થાન' નામક અધ્યયન કહ્યું છે. તેનો અર્થ આ છે - આ લોકમાં સંક્ષેપથી બે સ્થાન કહ્યા છે, ધર્મ અને અધર્મ. ઉપશાંત અને અનુપશાંત.

તેમાં પ્રથમ સ્થાન અધર્મપક્ષનો આ અર્થ કહ્યો છે. આ લોકમાં પૂર્વાદિ છ દિશામાં અનેકવિધ મનુષ્યો હોય છે. જેમ કે- કોઈ આર્ય કે અનાર્ય, ઉચ્ચગોત્રી કે નીચગોત્રી, મહાકાય કે લઘુકાય, સુવર્ણા કે દુવર્ણા, સુરૂપા કે દુરૂપા.

તેઓમાં આ આવો દંડ-સમાદાન જોવા મળે છે. જેમ કે - નારકો-તિર્યંચો-મનુષ્યો અને દેવોમાં, જે આવા વિજ્ઞ પ્રાણી સુખ-દુઃખ વેદે છે. તેઓમાં અવશ્ય આ તેર ક્રિયાસ્થાનો હોય છે તેમ કહ્યું છે. તે આ પ્રમાણે - અર્થદંડ, અનર્થદંડ, હિંસાદંડ, અકસ્માતદંડ, દૃષ્ટિવિપર્યાસદંડ, મૃષાપ્રત્યયિક, અદત્તાદાનપ્રત્યયિક, અધ્યાત્મપ્રત્યયિક, માનપ્રત્યયિક, મિત્રદ્વેષ-પ્રત્યયિક, માયાપ્રત્યયિક, લોભપ્રત્યયિક અને ઈર્યાપ્રત્યયિક.

સૂત્ર- ૬૪૯

પ્રથમ દંડ સમાદાન (ક્રિયાસ્થાન) અર્થદંડ પ્રત્યયિક કહેવાય છે. જેમ કોઈ પુરુષ પોતાના માટે કે જ્ઞાતિજનો માટે, ઘર-પરિવાર કે મિત્રને માટે, નાગ-ભૂત કે યક્ષને માટે, સ્વયં ત્રસ કે સ્થાવર જીવોના પ્રાણોને હણે, બીજા પાસે હણાવે કે બીજા દંડ દેનારની અનુમોદના કરે, એ રીતે તેને તે ક્રિયાને કારણે સાવદ્ય કર્મનો બંધ થાય છે. આ પ્રથમ દંડ સમાદાન છે

સૂત્ર- ૬૫૦

હવે બીજા દંડ સમાદાન રૂપ અનર્થદંડ પ્રત્યયિક કહે છે. જેમ કોઈ પુરુષ જો આ ત્રસ પ્રાણી છે, તેને ન તો પોતાના શરીરની અર્ચાને માટે મારે છે, ન ચામડાને માટે, ન માંસ માટે, ન લોહી માટે, તેમજ હૃદય-પિત્ત-ચરબી-પીછા-પૂંછ-વાળ-સીંગ-વિષાણ-દાંત-દાઢ-નખ-નાડી-હાડકા-મજ્જાને માટે મારતા નથી. મને માર્યો છે-મારે છે કે મારશે માટે નથી મારતા. પુત્રપોષણ તથા પશુપોષણ માટે, પોતાના ઘરની મરમ્મત માટે નથી મારતા. શ્રમણ-માહણની આજીવિકા માટે, કે તેના શરીરને કોઈ ઉપદ્રવ ન થાય, તેથી પરિત્રાણ હેતુ નથી મારતો, પણ નિષ્પ્રયોજન જ તે પ્રાણીને દંડ દેતો હણે છે, છેદે છે, ભેદે છે, અંગો કાપે છે, ચામડી ઊતારે છે, આંખો ખેંચી કાઢે છે, તે અજ્ઞાની વૈરનો ભાગી બને છે, તે અનર્થદંડ છે.

કોઈ પુરુષ આ સ્થાવર પ્રાણીઓની હિંસા કરે છે, જેમ કે- ઇક્કડ, કઠિન,જંતુક, પરક, મયુરક, તૃણ, કુશ, કુચ્છક, પર્વક અને પરાળ નામની વિવિધ વનસ્પતિને નિરર્થક દંડ આપે છે. તે પુરુષ આ વનસ્પતિને પુત્રાદિ, પશુ, શ્રમણ કે માહણના પોષણાર્થે, ગૃહરક્ષાર્થે, પોતાના શરીરની રક્ષાર્થે મારતા નથી,પરંતુ નિષ્પ્રયોજન તે જીવોની હિંસા કરીને તેનું છેદન, ભેદન, ખંડન આદિ કરી તે જીવોને પ્રાણ રહિત કરે છે. તે જીવો સાથે વૈર બાંધે છે.

જેમ કોઈ પુરુષ નદીના તટ પર, દ્રહ પર, જળરાશિમાં, તૃણરાશિમાં, વલયમાં, ગહનમાં, ગહનદુર્ગમાં, વનમાં, વનદુર્ગમાં, પર્વતમાં, પર્વતદુર્ગમાં, તૃણ-ઘાસ બિછાવી બિછાવીને સ્વયં આગ લગાડે, બીજા દ્વારા આગ લગાવે, આગ લગાડનાર બીજાને અનુમોદે, તે પુરુષ નિષ્પ્રયોજન પ્રાણીને દંડ આપે છે. તે પુરુષને વ્યર્થ જ પ્રાણીના ઘાતને કારણ સાવદ્ય કર્મબંધ થાય છે. આ બીજો દંડ સમાદાન-અનર્થદંડ પ્રત્યયિક કહ્યો.

સૂત્ર- ૬૫૧

હવે ત્રીજું ક્રિયાસ્થાન-દંડ સમાદાન હિંસાદંડ પ્રત્યયિક કહે છે. જેમ કોઈ પુરુષ વિચારે કે - મને કે મારા સંબંધીને, બીજાને કે બીજાના સંબંધીને માર્યા છે, મારે છે કે મારશે, એમ માનીને ત્રસ-સ્થાવર પ્રાણીને સ્વયં દંડ

આપે, બીજા પાસે દંડ અપાવે, બીજા દંડ દેનારને અનુમોદે તે હિંસાદંડ છે. તેવા પુરુષને હિંસા પ્રત્યયિક સાવદ્યકર્મનો બંધ થાય છે તે ત્રીજો દંડ સમાદાન–હિંસાદંડ પ્રત્યયિક કહેવાય છે.

સૂત્ર– ૬૫૨

હવે ચોથા ક્રિયાસ્થાન અકસ્માત દંડ પ્રત્યયિક કહે છે. જેમ કે કોઈ પુરુષ નદીના તટ યાવત્ ઘોર દુર્ગમ જંગલમાં જઈને મૃગને મારવાની ઇચ્છાથી, મૃગને મારવાનો સંકલ્પ કરે, મૃગનું ધ્યાન કરે, મૃગના વધને માટે જઈને આ મૃગ છે – એમ વિચારીને મૃગના વધને માટે બાણ ચડાવીને છોડે, તે મૃગને બદલે તે બાણ તીતર, બટેર, ચકલી, લાવક, કબૂતર, વાંદરો કે કપિંજલને વીંધી નાખે, એ રીતે તે બીજાના બદલે કોઈ બીજાનો ઘાત કરે છે, તે અકસ્માત દંડ છે.

જેમ કોઈ પુરુષ શાલી, ઘઉં, કોદ્રવ, કાંગ, પરાગ કે રાળને શોધન કરતા, કોઈ તૃણને છેદવા માટે શસ્ત્ર ચલાવે, તે હું શામક, તૃણ, કુમુદ આદિને કાપું છું એવા આશયથી કાપે, પણ ભૂલથી શાલિ, ઘઉં, કોદરા, કાંગ, પરગ કે રાલકને છેદી નાંખે. એ રીતે એકને છેદતા બીજું છેદાઈ જાય, તે અકસ્માત દંડ છે. તેનાથી તેને અકસ્માત દંડ પ્રત્યયિક સાવદ્ય ક્રિયા લાગે. તે ચોથો દંડ સમાદાન અકસ્માત દંડ પ્રત્યયિક કહેવાય છે.

સૂત્ર– ૬૫૩

હવે પાંચમાં ક્રિયાસ્થાન દૃષ્ટિવિપર્યાસદંડ પ્રત્યયિકને કહે છે. જેમ કે કોઈ પુરુષ પોતાના માતા, પિતા, ભાઈ, બહેન, સ્ત્રી, પુત્રો, પુત્રીઓ, પુત્રવધૂઓ સાથે નિવાસ કરતો, તે મિત્રને અમિત્ર સમજી મારી નાખે, તે દૃષ્ટિ વિપર્યાસ દંડ કહેવાય.

જેમ કોઈ પુરુષ ગામ, નગર, ખેડ, કર્બટ, મંડપ, દ્રોણમુખ, પત્તન, આશ્રમ, સંનિવેશ, નિગમ કે રાજધાનીનો ઘાત કરતી વખતે જે ચોર નથી તેને ચોર માનીને તે અચોરને મારી નાંખે તે દૃષ્ટિવિપર્યાસદંડ પ્રત્યયિક નામે પાંચમો દંડ સમાદાન કહેવાય છે.

સૂત્ર– ૬૫૪

હવે છઠ્ઠું ક્રિયાસ્થાન મૃષા પ્રત્યયિક કહે છે. જેમ કોઈ પુરુષ પોતાને માટે, જ્ઞાતિવર્ગને માટે, ઘર કે પરિવારને માટે સ્વયં અસત્ય બોલે, બીજા પાસે અસત્ય બોલાવે કે અસત્ય બોલનાર અન્યને અનુમોદે, તો તેને મૃષાપ્રત્યયિક સાવદ્ય ક્રિયા લાગે છે. આ છઠ્ઠું ક્રિયાસ્થાન મૃષાપ્રત્યયિક કહ્યું.

સૂત્ર– ૬૫૫

હવે સાતમું ક્રિયાસ્થાન અદત્તાદાન પ્રત્યયિક કહે છે. જેમ કોઈ પુરુષ પોતાને માટે યાવત્ પરિવારને માટે સ્વયં અદત્ત ગ્રહણ કરે (ચોરી કરે), બીજા પાસે કરાવે, અદત્ત ગ્રહણ કરનારને અનુમોદે, એ રીતે તે અદત્તાદાન પ્રત્યયિક સાવદ્ય કર્મ બાંધે છે. સાતમા ક્રિયાસ્થાનમાં અદત્તાદાન પ્રત્યયિક કહ્યું.

સૂત્ર– ૬૫૬

હવે આઠમું ક્રિયાસ્થાન અધ્યાત્મ પ્રત્યયિક કહે છે. જેમ કે કોઈ પુરુષ વિષાદનું કોઈ બાહ્ય કારણ ન હોવા છતાં સ્વયં હીન, દીન, દુઃખી, દુર્મનસ્ બની મનમાં જ ન કરવા યોગ્ય વિચારો કરે, ચિંતા અને શોકના સાગરમાં ડૂબી જાય, હથેળી પર મુખ રાખી, ભૂમિ પર દૃષ્ટિ રાખી, આર્તધ્યાન કરતો રહે છે. નિશ્ચયથી તેના હૃદયમાં ચાર સ્થાનો સ્થિત છે. જેમ કે – ક્રોધ, માન, માયા, લોભ. આ ક્રોધ, માન, માય, લોભ એ આધ્યાત્મિક ભાવો છે. તેને અધ્યાત્મ પ્રત્યયિક સાવદ્ય કર્મનો બંધ થાય છે. આઠમાં ક્રિયાસ્થાનમાં અધ્યાત્મ પ્રત્યયિક કહ્યું.

સૂત્ર– ૬૫૭

હવે નવમું ક્રિયાસ્થાન માન પ્રત્યયિક કહે છે– જેમ કોઈ પુરુષ જાતિમદ, કુલમદ, બલમદ, રૂપમદ, તપમદ, શ્રુતમદ, લાભમદ, ઐશ્વર્યમદ કે પ્રજ્ઞામદ, એમાંના કોઈપણ એક મદસ્થાન વડે મત્ત બની, બીજાની હીલના, નિંદા,

ખિંસા, ગર્હા, પરાભવ, અપમાન કરીને એમ વિચારે છે કે – આ હીન છે, હું વિશિષ્ટ જાતિ, કુલ, બલ આદિ ગુણોથી સંપન્ન છું. એ રીતે પોતાને ઉત્કૃષ્ટ માની ગર્વ કરે છે, તે મૃત્યુ બાદ કર્મવશીભૂત પરલોકગમન કરે છે. ત્યાં તે એક ગર્ભમાંથી બીજા ગર્ભમાં, એક જન્મથી બીજા જન્મમાં, મરણથી મરણ અને નરકથી નરક પામે છે તે ચંડ, નમ્રતારહિત, ચપળ, અતિમાની બને છે એ રીતે તે માન પ્રત્યયિક સાવદ્યકર્મ બાંધે છે. નવમા ક્રિયાસ્થાનમાં ''માનપ્રત્યયિક'' (ક્રિયા) કહી.

સૂત્ર– ૬૫૮

હવે દશમા ક્રિયાસ્થાનમાં મિત્રદોષ પ્રત્યયિકને કહે છે. જેમ કે – કોઈ પુરુષ માતા, પિતા, ભાઈ, બહેન, પત્ની, પુત્રી, પુત્ર કે પુત્રવધૂ સાથે વસતા તેમાંથી કોઈ થોડો પણ અપરાધ કરે તો તેને સ્વયં ભારે દંડ આપે છે. જેમ કે – શિયાળામાં અતિ ઠંડા પાણીમાં ડૂબાડે, ગરમીમાં અતિ ગરમ પાણી શરીર ઉપર છાંટે, અગ્નિથી તેનું શરીર બાળે, જોતર–નેતર–છડી–ચામડું–લતા–ચાબુક અથવા કોઈ પ્રકારના દોરડાથી માર મારી, તેમની પીઠની ખાલ ઊતારે તથા દંડ–હાડકા–મુક્કી–ઢેફા–ઠીકરા કે ખપ્પરથી માર મારીને શરીરને ઢીલું કરી દે છે. આવા પુરુષ સાથે રહેવાથી પરિવારજન દુઃખી રહે છે. આવો પુરુષ પ્રવાસ કરવા જાય – દૂર જાય ત્યારે તે સુખી રહે છે.

આવો પુરુષ કઠોર દંડ દાતા, ભારે દંડ દાતા, દરેક વાતમાં દંડ આગળ રાખનાર છે. તે આ લોકમાં પોતાનું અહિત કરે જ છે, પણ પરલોકમાં પણ પોતાનું અહિત કરે છે. તે પરલોકમાં ઈર્ષ્યાળુ, ક્રોધી, નિંદક બને છે. તેને મિત્ર દોષ પ્રત્યયિક કર્મનો બંધ થાય છે. આ દશમું ક્રિયાસ્થાન તે મિત્રદોષ–પ્રત્યયિક નામક છે.

સૂત્ર– ૬૫૯

હવે અગિયારમું ક્રિયાસ્થાન માયા પ્રત્યયિક કહે છે. કેટલાક માણસો જે આવા હોય છે – ગૂઢ આચારવાળા, અંધારામાં ક્રિયા કરનાર, ઘુવડની પાંખ જેવા હલકા હોવા છતાં, પોતાને પર્વત સમાન ભારે સમજે છે. તેઓ આર્ય હોવા છતાં અનાર્ય ભાષાનો પ્રયોગ કરે છે તેઓ અન્ય રૂપમાં હોવા છતાં પોતાને અન્યથા માને છે. એક વાત પૂછો તો બીજી વાત બતાવે છે, જે બોલવાનું હોય તેનાથી વિરુદ્ધ બોલે છે.

જેમ કોઈ પુરુષ પોતાને લાગેલ કાંટો–અંતઃશલ્ય સ્વયં બહાર ન કાઢે, ન બીજા પાસે કઢાવે, ન તે શલ્યને નષ્ટ કરાવે, પણ તેને છૂપાવે. તેથી પીડાઈને અંદર જ વેદના ભોગવે, તે પ્રમાણે માયાવી માયા કરીને તેની આલોચના ન કરે, પ્રતિક્રમણ ન કરે, નિંદા ન કરે, ગર્હા ન કરે, તેને દૂર ન કરે, વિશુદ્ધિ ન કરે, ફરી ન કરવા ઉદ્યત ન થાય, યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત ન સ્વીકારે.

આ રીતે માયાવી આ લોકમાં અવિશ્વાસ્ય થાય, પરલોકમાં પુનઃ પુનઃ જન્મ–મરણ કરે છે. તે બીજાની નિંદા અને ગર્હા કરે છે, સ્વપ્રશંસા કરે છે, દુષ્કર્મ કરે છે, તેનાથી નિવૃત્ત થતો નથી, પ્રાણીઓને દંડ દઈને છૂપાવે છે. આવો માયાવી શુભ લેશ્યાને અંગીકાર કરતો નથી. એ રીતે તે માયાપ્રત્યયિક સાવદ્ય કર્મનો બંધ કરે છે. આ અગિયારમું માયા પ્રત્યયિક ક્રિયાસ્થાન છે.

સૂત્ર– ૬૬૦

હવે બારમું લોભપ્રત્યયિક ક્રિયાસ્થાન કહે છે – જેમ કે અરણ્યનિવાસી, પર્ણકૂટીવાસી, ગામનિકટ રહેનાર તથા ગુપ્ત કાર્ય કરનાર છે, જે બહુ સંયત નથી, સર્વે પ્રાણ–ભૂત–જીવ–સત્ત્વની હિંસાથી બહુ પ્રતિવિરત નથી, તે સ્વયં સત્યમૃષા ભાષણ કરે છે. જેમ કે – હું મારવા યોગ્ય નથી. બીજા લોકો મારવા યોગ્ય છે, મને આજ્ઞા ન આપો – બીજાને આજ્ઞા આપો, હું પરિગ્રહણ યોગ્ય નથી – બીજા પરિગ્રહણ યોગ્ય છે, મને સંતાપ ન આપો – બીજા સંતાપ આપવા યોગ્ય છે, હું ઉદ્વેગને યોગ્ય નથી – બીજા ઉદ્વેગને યોગ્ય છે.

આ પ્રમાણે તે (અન્યતીર્થિક) સ્ત્રી–કામભોગમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, ગ્રથિત, ગર્હિત અને આસક્ત રહે છે. તે ચાર, પાંચ કે છ દાયકા સુધી થોડા કે વધુ કામભોગો ભોગવીને મૃત્યુકાળે મૃત્યુ પામીને અસુરલોકમાં કિલ્બિષી

અસુરરૂપે ઉત્પન્ન થાય છે. ત્યાંથી ચ્યવીને વારંવાર બકરા જેવા બોબડા જન્માંધ કે જન્મથી મૂંગા થાય છે. આ પ્રમાણે તે પાખંડીને ' લોભ–પ્રત્યયિક' સાવદ્ય કર્મબંધ થાય છે. બારમાં ક્રિયાસ્થાનમાં ' લોભપ્રત્યયિક' જણાવ્યું.

આ બાર ક્રિયાસ્થાનો મુક્તિગમન યોગ્ય શ્રમણ કે માહણે સારી રીતે જાણી લેવા જોઈએ. અને તેનો ત્યાગ કરવો જોઈએ.

સૂત્ર– ૬૬૧

હવે તેરમું ઈર્યાપથિક ક્રિયાસ્થાન કહે છે. આ લોકમાં જે આત્માના કલ્યાણને માટે સંવૃત્ત અને અણગાર છે, જે ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભાંડ માત્ર નિક્ષેપણા સમિતિ, ઉચ્ચાર પાસવણ ખેલ સિંઘાણ જલ્લ પારિષ્ઠાપનિકા સમિતિ, મનસમિતિ, વચનસમિતિ, કાય સમિતિથી યુક્ત છે, જે મનગુપ્ત, વચનગુપ્ત, કાયગુપ્ત છે, ગુપ્તેન્દ્રિય, ગુપ્તબ્રહ્મચારી, ઉપયોગપૂર્વક ચાલતા – ઊભા રહેતા – બેસતા – પડખાં બદલતા – ભોજન કરતા – બોલતા – વસ્ત્ર પાત્ર કંબલ પાદ પ્રૌંછનક ઉપયોગપૂર્વક ગ્રહણ કરે છે અને ઉપયોગપૂર્વક રાખે છે. યાવત્ આંખોની પલકોને પણ ઉપયોગપૂર્વક જ ઝપકાવે છે, તે સાધુને વિવિધ સૂક્ષ્મ ઈર્યાપથિક ક્રિયા લાગે છે. તે પહેલા સમયે બંધ અને સ્પૃષ્ટ થાય છે. બીજા સમયે તે વેદાય છે અને ત્રીજા સમયે તેની નિર્જરા થાય છે.

આ પ્રમાણ તે ઈર્યાપથિકી ક્રિયા બદ્ધ, સ્પૃષ્ટ, ઉદીરિત–વેદિત અને નિર્જીર્ણ થાય છે. પછીના સમયે તે યાવત્ અકર્મતાને પ્રાપ્ત થાય છે. એ રીતે વિતરાગ પુરુષની પૂર્વોક્ત ઈર્યાપથિક પ્રત્યયિક ક્રિયા નિરવદ્ય હોય છે. એ રીતે તેરમું ઈર્યાપ્રત્યયિક ક્રિયાસ્થાન કહ્યું.

સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે– હું કહું છું – જે અતિત–વર્તમાન કે આગામી અરિહંત ભગવંતો છે, તેઓ બધાએ આ તેર ક્રિયાસ્થાનો કહ્યા છે, કહે છે અને કહેશે. પ્રતિપાદિત કર્યા છે, કરે છે અને કરશે. આ રીતે તેરમું ક્રિયાસ્થાન સેવ્યું છે, સેવે છે અને સેવશે.

સૂત્ર– ૬૬૨

જેના દ્વારા અલ્પસત્વવાન પુરુષ વિજયને પ્રાપ્ત કરે છે, તે પાપકારી વિદ્યાના વિકલ્પો હું કહીશ.

આ લોકમાં વિવિધ પ્રકારની પ્રજ્ઞા–અભિપ્રાય–સ્વભાવ–દૃષ્ટિ–રુચિ–આરંભ અને અધ્યવસાયથી યુક્ત મનુષ્યો દ્વારા અનેકવિધ પાપશાસ્ત્રોનું અધ્યયન કરાય છે. જેમ કે –

ભૌમ, ઉત્પાત, સ્વપ્ન, અંતરિક્ષ, અંગ, સ્વર, લક્ષણ, વ્યંજન, સ્ત્રીલક્ષણ, પુરુષલક્ષણ, અશ્વલક્ષણ, ગજલક્ષણ, ગોલક્ષણ, મેષલક્ષણ, કુર્કુટલક્ષણ, તિત્તિરલક્ષણ, વર્તકલક્ષણ, લાવકલક્ષણ, ચક્રલક્ષણ, છત્રલક્ષણ, ચર્મલક્ષણ, દંડલક્ષણ, અસિલક્ષણ, મણિલક્ષણ, કાકિણીલક્ષણ, સુભગાકર, દુર્ભગાકર, ગર્ભકર, મોહનકર, આથર્વણી, પાકશાસન, દ્રવ્યહોમ, ક્ષત્રિયવિદ્યા, ચંદ્રચરિત, સૂર્યચરિત, શુક્રચરિત, બૃહસ્પતિચરિત, ઉલ્કાપાત, દિગ્દાહ, મૃગચક્ર, વાયસપરિમંડલ, ધૂળવૃષ્ટિ, કેશવૃષ્ટિ, માંસવૃષ્ટિ, લોહીવૃષ્ટિ, વૈતાલી, અર્ધવૈતાલી, અવસ્વાપિની, તાલોદ્‌ઘાટિની, શ્વપાકી, શાબરીવિદ્યા, દ્રાવિડીવિદ્યા, કાલિંગીવિદ્યા, ગૌરીવિદ્યા, ગાંધારીવિદ્યા, અવપતની, ઉત્પની, જૃંભણી, સ્તંભની, શ્લેષણી, આમયકરણી, વિશલ્યકરણી, પ્રક્રમણી, અન્તર્ધાની, આયામિની ઈત્યાદિ વિદ્યા છે. [આ વિદ્યાઓનો અર્થ વૃતિ પરથી જાણવો].

આ વિદ્યાઓનો પ્રયોગ તેઓ અન્નને માટે, પાનને માટે, વસ્ત્રને માટે, આવાસને માટે, શય્યાને માટે તથા અન્ય વિવિધ પ્રકારના કામભોગોને માટે કરે છે. આ પ્રતિકૂળ વિદ્યાને તેઓ સેવે છે. તે એ વિપ્રતિપન્ન અને અનાર્ય છે, તેઓ મૃત્યુ સમયે મૃત્યુ પામી કોઈ આસુરિક–કિલ્બિષિક સ્થાનોમાં ઉત્પન્ન થાય છે. ત્યાંથી ચ્યવી જન્મમૂક અને જન્માંધતા પામે છે.

સૂત્ર– ૬૬૩

કોઈ પાપી મનુષ્ય પોતાને માટે, જ્ઞાતિજન કે સ્વજન માટે, ઘર કે પરિવાર માટે અથવા નાયક કે સહવાસીની

નિશ્રાએ આવા પાપકર્મના આચરણ કરનારા થાય છે. જેમ કે – ૧. અનુગામિક, ૨. ઉપચરક, ૩. પ્રાતિપાથિક, ૪. સંધિ–છેદક, ૫. ગ્રંથિછેદક, ૬. ઔરભ્રિક, ૭. શૌકરિક, ૮. વાગુરિક, ૯. શાકુનિક, ૧૦. માત્સિક, ૧૧. ગોઘાતક, ૧૨. ગોપાલક ૧૩. શ્વપાલક અથવા ૧૪. શૌવાંતિક (આમાંનું કંઈપણ બનીને પાપકર્મ આચરે છે.)

૧– અનુગામિક – કોઈ પાપી પુરુષ તેનો પીછો કરવાની નિયતથી તેની પાછળ પાછળ ચાલે છે, પછી તેને હણીને, છેદીને, ભેદીને, લુંપન–વિલુંપન કરીને, મારી નાંખીને તેના ધનને લૂંટીને પોતાની આજીવિકા ચલાવે છે. એ રીતે તે મહાન પાપકર્મથી પોતાને પાપીરૂપે પ્રસિદ્ધ કરે છે.

૨– ઉપચરક – કોઈ પાપી ઉપચરક–સેવક વૃત્તિ સ્વીકારીને તે શેઠને હણીને, છેદીને યાવત્ મારી નાંખીને, તેનું ધન લૂંટીને પોતાની આજીવિકા ચલાવે છે. એ રીતે તે મહા પાપકર્મથી પોતાને પ્રસિદ્ધ કરે છે.

૩– પ્રાતિપથિક – કોઈ પાપી ધનિક પથિકને સામે આવતો જોઈને પ્રાતિપથિક બનીને તે જ પ્રતિપથમાં રહેલાને હણીને, છેદીને યાવત્ મારી નાંખીને પોતાની આજીવિકા ચલાવતો મહા પાપકર્મથી પોતાને ઓળખાવે છે.

૪– સંધિછેદક – કોઈ પાપી સંધિછેદક ભાવ ધારણ કરીને તે ધનિકનો સંધિછેદ કરી યાવત્ મહાપાપ કર્મોથી પોતાને પ્રસિદ્ધ કરે છે.

૫– ગ્રંથિછેદક – કોઈ પાપી ગ્રંથિછેદક બનીને ધનિકોનો ગ્રંથિછેદ કરીને, હણીને યાવત્ મહાપાપ કર્મોથી પોતાને પ્રસિદ્ધ કરે છે.

૬– ઔરભ્રિક – કોઈ પાપી ઘેટાનો પાળનાર બનીને તે ઘેટાને કે બીજા પ્રાણીઓને મારીને યાવત્ સ્વયં મહાપાપી નામે પ્રસિદ્ધ થાય છે.

૭– શૌકરિક – કોઈ પાપી કસાઈ ભાવ ધરીને ભેંસ કે બીજા ત્રસ પ્રાણીને મારીને યાવત્ મહાપાપી બનીને પ્રસિદ્ધ થાય છે.

૮– વાગુરિક – કોઈ વાઘરી બનીને મૃગ કે બીજા ત્રસ પ્રાણીને હણે છે...

૯– શાકુનિક – કોઈ શિકારી બનીને પક્ષી કે બીજા પ્રાણીને હણે છે...

૧૦– માત્સ્યિક – કોઈ માછીમારીનો ધંધો કરી માછલી આદિને હણે છે...

૧૧– ગોઘાતક – કોઈ ગાયના ઘાતક બનીને ગાય આદિને હણે છે...

૧૨– ગોપાલક – કોઈ ગોપાલનનો ધંધો કરી, તેમાંથી ગાય કે વાછરડાના ટોળામાંથી એક–એકને બહાર કાઢીને હણે છે, યાવત્ પ્રસિદ્ધ થાય છે.

૧૩– શ્વપાલક – કોઈ કૂતરા પકડીને કૂતરા કે બીજા પ્રાણીને હણે છે...

૧૪– શૌવંતિક – કોઈ શિકારી કૂતરા રાખી, પસાર થનારા મનુષ્ય કે અન્ય પ્રાણી ઉપર છોડીને તેમને હણે છે. યાવત્ પોતાની આજીવિકા ચલાવે છે. એ રીતે તે મહાપાપ કર્મથી પોતાને મહાપાપી રૂપે પ્રસિદ્ધ કરે છે.

સૂત્ર– ૬૬૪

૧– કોઈ પર્ષદામાં ઊભો થઈ પ્રતિજ્ઞા કરે, ''હું આ પ્રાણીને મારીશ.'' પછી તે તીતર, બતક, લાવક, કબૂતર, કપિંજલ કે અન્ય કોઈ ત્રસ જીવને હણીને યાવત્ મહાપાપી રૂપે પ્રસિદ્ધ થાય છે.

૨– કોઈ પુરુષ સડેલું અન્ન મળવાથી કે બીજી કોઈ અભિષ્ટ અર્થની સિદ્ધિ ન થવાથી વિરુદ્ધ થઈને તે ગૃહપતિના કે તેના પુત્રોના ખળામાં રહેલ ધાન્યાદિને, પોતે આગ લગાવી બાળી નાંખે, બીજા પાસે બળાવી નાંખે, તે બાળનારની અનુમોદના કરે. આવા મહાપાપ કર્મોથી પોતાને ઓળખાવે છે.

૩– કોઈ પુરુષ અપમાનાદિ પ્રતિકૂળ શબ્દાદિ કારણથી, સડેલ અન્નાદિ મળતા કે ઈષ્ટ લાભ ન થતા ગૃહપતિ કે તેના પુત્રોના ઊંટો, ગાય, ઘોડા કે ગધેડાના અંગોને જાતે કાપે, બીજા પાસે કપાવે, તે કાપનારને અનુમોદે, એ રીતે યાવત્ મહાપાપી થાય.

૪– કોઈ પુરુષ કોઈ અપમાનાદિ શબ્દોના કારણે અથવા સડેલા અન્નાદિ મળતા કે ઈષ્ટાદિ લાભ ન મળતા ગૃહપતિ કે તેના પુત્રોની ઊંટશાળા, ગોશાળા, અશ્વશાળા કે ગર્દભશાળાને કાંટાથી ઢાંકીને સ્વયં અગ્નિ વડે બાળી દે છે, બીજા પાસે બળાવે છે, બાળનારની અનુમોદના કરે છે, યાવત્ પ્રખ્યાત થાય છે.

૫– કોઈ પુરુષ પ્રતિકૂળ શબ્દાદિ આદિ ઉક્ત કારણોથી ક્રુદ્ધ થઈ ગાથાપતિ કે તેના પુત્રોને કુંડલ, મણિ કે મોતી સ્વયં હરી લે, બીજા પાસે હરણ કરાવે કે હરણ કરનારને અનુમોદે તેથી તે મહાપાપી રૂપે પ્રખ્યાત થાય છે.

૬– કોઈ પુરુષ – શ્રમણ કે માહણના ભક્ત પાસેથી સડેલ આદિ અન્ન મળે ઈત્યાદિ ઉક્ત કારણે તે શ્રમણ કે માહન ઉપર ક્રુદ્ધ થઈને તેના છત્ર, દંડ, ઉપકરણ, માત્રક, લાઠી, આસન, વસ્ત્ર, ચિલિમિલિ, ચર્મછેદનક કે ચર્મકોશનું સ્વયં હરણ કરે, કરાવે કે અનુમોદે, તે મહાપાપી રૂપે પ્રખ્યાત થાય છે.

૭– કોઈ–કોઈ એવું વિચારતા નથી કે તે ગાથાપતિ કે ગાથાપતિ પુત્રોના અન્ન આદિને અકારણ જ સ્વયં આગ લગાડી ભસ્મ કરે છે, કરાવે છે યાવત અનુમોદે છે. એ રીતે તે મહાપાપી રૂપે જગતમાં વિખ્યાત થાય છે.

૮– કોઈ–કોઈ એવું વિચારતા નથી કે તે અકારણ જ ગાથાપતિ કે તેના પુત્રોના ઊંટ, બળદ, ઘોડા કે ગધેડાના અંગોને સ્વયં કાપે છે, કપાવે છે, અનુમોદે છે તે યાવત્ મહાપાપી રૂપે પ્રખ્યાત થાય છે.

૯– કોઈ–કોઈ એવું વિચારતા નથી કે તે અકારણ જ ગાથાપતિ કે તેના પુત્રોની ઊંટશાળા યાવત્ ગર્દભશાળા યાવત્ સળગાવે છે, શેષ પૂર્વવત્.

૧૦– કોઈ–કોઈ એવું વિચારતા નથી કે તે અકારણ જ ગાથાપતિ કે તેના પુત્રોના કુંડલ, મણિ, મોતી ચોરે છે, ચોરાવે છે કે ચોરનારને અનુમોદે છે.

૧૧– કોઈ–કોઈ વિચાર્યા વિના જ શ્રમણ કે માહણના છત્ર, દંડ યાવત્ ચર્મછેદનક હરે છે, હરાવે છે, અનુમોદે છે યાવત્ મહાપાપી રૂપે ઓળખાય છે.

કોઈ પુરુષ શ્રમણ કે માહણને જોઈને તેમની સાથે વિવિધરૂપે પાપકર્મ કરીને પોતાને પ્રખ્યાત કરે છે અથવા ચપટી વગાડે છે. કઠોર વચનો કહે છે. ભિક્ષાકાળે સાધુ ગૌચરી માટે આવે તો પણ અશન–પાન યાવત્ આપતા નથી અને કહે છે કે, આ સાધુઓ તો ભારવહન કરતા નીચ છે, આળસુ છે, શુદ્ર છે, દરિદ્ર છે માટે દીક્ષા લે છે તેવા સાધુ દ્રોહીનું જીવન ધિક્કારને પાત્ર છે છતાં તે પોતાના જીવનને ઉત્તમ માને છે. પણ પરલોક વિશે વિચારતા નથી.

આવા પુરુષો - દુઃખ, શોક, નિંદા, તાપ, પીડા અને પરિતાપ પામે છે. તેઓ આ દુઃખ, શોક આદિથી વધ, બંધન, ક્લેશાદિ ક્યારેય નિવૃત્ત થતા નથી. તે મહા–આરંભ, સમારંભ, આરંભ–સમારંભથી વિવિધ પાપકર્મો કરતા ઉદાર એવા મનુષ્યસંબંધી ભોગોપભોગને ભોગવતા રહે છે. તે આ પ્રમાણે -

આહારકાળે આહાર, પાનકાળે પાન, વસ્ત્રકાળે વસ્ત્ર, આવાસકાળે આવાસ, શયનકાળે શયનને ભોગવે છે. તેઓ નાહીને, બલિકર્મ કરીને, કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત્ત કરીને, મસ્તકસહિત સ્નાન કરી, કંઠમાં માળા પહેરે છે, મણિ–સુવર્ણ પહેરી, માળાયુક્ત મુગટ પહેરે છે. પ્રતિબદ્ધ શરીરી હોય છે. કમરે કંદોરો અને છાતીએ ફૂલમાળા પહેરે છે. નવા વસ્ત્રો પહેરી, ચંદનનો લેપ કરીને, સુસજ્જિત વિશાળ પ્રાસાદમાં ભવ્ય સિંહાસને બેસી સ્ત્રીઓ વડે પરિવૃત્ત થઈ, આખી રાત્રિ જ્યોતિના ઝગમગાટમાં ભવ્ય નાચ–ગાન–વાજિંત્ર–તંત્રી–તાલ–તલ–ત્રુટિત–મૃદંગના ધ્વનિ સહિત ઉદાર માનુષી ભોગોપભોગ ને ભોગવતા વિચરે છે. તે એક નોકરને બોલાવે ત્યાં ચાર–પાંચ જણા હાજર થાય છે. હે દેવાનુપ્રિય ! અમે શું કરીએ ? શું લાવીએ ? શું ભેટ કરીએ ? આપને શું હિતકર છે ? તેમ પૂછે છે.

તેને આવા સુખમાં મગ્ન જોઈને અનાર્યો એમ કહે છે - આ પુરુષ તો દેવ છે, દેવોથી પણ શ્રેષ્ઠ છે, દેવો જેવું જીવે છે, તેમના આશ્રયે બીજા પણ જીવે છે. પણ તેને જોઈને આર્ય પુરુષ કહે છે - આ પુરુષ અતિ ક્રૂરકર્મી, અતિ ધૂર્ત, શરીરનો રક્ષક, દક્ષિણગામી નૈરયિક, કૃષ્ણપાક્ષિક અને ભાવિમાં દુર્લભ બોધિ થશે.

કોઈ મૂઢ જીવ મોક્ષને માટે ઉદ્યત થઈ પણ આવા સ્થાનને ઇચ્છે છે, કે જે સ્થાન ગૃહસ્થો ઇચ્છે છે. આ સ્થાન

અનાર્ય, જ્ઞાનરહિત, અપૂર્ણ, અન્યાયિક, અસંશુદ્ધ, અશલ્યકર્તક, અસિદ્ધિમાર્ગ, અમુક્તિમાર્ગ, અનિર્વાણ–માર્ગ, અનિર્યાણ માર્ગ, અસર્વદુઃખ પ્રક્ષીણમાર્ગ, એકાંત મિથ્યા, અસાધુ છે. આ પ્રથમ અધર્મપક્ષ સ્થાનનું કથન કર્યું.

સૂત્ર– ૬૬૫

હવે બીજા સ્થાન ધર્મપક્ષનો વિભાગ કહે છે – આ મનુષ્યલોકમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ દિશામાં અનેક પ્રકારના મનુષ્યો રહે છે. જેમ કે – કોઈ આર્ય કે અનાર્ય, કોઈ ઉચ્ચગોત્રીય કે નીચગોત્રીય, કોઈ મહાકાય કે લઘુકાય, કોઈ સુવર્ણા કે કુવર્ણા, કોઈ સુરૂપ કે કદરૂપ. તેમને ક્ષેત્ર કે મકાનનો પરિગ્રહ હોય છે. આ આખો આલાવો ''પૌંડરીક'' અધ્યયનથી જાણવો. તે આલાવાથી યાવત્ સર્વ ઉપશાંત યાવત પરિનિવૃત્ત થાય છે, તેમ હું કહું છું.

આ સ્થાન આર્ય, કેવલપ્રાપ્તિનું કારણ યાવત્ સર્વ દુઃખને ક્ષીણ કરવાનો માર્ગ છે, એકાંત સમ્યક્ અને ઉત્તમ છે. આ પ્રમાણે ધર્મપક્ષ નામક બીજા સ્થાનનો વિભાગ કહ્યો.

સૂત્ર– ૬૬૬

હવે ત્રીજું 'મિશ્રસ્થાન'નો વિભાગ કહે છે – જે આ વનવાસી, કુટિરવાસી, ગામ–નિકટવાસી, ગુપ્ત અનુષ્ઠાનકર્તા, યાવત્ ત્યાંથી ચ્યવીને ફરી મૂંગા કે આંધળા રૂપે જન્મ લે છે. આ સ્થાન અનાર્ય છે, અકેવલ યાવત્ સર્વ દુઃખના ક્ષયના માર્ગથી રહિત, એકાંત મિથ્યા, અસાધુ છે. આ રીતે આ ત્રીજા મિશ્ર સ્થાનનો વિભાગ કહ્યો.

સૂત્ર– ૬૬૭

હવે પ્રથમ સ્થાન અધર્મપક્ષનો વિચાર કરીએ છીએ – આ લોકમાં પૂર્વાદિ ચારે દિશામાં કેટલાયે મનુષ્યો રહે છે. જેઓ ગૃહસ્થ છે, મહાઇચ્છા, મહાઆરંભ, મહા–પરિગ્રહયુક્ત છે, અધાર્મિક, અધર્માનુજ્ઞા, અધર્મિષ્ઠ, અધર્મ કહેનારા, અધર્મપ્રાયઃ જીવિકાવાળા, અધર્મપ્રલોકી, અધર્મ પાછળ જનારા, અધર્મશીલ–સમુદાય–ચારી, અધર્મથી જ આજીવિકા પ્રાપ્ત કરી વિચરે છે.

હણો, છેદો, ભેદો, ચામડું ઉખેડી દો (એમ કહેનારા), રક્તથી ખરડાયેલા હાથવાળા, ચંડ, રુદ્ર, ક્ષુદ્ર, સાહસિક, પ્રાણીને ઉછાળીને શૂળ પર ઝીલનારા, માયા–કપટી, દુઃશીલા, દુર્વ્રતા, દુષ્પ્રત્યાનંદી, ખોટા તોલમાપ રાખનારા એવા તેઓ અસાધુ છે. સર્વથા પ્રાણાતિપાત યાવત્ સર્વથા પરિગ્રહથી અવિરત, સર્વ ક્રોધ યાવત્ મિથ્યાદર્શન–શલ્યથી અવિરત છે.

તેઓ સર્વથા સ્નાન, મર્દન, વર્ણક, ગંધ, વિલેપન કરનારા, શબ્દ–રૂપ–રસ–ગંધ–સ્પર્શ ભોગવનારા, માળા–અલંકાર ધારણ કરનારા યાવત્ જાવજ્જીવ સર્વથા ગાડી–રથ–યાન–યુગ્ય–ગિલ્લિ–થિલ્લિ–આદિ વાહનોમાં સવારી કરનારા, શય્યા–આસન–યાન–વાહન–ભોગ–ભોજન આદિની વિધિથી અવિરત હોય છે. જાવજ્જીવ સર્વથા ક્રય–વિક્રય–માશા–અર્ધમાશ–તોલાદિ વ્યવહારોથી નિવૃત્ત થતા નથી. સર્વ હિરણ્ય–સુવર્ણ–ધન–ધાન્ય–મણિ–મોતી–શંખ–શિલા–પ્રવાલથી જાવજ્જીવ નિવૃત્ત થતા નથી. સર્વ ખોટા તોલમાપથી જાવજ્જીવ નિવૃત્ત થતા નથી

જાવજ્જીવને માટે – સર્વે આરંભ–સમારંભથી અવિરત, સર્વે (સાવદ્ય) કરણ–કરાવણથી અવિરત, સર્વે પચન–પાચનથી અવિરત, સર્વે કુટ્ટણ–પિટ્ટણ–તર્જન–તાડન–વધ–બંધ–પરિક્લેશથી અવિરત, આ તથા આવા પ્રકારના સાવદ્ય કર્મો કરનારા, અબોધિક, કર્માંત, બીજા પ્રાણીને સંતાપ દેનારા જે કર્મો અનાર્યો કરે છે અને જાવજ્જીવ તેનાથી નિવૃત્ત થતા નથી.

જેમ કોઈ અત્યંત ક્રૂર પુરુષ ચોખા, મસૂર, તલ, મગ, અડદ, વાલ, કળથી, ચણા, આલિસંદક, પરિમંથક આદિને વ્યર્થ જ દંડ આપે છે. તેમ તેવા પ્રકારના ક્રૂર પુરુષો તીતર, બતક, લાવક, કબૂતર, કપિંજલ, મૃગ, ભેંસ, સુવર, ગ્રાહ, ગોધો, કાચબો, સરીસર્પ આદિને વ્યર્થ જ દંડે છે.

તેની જે બાહ્ય પર્ષદા છે. જેમ કે – દાસ, દૂત–નોકર, રોજમદાર ભાગીયા, કર્મકર, ભોગપુરુષ આદિમાંથી કોઈ કંઈપણ અપરાધ કરે તો સ્વયં ભારે દંડ આપે છે. જેમ કે – આને દંડો–મુંડો–તર્જના કરો–તાડન કરો–હાથ

બાંધી દો–બેડી પહેરાવો–હેડમાં નાંખો–કારાગારમાં નાંખો–અંગો મરડી નાંખો. તેના હાથ–પગ–કાન–નાક–હોઠ–મસ્તક–મુખને છેદી નાંખો, તેનો ખંભો ચીરો, ચામડી ઉતરડો, કલેજુ ફાડી દો, આંખો ખેંચી લો. તેના દાંત–અંડકોશ–જીભ ખેંચી કાઢો, ઊલટો લટકાવી દો, ઘસીટો, ડૂબાડી દો, શૂળીમાં પરોવો, ભાલા ભોંકો, અંગો છેદીને ક્ષાર ભરી દો, મારી નાંખો, સિંહ કે બળદના પૂછડા સાથે બાંધી દો, દાવાગ્નિમાં ફેંકો, તેનું માંસ કાઢી કાગડાને ખવડાવી દો, ભોજન–પાણી બંધ કરી દો, જાવજ્જીવ વધ–બંધન કરો. આમાંના કોઈપણ અશુભ–કુમારથી મારો.

તેની જે અભ્યંતર પર્ષદા હોય છે. જેમ કે – માતા, પિતા, ભાઈ, બહેન, પત્ની, પુત્ર, પુત્રી, પુત્રવધૂ, તેમાંનો કોઈ નાનો પણ અપરાધ કરે તો સ્વયં જ ભારે દંડ કરે છે. જેમ કે – ઠંડીમાં ઠંડા પાણીમાં ઝબોળે છે, યાવત્ મિત્રદોષપ્રત્યયિક ક્રિયામાં જે કહ્યું છે તે બધું કહેવું – યાવત્ – તે પરલોકનું અહિત કરે છે. તે અંતે દુઃખ–શોક–પશ્ચાત્તાપ–પીડા–સંતાપ આદિ પામે છે. તે દુઃખ, શોક આદિ તથા વધ, બંધ, ક્લેશથી નિવૃત્ત થતો નથી.

એ રીતે તે અધાર્મિક પુરુષ સ્ત્રીસંબંધી કામભોગોમાં મૂર્ચ્છિત–ગૃદ્ધ–ગ્રથિત–અતિ આસક્ત થઈને – યાવત્ – ચાર, પાંચ, છ દશકામાં અલ્પ કે અધિક કાળ (શબ્દાદિ) ભોગ ભોગવીને, પ્રાણીઓ સાથે વૈર પરંપરા વધારીને, ઘણા પાપકર્મો નો સંચય કરીને પાપકર્મના ભારથી એવો દબાઈ જાય છે, જેમ કોઈ લોઢા કે પથ્થરનો ગોળો પાણીમાં પડે ત્યારે પાણીના તળનું અતિક્રમણ કરીને નીચે ભૂમિતલ પર બેસી જાય છે. આ પ્રમાણે તેવા પ્રકારના ક્રૂર પુરુષ કર્મની બહુલતા અને પ્રચૂરતાથી પાપ–વૈર–અપ્રીતિ–દંભ–માયાની બહુલતાથી ભેળસેળ કરનારો, અતિ અપયશવાળો તથા ત્રસ પ્રાણીઓનો ઘાતક બની મૃત્યુ કાળે મરણ પામીને પૃથ્વીતલને અતિક્રમીને નીચે નરકતલમાં જઈને સ્થિત થાય છે.

સૂત્ર– ૬૬૮

તે નરકો અંદરથી ગોળ, બહારથી ચતુષ્કોણ છે, નીચે અસ્તરાની ધાર સમાન તીક્ષ્ણ, નિત્ય ઘોર અંધકાર, ગ્રહ–ચંદ્ર–સૂર્ય–નક્ષત્ર–જ્યોતિષ પ્રભાથી રહિત છે. તેનું ભૂમિતલ ભેદ–ચર્બી–માંસ–લોહી–રસીપટલના કીચડથી લિપ્ત છે. તે નરક સડેલા માંસ, અશુચિ યુક્ત પરમ દુર્ગંધવાળી, કાળી, અગ્નિવર્ણ સમાન, કઠોર સ્પર્શયુક્ત અને દુઃસહ્ય છે. આ રીતે આ નરકો અશુભ અને અશુભ વેદનાવાળી છે ત્યાં રહેતા નૈરયિકને નિદ્રાસુખ નથી, ભાગી શકતા નથી, તેમને શ્રુતિ, રતિ, ધૃતિ કે મતિ પ્રાપ્ત થતી નથી. નારકો ત્યાં કઠોર, વિપુલ, પ્રગાઢ, કટુક, કર્કશ, ચંડ, દુઃખદ, દુર્ગમ, તીવ્ર અને દુઃસહ વેદના અનુભવતા વિચરે છે.

સૂત્ર– ૬૬૯

જેમ કોઈ વૃક્ષ પર્વતના મૂળમાં ઉત્પન્ન થાય, તેનું મૂળ છેદતાં આગળથી ભારે થઈ જે રીતે નીચે જાય અને વિષમ દુર્ગમાં પડે, તેમ તેવો પુરુષ ગર્ભથી ગર્ભ, જન્મથી જન્મ, મરણથી મરણ, નરકથી નરક તથા એક દુઃખથી બીજું દુઃખ પામે છે. તે દક્ષિણગામી, નૈરયિક, કૃષ્ણપાક્ષિક, ભાવિમાં દુર્લભબોધિ થાય છે.

આ અધર્મપક્ષ સ્થાન અનાર્ય, અપૂર્ણ યાવત્ અસર્વદુઃખ પ્રક્ષિણ માર્ગ છે, તે એકાંત મિથ્યા અને અસાધુ છે. એવા પ્રથમ અધર્મપક્ષ સ્થાનનો વિભાગ કહ્યો.

સૂત્ર– ૬૭૦

હવે બીજું ધર્મપક્ષ સ્થાનને કહે છે. આ મનુષ્યલોકમાં પૂર્વાદિ દિશાઓમાં કેટલાક મનુષ્યો રહે છે. જેમ કે – અનારંભી, અપરિગ્રહી, ધાર્મિક, ધર્માનુગ, ધર્મિષ્ઠ યાવત્ ધર્મ વડે જ પોતાનું જીવન વીતાવે છે તેઓ સુશીલ, સુવ્રતી, સુપ્રત્યાનંદી, સુસાધુ, જાવજ્જીવ સર્વથા પ્રાણાતિપાતથી વિરમેલા યાવત્ તેવા પ્રકારના સાવદ્ય–અબોધિક–બીજાના પ્રાણને પરિતાપ કરનારા કર્મોથી યાવત્ જાવજ્જીવ વિરત રહે છે.

તેવા અનગાર ભગવંતો ઈર્યાસમિત, ભાષાસમિત, એષણાસમિત, આદાનભાંડ માક્ષ નિક્ષેપ સમિત, ઉચ્ચાર પ્રસવણ ખેલ સિંઘાણ જલ્લ પારિષ્ઠાપનિકા સમિત, મન સમિત, વચન સમિત, કાય સમિત, મનોગુપ્ત,

વચનગુપ્ત, કાય–ગુપ્ત, ગુપ્ત, ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી, અક્રોધી, અમાની, અમાયી, અલોભી, શાંત, પ્રશાંત, ઉપશાંત, પરિનિવૃત્ત, અનાશ્રવી, અગ્રંથિ, છિન્નશોક, નિરુપલેપ, કાંસ્યપાત્ર વત્, મુક્તતોય, શંખવત્ નિરંજન, જીવ માફક અપ્રતિહતગતિ, ગગનતલવત્ નિરાલંબન, વાયુ માફક અપ્રતિબદ્ધ, શારદસલિલવત્ શુદ્ધ હૃદયી, પુષ્કરપત્ર જેમ નિરૂપલેપ, ભારંડપક્ષી માફક અપ્રમત્ત, હાથી જેવા શૂરવીર, વૃષભ જેવા ભારવાહી, સિંહ જેવા દુર્ધર્ષ, મેરુ જેવા અપ્રકંપ, સાગર જેવા ગંભીર, ચંદ્ર જેવા સૌમ્ય લેશ્ય, સૂર્ય જેવા દીપ્ત તેજ, જાત્ય કંચનવત્ જાત્યરૂપ, પૃથ્વી જેવા સર્વ સ્પર્શ સહેનારા, સારી રીતે હોમ કરાયેલા અગ્નિ જેવા જાજવલ્યમાન છે.

તે ભગવંતોને કોઈ સ્થાન પ્રતિબંધ નથી. આ પ્રતિબંધ ચાર પ્રકારે કહ્યો છે. તે આ પ્રમાણે – અંડજ, પોતજ, અવગ્રહિક અને ઔપગ્રહિક. તેઓ જે–જે દિશામાં વિચરવા ઇચ્છે, તે તે દિશામાં અપ્રતિબદ્ધ, શૂચિભૂત અને લઘુભૂત થઈ ગ્રંથિરહિત, સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા વિચરે છે.

તે ભગવંતોને આવા પ્રકારે સંયમ નિર્વાહાર્થે આજીવિકા હોય છે, જેમ કે – ચોથભક્ત, છઠ્ઠભક્ત, અષ્ટમ ભક્ત, દશમ–બારસ–ચૌદશભક્ત, અર્ધમાસિક કે માસિક ભક્ત, બે–ત્રણ–ચાર–પાંચ કે છમાસી (તપ) તે સિવાય (કોઈ કોઈ શ્રમણ) ઉત્ક્ષિપ્તચારી, નિક્ષિપ્તચારી, ઉત્ક્ષિપ્ત–નિક્ષિપ્તચારી, અંતચરક, પ્રાંતચરક, રૂક્ષચરક, સમુદાનચરક, સંસૃષ્ટ કે અસંસૃષ્ટ ચરક, તજ્જાત સંસૃષ્ટચરક, દિષ્ટ–અદિષ્ટ–પૃષ્ટ–અપૃષ્ટ–ભિક્ષ કે અભિક્ષલાભી, અજ્ઞાતચરક, ઉપનિહિત, સંખા–દત્તિક, પરિમિત–પિંડવાતિક, શુદ્ધૈષણિક, અંત–પ્રાંત–અરસ–વિરસ–રૂક્ષ કે તુચ્છ આહારી, અંત કે પ્રાંતજીવી, આયંબિલ–પુરિમડ્ઢ–નિર્વિગઈ કરનારા, મદ્ય–માંસ ન ખાનાર, નિકામરસભોજી, સ્થાનાતિક, પ્રતિમાસ્થાનાતિક, ઉત્કુટુકાસન, યાવત વીરાસન, દંડાયતિક, લગંડશાયી, અપ્રાવૃત્ત, અગર્તક, અકંડૂક, અનસૃષ્ટ ઇત્યાદિ ઉવવાઈ સૂત્ર મુજબ જાણવું. વળી તે વાળ, દાઢી, મૂછ, રોમ, નખ આદિ સર્વ શરીર સંસ્કારોથી રહિત હોય છે.

તે ભગવંતો આવા વિહાર વડે વિહરતા ઘણા વર્ષો શ્રમણપર્યાય પાળીને, તેમને કોઈ બાધા ઉત્પન્ન થાય કે ન થાય તો પણ ઘણો સમય ભક્ત પચ્ચક્ખાણ કરીને, ઘણા સમય અનશન વડે ભોજનને ત્યાગીને, જે હેતુ માટે નગ્નભાવ, મુંડભાવ, અસ્નાનભાવ, અદંતધોવન, અછત્રક, અનુપાનહ, ભૂમિશય્યા, ફલકશય્યા, કાષ્ઠશય્યા, કેશલોચ, બ્રહ્મચર્યવાસ, પરગૃહપ્રવેશ (ભિક્ષાર્થે) ધારણ કરેલા છે. તથા જેના માટે માન, અપમાન, હેલણા, નિંદા, ખિંસા, ગર્હા, તર્જના, તાડના, ઉચ્ચનીચ વચનાદિ બાવીશ પરીષહો અને ઉપસર્ગો સહન કરી રહ્યા છે, તે અર્થને આરાધે છે, આરાધીને છેલ્લા શ્વાસો–ચ્છ્વાસે અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, સંપૂર્ણ, પ્રતિપૂર્ણ, શ્રેષ્ઠ કેવલજ્ઞાન દર્શન ઉપાર્જિત કરે છે. પછી સિદ્ધ–બુદ્ધ–મુક્ત થઈને પરિનિર્વાણ પામીને સર્વે દુઃખોનો અંત કરે છે.

કોઈ (અણગાર) એક જ ભવમાં સંસારનો અંત કરે છે, બીજા કોઈ પૂર્વકર્મ શેષ રહેવાથી મૃત્યુકાળે મરીને કોઈ દેવલોકમાં દેવતારૂપે ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે – મહાઋદ્ધિ, મહાદ્યુતિ, મહાપરાક્રમ, મહાયશ, મહાબલ, મહાનુભાવ, મહાસુખયુક્ત દેવલોકમાં. ત્યાં મહાઋદ્ધિવાળા, મહાદ્યુતિવાળા યાવત્ મહાસુખવાળા દેવ થાય છે. તે હાર વડે સુશોભિત, કંટક અને ત્રુટિત વડે સ્તંભિત ભૂજાવાળા, અંગદ–કુંડલથી યુક્ત કપોલ અને કાનવાળા, વિચિત્ર આભૂષણોથી યુક્ત હાથવાળા, વિચિત્ર માળાથી મંડિત મુગટવાળા, કલ્યાણકારી, સુગંધી વસ્ત્રોને ધારણ કરનારા, કલ્યાણ–પ્રવર માળા અને લેપન ધારણ કરનારા, ઝગમગતા શરીરવાળા, લાંબી વનમાળા ધારણ કરેલા, દિવ્ય એવા રૂપ–વર્ણ–ગંધ–સ્પર્શ–સંઘાત –સંસ્થાન–ઋદ્ધિ–દ્યુતિ–પ્રભા–છાયા–અર્ચા–તેજ–લેશ્યા વડે યુક્ત, દશે દિશાઓને ઉદ્યોતિત અને પ્રકાશીત કરતા, કલ્યાણકારી ગતિ અને સ્થિતવાળા, ભાવિમાં પણ કલ્યાણ પામનારા દેવ થાય છે.

આ સ્થાન આર્ય યાવત્ સર્વદુઃખ ક્ષયનો માર્ગ છે, એકાંત સમ્યક્ અને ઉત્તમ છે. આ રીતે આ બીજું ધર્મપક્ષ નામક સ્થાન કહ્યું.

સૂત્ર- ૬૭૧

હવે ત્રીજા મિત્રપક્ષ સ્થાનનો વિભાગ કહે છે. આ મનુષ્યલોકમાં પૂર્વાદિ દિશામાં કેટલાક મનુષ્યો રહે છે. જેવા કે – અલ્પેચ્છાવાળા, અલ્પારંભી, અલ્પ પરિગ્રહી, ધાર્મિક, ધર્માનુગ યાવત્ ધર્મ વડે જ જીવન ગુજારનારા હોય છે. તેઓ સુશીલ, સુવ્રતી, સુપ્રત્યાનંદી, સાધુ હોય છે. એક તરફ તેઓ જાવજ્જીવ પ્રાણાતિપાતથી વિરત, બીજી તરફ અવિરત યાવત્ જે તેવા પ્રકારના સાવદ્ય, અબોધિક, બીજાના પ્રાણોને પરિતાપકર્તા છે માટે તેઓ કિંચિત્ અપ્રતિવિરત છે (અર્થાત્ દેશવિરત–દેશઅવિરત છે.)

કેટલાક શ્રમણોપાસકો જીવ–અજીવ સ્વરૂપના જ્ઞાતા, પુણ્ય–પાપને જાણતા, આસ્રવ–સંવર–વેદના–નિર્જરા–ક્રિયા–અધિકરણ–બંધ–મોક્ષના જ્ઞાનમાં કુશળ હોય છે. તેઓ અસહાય હોવા છતાં દેવ, અસુર, નાગ, સુવર્ણ, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, ગરુડ, ગંધર્વ, મહોરગ આદિ દેવગણોથી તેઓ નિર્ગ્રન્થ પ્રવચનથી ચલિત કરાવાઈ શકાતા નથી.

તે શ્રાવકો નિર્ગ્રન્થ પ્રવચનમાં નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સ હોય છે. તેઓ લબ્ધાર્થ, ગૃહીતાર્થ, પુચ્છિતાર્થ, વિનિશ્ચિતાર્થ, અભિગતાર્થ, અસ્થિમજ્જાવત્ ધર્માનુરાગી હોય છે. તેઓ કહે છે – આ નિર્ગ્રન્થ પ્રવચન જ સાર્થક, પરમાર્થ છે, બાકી અનર્થક છે. તેઓ સ્ફટિકવત્ સ્વચ્છ હોય છે. તેમના દ્વાર ખુલ્લા રહે છે, અંતઃપુર કે પરગૃહ પ્રવેશના ત્યાગી છે, ચૌદશ–આઠમ–પૂનમ–અમાસમાં પ્રતિપૂર્ણ પૌષધને સમ્યક્ પાળનારા, શ્રમણ–નિર્ગ્રન્થોને પ્રાસુક એષણીય અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય વડે વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછનક, ઔષધ, ભૈસજ, પીઠફલક, શય્યા, સંથારગ વડે પ્રતિલાભિત કરતા ઘણા શીલ–વ્રત–ગુણ–ત્યાગ–પચ્ચક્ખાણ–પૌષધોપવાસ વડે સ્વીકૃત તપોકર્મ વડે આત્માને ભાવતા વિચરે છે.

તેઓ આવા પ્રકારનું જીવન જીવતા ઘણા વર્ષો શ્રાવકપર્યાય પાળે છે, પાળીને અબાધા ઉત્પન્ન થાય કે ન થાય ઘણા ભક્તપચ્ચક્ખાણ કરે છે, કરીને અનશન વડે ઘણા ભોજનનો છેદ કરે છે. છેદીને આલોચના તથા પ્રતિક્રમણથી સમાધિ પામીને મૃત્યુ અવસરે મરીને કોઈ દેવલોકમાં દેવતાપણે ઉત્પન્ન થાય છે. તે આ રીતે – મહાઋદ્ધિ, મહાદ્યુતિ યાવત્ મહાસુખ પામે છે. યાવત્ બધું પૂર્વવત્ જાણવું. આ સ્થાન આર્ય યાવત્ એકાંત સ્થાન છે. આ ત્રીજા મિશ્રસ્થાનનો વિભાગ કહ્યો.

અવિરતિને આશ્રીને 'બાલ' કહે છે, વિરતિ આશ્રિત 'પંડિત' કહેવાય છે. વિરતિવિરત આશ્રિત 'બાલપંડિત' કહેવાય છે. તેમાં જે સર્વથા અવિરતિ છે, તે સ્થાન આરંભસ્થાન, અનાર્ય યાવત્ અસર્વદુઃખ પ્રક્ષીણમાર્ગ છે. એકાંત મિથ્યા, અશોભન છે. તેમાં જે સર્વથા પાપોથી વિરત છે તે સ્થાન અનારંભ, આર્ય યાવત્ સર્વ દુઃખ ક્ષયનો માર્ગ છે, એકાંત સમ્યક્ છે. તેમાં જે વિરતાવિરત (દેશવિરત) સ્થાન છે તે આરંભ–નોઆરંભ સ્થાન છે, આ સ્થાન પણ આર્ય છે યાવત્ સર્વ દુઃખ ક્ષયનો માર્ગ છે તે એકાંત સમ્યક્ અને ઉત્તમ છે.

સૂત્ર- ૬૭૨

એ રીતે સમ્યગ્ વિચારતા આ પક્ષો બે સ્થાનમાં જ સમાવિષ્ટ થાય છે. ધર્મ અને અધર્મ, ઉપશાંત અને અનુપશાંત. તેમાં પહેલું સ્થાન 'અધર્મપક્ષ' નો વિભાગ કહ્યો, તેમાં આ ૩૬૩–વાદીઓ છે, એમ કહ્યું છે. તે આ પ્રમાણે – ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી, વિનયવાદી. તેઓ પણ પરિનિર્વાણનું પ્રતિપાદન કરે છે, મોક્ષને કહે છે, તેઓ પણ પોતાના શ્રાવકોને ઉપદેશ કરે છે, તેઓ પણ ધર્મ સંભળાવે છે.

સૂત્ર- ૬૭૩

તે પૂર્વોક્ત ૩૬૩ પ્રાવાદુકો–વાદીઓ સ્વ–સ્વ ધર્મના આદિકર છે. વિવિધ પ્રકારની બુદ્ધિ–અભિપ્રાય–શીલ–દૃષ્ટિ–રુચિ–આરંભ અને અધ્યવસાય યુક્ત છે. તેઓ એક મોટા મંડલીબંધ સ્થાનમાં ભેગા થઈને રહ્યા હોય, ત્યાં કોઈ પુરુષ આગના અંગારાથી પૂર્ણ ભરેલ પાત્રને લોઢાની સાણસીથી પકડીને લાવે અને તે વિવિધ પ્રકારની

પ્રજ્ઞા યાવત્ વિવિધ પ્રકારના અધ્યવસાય યુક્ત (પોત–પોતાના) ધર્મના આદિકર વાદીને આ પ્રમાણે કહે છે –

હે પ્રાવાદુકો ! તમે આ બળતા અંગારા વાળુ પાત્ર એક–એક મુહૂર્ત હાથમાં પકડી રાખો, સાણસી હાથમાં ન લેશો, આગને બુઝાવશો નહીં કે ઓછી ન કરશો, સાધર્મિકો અને પરધર્મીઓની વૈયાવચ્ચ કરશો નહીં (અર્થાત્ તેમની સેવા લેશો નહીં), પરંતુ સરળ અને મોક્ષારાધક બનીને, માયા કર્યા વિના તમારા હાથ પ્રસારો.

આમ કહીને તે પુરુષ આગના અંગારોથી પૂરી ભરેલી પાત્રીને લોઢાની સાણસીથી પકડીને તે પ્રાવાદુકો– વાદીના હાથ પર રાખે. તે સમયે તે (પોત–પોતાના) ધર્મના આદિકર પ્રાવાદુકો યાવત્ વિવિધ પ્રકારની પ્રજ્ઞા યાવત્ વિવિધ અધ્ય–વસાયયુક્ત છે, તેઓ પોતાના હાથ પાછા ખેંચી લેશે. ત્યારે તે પુરુષ તે સર્વે પ્રાવાદુકો કે જે ધર્મના આદિકર યાવત્ વિવિધ અધ્યવસાયોથી યુક્ત છે, તેમને આ પ્રમાણે કહેશે –

અરે ઓ પ્રાવાદુકો ! ધર્મના આદિકર યાવત્ વિવિધ એવા અધ્યવસાયથી યુક્તો ! તમે તમારા હાથ પાછા કેમ ખેંચો છો ? હાથ ન દાઝે તે માટે ? દાઝે તો શું થાય ? દુઃખ થશે તેમ માની હાથ પાછા ખેંચો છો ? આ જ વાત બધા પ્રાણી માટે સમાન છે, પ્રમાણ છે, સમોસરણ છે. આ જ વાત પ્રત્યેકને માટે તુલ્ય, પ્રત્યેકને માટે પ્રમાણ અને આને જ પ્રત્યેકને માટે સમોસરણ–સારરૂપ સમજો.

તેથી જ શ્રમણ, માહણ આ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે કે – સર્વે પ્રાણી યાવત્ સર્વે સત્ત્વોને હણવા જોઈએ, આજ્ઞાપિત કરવા જોઈએ, ગ્રહણ કરવા જોઈએ, પરિતાપવા–કલેશિત કરવા–ઉપદ્રવિત કરવા જોઈએ. તેઓ ભવિષ્યમાં છેદન–ભેદન પામશે યાવત્ ભવિષ્યમાં જન્મ–જરા–મરણ–યોનિભ્રમણ, ફરી સંસારમાં જન્મ– ગર્ભવાસ–ભવપ્રપંચમાં પડી મહાકષ્ટના ભાગી બનશે. તેમજ તેઓ –

ઘણા જ દંડન–મુંડન–તર્જન–તાડન–અંદુબંધન–યાવત્–ઘોલણના ભાગી થશે, તેમજ માતા–પિતા– ભાઈ–બહેન–પત્ની–પુત્ર–પુત્રી–પુત્રવધૂના મરણનું દુઃખ ભોગવશે. તેઓ દારિદ્રય, દૌર્ભાગ્ય, અપ્રિય સાથે સંવાસ, પ્રિયનો વિયોગ અને ઘણા દુઃખ–દૌર્મનસ્યના ભાગી થશે. તેઓ આદિ–અંત રહિત–દીર્ઘકાલિક–ચતુર્ગતિક સંસાર કાંતારમાં વારંવાર પરિભ્રમણ કરશે. તેઓ સિદ્ધિ નહીં પામે, બોધ નહીં પામે યાવત્ સર્વ દુઃખોનો અંત નહીં કરે. આ (કથન બધા માટે) તુલ્ય, પ્રમાણ અને સારભૂત છે. પ્રત્યેક માટે તુલ્ય–પ્રમાણ–સારભૂત છે.

તેમાં જે શ્રમણ, માહણ એમ કહે છે – યાવત્ – પ્રરૂપે છે કે, સર્વે પ્રાણી, સર્વે ભૂત, સર્વે જીવ, સર્વે સત્ત્વોને હણવા નહીં, આજ્ઞામાં ન રાખવા, ગ્રહણ ન કરવા, ઉપદ્રવિત ન કરવા (આ પ્રમાણે કહેનારા ધર્મી) ભવિષ્યમાં છેદન–ભેદન–યાવત્ જન્મ, જરા, મરણ, યોનિભ્રમણ, સંસારમાં ફરી આગમન, ગર્ભાવાસ, ભવપ્રપંચમાં પડીને મહાકષ્ટના ભાગી બનશે નહીં. તેઓ ઘણા દંડન–મુંડન યાવત્ દુઃખ દૌર્મનસ્યના ભાગી નહીં થાય. અનાદિ–અનંત, દીર્ઘકાલિક, ચતુરંત સંસાર કાંતારમાં વારંવાર પરિભ્રમણ નહીં કરે, તેઓ સિદ્ધ થશે યાવત્ સર્વે દુઃખોનો અંત કરશે.

સૂત્ર– ૬૭૪

આ બાર ક્રિયાસ્થાનોમાં વર્તતા જીવો સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિર્વાણ યાવત્ સર્વ દુઃખનો અંત કર્યો નથી, કરતા નથી, કરશે નહીં. પરંતુ આ તેરમાં ક્રિયાસ્થાનમાં વર્તતા જીવો અતીત–વર્તમાન કે અનાગતમાં સિદ્ધ થયા છે, બુદ્ધ થયા છે, મુક્ત થયા છે, પરિનિર્વાણ પામે છે યાવત્ સર્વ દુઃખોનો અંત કરે છે. એ રીતે તે ભિક્ષુ આત્માર્થી, આત્મહિતકર, આત્મ–ગુપ્ત, આત્મયોગી, આત્મપરાક્રમી, આત્મરક્ષક, આત્માનુકંપક, આત્મનિષ્ફેટક, આત્મા દ્વારા જ સમસ્ત પાપોથી નિવૃત્ત થાય છે, – તેમ હું કહું છું.

**શ્રુતસ્કંધ–૨, અધ્યયન–૨ 'ક્રિયાસ્થાન'નો ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## શ્રુતસ્કન્ધ–૨

### અધ્યયન–૩ ' આહાર પરિજ્ઞા'

સૂત્ર– ૬૭૫

હે આયુષ્યમાન્ ! મેં સાંભળેલ છે, તે ભગવંતે આ પ્રમાણે કહ્યું છે – આ પ્રવચનમાં ''આહાર પરિજ્ઞા'' નામક અધ્યયન છે. તેનો અર્થ આ છે – આ લોકમાં પૂર્વાદિ દિશામાં સર્વત્ર ચાર પ્રકારના બીજકાયવાળા જીવો હોય છે, જેમ કે – અગ્રબીજ, મૂલબીજ, પર્વબીજ, સ્કંધબીજ. તે બીજકાયિક જીવોમાં જે જેવા પ્રકારના બીજથી, જે–જે અવકાશથી ઉત્પન્ન થવા યોગ્ય છે, તે–તે રીતે ઉત્પન્ન થાય છે. એ રીતે કેટલાક બીજકાયિક જીવ પૃથ્વીયોનિક, પૃથ્વી સંભવ, પૃથ્વી વ્યુત્ક્રમ છે. તદ્યોનિક, તદ્સંભવા, તદ્વ્યુત્ક્રમ જીવ કર્મવશ થઈ કર્મના નિદાનથી ત્યાં જ વૃદ્ધિગત થઈ, વિવિધ યોનિવાળી પૃથ્વીમાં વૃક્ષપણે ઉત્પન્ન થાય છે.

તે જીવો તે વિવિધયોનિક પૃથ્વીની ચિકાશનો આહાર કરે છે. તે જીવો પૃથ્વી–અપ્–તેઉ–વાયુ–વનસ્પતિ શરીરનો આહાર કરે છે. તે જીવ વિવિધ પ્રકારના ત્રસ–સ્થાવર જીવોના શરીરને અચિત્ત કરે છે. તે પૂર્વે આહારિત તે શરીરને વિધ્વસ્ત કરીને ત્વચા વડે આહાર કરીને સ્વશરીર રૂપે પરિણમાવે છે.

તે પૃથ્વીયોનિક વૃક્ષના બીજા શરીરો પણ વિવિધ પ્રકારના, વર્ણ–ગંધ–રસ–સ્પર્શ–સંસ્થાન સંસ્થિત તથા અનેકવિધ પુદ્ગલોના બનેલા હોય છે. તે જીવો કર્મોદય મુજબ ઉત્પન્ન થાય છે, એમ કહ્યું છે.

સૂત્ર– ૬૭૬

હવે તીર્થંકરશ્રી કહે છે કે – કોઈ જીવ વૃક્ષયોનિક, વૃક્ષમાં સ્થિત, વૃક્ષમાં વૃદ્ધિ પામે છે. એ રીતે તેમાં ઉત્પન્ન, તેમાં સ્થિત, તેમાં વૃદ્ધિગત જીવો કર્મને વશ થઈ, કર્મના કારણે જ ત્યાં વૃદ્ધિ પામી પૃથ્વીયોનિક વૃક્ષોમાં વૃક્ષરૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો તે પૃથ્વીયોનિક વૃક્ષોના રસનો આહાર કરે છે. તે જીવો પૃથ્વી–અપ્–તેઉ–વાયુ–વનસ્પતિ શરીરનો આહાર કરે છે. તે વિવિધ ત્રસ–સ્થાવર જીવોના શરીરને અચિત્ત કરે છે. તેઓ ધ્વસ્ત કરેલા, પૂર્વે આહારિત તથા ત્વચાથી આહારિત શરીરને વિપરિણામિત કરીને પોતાના સમાન સ્વરૂપમાં પરિણત કરે છે.

તે વૃક્ષયોનિક વૃક્ષોના અનેક પ્રકારના વર્ણ–ગંધ–રસ–સ્પર્શ–વિવિધ સંસ્થાન સંસ્થિત બીજા શરીર પણ હોય છે, જે અનેક પ્રકારના શરીર પુદ્ગલોથી વિકુર્વિત હોય છે. તે જીવ કર્મ વશ થઈને ઉત્પન્ન થાય છે, તેમ કહ્યું છે.

સૂત્ર– ૬૭૭

હવે તીર્થંકરશ્રી કહે છે કે – કેટલાક જીવો વૃક્ષયોનિક, વૃક્ષમાં સ્થિત, વૃક્ષમાં વૃદ્ધિ પામે છે. તે વૃક્ષમાં ઉત્પન્ન, વૃક્ષમાં સ્થિત, વૃક્ષમાં વૃદ્ધિગત જીવો કર્મવશ થઈ, કર્મના કારણે વૃક્ષમાં ઉત્પન્ન થઈને વૃક્ષયોનિકમાં વૃક્ષપણે ઉત્પન્ન થાય છે. તે જીવો તે વૃક્ષયોનિક વૃક્ષોના રસનો આહાર કરે છે.

તે ઉપરાંત તે જીવો પૃથ્વી–અપ્–તેઉ–વનસ્પતિ શરીરનો આહાર કરે છે. ત્રસ –સ્થાવર પ્રાણીના શરીરને અચિત્ત કરે છે, પરિવિધ્વસ્ત તથા પૂર્વે આહારિત, ત્વચાથી આહારિત શરીરોને પચાવીને પોતાના રૂપે પરિણત કરે છે. તે વૃક્ષયોનિક વૃક્ષોના શરીર વિવિધ વર્ણવાળા યાવત્ તે જીવો કર્મોને વશ થઈને ઉત્પન્ન થાય છે, એમ કહ્યું છે.

સૂત્ર– ૬૭૮

હવે તીર્થંકરશ્રી વનસ્પતિ જીવોના બીજા ભેદ પણ કહે છે – કેટલાંક જીવ વૃક્ષયોનિક, વૃક્ષમાં સ્થિત, વૃક્ષમાં વૃદ્ધિ પામે છે. તે વૃક્ષમાં ઉત્પન્ન, વૃક્ષમાં સ્થિત, વૃક્ષમાં વૃદ્ધિગત જીવો કર્મને વશ, કર્મોના કારણે તેમાં ઉત્પન્ન થઈને વૃક્ષયોનિક વૃક્ષોમાં મૂળ–કંદ–સ્કંધ–ત્વચા–શાખા–પ્રવાલ–પત્ર–પુષ્પ–ફળ–બીજ રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો તે વૃક્ષયોનિક વૃક્ષોના રસનો આહાર કરે છે, તે જીવો પૃથ્વી યાવત્ વનસ્પતિ શરીરનો આહાર કરે છે. અનેકવિધ ત્રસ–સ્થાવર પ્રાણીના શરીરને અચિત્ત કરે છે. પરિવિધ્વસ્ત શરીરને યાવત્ પોતાના સમાન પરીણમાવીને તે વૃક્ષયોનિકના મૂલ–કંદ યાવત્ બીજોના બીજા પણ શરીર બનાવે છે, જે વિવિધ વર્ણ–ગંધ યાવત્ વિવિધ શરીર

પુદ્‌ગલથી બનેલા હોય છે. તે જીવો કર્મને વશ ત્યાં ઉત્પન્ન થાય છે, તેમ કહ્યું છે.

સૂત્ર– ૬૭૯

હવે તીર્થંકરશ્રી વનસ્પતિના બીજા ભેદ પણ કહે છે – કેટલાક જીવો વૃક્ષયોનિક, વૃક્ષસ્થિત, વૃક્ષમાં વૃદ્ધિ પામે છે. તે વૃક્ષમાં ઉત્પન્ન, વૃક્ષમાં સ્થિત, વૃક્ષમાં વૃદ્ધિગત જીવો કર્મને વશ, કર્મોના કારણે તેમાં ઉત્પન્ન થઈને વૃક્ષયોનિક વૃક્ષોમાં 'અધ્યારૂહ' રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો તે વૃક્ષયોનિક વૃક્ષોના રસનો આહાર કરે છે. તે જીવો પૃથ્વી આદિના શરીરનો આહાર કરી યાવત્ પોતાના રૂપે પરિણમાવે છે. તે વૃક્ષયોનિક અધ્યારૂહના બીજા પણ શરીરો વિવિધ વર્ણવાળા યાવત્ કહેલા છે.

સૂત્ર– ૬૮૦

હવે તીર્થંકરશ્રી કહે છે – કેટલાક જીવો અધ્યારૂહ યોનિક, અધ્યારૂહ સ્થિત, અધ્યારૂહમાં જ વૃદ્ધિ પામે છે. યાવત્ કર્મોના કારણે ત્યાં ઉત્પન્ન થઈ વૃક્ષયોનિક અધ્યારૂહમાં અધ્યારૂહ વૃક્ષરૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો તે વૃક્ષ–યોનિક અધ્યારૂહના રસનો આહાર કરે છે. તે જીવો પૃથ્વી આદિ શરીરને યાવત્ સ્વરૂપે પરિણમાવે છે. તે વૃક્ષયોનિક અધ્યારૂહના બીજા પણ શરીરો વિવિધ વર્ણવાળા યાવત્ કહેલા છે.

સૂત્ર– ૬૮૧

હવે તીર્થંકરશ્રી કહે છે – અહીં કેટલાક જીવો અધ્યારૂહ વૃક્ષયોનિક અધ્યારોહમાં સ્થિત યાવત્ કર્મોના કારણે ત્યાં ઉત્પન્ન થઈને અધ્યારૂહ વૃક્ષયોનિકમાં અધ્યારૂહ પણે ઉત્પન્ન થાય છે. તે જીવો તે અધ્યારૂહ યોનિકના અધ્યારૂહના રસનો આહાર કરે છે. તે જીવો પૃથ્વી, અપ્ આદિ શરીરનો આહાર કરીને યાવત્ સ્વરૂપે પરિણમાવે છે. બીજા પણ તે અધ્યારૂહયોનિક અધ્યારૂહના વિવિધ વર્ણવાળા શરીર યાવત્ કહ્યા છે.

સૂત્ર– ૬૮૨

હવે તીર્થંકરશ્રી કહે છે – કેટલાક જીવો અધ્યારૂહયોનિક, અધ્યારૂહ સંભવ યાવત્ કર્મોના કારણે તેમાં ઉત્પન્ન થઈને અધ્યારૂહ યોનિકમાં અધ્યારૂહ મૂલ યાવત્ બીજરૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો અધ્યારૂહયોનિક અધ્યારૂહ વૃક્ષના રસનો આહાર કરે છે યાવત્ બીજા પણ તે અધ્યારૂહયોનિક મૂલ યાવત્ બીજ આદિના શરીરો યાવત્ કહ્યા છે.

સૂત્ર– ૬૮૩

હવે તીર્થંકરશ્રી કહે છે – કેટલાક જીવો પૃથ્વીયોનિક, પૃથ્વીમાં સ્થિત યાવત્ વિવિધ યોનિક પૃથ્વીમાં તૃણપણે ઉત્પન્ન થાય છે. તે જીવો વિવિધ યોનિક પૃથ્વીના રસનો આહાર કરે છે. યાવત્ તે જીવો કર્મને વશ ઉત્પન્ન થાય છે, તેમ કહ્યું છે.

સૂત્ર– ૬૮૪

આ પ્રમાણે કેટલાક જીવ તૃણોમાં તૃણરૂપે ઉત્પન્ન થાય છે, વગેરે.

સૂત્ર– ૬૮૫

એ પ્રમાણે તૃણયોનિકમાં તૃણપણે ઉત્પન્ન થાય છે. તૃણયોનિક તૃણ શરીરનો આહાર કરે છે. યાવત્ એમ કહ્યું છે. તથા તૃણયોનિક તૃણમાં મૂળ યાવત્ બીજપણે ઉત્પન્ન થાય છે. યાવત્ એમ કહ્યું છે. એ રીતે ઔષધીના પણ ચાર આલાપકો છે, હરિતના પણ ચાર આલાપક કહેલા છે.

સૂત્ર– ૬૮૬

હવે તીર્થંકરશ્રી કહે છે – આ જગતમાં કેટલાક જીવો પૃથ્વીયોનિક, પૃથ્વીમાં સ્થિત, પૃથ્વીમાં વૃદ્ધિ પામે છે. યાવત્ કર્મોના કારણે ત્યાં ઉત્પન્ન થાય છે. તે વિવિધ યોનિક પૃથ્વીમાં આય–વાય–કાય–કૂહણ–કંદુક–ઉપેહણી–નિર્વેહણી–સચ્છત્ર–છત્રગત–વાસણિક અને ક્રૂર નામક વનસ્પતિ રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો તે વિવિધ યૌનિક પૃથ્વીના રસનો આહાર કરે છે. તે જીવો પૃથ્વી આદિ શરીરનો આહાર કરે છે. યાવત્ બીજા પણ તે પૃથ્વીયોનિક આય

યાવત્ ક્રૂર વનસ્પતિ શરીર જે નાના વર્ણવાળા યાવત્ કહ્યા છે. આ એક જ આલાવો છે, બીજા ત્રણ નથી.

હવે એવું કહે છે. કેટલાક જીવો ઉદકયોનિક, ઉદક સ્થિત યાવત્ કર્મોના કારણે ત્યાં ઉત્પન્ન થઈને વિવિધયોનિક ઉદકમાં વૃક્ષરૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો તે વિવિધયોનિક ઉદકના રસનો આહાર કરે છે. તે જીવો પૃથ્વી આદિ શરીરનો આહાર કરે છે યાવત્ બીજા પણ તે ઉદકયોનિક વૃક્ષ શરીરો વિવિધ વર્ણના યાવત્ કહ્યા છે.

જેમ પૃથ્વીયોનિક વૃક્ષના ચાર ભેદ છે તેમ અધ્યારૂહના, તૃણના, ઔષધીના, હરિતના પ્રત્યેકના ચાર–ચાર આલાપકો કહેવા.

હવે કહે છે કે– કેટલાક જીવો ઉદકયોનિક, ઉદકસ્થિત યાવત્ કર્મોના કારણે ત્યાં ઉત્પન્ન થઈને વિવિધયોનિક ઉદકમાં .....ઉદક–અવક–પનગ–સેવાળ–કલંબુક–હડ–કસેરુગ–કચ્છભાણિતક–ઉત્પલ–પદ્મ–કુમુદ–નલિન–સુભગ–સૌગંધિક–પોંડરીક–મહાપોંડરીક–શતપત્ર–સહસ્રપત્ર–કલ્હાર–કોંકણક–અરવિંદ–તામરસ–ભિસ–મુણાલ–પુષ્કર–પુષ્કરાક્ષિભગ રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો ત્યાં વિવિધયોનિક ઉદકના રસનો આહાર કરે છે, તે જીવો પૃથ્વી આદિ શરીરનો આહાર કરે છે યાવત્ બીજા પણ તે ઉદકયોનિક ઉદક–યાવત્ પુષ્કરાક્ષિભગ વિવિધ વર્ણાદિ શરીર યાવત્ કહ્યા છે.

સૂત્ર– ૬૮૭

હવે પછી કહે છે કે આ લોકમાં કેટલાક જીવો–પૃથ્વીયોનિક વૃક્ષોમાં, વૃક્ષયોનિક વૃક્ષોમાં, વૃક્ષયોનિક મૂળ યાવત્ બીજોમાં, વૃક્ષયોનિક અધ્યારૂહમાં, અધ્યારૂહયોનિક અધ્યારૂહોમાં, અધ્યારૂહયોનિક મૂલ યાવત્ બીજોમાં, પૃથ્વીયોનિક તૃણોમાં, તૃણયોનિક તૃણોમાં, તૃણયોનિક મૂલ યાવત્ બીજોમાં, એ રીતે ઔષધીના અને હરિતના ત્રણ–ત્રણ આલાવા છે. પૃથ્વીયોનિક આય, કાય યાવત્ ક્રૂરમાં, ઉદક યોનિક વૃક્ષોમાં, વૃક્ષયોનિક વૃક્ષોમાં, વૃક્ષયોનિક મૂલ યાવત્ બીજોમાં, એ રીતે અધ્યારૂહના, તૃણના, ઔષધીના, હરિતના ત્રણ–ત્રણ આલાવા છે. ઉદકયોનિક ઉદક–અવક યાવત્ પુષ્કરાક્ષિભગોમાં ત્રસ–પ્રાણરૂપે ઉત્પન્ન થાય છે.

તે જીવો તે પૃથ્વી–ઉદક–વૃક્ષ–અધ્યારૂહ–તૃણ–ઔષધી અને હરિતયોનિક વૃક્ષોમાં વૃક્ષ, અધ્યારૂહ, તૃણ, ઔષધી, હરિત, મૂલ, યાવત્ બીજ, આય–કાય યાવત્ ક્રૂર, ઉદક–અવક યાવત્ પુષ્કરાક્ષિભગ વનસ્પતિના રસનો આહાર કરે છે, તે જીવો પૃથ્વી આદિના શરીરનો આહાર કરે છે, યાવત્ બીજા પણ તે મૂલ–કંદ યાવત્ બીજ યોનિક, આય–કાય યાવત્ ક્રૂર યોનિક, ઉદક–અવક યાવત્ પુષ્કરાક્ષિભગ યોનિક ત્રસ જીવોના નાના વર્ણાદિ શરીર યાવત્ (તીર્થંકરે) વર્ણવેલા છે.

સૂત્ર– ૬૮૮

હવે તીર્થંકરશ્રી કહે છે કે – મનુષ્યો અનેક પ્રકારના છે. જેમ કે – કર્મભૂમિજ, અકર્મભૂમિજ, અંતર્દ્વીપજ તથા આર્ય, મ્લેચ્છ. તેઓ યથાબીજ, યથા અવકાશ સ્ત્રી–પુરુષના કર્મકૃત્ મૈથુનનિમિત્તથી યોનિમાં સંયોગાનુસાર ઉત્પન્ન થાય છે. ત્યાં તે બંનેના રસનો આહાર કરે છે.

ત્યાં તે જીવ સ્ત્રી, પુરુષ કે નપુંસકપણે ઉત્પન્ન થાય છે. તે જીવો માતાની રજ અને પિતાનું વીર્ય, તે બંને પરસ્પર મળવાથી મલિન અને ઘૃણિત છે, તેનો પહેલો આહાર કરે છે. ત્યારપછી માતા જે અનેકવિધ વસ્તુનો આહાર કરે છે તેના એકદેશ રૂપ ઓજાહાર કરે છે. ક્રમશઃ વૃદ્ધિ પામી પરિપક્વ બની, માતાની કાયાથી નીકળતા (જન્મતા) કોઈ સ્ત્રી, કોઈ પુરુષ, કોઈ નપુંસકપણે જન્મે છે. તે જીવ બાળકરૂપે માતાના દૂધ અને ઘીનો આહાર કરે છે. અનુક્રમે વૃદ્ધિ પામીને ભાત–અડદ તથા ત્રસ–સ્થાવર પ્રાણીનો આહાર કરે છે. તે જીવ પૃથ્વીશરીર આદિને યાવત્ પોતાના રૂપે પરિણમાવે છે. તે કર્મભૂમિજ, અકર્મભૂમિજ આદિ મનુષ્યોના શરીર અનેક વર્ણવાળા હોય છે. એમ કહ્યું છે.

સૂત્ર– ૬૮૯

હવે તીર્થંકરશ્રી કહે છે – પંચેન્દ્રિય તિર્યંચયોનિક જલચર કહે છે – જેમ કે, મત્સ્ય યાવત્ સુંસુમાર. તે જીવ

પોતાના બીજ અને અવકાશ મુજબ સ્ત્રી–પુરુષના સંયોગથી યાવત્ તે ઓજાહાર કરે છે. અનુક્રમે વૃદ્ધિ પામી, પરિપક્વ થતા કાયાથી છૂટા પડીને કોઈ અંડરૂપે, કોઈ પોતરૂપે જન્મે છે. જ્યારે તે ઇંડુ ફૂટે ત્યારે તે જીવ સ્ત્રી, પુરુષ કે નપુંસકરૂપે જન્મે છે. તે જીવ બાળપણે પાણીનો આહાર કરે છે. અનુક્રમે વૃદ્ધિ પામી તે જલચર વનસ્પતિકાય તથા ત્રસ–સ્થાવર જીવોનો આહાર કરે છે યાવત્ પૃથ્વી આદિ શરીર ખાય છે. તે જલચર પંચેન્દ્રિય તિર્યંચ જીવોના બીજા પણ વિવિધ વર્ણાદિવાળા શરીરો હોય છે, તેમ કહ્યું છે.

હવે વિવિધ ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકને કહે છે. જેવા કે – એકખુર, દ્વિખુર, ગંડીપદ, સનખપદ. તેઓ પોતાના બીજ અને અવકાશ મુજબ સ્ત્રી–પુરુષના કર્મથી યાવત્ મૈથુન નિમિત્ત સંયોગથી ઉત્પન્ન થાય છે. તે બંનેના રસનો આહાર કરે છે. ત્યાં જીવ સ્ત્રી, પુરુષ કે નપુંસકપણે યાવત્ ઉત્પન્ન થાય છે.

તે જીવો માતાની રજ અને પિતાનું શુક્ર ખાઈને યાવત્ સ્ત્રી, પુરુષ, નપુંસકપણે જન્મે છે. તે જીવ બાળપણે માતાનું દૂધ પીવે છે, અનુક્રમે વૃદ્ધિ પામી વનસ્પતિકાય અને ત્રસ–સ્થાવર જીવોને ખાય છે. પૃથ્વી આદિ શરીરને ખાય છે. તે ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ–યોનિક એકખુર યાવત્ સનખપદ જીવોના વિવિધ વર્ણાદિ હોય છે, તેમ કહ્યું છે.

હવે ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકને કહે છે. તે આ પ્રમાણે – સર્પ, અજગર, આશાલિક, મહોરગ. તેઓ પોતાના બીજ અને અવકાશ મુજબ સ્ત્રી–પુરુષના યાવત્ મૈથુનથી ઉત્પન્ન થાય છે. શેષ પૂર્વવત્. કોઈ અંડ રૂપે, કોઈ પોતરૂપે જન્મે છે. તે ઇંડુ ફૂટે ત્યારે કોઈ સ્ત્રી, પુરુષ કે નપુંસકરૂપે જન્મે છે.

તે જીવો બાળરૂપે વાયુકાયનો આહાર કરે છે. અનુક્રમે મોટા થતા વનસ્પતિકાય, ત્રસ–સ્થાવર જીવોને ખાય છે. પૃથ્વી આદિ શરીર ખાય છે. યાવત્ તે ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક સર્પ યાવત્ મહોરગના શરીર વિવિધ વર્ણના કહ્યા છે.

હવે ભૂજ પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક કહે છે. તે આ પ્રમાણે – ઘો, નોળીયો, સિંહ, સરડ, સલ્લક, સરવ, ખર, ગૃહકોકીલ, વિશ્વંભર, મૂષક, મંગુસ, પદલાતિક, બિડાલ, જોધ અને ચતુષ્પદ. તેઓ પોતાના બીજ અને અવકાશ મુજબ સ્ત્રી–પુરુષના સંયોગથી યાવત્ ઉરપરિસર્પ મુજબ જાણવું. યાવત્ સ્વ–રૂપે પરિણમાવે છે. બીજા પણ તેવા ભૂજ પરિસર્પ પંચેન્દ્રિય સ્થલચર તિર્યંચ ઘો આદિ યાવત્ કહેલ છે.

હવે ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક કહે છે. તે આ પ્રમાણે – ચર્મપક્ષી, રોમપક્ષી, સમુદ્ગપક્ષી, વિતતપક્ષી. તેઓ પોતાના બીજ અને અવકાશ મુજબ યાવત્ ઉરપરિસર્પ મુજબ બધું જાણવું. તે જીવો બાળરૂપે માતાના શરીરના રસનો આહાર કરે છે. અનુક્રમે મોટા થઈને વનસ્પતિકાય અને ત્રસસ્થાવર પ્રાણીને ખાય છે. પૃથ્વી આદિ શરીરને ખાય છે – યાવત્ – બીજા પણ તેવા અનેક ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક કહ્યા છે.

## સૂત્ર– ૬૯૦

હવે પછી તીર્થંકરશ્રી કહે છે – આ જગતમાં કેટલાક જીવો વિવિધ પ્રકારની યોનિઓમાં ઉત્પન્ન થાય છે. સ્થિત રહે છે અને વૃદ્ધિ પામે છે. તેમાં ઉત્પન્ન સ્થિત અને વૃદ્ધિગત જીવ પોતાના પૂર્વકૃત્ કર્માનુસાર, કર્મોના કારણોથી તે યોનિઓમાં ઉત્પન્ન થઈને, વિવિધ પ્રકારના ત્રસ અને સ્થાવર પુદ્ગલોના સચિત્ત કે અચિત્ત શરીરોમાં ઉત્પન્ન થાય છે. તે જીવો અનેકવિધ ત્રસ–સ્થાવર પ્રાણીઓના રસનો આહાર કરે છે, તે જીવો પૃથ્વી આદિનો આહાર કરે છે યાવત્ બીજા પણ ત્રસ–સ્થાવર યોનિક અને તેના આશ્રિત વિવિધ વર્ણાદિવાળા શરીરો હોય છે. એમ કહ્યું છે.

એ જ પ્રમાણે તેમાં પંચેન્દ્રિયના મલ–મૂત્રમાં ઉત્પન્ન થતાં જીવો સ્થિત હોય છે, ચર્મકીટક જીવો પણ હોય છે

## સૂત્ર– ૬૯૧

હવે પછી કહે છે – આ જગતમાં કેટલાક અનેકવિધ યોનિક જીવો યાવત્ કર્મના નિમિત્તથી ત્યાં ઉત્પન્ન થાય છે. તે ત્રસ–સ્થાવર પ્રાણીના સચિત્ત કે અચિત્ત શરીરોમાં, અપ્કાય રૂપે ઉત્પન્ન થાય છે. તે શરીર વાયુથી બનેલ,

વાયુથી સંગ્રહિત કે વાયુથી પરિગ્રહિત હોય છે. તે વાયુ ઉર્ધ્વવાયુ હોય તો ઉર્ધ્વભાગી, અધોવાયુ હોય તો અધોભાગી અને તિર્છો વાયુ તિર્છો જાય છે. તે અપ્કાય જીવો આ પ્રમાણે છે – ઓરા, હિમ, ધુમ્મસ, કરા, હરતણુ અને શુદ્ધોદક. તે જીવો ત્યાં અનેકવિધ ત્રસ–સ્થાવર પ્રાણીના રસનો આહાર કરે છે, પૃથ્વી આદિ શરીર પણ ખાય છે. યાવત્ આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

હવે બતાવે છે કે – આ જગતમાં કેટલાક જીવો ઉદકયોનિક, ઉદક સ્થિત યાવત્ કર્મના કારણે ત્યાં ત્રસ–સ્થાવર યોનિકોના ઉદકમાં ઉદકપણે (જળરૂપે) ઉત્પન્ન થાય છે. તે જીવો તે ત્રસ–સ્થાવર યોનિકના ઉદકની ચીકાશને ખાય છે. તે જીવો પૃથ્વી આદિ શરીરોને ખાય છે યાવત્ સ્વરૂપે પરિણમાવે છે. તે ત્રસ સ્થાવરયોનિક ઉદકોના અનેક વર્ણાદિ બીજા શરીર પણ હોય છે – એમ તીર્થંકરોએ કહ્યું છે.

હવે બતાવે છે કે – આ જગતમાં કેટલાક ઉદકયોનિક જીવો – યાવત્ – કર્મના પ્રભાવથી ઉદકયોનિક ઉદકમાં ઉદકપણે ઉત્પન્ન થાય છે. તે જીવો તે ઉદકયોનિક ઉદકના રસનો આહાર કરે છે. તે જીવો પૃથ્વી શરીરનો આહાર કરે છે યાવત્ બીજા પણ ઉદકયોનિક ઉદક વિવિધવર્ણી શરીરવાળા હોય છે. તેમ કહ્યું છે.

હવે બતાવે છે કે – આ જગતમાં ઉદકયોનિક જીવો યાવત્ કર્મના કારણે તેમાં જન્મે છે. ઉદકયોનિક ઉદકમાં ત્રસ–જીવરૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો ઉદકયોનિક ઉદકની ચીકાશનો આહાર કરે છે. તે જીવો પૃથ્વી આદિ શરીર ખાય છે. યાવત્ બીજા પણ ઉદકયોનિક ત્રસ જીવો વિવિધવર્ણી શરીરવાળા હોય છે. તેમ કહ્યું છે.

### સૂત્ર- ૬૯૨

હવે આગળ કહે છે – આ જગતમાં કેટલાક જીવ વિવિધયોનિક છે યાવત્ પૂર્વ કર્મના કારણે તેમાં આવીને અનેક વિધ ત્રસ–સ્થાવર જીવોના સચિત્ત કે અચિત્ત શરીરોમાં અગ્નિકાય રૂપે ઉત્પન્ન થાય છે. તે જીવો તે વિવિધ ત્રસ–સ્થાવર જીવોની ભીનાશને ખાય છે. તે જીવો પૃથ્વીશરીર આહારે છે. યાવત્ પરીણમાવે છે. તે ત્રસ–સ્થાવર યોનિક અગ્નિકાયના વિવિધ વર્ણાદિયુક્ત બીજા પણ શરીરો કહ્યા છે.

બાકીના ત્રણ આલાવા ઉદકના આલાવા વત્ જાણવા.

હવે આગળ કહે છે – આ જગતમાં કેટલાક જીવો વિવિધયોનિક છે. યાવત્ પૂર્વકર્મના ઉદયથી તેમાં આવીને અનેકવિધ ત્રસ સ્થાવર જીવોના સચિત્ત કે અચિત્ત શરીરમાં વાયુકાયરૂપે ઉત્પન્ન થાય છે. બાકીનું વર્ણન અગ્નિકાયના ચાર આલાવા મુજબ જાણવું.

### સૂત્ર- ૬૯૩ થી ૬૯૮

૬૯૩– હવે પછી એમ કહ્યું છે – આ જગતમાં કેટલાક જીવો વિવિધયોનિક છે. યાવત્ કર્મના પ્રભાવથી ત્યાં આવીને અનેકવિધ ત્રસ–સ્થાવર જીવોના સચિત્ત કે અચિત્ત શરીરોમાં પૃથ્વી–શર્કરા–વાલુકા (આદિ રૂપે ઉત્પન્ન થાય છે.) તે નીચેની ગાથાથી જાણવું –

૬૯૪– પૃથ્વી, શર્કરા, વાલુકા, પથ્થર, શિલા, લવણ, લોઢું, કલઈ, ત્રાંબું, સીસું, રૂપુ, સુવર્ણ અને વજ્ર.

૬૯૫– હડતાલ, હિંગલોક, મનસિલ, સાસક, અંજન, પ્રવાલ, અભ્રપટલ, અભ્રવાલુક અને બધા બાદરકાય મણિઓ.

૬૯૬– ગોમેદ, રૂચક, અંક, સ્ફટિક, લોહિતાક્ષ, મરકત, મસારગલ્લ, ભુજમોચક અને ઈન્દ્રનીલ એ રત્નો.

૬૯૭– ચંદન, ગેરુક, હંસગર્ભ, પુલાક, સૌગંધિક, ચંદ્રપ્રભ, વૈડૂર્ય, જલકાંત, સૂર્યકાંત.

૬૯૮– આ ઉક્ત ગાથાઓ યાવત્ સૂર્યકાંત સુધી કહી, તેમાં તે જીવો આવે છે. તે જીવો ત્યાં અનેકવિધ ત્રસ–સ્થાવર પ્રાણીના રસનો આહાર કરે છે. તે જીવો પૃથ્વીશરીર ખાઈને યાવત્ સ્વ–રૂપે પરીણમાવે છે. બીજા પણ તે ત્રસ–સ્થાવર યોનિકોના પૃથ્વી યાવત્ સૂર્યકાંત શરીર વિવિધ વર્ણ આદિવાળા યાવત્ કહ્યા છે. બાકી આલાવા ઉદક મુજબ છે.

સૂત્ર- ૬૯૯

હવે પછી કહ્યું છે - સર્વે પ્રાણી, સર્વે ભૂતો, સર્વે જીવો, સર્વે સત્ત્વો વિવિધ યોનિઓમાં ઉત્પન્ન–સ્થિત–વૃદ્ધિગત રહે છે. તેઓ શરીરમાં જ ઉત્પન્ન–સ્થિત–વૃદ્ધિગત થાય છે. શરીરનો આહાર કરે છે. તે જીવો કર્માનુગ, કર્મનિદાના, કર્મગતિક, કર્મસ્થિતિક છે અને કર્મને કારણે વિવિધ અવસ્થા પામે છે. (હે શિષ્યો! તમે) એ પ્રમાણે જાણો, જાણીને આહાર ગુપ્ત, જ્ઞાનાદિ સહિત, સમિત, સદા સંયત બનો. તેમ હું કહું છું.

**શ્રુતસ્કંધ-૨, અધ્યયન-૩ 'આહાર પરિજ્ઞા'નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ**

# શ્રુતસ્કન્ધ–૨

## અધ્યયન–૪ ' પ્રત્યાખ્યાન ક્રિયા'

સૂત્ર– ૭૦૦

હે આયુષ્યમાન્ ! મેં સાંભળેલ છે કે તે ભગવંતે આમ કહ્યું છે – આ પ્રવચનમાં પ્રત્યાખ્યાનક્રિયા નામે અધ્યયન છે. તેનો આ અર્થ કહ્યો છે. આત્મા અપ્રત્યાખ્યાની અર્થાત સાવદ્ય કર્મોનો ત્યાગ ન કરનારા પણ હોય છે, આત્મા અક્રિયાકુશલ પણ હોય છે, આત્મા મિથ્યાત્વ સંસ્થિત પણ હોય છે, આત્મા એકાંત દંડદાયી – એકાંત બાલ એકાંત સુપ્ત – મન, વચન, કાયાથી વક્ર–અપ્રતિહત અને અપ્રત્યાખ્યાન પાપકર્મા પણ હોય છે.

આ જીવને ભગવંતે અસંયત, અવિરત, પાપકર્મનો ઘાત અને પ્રત્યાખ્યાન ન કરેલ, સક્રિય, અસંવૃત્ત, એકાંત દંડદાયી, એકાંત બાલ, એકાંત સુપ્ત કહેલ છે. તે અજ્ઞાની મન, વચન, કાયથી વક્ર અને અવિચારી, સ્વપ્નમાં પણ ન જોયેલ હોય તેવા પાપકર્મો કરે છે.

સૂત્ર– ૭૦૧

આ વિષયમાં પ્રેરકે પ્રરૂપકને આમ કહ્યું – પાપયુક્ત મન, પાપયુક્ત વચન, પાપયુક્ત કાયા ન હોય અને જે પ્રાણીઓને ન હણે, હિંસાના વિચારરહિત મન, વચન, કાયા અને વાક્ય બોલવામાં પણ હિંસાથી રહિત છે, જે પાપકર્મ કરવાનું સ્વપ્ને પણ વિચારતું નથી. એવા જીવને પાપકર્મનો બંધ થતો નથી.

પ્રરૂપકે તેને પૂછ્યું– તેને પાપકર્મ બંધ કેમ ન થાય?

પ્રેરક કહે છે – પાપયુક્ત મન હોય તો મન નિમિત્તે પાપકર્મ થાય, પાપયુક્ત વચન હોય તો વચનયુક્ત પાપકર્મ થાય. પાપયુક્ત કાયા હોય તો કાયા નિમિત્ત પાપકર્મ થાય. હણતા સમનસ્કને સવિચાર મન–વચન–કાયા અને વાક્યપ્રયોગ કરતા, સ્વપ્ન પણ જોતા, આ પ્રકારના ગુણોથી યુક્ત જીવ પાપકર્મ કરે છે,

પ્રેરક આગળ કહે છે – જેઓ એમ કહે છે – પાપયુક્ત મન, વચન, કાયા ન હોવા છતાં, હિંસા ન કરવા છતાં, મનરહિત હોવા છતાં, મન–વચન–કાયાથી પણ વાક્ય–રહિત હોય, સ્વપ્ન જેટલી પણ ચેતના ન હોય, તો પણ તે પાપકર્મ કરે છે – એવું કહેવું મિથ્યા છે.

ત્યારે પ્રરૂપક પ્રેરકને ઉત્તર આપે છે – મેં જે પૂર્વે કહ્યું, તે યથાર્થ છે. મન–વચન–કાયા ભલે પાપયુક્ત ન હોય, કોઈને હણે નહીં, અમનસ્ક હોય, મન–વચન–કાયા અને વાણીનો સમજીને પ્રયોગ ન કરતો હોય, સ્વપ્ને પણ ન જાણવા છતાં એવો જીવ પાપકર્મ કરે છે. એ જ વાત સત્ય છે. કેમ કે, આચાર્ય કહે છે કે –

આ વિષયમાં તીર્થંકર ભગવંતે છ જીવનિકાયને કર્મબંધના હેતુ રૂપે બતાવ્યા છે. તે આ પ્રમાણે – પૃથ્વીકાયિક યાવત્ ત્રસકાયિક. આ છ જીવનિકાયની હિંસાથી થતા પાપકર્મનું જેણે પચ્ચક્ખાણ કરેલ નથી, તે હિંસાથી થતા પાપને રોકેલ નથી, નિત્ય નિષ્ઠુરતાપૂર્વક પ્રાણી ઘાતમાં ચિત્ત રાખી, તેમને દંડ આપે છે, તે આ પ્રમાણે – પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહ અને ક્રોધ યાવત્ મિથ્યાદર્શન શલ્ય પર્યન્ત પાપને સેવે છે.

આચાર્ય ફરી કહે છે – ભગવંતે આ વિષયમાં વધકનું દ્રષ્ટાંત કહ્યું છે, કોઈ વધ કરનાર ગાથાપતિ કે ગાથાપતિ પુત્રનો, રાજા કે રાજપુરુષનો વધ કરવા ઈચ્છે, અવસર પામીને તેના ઘરમાં પ્રવેશીને, તક મળતા તેને પ્રહાર કરી મારી નાખીશ, આ રીતે કોઈ વધક ગાથાપતિ યાવત્ રાજપુરુષનો વધ કરવાના વિચારથી દિવસે કે રાત્રે, સૂતા કે જાગતા નિત્ય તે જ વિચારોમાં અટવાયેલો રહે છે. તે અમિત્રભૂત, મિથ્યાત્વ સંસ્થિત, નિત્ય હિંસક ચિત્તવૃત્તિયુક્ત એવાને વધ કરનાર માનવો કે નહીં ?

ત્યારે પ્રેરકે (પ્રશ્નકર્તાએ) સમતાથી કહ્યું – હા, તે વધક જ છે.

આચાર્ય કહે છે – જેમ તે વધક તે ગાથાપતિ કે ગાથાપતિ પુત્ર, રાજા કે રાજપુરુષને સમય મળતા તેના

મકાનમાં પ્રવેશીને, તક મળતા જ પ્રહાર કરીને તેને મારી નાંખીશ. આવું તે રાત્રે-દિવસે, સૂતા-જાગતા અમિત્ર બનીને, મિથ્યાત્વ સ્થિત થઈને, તેમના ઘાતને માટે શઠતાપૂર્વક દુષ્ટચિત્તે વિચારતો હોય છે. એવી રીતે અજ્ઞાની જીવ સર્વે પ્રાણી યાવત્ સર્વે સત્ત્વોને દિવસે કે રાત્રે, સૂતા કે જાગતા અમિત્ર થઈને, મિથ્યાત્વ સ્થિત રહીને નિત્ય, શઠતાપૂર્વક ઘાત કરવાનો વિચાર ચિત્તમાં રાખી મૂકે છે તેથી પ્રાણાતિપાતથી મિથ્યાદર્શન શલ્ય સુધીના અઢારે પાપસ્થાનકો તેને છે.

આ રીતે ભગવંતે તેવા જીવોને અસંયત, અવિરત, પાપકર્મનો નાશ અને પ્રત્યાખ્યાન ન કરનારા, સક્રિય, અસંવૃત્ત, એકાંત દંડદાયી, એકાંત સુપ્ત કહ્યા છે. તે અજ્ઞાની મન-વચન-કાય વાક્ય વિચારપૂર્વક ન પ્રયોજે, સ્વપ્ન પણ ન જોવા છતાં, તે પાપકર્મ કરે છે.

જેવી રીતે તે વધક તે ગૃહપતિ યાવત્ રાજપુરુષની પ્રત્યેકની હત્યા કરવાનો વિચાર ચિત્તમાં લઈને સૂતા કે જાગતા તેનો શત્રુ બનીને રહે, મિથ્યાત્વ સ્થિત રહે, નિત્ય શઠતાપૂર્વક પ્રાણીદંડની ભાવના રાખે છે, એવી રીતે અજ્ઞાની જીવ સર્વ જીવો યાવત્ સર્વે સત્ત્વોને પ્રત્યેક પ્રતિ ચિત્તમાં નિરંતર હિંસાભાવ રાખી, રાત્રે-દિવસે સૂતા કે જાગતા અમિત્ર બની, મિથ્યાત્વ સ્થિત થઈ, શઠતાપૂર્વક હિંસામય ચિત્તવાળો બને છે. આ રીતે તે અજ્ઞાની જીવ પ્રત્યાખ્યાન  ન કરે ત્યાં સુધી પાપકર્મબંધ કરે છે.

### સૂત્ર- ૭૦૨

પ્રશ્નકર્તા (પ્રેરક) કહે છે – આ અર્થ બરાબર નથી. આ જગતમાં એવા ઘણા પ્રાણી છે, તેમના શરીરનું પ્રમાણ કદી જોયું કે સાંભળેલુ ન હોય. તે જીવો આપણને ઈષ્ટ કે જ્ઞાત ન હોય. તેથી આવા પ્રાણી પ્રત્યે હિંસામય ચિત્ત રાખી દિન-રાત, સૂતા-જાગતા અમિત્ર થઈ, મિથ્યાત્વ સ્થિત રહી, નિત્ય પ્રશઠ વ્યતિપાત ચિત્તદંડ-પ્રાણાતિપાતાદિ કઈ રીતે સંભવે ?

### સૂત્ર- ૭૦૩

આચાર્ય કહે છે – અહીં ભગવંતે બે દૃષ્ટાંતો કહ્યા છે. સંજ્ઞી દૃષ્ટાંત અને અસંજ્ઞી દૃષ્ટાંત.

સંજ્ઞી દૃષ્ટાંત આ પ્રમાણે- જે આ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તક જીવ છે, કોઈ પુરુષ તેમાંથી-પૃથ્વીકાયથી ત્રસકાય પર્યન્તના છ જીવનિકાયમાંથી પૃથ્વી-કાય દ્વારા પોતાનું કાર્ય કરે છે કે કરાવે છે, ત્યારે તેને એમ થાય છે કે હું પૃથ્વીકાયથી કાર્ય કરું છું અને કરાવું છું. તેને ત્યારે એમ થતું નથી કે તે આ કે તે પૃથ્વીકાયથી કાર્ય કરે – કરાવે છે. તેથી તે પુરુષ પૃથ્વીકાયનો અસંયત-અવિરત-અપ્રતિહત પ્રત્યાખ્યાન પાપકર્મા થાય છે.

આ પ્રમાણે ત્રસકાય પર્યન્ત કહેવું જોઈએ.  જો કોઈ પુરુષ છ કાયના જીવોથી કાર્ય કરે – કરાવે છે, તેને એમ થાય છે કે હું છ જીવનિકાયથી કાર્ય કરું – કરાવું છું, પણ તેને એમ નથી થતું કે આ તે જીવોથી કાર્ય કરે – કરાવે છે. કેમ કે તે છ એ જીવકાયથી કાર્ય કરે – કરાવે છે. તેથી તે છ જીવનિકાયનો અસંયત, અવિરત, અપ્રતિહત પચ્ચક્ખાય પાપકર્મા છે અને પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શન શલ્ય પાપોને સેવે છે.

આ રીતે ભગવંતે અસંયત, અવિરત, પાપકર્મોનો નાશ અને પ્રત્યાખ્યાન ન કરનાર કહ્યો. સ્વપ્ને પણ ન જાણતો પાપકર્મો કરે છે – સંજ્ઞીદૃષ્ટાંત.

હવે અસંજ્ઞીનું દૃષ્ટાંત કહે છે- પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક અને ત્રસસંજ્ઞક અમનસ્ક જીવ છે તે અસંજ્ઞી છે. તેઓમાં તર્ક-સંજ્ઞા-પ્રજ્ઞા-મન કે વાણી કંઈ નથી. તેઓ સ્વયં કરતા નથી, બીજા પાસે કંઈ કરાવતા નથી કે કરનારને અનુમોદતા નથી. તો પણ તે અજ્ઞાની સર્વ જીવો યાવત્ સર્વે સત્ત્વોના દિન-રાત, સૂતા-જાગતા શત્રુ બની રહે છે, મિથ્યાત્વ સ્થિત રહે છે. નિત્ય પ્રશઠ-વ્યતિપાત ચિત્તદંડ થઈ પ્રાણાતિપાતથી મિથ્યાદર્શન શલ્યના પાપોમાં પ્રવૃત્ત રહે છે. આ રીતે તેમને મન નથી, વચન નથી તો પણ તે સર્વે પ્રાણી યાવત્ સત્ત્વોને દુઃખ-શોક-વિલાપ-પિટ્ટણ અને પરિતાપ આપીને તેઓ દુઃખ-શોક યાવત્ પરિતાપ, વધ, બંધન, પરિક્લેશથી અવિરત

હોય છે. આ કારણથી તેઓ અસંજ્ઞી હોવા છતાં રાત–દિન પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહ તેમજ મિથ્યાદર્શન સુધીના પાપોમાં રત રહે છે.

સર્વે યોનિઓના પ્રાણી સંજ્ઞી થઈને અસંજ્ઞી અને અસંજ્ઞી થઈને સંજ્ઞી થાય છે. તે સંજ્ઞી કે અસંજ્ઞી બનીને અહીં પાપકર્મોને પોતાનાથી અલગ ન કરીને, ન ખંખેરીને, ન છેદીને, તેનો પશ્ચાત્તાપ ન કરીને તે અસંજ્ઞીકાયથી સંજ્ઞીકાયમાં કે સંજ્ઞીકાયથી અસંજ્ઞીકાયમાં કે સંજ્ઞીકાયથી સંજ્ઞીકાયમાં કે અસંજ્ઞીકાયથી અસંજ્ઞીકાયમાં સંક્રમે છે. જે આ સંજ્ઞી કે અસંજ્ઞી છે તે બધાં મિથ્યાચારી, સદૈવ શઠતાપૂર્વક હિંસાત્મક ચિત્તવાળા થઈને પ્રાણાતિપાતથી મિથ્યાદર્શનશલ્ય સુધીના પાપોનું સેવન કરે છે.

આ કારણથી ભગવંતે તેમને અસંયત, અવિરત, અપ્રત્યાખ્યાન પાપકર્મી, સક્રિય, અસંવૃત્ત, એકાંત દંડવાળા, એકાંત બાળ, એકાંત સુપ્ત કહ્યા છે. તે અજ્ઞાની જીવ ભલે મન–વચન–કાયાનો પ્રયોગ વિચારપૂર્વક કરતા નથી તથા (હિંસાનું) સ્વપ્ન પણ જોતા નથી, તો પણ પાપકર્મ કરે છે.

સૂત્ર– ૭૦૪

પ્રેરક (પ્રશ્નકર્તા) કહે છે – મનુષ્ય શું કરતા–કરાવતા સંયત, વિરત, પાપકર્મનો પ્રતિઘાત અને પ્રત્યાખ્યાન કરનારા થાય છે ?

આચાર્યએ કહ્યું કે – તે માટે ભગવંતે પૃથ્વીકાયથી ત્રસકાય પર્યન્ત છ જીવનિકાયને કારણરૂપ કહ્યા છે. જેમ કોઈ વ્યક્તિ દ્વારા દંડ–અસ્થિ–મુષ્ટિ–ઢેફા–ઠીકરા આદિથી મને કોઈ તાડન કરે યાવત્ પીડિત કરે યાવત્ મારું એક રુંવાડું પણ ખેંચે તો મને હિંસાજનિત દુઃખ અને ભય અનુભવું છું. એ રીતે તું જાણ કે સર્વે પ્રાણી યાવત્ સર્વે સત્ત્વો દંડ યાવત્ ઠીકરા વડે મારીને, તર્જના કે તાડના કરીને યાવત્ રુંવાડું પણ ઉખેડતા હિંસાકારી દુઃખ અને ભયને અનુભવે છે. એમ જાણીને સર્વે પ્રાણી યાવત્ સર્વે સત્ત્વોને ન હણવા યાવત્ ન પીડવા. આ ધર્મ જ ધ્રુવ–નિત્ય–શાશ્વત છે. તથા લોકસ્વભાવ સમ્યક્‌પણે જાણીને ખેદજ્ઞ તીર્થંકરે પ્રતિપાદિત કર્યો છે.

આ રીતે તે ભિક્ષુ પ્રાણાતિપાતથી મિથ્યાદર્શનશલ્ય પર્યન્ત વિરત થાય, તે દાંત સાફ ન કરે, અંજન ન આંજે, વમન ન કરે, વસ્ત્રાદિને ધૂપિત ન કરે. તે ભિક્ષુ અક્રિય, અહિંસક, અક્રોધી યાવત્ અલોભી, ઉપશાંત અને પરિનિવૃત્ત થાય.

આવા (પ્રત્યાખ્યાની)ને ભગવંતે સંયત, વિરત, પાપકર્મોના નાશક અને પ્રત્યાખ્યાન કર્તા, અક્રિય, સંવૃત્ત, એકાંત પંડિત થાય, તેમ કહ્યું છે. તેમ હું કહું છું.

**શ્રુતસ્કંધ-૨, અધ્યયન-૪ 'પ્રત્યાખ્યાન ક્રિયા'નો ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# શ્રુતસ્કન્ધ–૨

## અધ્યયન–૫ ' આચારશ્રુત'

**સૂત્ર– ૭૦૫**

કુશાગ્ર બુદ્ધિવાળા આશુપ્રજ્ઞ પુરુષ આ અધ્યયનના વાક્ય તથા બ્રહ્મચર્યને ધારણ કરીને આ ધર્મમાં અનાચારનું આચરણ કદાપિ ન કરે.

**સૂત્ર– ૭૦૬, ૭૦૭**

૭૦૬–આ લોકને અનાદિ અનંત જાણીને વિવેકી લોકને એકાંત નિત્ય કે એકાંત અનિત્ય છે, તેમ ન માને

૭૦૭– આ બંને પક્ષોથી વ્યવહાર ચાલતો નથી. તેથી આ બંને પક્ષોનો એકાંત આશ્રવ અનાચાર જાણવો.

**સૂત્ર– ૭૦૮, ૭૦૯**

૭૦૮– સર્વે ભવ્ય જીવો મુક્ત થશે, સર્વે જીવો પરસ્પર વિસદૃશ છે, તેઓ બદ્ધ રહેશે–શાશ્વત રહેશે. આવા વચન ન બોલે...

૭૦૯– કેમ કે આ બંને પક્ષોથી વ્યવહાર ન થઈ શકે, આ બંને એકાંત પક્ષોનું ગ્રહણ અનાચાર જાણ.

**સૂત્ર– ૭૧૦, ૭૧૧**

૭૧૦– જે ક્ષુદ્ર પ્રાણી છે અથવા મહાકાય છે, તેમની સાથે સમાન વૈર જ થાય અથવા ન થાય. –તેવું ન કહેવું

૭૧૧– કેમ કે આ બંને સ્થાનો એકાંત ગણતા વ્યવહાર ન ચાલે. તેથી બંને એકાંતવચન અનાચાર છે.

**સૂત્ર– ૭૧૨, ૭૧૩**

૭૧૨– આધાકર્મ દોષયુક્ત આહારાદિ જે ભોગવે છે તે સાધુ પરસ્પર કર્મથી લિપ્ત થાય છે કે લિપ્ત થતા નથી એવું એકાંત વચન ન કહે....

૭૧૩– કેમ કે આ બંને એકાંત વચનથી વ્યવહાર ચાલતો નથી, આ બંને એકાંત મતનો આશ્રય લેવો તે અનાચાર છે, તેમ તું જાણ.

**સૂત્ર– ૭૧૪, ૭૧૫**

૭૧૪– જે આ ઔદારિક, આહારક, કાર્મણ શરીર છે, તે બધાં એક જ છે, કે એકાંતે ભિન્ન નથી, તથા સર્વેમાં શક્તિ વિદ્યમાન છે કે નથી. તેવા એકાંત વચન ન બોલવા.

૭૧૫– કેમ કે આ બંને સ્થાને એકાંત વિચારોથી વ્યવહાર ચાલતો નથી. આ બંને એકાંત સ્થાનને તું અનાચાર જાણ.

**સૂત્ર– ૭૧૬, ૭૧૭**

૭૧૬– લોક નથી કે અલોક નથી, એવી સંજ્ઞા ન કરવી, પણ લોક છે અને અલોક છે – એવી સંજ્ઞા રાખવી જોઈએ...

૭૧૭– જીવ કે અજીવ નથી એવી સંજ્ઞા ન રાખવી, પણ જીવ અને અજીવ છે, એવી સંજ્ઞા રાખવી જોઈએ.

**સૂત્ર– ૭૧૮, ૭૧૯**

૭૧૮– ધર્મ–અધર્મ નથી એમ ન વિચારવું, પણ ધર્મ–અધર્મ છે તેમ માનવું...

૭૧૯– બંધ–મોક્ષ નથી તેમ ન માનવું, પણ છે તેમ માનવું.

**સૂત્ર– ૭૨૦, ૭૨૧**

૭૨૦– પુન્ય–પાપ નથી, તેવું ન માને, પણ પુન્ય–પાપ છે તેવું માને...

૭૨૧– આશ્રવ–સંવર નથી, તેવું ન માને પણ આશ્રવ–સંવર છે તેમ માને.

**સૂત્ર– ૭૨૨, ૭૨૩**

૭૨૨– વેદના–નિર્જરા નથી તેમ ન માનવું, વેદના–નિર્જરા છે તેમ માનવું...

૭૨૩– ક્રિયા–અક્રિયા નથી તેમ ન માનવું, ક્રિયા–અક્રિયા છે તેમ માનવું.

**સૂત્ર– ૭૨૪ થી ૭૨૬**

૭૨૪– ક્રોધ–માન નથી તેમ ન વિચારવું, પણ ક્રોધ–માન છે તેમ માનવું...

૭૨૫– માયા–લોભ નથી તેમ ન વિચારવું, પણ માયા–લોભ છે તેમ માનવું...

૭૨૬– રાગ–દ્વેષ નથી તેમ ન વિચારવું, પણ રાગ–દ્વેષ છે, તેમ માનવું.

**સૂત્ર– ૭૨૭, ૭૨૮**

૭૨૭– ચાર ગતિવાળો સંસાર નથી એમ ન માનવું, પણ તે છે તેમ માનવું...

૭૨૮– દેવ–દેવી નથી તેમ ન વિચારવું, પણ દેવ–દેવી છે, તેમ માનવું.

**સૂત્ર– ૭૨૯, ૭૩૦**

૭૨૯– સિદ્ધિ કે અસિદ્ધિ નથી તેમ ન માનવું, પણ તે છે તેમ માનવું...

૭૩૦– સિદ્ધિ, જીવનું નિજ સ્થાન નથી તેમ ન માનવું, નિજસ્થાન છે તેમ માનવું.

**સૂત્ર– ૭૩૧, ૭૩૨**

૭૩૧– સાધુ, અસાધુ નથી તેમ ન વિચારવું, પણ સાધુ અને અસાધુ છે તેમ માનવું...

૭૩૨– કલ્યાણ કે પાપ નથી તેમ ન વિચારવું, પણ તે છે તેમ માનવું.

**સૂત્ર– ૭૩૩ થી ૭૩૫**

૭૩૩– કોઈ એકાંત કલ્યાણવંત કે એકાંત પાપી છે, તેવો વ્યવહાર થતો નથી. પોતાને શ્રમણ માનતા બાલપંડિત કર્મબંધને જાણતા નથી...

૭૩૪– જગતના પદાર્થો એકાંત નિત્ય કે અનિત્ય છે, જગત દુઃખરૂપ છે, અપરાધી પ્રાણી વધ્ય કે અવધ્ય છે, એવું કથન સાધુ ન કરે...

૭૩૫– સમિત આચારી, નિર્દોષ ભિક્ષાજીવી સાધુ દેખાય છે, તેઓ મિથ્યા જીવે છે તેમ ન માનવું.

**સૂત્ર– ૭૩૬, ૭૩૭**

૭૩૬– અમુક પાસેથી દાન મળે છે કે નથી મળતું'' એવું વચન મેધાવી સાધુ ન બોલે. પણ શાંતિ માર્ગની વૃદ્ધિ થાય તેવું વચન કહે...

૭૩૭– અહીં કહેલા જિનોપદિષ્ટ સ્થાનો વડે પોતાને સંયમમાં સ્થાપિત કરી સાધુ મોક્ષપર્યન્ત સંયમાનુષ્ઠાનમાં રહે. તેમ હું કહું છું.

**શ્રુતસ્કંધ-૨, અધ્યયન-૫ 'આચારશ્રુત'નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ**

## શ્રુતસ્કન્ધ-૨

## અધ્યયન-૬ 'આર્દ્રકીય'

### સૂત્ર- ૭૩૮ થી ૭૪૦

૭૩૮- ગોશાલકે કહ્યું- હે આર્દ્રક ! આ સાંભળ, શ્રમણ મહાવીર પહેલાં એકાંતચારી શ્રમણ હતા. હવે તે અનેક ભિક્ષુઓને સાથે લઈ, જુદી જુદી રીતે વિસ્તારથી ઉપદેશ આપે છે...

૭૩૯- તે અસ્થિર મહાવીરે તેને આજીવિકા બનાવી છે, સભામાં જઈને અનેક ભિક્ષુ મધ્યે, ઘણા લોકોને ઉપદેશ આપે છે, તેનો વ્યવહાર પૂર્વના વ્યવહાર સાથે મેળ નથી ખાતો...

૭૪૦- આ રીતે તેમનું એકાંત વિચરણ કાં તો યોગ્ય હતું અથવા વર્તમાન વ્યવહાર યોગ્ય છે પણ બંને પરસ્પર વિરુદ્ધ આચરણ સારા ન હોઈ શકે.

હે ગોશાલક! ભગવંત મહાવીર પૂર્વે, હાલ કે ભાવિમાં હંમેશા એકાંતને જ અનુભવે છે

### સૂત્ર- ૭૪૧ થી ૭૪૩

૭૪૧- લોકને જાણીને ત્રસ-સ્થાવરોને કલ્યાણકારી એવા શ્રમણ-માહણ ભગવંત હજારો લોકો વચ્ચે ધર્મ કહેતા પણ એકાંતને જ સાધે છે. કેમ કે તેમની ચિત્તવૃત્તિ જ એવી છે...

૭૪૨- ધર્મ કહેતા પણ તેમને દોષ નથી. કેમ કે તેઓ ક્ષાંત, દાંત, જિતેન્દ્રિય, ભાષાના દોષોને વર્જનાર છે, તેથી ભગવંતને ભાષાનું સેવન ગુણ જ છે...

૭૪૩-કર્મથી દૂર રહેનાર ભગવંતે શ્રમણો માટે પાંચ મહાવ્રતો, શ્રાવક માટે પાંચ અણુવ્રતો, પાંચ આશ્રવ અને સંવરનો ઉપદેશ કરે છે. તથા સાધુપણામાં વિરતિની શિક્ષા આપે છે.

### સૂત્ર- ૭૪૪ થી ૭૪૭

૭૪૪- ગોશાલક- અમારા મતમાં ઠંડું પાણી, બીજકાય, આધાકર્મ અને સ્ત્રી સેવનમાં પણ એકાંતચારી તપસ્વીને પાપ માનેલ નથી.

૭૪૫- આર્દ્રક- સચિત્ત પાણી, બીજકાય, આધાકર્મ અને સ્ત્રી નું સેવન કરનારા ગૃહસ્થ છે, શ્રમણ નથી

૭૪૬- જો સચિત્ત બીજ-પાણી અને સ્ત્રીનું સેવન કરનારા પણ શ્રમણ માનીએ તો ગૃહસ્થ પણ શ્રમણ મનાશે. કેમ કે તેઓ પણ તેમનું સેવન કરે છે...

૭૪૭- જે સાધુ થઈને પણ બીજ અને સચિત્ત પાણીનો ભોગી છે, તે જીવિતાર્થે જ ભિક્ષાવૃત્તિ કરે છે. તે જ્ઞાતિ સંયોગ છોડી કાયાને પોષે છે, અંતકર ન બને.

### સૂત્ર- ૭૪૮ થી ૭૫૧

૭૪૮- હે આર્દ્રક ! આમ કહીને તું બધાં પ્રવાદીઓની નિંદા કરે છે. બધાં પ્રવાદીઓ પોતાના સિદ્ધાંતને પૃથક્ પ્રગટ કરી સ્વદર્શનને શ્રેષ્ઠ કહે છે

૭૪૯- આર્દ્રક મુનિ કહે છે - તે શ્રમણ બ્રાહ્મણ પરસ્પર નિંદા કરીને સ્વદર્શને સિદ્ધિ, પરદર્શને અસિદ્ધિ બતાવે છે. હું તેના દર્શનને નિંદું છું, બીજું કંઈ નિંદતો નથી...

૭૫૦- અમે કોઈના રૂપ વેશને નિંદતા નથી, પણ અમારા દર્શનને પ્રગટ કરીએ છીએ, આ માર્ગ અનુત્તર છે, આર્ય પુરુષોએ તેને નિર્દોષ કહ્યો છે...

૭૫૧- ઉર્ધ્વ-અધો-તિર્છી દિશામાં જે ત્રસ-સ્થાવર પ્રાણી છે, તેમની હિંસાની ધૃણા કરનારા સંયમી પુરુષ આ લોકમાં કોઈની નિંદા કરતા નથી.

### સૂત્ર- ૭૫૨ થી ૭૫૫

૭૫૨- ગોશાલકે કહ્યું - તમારા શ્રમણ ડરપોક છે, તેથી પથિકગૃહ, આરામગૃહમાં વસતા નથી. ત્યાં ઘણા

મનુષ્યો ન્યૂનાધિક વાચાળ કે મૌની હોય છે...

૭૫૩– કોઈ મેધાવી, શિક્ષિત, બુદ્ધિમાન, સૂત્ર–અર્થ વડે નિશ્ચયજ્ઞ હોય છે, તેઓ મને કંઈ પૂછશે એવી શંકાથી ત્યાં જતા નથી...

૭૫૪– આર્દ્રકમુનિએ કહ્યું– તેઓ અકામકારી નથી અને બાલકાર્યકારી નથી, તેમને રાજાભિયોગ નથી, તો ભય શેનો ? તેઓ પ્રશ્નના ઉત્તર આપે છે અને નથી પણ આપતા, તેઓ આર્યો માટે સકામકારી છે. તેઓ...

૭૫૫–ત્યાં જઈ કે ન જઈને સમભાવથી ધર્મોપદેશ કરે છે, અનાર્યો દર્શનભ્રષ્ટ હોવાથી તેની પાસે જતા નથી

## સૂત્ર– ૭૫૬ થી ૭૬૨

૭૫૬– ગોશાલકે કહ્યું– ત્યારે તો મને લાગે છે કે, જેમ કોઈ વણિક લાભની ઈચ્છાથી સંગ કરે તેમ તમારા જ્ઞાતપુત્ર પણ તેવા જ છે...

૭૫૭ – આર્દ્રકમુનિએ કહ્યું– ભગવંત નવા કર્મ બાંધતા નથી, જૂનાનો ક્ષય કરે છે, પ્રાણી કુમતિ છોડીને જ મોક્ષ પામે છે, આ પ્રમાણે મોક્ષનું વ્રત કહ્યું છે, ભગવંત આવા મોક્ષના ઈચ્છુક છે – તેમ હું કહું છું...

૭૫૮– વણિક તો જીવોનો આરંભ કરે છે, પરિગ્રહનું મમત્વ કરે છે, સ્વજનોનો સંગ છોડ્યા વિના, લાભ નિમિત્ત બીજાનો સંગ કરે છે...

૭૫૯– વણિકો ધનના અન્વેષી, મૈથુનાસક્ત, ભોજનાર્થે ભટકે છે, અમે તેમને કામાસક્ત, પ્રેમરસમાં ગૃદ્ધ અનાર્યો કહીએ છીએ...

૭૬૦– વણિકો આરંભ–પરિગ્રહને ન છોડતા, તેમાં બદ્ધ રહીને આત્માને દંડે છે, તમે જેને તેમનો ઉદય કહો છો, તે ચાતુર્ગતિ અનંત દુઃખને માટે થાય છે...

૭૬૧– તે વણિકોનો લાભ એકાંત કે આત્યંતિક નથી, તેમાં કોઈ ગુણ નથી, ભગવંતને પ્રાપ્ત ઉદય સાદિ અનંત છે, બીજાને તેવા લાભ માટે ઉપદેશ દે છે...

૭૬૨– ભગવંત અહિંસક, સર્વપ્રજાનુકંપી, ધર્મસ્થિત, કર્મવિવેક હેતુ છે, તેમને આત્મદંડી વણિક જેવા કહેવા તે તમારા અજ્ઞાનને અનુરૂપ છે.

## સૂત્ર– ૭૬૩ થી ૭૬૫

૭૬૩– શાક્યો કહે છે– કોઈ પુરુષ ખોળના પીંડને ''આ પુરુષ છે.'' તેમ માની શૂળથી વિંધી પકાવે કે તુંબડાને કુમાર માની પકાવે તો અમારા મતે તે પ્રાણીવધના પાપથી લેપાય છે...

૭૬૪– અથવા મ્લેચ્છને ખોળની બુદ્ધિએ વિંધે કે કુમારને તુંબડું માની મારે તો પ્રાણીવધનું પાપ ન લાગે...

૭૬૫– કોઈ પુરુષ મનુષ્ય કે બાળકને ખોળનો પીંડ માની શૂળથી વિંધે કે આગમાં પકાવે, તો તે પવિત્ર છે. બુદ્ધોને પારણા માટે યોગ્ય છે.

## સૂત્ર– ૭૬૬ થી ૭૭૩

૭૬૬– જે પુરુષ રોજ ૨૦૦૦ સ્નાતક ભિક્ષુને ભોજન કરાવે છે, તે મહાન પુન્યરાશિ ભેગો કરીને આરોપ્ય નામે મહાસત્ત્વી દેવ બને છે...

૭૬૭– આર્દ્રક મુનિએ તેમને કહ્યું– આપનો મત સંયત માટે અયોગ્ય રૂપ છે, તે પ્રાણીનો ઘાત કરીને પાપનો અભાવ બતાવે છે. જે આવું કહે કે સાંભળે છે તે અજ્ઞાનવર્ધક અને અકલ્યાણકર છે...

૭૬૮– ઉર્ધ્વ–અધો–તિર્છી દિશામાં ત્રસ સ્થાવરોનું ચિન્હ જાણીને જીવહિંસાની આશંકાથી તેની ઘૃણા કરી વિચારીને બોલે કે કાર્ય કરે તો તેને પાપ કેમ લાગે?...

૭૬૯– ખોળના પીંડમાં પુરુષની પ્રતીતિ કે પુરુષમાં ખોળની પ્રતીતિ કઈ રીતે સંભવે ? એવી પ્રતીતિ થવી તેમ કહેનાર અનાર્ય અને અસત્યવાદી છે...

૭૭૦– જે વચન બોલવાથી પાપ લાગે તેવું વચન બોલવું ન જોઈએ. આ વચનો ગુણોનું સ્થાન નથી, તેથી દીક્ષિત આવા નિઃસાર વચન ન બોલે...

૭૭૧– અહો ! તમે એ જ પદાર્થો પ્રાપ્ત કર્યા છે, જીવોનું કર્મફળ સારી રીતે વિચાર્યું છે, પૂર્વથી પશ્ચિમ સુધી તમારો યશ છે, હથેળીમાં રાખેલ વસ્તુ જેમ તમે જગતને જોયું છે...

૭૭૨– જીવોની પીડા સારી રીતે વિચારી, અન્નવિધિથી શુદ્ધ આહાર કરે. કપટ જીવિકાયુક્ત વચન ન બોલે. જૈનશાસનમાં સંયતનો આ જ ધર્મ છે...

૭૭૩– જે પુરુષ ૨૦૦૦ સ્નાતકને નિત્ય ભોજન કરાવે છે, તે અસંયમી રક્તરંજિત હાથવાળો છે, તે લોકમાં નિંદાપાત્ર થાય છે.

સૂત્ર– ૭૭૪ થી ૭૭૯

૭૭૪– બુદ્ધ મતાનુયાયી પુરુષ મોટા સ્થૂળ ઘેટાને મારીને બૌદ્ધ ભિક્ષુઓના ભોજનના ઉદ્દેશ્યથી વિચારીને તેને મીઠુ અને તેલ સાથે પકાવે, પછી પીપળ આદિ મસાલાથી વઘારે છે...

૭૭૫– અનાર્ય, અજ્ઞાની, રસગૃદ્ધ બૌદ્ધભિક્ષુ ઘણુ માંસ ખાવા છતાં કહે છે કે અમે પાપકર્મથી લેપાતા નથી.

૭૭૬– જેઓ આ રીતે માંસનું સેવન કરે છે તેઓ અજ્ઞાનપણાથી પાપને સેવે છે. જે કુશલ પુરુષ છે તે આવું માંસ ખાવાની ઇચ્છા કરતા નથી, વચનથી પણ માંસભક્ષણને મિથ્યા કહે છે...

૭૭૭– સર્વે જીવોની દયાને માટે, સાવદ્યદોષને તજનારા, સાવદ્ય આશંકી, જ્ઞાતપુત્રીય ઋષિગણ ઉદ્દિષ્ટ ભક્તનો ત્યાગ કરે છે...

૭૭૮– પ્રાણી હત્યાની આશંકાથી સાવદ્ય કાર્યની દુર્ગંછા કરનારા શ્રમણ સર્વે પ્રાણીઓને દંડ દેવાનું છોડીને આવો આહાર ખાતા નથી. અમારા દર્શનમાં સંયતોનો આ જ ધર્મ છે...

૭૭૯–આ નિર્ગ્રન્થ ધર્મમાં સ્થિત જ્ઞાની અને શીલસંપન્ન મુનિ પૂર્વોક્ત સમાધિમાં સ્થિર રહીને માયારહિત બની સંયમ અનુષ્ઠાન કરતા અત્યંત પ્રશંસા પામે છે.

સૂત્ર– ૭૮૦ થી ૭૮૩

૭૮૦– વેદવાદી કહે છે– જે હંમેશા ૨૦૦૦ સ્નાતક બ્રાહ્મણોને ભોજન કરાવે છે, તે પુન્યનો સમૂહ એકઠો કરીને દેવ થાય છે, એમ વેદનું કથન છે...

૭૮૧–આર્દ્રકે કહ્યું– ભોજન માટે ક્ષત્રિયાદિ કુળોમાં ભટકતા ૨૦૦૦ સ્નાતકોને નિત્ય ભોજન કરાવનાર, માંસલોલુપી, પ્રાણીથી વ્યાપ્ત નરકમાં જઈને ત્યાં તીવ્ર પરિતાપ પામે છે...

૭૮૨– દયાપ્રધાન ધર્મની નિંદા અને હિંસામય ધર્મની પ્રશંસા કરનાર, એક પણ કુશીલ બ્રાહ્મણને જમાડે, તો અંધકારમય નરકમાં જાય છે પછી દેવોમાં જવાની તો વાત જ ક્યાં રહી ?...

૭૮૩–એકદંડી કહેવા લાગ્યા તમે અને અમે બંને ધર્મમાં સમ્યક્ રીતે ઉત્થિત છીએ. ત્રણે કાળ ધર્મમાં સ્થિત છીએ. આચારશીલ પુરુષને જ્ઞાની કહીએ છીએ, બંનેના મતમાં કોઈ ભેદ નથી.

સૂત્ર– ૭૮૪, ૭૮૫

૭૮૪– આ પુરુષ–જીવાત્મા અવ્યક્તરૂપ છે, સનાતન, અક્ષય, અવ્યય છે. ચંદ્રના તારાઓ સાથેના સંપૂર્ણ સંબંધ માફક જીવાત્મા સર્વભૂતોમાં સંપૂર્ણરૂપે રહે છે...

૭૮૫– આર્દ્રકે કહ્યું– આ પ્રમાણે માનવાથી સંગતિ થતી નથી અને જીવનું સંસરણ પણ સિદ્ધ થતું નથી. બ્રાહ્મણ–ક્ષત્રિય–વૈશ્ય–પ્રેષ્યરૂપ ભેદ સિદ્ધ થતા નથી. કીડા–પક્ષી–સરીસૃપ યોનિ કે દેવલોક સિદ્ધ થતો નથી.

સૂત્ર– ૭૮૬, ૭૮૭

૭૮૬– આ લોકને કેવલજ્ઞાન દ્વારા ન જાણીને જે અનભિજ્ઞ પુરુષ ધર્મનું કથન કરે છે તે આ અનાદિ–

અપાર ઘોર સંસારમાં સ્વયં નાશ પામે છે અને બીજાનો પણ નાશ કરે છે...

૭૮૭– પણ જે સમાધિયુક્ત છે, કેવળજ્ઞાન દ્વારા પૂર્ણ લોકને જાણે છે તે સમસ્ત ધર્મને કહે છે, પોતે તરે છે અને બીજાને પણ તારે છે.

સૂત્ર– ૭૮૮, ૭૮૯

૭૮૮– હે આયુષ્યમાન્ ! જે નિંદિત સ્થાનોનું સેવન કરે છે અને જે આ લોકમાં ચારિત્રયુક્ત છે, તેને જે સ્વમતિથી સમાન ગણે છે, તે વિપરીત પ્રરૂપણા કરે છે...

૭૮૯– હસ્તિતાપસો કહે છે– અમે બધાં જીવોની દયા માટે વર્ષમાં એક વખત મોટા હાથીને બાણ વડે મારીને વર્ષભર અમારી આજીવિકા ચલાવીએ છીએ.

સૂત્ર– ૭૯૦ થી ૭૯૨

૭૯૦– જે વર્ષમાં એક વખત જ પ્રાણીને મારે, તે પણ દોષોથી નિવૃત્ત નથી. કેમ કે બાકીના જીવોના વધમાં પ્રવૃત્ત ન હોય તેવા ગૃહસ્થને પણ દોષરહિત કેમ ન માનવા ?...

૭૯૧– જે પુરુષ શ્રમણવ્રતી થઈ વર્ષમાં એક–એક જ પ્રાણીને મારે છે, તે પુરુષ અનાર્ય કહેવાય છે, તેમને કેવલજ્ઞાન થતું નથી...

૭૯૨– જ્ઞાની પ્રભુની આજ્ઞાથી આ સમાધિયુક્ત ધર્મ સ્વીકારી, સ્થિર થઈ, ત્રણ કરણથી વિરત મહાન સંસાર સમુદ્ર તરી જાય, તે માટે આદાન ધર્મ કહેવો – તેમ હું કહું છું.

**શ્રુતસ્કંધ-૨, અધ્યયન-૬ 'આર્દ્રકીય'નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ**

# શ્રુતસ્કન્ધ–૨

## અધ્યયન–૭ ' નાલંદીય'

### સૂત્ર– ૭૯૩, ૭૯૪ (અપૂર્ણ)

તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું. તે ઋદ્ધ–સ્તિમિત–સમૃદ્ધ–યાવત્–પ્રતિરૂપ હતું. તે રાજગૃહ નગરની બહાર ઈશાન ખૂણામાં નાલંદા નામની બાહિરિકા–ઉપનગરી હતી. તે અનેકશત ભવનોથી રચાયેલી યાવત્ પ્રતિરૂપ હતી.

તે નાલંદા બાહિરિકામાં લેપ નામે ગાથાપતિ હતો. તે ધનીક, દિપ્ત, પ્રસિદ્ધ હતો. વિસ્તીર્ણ વિપુલ ભવન–શયન–આસન–યાન–વાહનથી પરિપૂર્ણ હતો. તેની પાસે ઘણા ધન–સોનુ–ચાંદી હતા. તે ધનના અર્જનના ઉપાયોનો જ્ઞાતા અને અનેક પ્રયોગોમાં કુશળ હતો. તેને ત્યાં લોકોને ઘણા અન્ન–પાણી અપાતા હતા. તે ઘણા દાસ–દાસી–ગાય–ભેંસ–ઘેટાનો સ્વામી હતો. ઘણા લોકોથી પરાભવ પામતો ન હતો.

### સૂત્ર– ૭૯૪ (શેષભાગ)

તે લેપ નામક ગાથાપતિ શ્રમણોપાસક પણ હતો. તે જીવ–અજીવાદિનો જ્ઞાતા થઈ યાવત્ વિચરતો હતો. તે નિર્ગ્રન્થ પ્રવચનમાં નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સ, લબ્ધાર્થ, ગૃહીતાર્થ, પુચ્છિતાર્થ, વિનિશ્ચિત–અર્થ, અભિગૃહીતાર્થ, અસ્થિ–મજ્જાવત્ ધર્માનુરાગરત હતો. (કોઈ પૂછે તો કહેતો)

હે આયુષ્યમાન્ ! આ નિર્ગ્રન્થ પ્રવચન જ સત્ય છે, પરમાર્થ છે, બાકી બધું અનર્થ છે. સ્ફટિકમય યશવાળું છે તેના દ્વાર સદા ખુલ્લા રહેતા, અંતઃપુર પ્રવેશ તેને માટે ખુલ્લો હતો. તે ચૌદશ–આઠમ–પૂનમ–અમાસમાં પ્રતિપૂર્ણ પૌષધનું સમ્યક્ અનુપાલન કતો હતો. શ્રમણ–નિર્ગ્રન્થને તથાવિધ એષણીય અશન–પાન–ખાદિમ–સ્વાદિમ વડે પ્રતિલાભિત કરતો, ઘણા શીલ–વ્રત–ગુણ–વિરમણ–પ્રત્યાખ્યાન–પૌષધોપવાસ વડે પોતાના આત્માને ભાવિત કરતો વિચરતો હતો.

### સૂત્ર– ૭૯૫, ૭૯૬

તે લેપ ગાથાપતિને નાલંદા બાહિરિકાના ઈશાન ખૂણામાં શેષદ્રવ્યા નામક ઉદકશાળા હતી. તે અનેક શત સ્તંભો પર રહેલી હતી. પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ હતી. તે શેષદ્રવ્યા ઉદકશાળાના ઈશાન ખૂણામાં હસ્તિયામ નામે એક વનખંડ હતું. તે વનખંડ કૃષ્ણવર્ણીય હતું.

તે વનખંડના ગૃહપ્રવેશમાં ભગવંત ગૌતમ વિચરતા હતા. તેઓ ત્યાં નીચે બગીચામાં હતા. તે સમયે ભગવંત પાર્શ્વાપત્યીય ઉદક પેઢાલપુત્ર નિર્ગ્રન્થ જે મેતાર્ય ગોત્રીય હતા, તે ભગવાન ગૌતમ પાસે આવ્યા. આવીને ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું – હે આયુષ્યમાન્ ગૌતમ ! મારે આપને કેટલાક પ્રશ્નો પૂછવા છે. હે આયુષ્યમાન્ ! આપે જેવું સાંભળેલ, જોયેલ હોય તેવું જ મને વિશેષ વાદપૂર્વક કહો.

ભગવંત ગૌતમે ઉદક પેઢાલપુત્રને આમ કહ્યું કે – હે આયુષ્ય માન્ ! આપનો પ્રશ્ન સાંભળી, વિચારીને હું જે જાણતો હોઈશ તેમ વાદ સહિત કહીશ. ઉદક પેઢાલપુત્રે ગૌતમને આમ કહ્યું –

### સૂત્ર– ૭૯૭ થી ૭૯૯

૭૯૭– હે આયુષ્યમાન્ ગૌતમ! કુમારપુત્ર નામે શ્રમણ નિર્ગ્રન્થ છે, જે પ્રવચનની પ્રરૂપણા કરે છે. તેઓ કોઈ ગૃહસ્થ શ્રમણોપાસક આવે તો આ પ્રમાણે પચ્ચક્ખાણ કરાવે છે – અભિયોગ સિવાય ગાથાપતિ ચોર–ગ્રહણ વિમોક્ષણ ન્યાયે ત્રસ પ્રાણીની હિંસાનો ત્યાગ છે.

આ રીતે પચ્ચક્ખાણ દુષ્પ્રત્યાખ્યાન થાય છે. આવું પચ્ચક્ખાણ કરાવવું તે દુષ્પ્રત્યાખ્યાન કરાવ્યું કહેવાય, આ રીતે પચ્ચક્ખાણ કરાવતા પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન કરે છે. તેનું શું કારણ છે ?

બધા પ્રાણી સંસરણશીલ છે. સ્થાવર પ્રાણી ત્રસ રૂપે ઉત્પન્ન થાય છે, ત્રસ પણ સ્થાવર રૂપે ઉત્પન્ન થાય છે. જ્યારે સ્થાવરકાયિક ચ્યવીને ત્રસકાય રૂપે ઉત્પન્ન થાય અને ત્રસકાયિક મરીને સ્થાવરકાયમાર ઉત્પન્ન થાય છે. તેઓ સ્થાવરકાયને હણતા (ત્રસકાયમાં ઉત્પન્ન થનાર હોવાથી) તેમને હણે છે.

૭૯૮– જે આ પ્રમાણે પ્રત્યાખ્યાન કરે તે સુપ્રત્યાખ્યાન થાય છે. આ રીતે પચ્ચક્ખાણ કરાવે તે સુપ્રત્યાખ્યાન કરાવે છે. આ રીતે તે બીજાને પચ્ચક્ખાણ કરાવતા સ્વ–પ્રતિજ્ઞા ઉલ્લંઘતા નથી. તે આ પ્રમાણે–

કોઈ અભિયોગ વિના ગૃહપતિ ચોર ગ્રહણ–વિમોક્ષણ ન્યાયે–ત્રસભૂત પ્રાણીઓની હિંસા કરવાનો ત્યાગ કરે. આવા ભાષા પરાક્રમની વિદ્યમાનતા થકી જેઓ ક્રોધ કે લોભવશ બીજાને પચ્ચક્ખાણ કરાવે, ત્રસ આગળ ભૂત શબ્દ ન જોડે, તેઓ પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરે છે અને ન્યાયયુક્ત પણ નથી. હે ગૌતમ ! તમને પણ આ રુચે છે ?

૭૯૯– ભગવંત ગૌતમે સ–વાદ ઉદય પેઢાલપુત્રને આ પ્રમાણે કહ્યું – હે આયુષ્યમાન્ ઉદક ! મને આ વાત ન રુચિ. જે શ્રમણ કે માહણ આમ કહે છે યાવત્ પ્રરૂપે છે, તે શ્રમણ નિર્ગ્રન્થ યથાર્થ બોલતા નથી, તેઓ અનુતાપિની ભાષા બોલે છે, તેઓ શ્રમણો અને શ્રમણોપાસકો પર મિથ્યા દોષારોપણ કરે છે. જે લોકો અન્ય જીવ, પ્રાણ, ભૂત, સત્ત્વોના વિષયમાં સંયમ કરે – કરાવે છે, તેના પર પણ તેઓ વ્યર્થ દોષારોપણ કરે છે.

તેનું શું કારણ ? સમસ્ત પ્રાણી પરિવર્તનશીલ છે. ત્રસ પ્રાણી સ્થાવર રૂપે ઉપજે છે, સ્થાવરો પણ ત્રસરૂપે ઉપજે છે. ત્રસકાયિક મરીને સ્થાવરકાયમાં ઉપજે છે, સ્થાવરકાયિક ચ્યવીને ત્રસકાયમાં ઉપજે છે. તેઓ ત્રસકાયમાં ઉપજે ત્યારે પ્રત્યાખ્યાનકર્તા માટે હનન યોગ્ય નથી.

સૂત્ર– ૮૦૦

ઉદક પેઢાલપુત્રએ વાદ સહિત ભગવાન ગૌતમસ્વામીને આ પ્રમાણે કહ્યું – હે આયુષ્યમાન્ ગૌતમ ! તે પ્રાણી કયા છે જેને તમે ત્રસ કહો છો ? તમે ત્રસ પ્રાણીને જ ત્રસ કહો છો કે બીજાને ?

ભગવાન ગૌતમે પણ વાદસહિત ઉદક પેઢાલપુત્રને આ પ્રમાણે કહ્યું – હે આયુષ્યમાન્ ઉદક ! જે પ્રાણીને તમે ત્રસભૂત ત્રસ કહો છો તેને જ અમે ત્રસ પ્રાણી કહીએ છીએ. જેને અમે ત્રસ પ્રાણી કહીએ છીએ તેને તમે ત્રસભૂત પ્રાણી કહો છો. આ બંને સ્થાનો તુલ્ય અને એકાર્થક છે.

હે આયુષ્યમાન્ ! કયા કારણથી તમે 'ત્રસભૂત' ત્રસ કહેવાનું યુક્તિયુક્ત માનો છો અને અમે ત્રસ પ્રાણીને ત્રસ કહ્યું તે યુક્તિયુક્ત માનતા નથી ? હે આયુષ્યમાન્ ! તમે એકની નિંદા કરો છો અને એકનું અભિનંદન કરો છો ? તમારો પૂર્વોક્ત ભેદ ન્યાયસંગત નથી.

વળી ગૌતમસ્વામી કહે છે, હે ઉદક ! જગતમાં એવા પણ મનુષ્યો હોય છે, જે સાધુ પાસે આવીને પહેલા કહે છે – અમે મુંડિત થઈને, ઘર છોડીને અણગાર થવા માટે સમર્થ નથી. શ્રાવક થઈને અમે અનુક્રમે સાધુત્વ અંગીકાર કરીશું. તેઓ આ પ્રમાણે મનમાં નિશ્ચય કરે છે, આવો જ વિચાર રજૂ કરે છે. પછી રાજાદિ અભિયોગનો આગાર રાખીને ગૃહપતિ ચોર ગ્રહણ વિમોક્ષણ ન્યાયે ત્રસ પ્રાણીની હિંસાનો ત્યાગ કરે છે. આટલો ત્યાગ પણ તેમને માટે કલ્યાણકારી થાય છે.

સૂત્ર– ૮૦૧

ત્રસ જીવ પણ ત્રસ સંભારકૃત્ કર્મને કારણે ત્રસ કહેવાય છે. તેઓ ત્રસ નામકર્મને કારણે ત્રસનામ ધારણ કરે છે. તેમનું ત્રસ આયુ ક્ષીણ થાય તથા ત્રસકાય સ્થિતિક કર્મ પણ ક્ષીણ થાય ત્યારે તે આયુષ્યને છોડી દે છે. તેઓ ત્રસાયુ છોડીને સ્થાવરપણે ઉત્પન્ન થાય છે. સ્થાવરો પણ સ્થાવર કર્મને કારણે સ્થાવર કહેવાય છે અને સ્થાવર નામકર્મ ધારણ કરે છે. સ્થાવર આયુ ક્ષીણ થાય છે તથા સ્થાવરકાય સ્થિતિક પૂર્ણ થતાં સ્થાવર આયુને છોડે છે. તે આયુ છોડીને પુનઃ ત્રસભાવને પામે છે. તે જીવ પ્રાણી પણ કહેવાય છે અને ત્રસ પણ કહેવાય છે. તે મહાકાય–ચિરસ્થિતિક હોય છે.

સૂત્ર– ૮૦૨

ઉદક પેઢાલપુત્રએ વાદ સહિત ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું – હે આયુષ્યમાન્ ગૌતમ ! આવો એક પણ પર્યાય નથી કે જેને ન મારીને શ્રાવક એક જીવની પણ હિંસા વિરતિ રાખી શકે. તેનું શું કારણ છે ? પ્રાણીઓ સંસરણ–શીલ છે. સ્થાવર પ્રાણી ત્રસપણે ઉપજે છે, ત્રસ પ્રાણી પણ સ્થાવરપણે ઉપજે છે. સ્થાવરકાય છોડીને બધા ત્રસકાયમાં ઉપજે છે, ત્રસકાયપણુ છોડીને બધા સ્થાવરકાયમાં ઉપજે છે ત્યારે સ્થાવરકાયમાં ઉત્પન્ન જીવ શ્રાવકો માટે ઘાતને યોગ્ય બને છે.

ભગવાન ગૌતમે ઉદક પેઢાલપુત્રને વાદ સહિત આ પ્રમાણે કહ્યું – હે આયુષ્યમાન્ ! અમારા વક્તવ્ય પ્રમાણે તો તમારું કથન સિદ્ધ થતું નથી, પણ તમારા મતે તે પ્રશ્ન ઉઠે છે. તમારા સિદ્ધાંત મુજબ તે પર્યાયનો અવશ્ય સંભવ છે. જેમાં શ્રમણોપાસક સર્વ પ્રાણો–ભૂતો–જીવો–સત્ત્વોના ઘાતનો ત્યાગ કરી શકે છે – તેનું શું કારણ ? સાંભળો.

પ્રાણી માત્ર પરિવર્તનશીલ છે. ત્રસ પ્રાણી પણ સ્થાવરપણે ઉપજે છે, સ્થાવરો પણ ત્રસપણે ઉપજે છે. ત્રસકાયને છોડીને બધાં સ્થાવરકાયમાં ઉપજે છે, સ્થાવરકાય છોડીને બધાં ત્રસકાયમાં ઉપજે છે. ત્યારે તે સ્થાન શ્રાવકો માટે અઘાત્ય હોય છે. તે પ્રાણી પણ કહેવાય અને ત્રસ પણ કહેવાય. તેઓ મહાકાય, ચિરસ્થિતિક પણ હોય. તેવા ઘણા પ્રાણી છે, જેમાં શ્રાવકનું પચ્ચક્ખાણ સુપચ્ચક્ખાણ હોય છે. તેવા જીવો અલ્પતર હોય છે જેમાં શ્રાવકનું પચ્ચક્ખાણ અપચ્ચક્ખાણ હોય છે. તેવા જીવો અલ્પતર હોય છે જેમાં શ્રાવકનું પચ્ચક્ખાણ અપચ્ચક્ખાણ થાય છે. આ પ્રમાણે શ્રાવક મહાન ત્રસકાયની હિંસાથી ઉપશાંત, ઉપસ્થિત અને પ્રતિવિરત થાય છે. તેથી તમે અને બીજા જે એમ કહે છે – એવો કોઈ પર્યાય નથી જેમાં શ્રાવક એક પણ પ્રાણીની હિંસા થકી વિરત ન થઈ શકે. આપનું કથન ન્યાયયુક્ત નથી.

સૂત્ર– ૮૦૩

ભગવાન ગૌતમ કહે છે કે મારે નિર્ગ્રન્થોને પૂછવું છે કે– હે આયુષ્યમાન્ નિર્ગ્રન્થો ! આ જગતમાં એવા કેટલાક મનુષ્યો છે, જેઓ આવી પ્રતિજ્ઞા કરે છે કે – જેઓ આ મુંડ થઈને, ઘર છોડી અનગારિક પ્રવ્રજ્યા લે છે, તેમને આમરણ દંડ દેવાનો હું ત્યાગ કરું છું. જે આ ગૃહવાસે રહ્યા છે, તેમને આમરણ દંડ દેવાનો હું ત્યાગ કરતો નથી. હું પૂછું છું કે – આ શ્રમણોમાંથી કોઈ ચાર–પાંચ–છ કે દશ વર્ષો (દાયકા) સુધી થોડા કે વધુ દેશોમાં વિચરીને ફરી ગૃહવાસમાં જાય ખરાં? નિર્ગ્રન્થોએ કહ્યું કે–હા, જાય.

ગૌતમ! તેમને તે ગૃહસ્થની હત્યાથી તે પચ્ચક્ખાણ ભાંગે?

નિર્ગ્રન્થ– ના, આ વાત બરાબર નથી.

ગૌતમ! આ જ રીતે શ્રાવકે ત્રસ પ્રાણીની હત્યાનો ત્યાગ કર્યો છે, સ્થાવર પ્રાણીની હત્યાનો નહીં. તે રીતે તે સ્થાવરકાયના વધથી તેના પ્રત્યાખ્યાનનો ભંગ થતો નથી. હે નિર્ગ્રન્થો ! આ રીતે જ સમજો.

ભગવાન ગૌતમે ફરી નિર્ગ્રન્થોને પૂછ્યું કે – હે આયુષ્યમાન્ નિર્ગ્રન્થો ! આ રીતે ગૃહપતિ કે ગૃહપતિ પુત્ર તેવા પ્રકારના ઉત્તમ કુળોમાં જન્મીને ધર્મશ્રવણ માટે સાધુ પાસે આવી શકે ? નિર્ગ્રન્થોએ કહ્યું – હા, આવી શકે. શું તેઓને તેવા પ્રકારનો ધર્મ કહેવો ? નિર્ગ્રન્થોએ કહ્યું – હા, કહેવો.

શું તે તેવા ધર્મને સાંભળી–સમજીને એવું કહી શકે કે – આ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય, અનુત્તર, કૈવલિક, પ્રતિપૂર્ણ, સંશુદ્ધ, નૈયાયિક, શલ્યકર્તક, સિદ્ધિ–મુક્તિ–નિર્યાણ કે નિર્વાણનો માર્ગ, અવિતથ, સંદેહરહિત કે સર્વ દુઃખના ક્ષયનો માર્ગ છે. તેમાં સ્થિત જીવો સિદ્ધ–બુદ્ધ કે મુક્ત થઈને પરિનિર્વાણ પામી બધા દુઃખોનો અંત કરે છે. અમે હવે ધર્મની આજ્ઞા મુજબ ચાલશું, રહીશું, બેસીશું, સૂઈશું, ખાઈશું અને ઊઠીશું તથા ઊઠીને પ્રાણ–ભૂત–જીવ–સત્ત્વોની રક્ષા માટે સંયમ ધારણ કરીશું ?

નિર્ગ્રન્થોએ કહ્યું – હા, તેઓ એમ કરી શકે છે. શું તેમને પ્રવ્રજિત કરવા કલ્પે છે ? – હા, કલ્પે છે. શું તેમને

મુંડિત કરવા કલ્પે ? હા, કલ્પે. શું તેમને શિક્ષા દેવી કલ્પે ? હા, કલ્પે. શું તેમને ઉપસ્થાપિત કરવા કલ્પે ? હા કલ્પે. તેઓએ તે પ્રકારે સર્વપ્રાણો યાવત્ સર્વ–સત્ત્વોનો દંડ છોડ્યો છે ? છોડ્યો છે. તે આવા ઉત્તમ સંયમને પાળતા સાધુ યાવત્ ચાર, પાંચ, છ, દશ વર્ષ સુધી થોડો કે ઘણો કાળ વીત્યા પછી તેમાંથી કોઈ ફરી ગૃહસ્થ થાય ખરો ? હા, થાય પણ ખરા. ગૃહસ્થ થયા પછી પૂર્વની માફક તે સર્વે પ્રાણો યાવત્ સર્વે સત્ત્વોની હિંસા છોડે ખરા ? ના, તે વાત બરાબર નથી.

તે જ તે જીવ છે કે જેણે પૂર્વે સર્વે પ્રાણી યાવત્ સર્વે સત્ત્વોની હિંસા છોડી નહોતી ત્યારે તે અસંયત હતો, પછી તેણે સર્વે હિંસા છોડી ત્યારે તે સંયત હતો વળી તેણે હાલ હિંસા ન છોડી (આરંભી) કેમ કે હાલ ફરી તે અસંયત છે – આ રીતે જેમ અસંયતને સર્વ પ્રાણી યાવત્ સર્વે સત્ત્વોની હિંસા ન છૂટે, તેમ અહીં પણ જાણો કે ત્રસની હિંસા છોડનારને સ્થાવરને હણતા વ્રતભંગ ન થાય ? – હે નિર્ગ્રન્થો! આ પ્રમાણે જ જાણો અને એમ જ જાણવુ જોઈએ.

વળી ગૌતમસ્વામી નિર્ગ્રન્થોને ફરી પૂછે છે કે – હે આયુષ્યમાન્ નિર્ગ્રન્થો ! અહીં કોઈ પરિવ્રાજક કે પરિવ્રાજિકાઓ, અથવા તેમાંથી કોઈ બીજા મતવાળામાંથી આવીને ધર્મ શ્રવણ માટે ઉપસ્થિત થાય ખરો ? હા, ઉપસ્થિત થાય. શું તેમને આવા પ્રકારનો ધર્મ કહેવો? હા, કહેવો. શું તેઓને ઉપસ્થિત કરવા યાવત્ કલ્પે ? હા, કલ્પે. શું તેઓ આવો ઉત્તમ સંયમ પાળવા છતાં યાવત્ ફરી ઘેર જાય ખરા ? હા, ફરી ગૃહસ્થ થાય પણ ખરા. તેવા સાથે પછી ગૌચરી કરવી કલ્પે ? ના, તે વાત બરાબર નથી. આ રીતે નક્કી થયું કે – સાધુ થયા પહેલાં તેમની સાથે ગૌચરી ન થાય, સાધુ થયા પછી કલ્પે અને સાધુપણુ મૂક્યા પછી સાથે ગૌચરી ન કલ્પે. એ પ્રમાણે ત્રસજીવો સ્થાવર થાય પછી તેને વ્રતભંગ ન થાય. હે નિર્ગ્રન્થો ! આ પ્રમાણે જ જાણો.

સૂત્ર– ૮૦૪

ભગવાન ગૌતમસ્વામી કહે છે – કેટલાક એવા શ્રાવકો હોય છે કે, જેઓ પૂર્વે એવું કહે છે કે અમે મુંડ થઈને, ઘર છોડીને અણગારિકપણે પ્રવ્રજિત થવા અસમર્થ છીએ. અમે ચૌદશ, આઠમ, પૂર્ણિમા, અમાસના દિને પ્રતિપૂર્ણ પૌષધને સમ્યક્ પ્રકારે અનુપાલન કરતા વિચરીશું. તથા અમે સ્થૂલ પ્રાણાતિપાત, સ્થૂલ મૃષાવાદ, સ્થૂલ અદત્તાદાન, સ્થૂલ મૈથુન અને સ્થૂલ પરિગ્રહના પ્રત્યાખ્યાન કરીશું. ઈચ્છાનું પરિમાણ કરીશું. અમે આ પ્રત્યાખ્યાન બે કરણ અને ત્રણ યોગથી કરીશું. મારા માટે કંઈ કરવું કે કરાવવું નહીં તેવા પણ પ્રત્યાખ્યાન કરીશું.

પૌષધ સ્થિત તે શ્રાવકો ખાધા કે પીધા વિના, સ્નાન ન કરીને, સંસ્તારક ઉપર સ્થિત થઈને તે જ અવસ્થામાં કાળ કરે તો તેના વિશે શું કહેવું ? તેમને સમ્યક્ કાલગતક કહેવા જોઈએ ? હા, કહેવા જોઈએ.

તેઓ ત્રસ પણ કહેવાય અને પ્રાણી પણ કહેવાય. તેઓ મહાકાય અને ચિરસ્થિતિક છે. તેવા પ્રાણી સંખ્યામાં ઘણા છે, જેના વિષયમાં શ્રાવકને સુપ્રત્યાખ્યાન થાય છે. તેવા પ્રાણી ઘણા અલ્પ છે, જેના વિષયમાં શ્રાવકોને અપ્રત્યા–ખ્યાન થાય છે. આ રીતે તે મહાન ત્રસકાય–હિંસાથી નિવૃત્ત છે. તો પણ તમે એવું કહો છો કે તેનું પ્રત્યાખ્યાન નિર્વિષય છે. યાવત્ તમારું દર્શન નૈયાયિક નથી.

ફરી ભગવાન ગૌતમ કહે છે – એવા કેટલાક શ્રાવકો હોય છે, જેઓ પૂર્વે એવું કહે છે કે અમે મુંડ થઈને યાવત્ દીક્ષા લેવા સમર્થ નથી. તથા ચૌદશ, આઠમ, પૂનમ, અમાસમાં યાવત્ પૌષધ વ્રતને પાળતા વિચરવા પણ સમર્થ નથી. અમે અપશ્ચિમ મારણાંતિક સંલેખનાનું સેવન કરીને ભોજન–પાનનો ત્યાગ કરીને યાવત્ કાળની અપેક્ષા રાખ્યા વિના વિચરીશું, અમે ત્રણે કરણ અને ત્રણે યોગથી સર્વથા પ્રાણાતિપાત યાવત્ સર્વથા પરિગ્રહનો ત્યાગ કરીશું. મારા માટે કંઈ પણ કરવુ–કરાવવુ નહીં યાવત્ સંસારમાં રહીને તેઓ જો કાળ કરે તો તમે તેને સમ્યક્ કાળગત કહેશો ? હા, તેમ કહેવાય. તેઓ પ્રાણી પણ કહેવાય – યાવત્ – શ્રાવકના વ્રતને નિર્વિષય બતાવવાનો તમારો મત ન્યાયસંગત નથી.

ભગવાન ગૌતમે ફરી કહ્યું – કેટલાક એવા મનુષ્યો હોય છે, જેવા કે મહાન ઈચ્છાવાળા મહારંભી,

મહાપરિગ્રહી, અધાર્મિકા યાવત્ દુષ્પ્રત્યાનંદા યાવત્ જાવજ્જીવ સર્વથા પરિગ્રહથી અપ્રતિવિરત, શ્રાવકના વ્રત ગ્રહણથી મૃત્યુપર્યન્ત તેમની હિંસાનો ત્યાગ હોય છે. તે અધાર્મિક પુરુષ આયુષ્ય છોડીને, પોતાના પાપકર્મ સાથે દુર્ગતિમાં જાય છે. તે પ્રાણી પણ કહેવાય અને ત્રસ પણ કહેવાય છે. તે મહાકાય, ચિરસ્થિતિક હોય છે, તેઓ સંખ્યામાં ઘણા હોય છે. શ્રાવકને વ્રત–ગ્રહણથી મરણપર્યન્ત તેમને ન હણવાનો નિયમ છે, તેથી શ્રાવક મહાન પ્રાણીદંડથી વિરત થયેલા છે. માટે તેના વ્રતને નિર્વિષય કહેવું ન્યાયી નથી.

ભગવંત ગૌતમ કહે છે – કેટલાક મનુષ્યો હોય છે. જેમ કે – આરંભ અને પરિગ્રહથી રહિત, ધાર્મિક, ધર્માનુજ્ઞ યાવત્ જાવજ્જીવ સર્વથા પરિગ્રહથી પ્રતિવિરત હોય છે. જેમની હિંસાનો શ્રાવકોને વ્રતગ્રહણથી મરણપર્યન્ત ત્યાગ હોય છે તેવા ધાર્મિક પુરુષ કાળ અવસરે કાળ કરીને પુણ્યકર્મ સહિત સ્વર્ગે જાય છે. તેઓ પ્રાણી પણ કહેવાય છે. યાવત્ તમારું તેના વ્રતના વિષયમાં કથન નૈયાયિક નથી.

ભગવાન ગૌતમ કહે છે કે, એવા કેટલાક મનુષ્યો હોય છે જેમ કે – અલ્પ ઇચ્છાવાળા, અલ્પારંભી, અલ્પ પરિગ્રહી, ધાર્મિક, ધર્માનુજ્ઞ યાવત્ તેઓ પ્રાણાતિપાતથી પરિગ્રહપર્યન્ત દેશથી વિરત હોય છે. જેમને શ્રાવક વ્રતગ્રહણથી મરણપર્યન્ત દંડ દેવાનો ત્યાગ છે. તે ત્યાંનું આયુ છોડીને વર્તમાન આયુ ભોગવીને, સ્વપુણ્યકર્મ સાથે શુભગતિમાં જાય છે. તેઓ પ્રાણી પણ કહેવાય છે – યાવત્ – તમારો મત ન્યાયસંગત નથી.

ભગવાન ગૌતમ કહે છે – કેટલાક મનુષ્યો એવા હોય છે – વનવાસી, ગ્રામબાહ્યવાસી, ગામનિકટવાસી, ગુપ્ત રાહસ્યિક. શ્રાવકે તેમને દંડ દેવાનો ત્યાગ કરેલ છે. તેઓ બહુ સંયત નથી કે પ્રાણી, ભૂત, જીવ, સત્ત્વોની હિંસાથી બહુ વિરત નથી. પોતાની મેળે સાચું–જૂઠું કહે છે. જેમ કે મને ન હણો, બીજાને હણો – યાવત્ – કાળ માસે કાળ કરીને અન્યતર આસુરિક કિલ્બિષિકપણે યાવત્ ઉત્પન્ન થાય છે. ત્યાંથી ચ્યવીને વારંવાર જન્મમૂક કે જન્માંધરૂપે ઉત્પન્ન થાય છે. તેઓ પ્રાણી પણ કહેવાય છે યાવત્ તમારું કથન ન્યાયયુક્ત નથી.

ભગવંત ગૌતમ કહે છે – કેટલાક પ્રાણી દીર્ઘાયુષ્ક હોય છે. જેમના વિષયમાં શ્રાવકને વ્રતગ્રહણથી જીવનપર્યન્ત યાવત્ દંડ ન દેવાનું પચ્ચક્ખાણ હોય છે. તેઓ પૂર્વે જ કાળ કરીને પરલોકમાં જાય છે. તેવા જીવો પ્રાણી પણ કહેવાય છે. ત્રસ પણ કહેવાય છે. તે મહાકાય, ચિરસ્થિતિક, દીર્ઘાયુષ્કા છે. આવા પ્રાણીની સંખ્યા ઘણી છે. તેમના વિષયમાં શ્રાવકનું પ્રત્યાખ્યાન શોભન હોય છે યાવત્ તમે ન્યાયી નથી.

ભગવાન ગૌતમ કહે છે – કેટલાક પ્રાણી સમાયુષ્ક હોય છે. જેમના વિષયમાં શ્રાવકને જીવનપર્યન્ત યાવત્ હિંસા ન કરવાનો નિયમ છે. તેઓ આપમેળે કાળ કરીને પરલોકે જાય છે. તેઓ પ્રાણી કહેવાય છે અને ત્રસ પણ કહેવાય છે. તે મહાકાયા, સમાયુષ્કા ઘણી સંખ્યામાં છે, જેના વિષયમાં શ્રાવકને સુપ્રત્યાખ્યાન હોય છે. યાવત્ આપનું કથન ન્યાયસંગત નથી.

ભગવાન ગૌતમે કહ્યું – કેટલાક પ્રાણી અલ્પાયુ હોય છે. જેમને શ્રાવકો જીવનપર્યન્ત દંડ દેતા નથી. તે પૂર્વે જ કાળ કરીને પરલોકમાં જાય છે. તે પ્રાણી પણ કહેવાય, ત્રસ પણ કહેવાય છે. તે મહાકાય, અલ્પાયુ પ્રાણી ઘણી સંખ્યામાં છે, જેમના વિષયમાં શ્રાવકોનું સુપ્રત્યાખ્યાન થાય છે યાવત્ આપનું કથન નૈયાયિક નથી.

ભગવાન ગૌતમ કહે છે – એવા કેટલાક શ્રાવકો હોય છે, તેઓએ પૂર્વે એવું કહ્યું છે કે, અમે મુંડ થઈને યાવત્ દીક્ષા લેવા સમર્થ નથી. અમે ચૌદશ–આઠમ–પૂનમ–અમાસમાં પ્રતિપૂર્ણ પૌષધ પાળવાને પણ સમર્થ નથી. અમે અપશ્ચિમ મારણાંતિક સંલેખના કરવા પણ સમર્થ નથી. અમે તો સામાયિક, દેશાવકાસિક ગ્રહણ કરીને રોજ પૂર્વ–પશ્ચિમ–ઉત્તર–દક્ષિણ દિશામાં જવા–આવવાની મર્યાદા કરીને યાવત્ સર્વ પ્રાણોથી સર્વ સત્ત્વોના દંડનો ત્યાગ કરીશું. સર્વ પ્રાણ–ભૂત–જીવ –સત્ત્વોને ક્ષેમંકર થઈશું.

વ્રત ગ્રહણ સમયથી જે ત્રસ પ્રાણીને દંડ આપવાનું શ્રાવકે જીવનપર્યન્ત છોડી દીધેલ છે. તેઓ આયુ પૂર્ણ કરીને મર્યાદિત ભૂમિની બહાર ત્રસરૂપે ઉત્પન્ન થાય છે. યાવત્ તેમના વિષયમાં પણ શ્રાવકનું પ્રત્યાખ્યાન

સુપ્રત્યાખ્યાન હોય છે. તેઓ પ્રાણી પણ કહેવાય છે. યાવત્ શ્રાવકોના વ્રતને નિર્વિષય બતાવવું તે ન્યાયયુક્ત નથી.

સૂત્ર– ૮૦૫

સમીપ ક્ષેત્રમાં જે ત્રસ પ્રાણી છે, તેમની હિંસા કરવાનો શ્રાવકે વ્રત ગ્રહણના સમયથી મરણપર્યન્ત ત્યાગ કરેલો છે. તે ત્યાં આયુનો ક્ષય કરે છે, ક્ષય કરીને સમીપ ભૂમિમાં યાવત્ સ્થાવર પ્રાણીરૂપે ઉત્પન્ન થાય છે. જેમની નિષ્પ્રયોજન હિંસાનો ત્યાગ કર્યો છે, પણ સપ્રયોજન હિંસાનો ત્યાગ નથી, તેમાં દૂરવર્તી દેશમાં ઉત્પન્ન થાય છે. તે શ્રાવકોને અર્થદંડની હિંસાનો ત્યાગ નથી, અનર્થદંડ હિંસાનો ત્યાગ કરે છે. તેઓ પ્રાણી પણ કહેવાય છે અને ત્રસ પણ. તે ચિર–સ્થિતિક યાવત્ ન્યાયયુક્ત નથી.

ત્યાં જે સમીપ દેશમાં રહેલા ત્રસ પ્રાણી છે, જેને શ્રાવકે વ્રતગ્રહણથી આમરણાંત હિંસાનો ત્યાગ કર્યો છે. ત્યાંથી આયુ પૂર્ણ કરીને ત્યાંથી દૂર જે ત્રસ સ્થાવર પ્રાણી છે જેનો શ્રાવકે વ્રતગ્રહણથી આજીવન હિંસાનો ત્યાગ કર્યો તેમાં ઉત્પન્ન થાય છે. તે શ્રાવકનું સુપ્રત્યાખ્યાન થાય છે. તે પ્રાણી પણ કહેવાય છે યાવત્ ન્યાયયુક્ત નથી.

ત્યાં સમીપ ક્ષેત્રમાં જે સ્થાવર પ્રાણી છે. જેઓને શ્રાવકને અર્થદંડ દેવાનો ત્યાગ નથી, અનર્થદંડ દેવાનો ત્યાગ છે, તે ત્યાં આયુનો ત્યાગ કરે છે. કરીને ત્યાં સમીપમાં જે ત્રસ પ્રાણી છે જેનો શ્રાવકને વ્રત ગ્રહણથી આજીવન ત્યાગ છે, તેમાં ઉપજે છે. તે શ્રાવકોને સુપ્રત્યાખ્યાન થાય છે. તેઓ પ્રાણી પણ છે યાવત્ તમારું કથન ન્યાયી નથી.

ત્યાં સમીપમાં જે સ્થાવર પ્રાણી છે, જેનો શ્રાવકે અર્થદંડનો ત્યાગ કર્યો નથી, અનર્થદંડનો ત્યાગ કર્યો છે. તે ત્યાં આયુ પૂર્ણ કરીને જે સ્થાવર પ્રાણી જેનો શ્રાવકે અર્થદંડને તજ્યો છે, અનર્થદંડને નહીં તેમાં ઉત્પન્ન થાય છે. તે શ્રાવકને અર્થથી કે અનર્થથી તે પ્રાણીને પણ – યાવત્ – આ રીતે તમારું કથન ન્યાયયુક્ત નથી.

ત્યાં સમીપમાં જે સ્થાવર પ્રાણી છે, જેનો શ્રાવકે અર્થદંડના ત્યાગ નથી કર્યો, અનર્થદંડનો ત્યાગ કર્યો છે ત્યાં આયુ પૂર્ણ કરીને ત્યાંથી દૂરવર્તી જે ત્રસસ્થાવર પ્રાણી જેનો શ્રાવકે વ્રતગ્રહણથી આજીવન ત્યાગ કર્યો છે, તેમાં ઉત્પન્ન થાય છે, તેથી તે શ્રાવકનું સુપ્રત્યાખ્યાન થાય છે. તે પ્રાણી પણ છે યાવત્ આ રીતે તે ન્યાયસંગત નથી.

ત્યાં જે દૂરવર્તી ક્ષેત્રમાં ત્રસ–સ્થાવર પ્રાણી છે, જેનો શ્રાવકે વ્રતગ્રહણથી આજીવન ત્યાગ કર્યો છે. તે ત્યાં આયુ પૂર્ણ કરીને ત્યાં સમીપ ક્ષેત્રમાં ત્રસ પ્રાણી છે, જેનો શ્રાવકે વ્રતગ્રહણથી આજીવન ત્યાગ કર્યો છે, તેમાં ઉત્પન્ન થાય છે. તે શ્રાવકનું સુપ્રત્યાખ્યાન થાય છે. તેઓ પ્રાણી પણ છે યાવત્ તમારું કથન ન્યાયયુક્ત નથી.

ત્યાં જે દૂરવર્તી ક્ષેત્રમાં ત્રસ સ્થાવર પ્રાણી છે, જેનું શ્રાવકે વ્રત ગ્રહણથી આજીવન પ્રત્યાખ્યાન કરેલ છે, તે ત્યાં આયુ પૂર્ણ કરે છે. પૂર્ણ કરીને ત્યાં સમીપવર્તી ક્ષેત્રમાં જે સ્થાવર પ્રાણી છે જેનો શ્રાવકે અર્થદંડનો ત્યાગ નથી કર્યો, પણ અનર્થદંડનો ત્યાગ કર્યો છે. તેમાં ઉત્પન્ન થાય છે. જેનો શ્રાવકે અર્થદંડનો ત્યાગ કર્યો છે, અનર્થદંડનો ત્યાગ નથી કર્યો યાવત્ તે પ્રાણી પણ છે યાવત્ તે ન્યાયી નથી.

ત્યાં દૂરવર્તી ક્ષેત્રમાં જે ત્રસ–સ્થાવર પ્રાણી છે, જેનો શ્રાવકે વ્રત ગ્રહણથી આજીવન ત્યાગ કર્યો છે. તે ત્યાં આયુ પૂર્ણ કરે છે, પૂર્ણ કરીને તે ત્યાં દૂરવર્તી એવા ત્રસ–સ્થાવર પ્રાણી, જેના શ્રાવકે વ્રતગ્રહણથી આજીવન પ્રત્યાખ્યાન કર્યા છે, તેમાં ઉત્પન્ન થાય છે. તેથી શ્રાવકનું સુપ્રત્યાખ્યાન થાય છે. તેઓ પ્રાણી પણ છે યાવત્ તે ન્યાયી નથી.

ભગવાન ગૌતમે કહ્યું – એવું કદાપિ થયું નથી, થતું નથી કે થશે પણ નહીં કે જે આ સર્વે ત્રસ પ્રાણીનો ઉચ્છેદ થઈ જાય અને બધા પ્રાણી સ્થાવર થઈ જશે. અથવા બધા સ્થાવર પ્રાણી વિચ્છેદ પામશે કે ત્રસ પ્રાણી થઈ જશે. ત્રસ અને સ્થાવર પ્રાણીનો સર્વથા ઉચ્છેદ થતો નથી, તેથી જે તમે કે બીજા એમ કહો છો કે – એવો કોઈ પર્યાય નથી કે જેને લઈને શ્રાવકનું સુપ્રત્યાખ્યાન થાય યાવત્ તે ન્યાયયુક્ત નથી.

સૂત્ર– ૮૦૬

ભગવાન ગૌતમે કહ્યું – હે આયુષ્યમાન્ ઉદક ! જે શ્રમણ કે માહણની નિંદા કરે છે તે સાધુ સાથે ભલે મૈત્રી

રાખતો હોય, તે જ્ઞાન–દર્શન–ચારિત્રને પામીને પાપકર્મ ન કરવાને માટે પ્રવૃત્ત હોય, પણ તે પરલોકનો વિઘાત કરતો રહે છે. જે શ્રમણ કે માહણની નિંદા નથી કરતા પણ મૈત્રી સાધે છે તથા જ્ઞાન–દર્શન–ચારિત્રને પામીને કર્મોના વિનાશ માટે પ્રવૃત્ત થયેલા છે, તે મનુષ્ય નિશ્ચયથી પરલોકની વિશુદ્ધિ માટે સ્થિત છે.

ત્યારે તે ઉદક પેઢાલપુત્ર ગૌતમ સ્વામીનો આદર કરતાં જે દિશાથી આવ્યા હતા, તે દિશામાં જવા માટે તત્પર થયા. ત્યારે ભગવાન ગૌતમે કહ્યું – હે આયુષ્યમાન્ ઉદક ! જે પુરુષ તથાભૂત શ્રમણ કે માહણ પાસે એક પણ આર્ય ધાર્મિક સુવચન સાંભળી – સમજીને પોતાની સૂક્ષ્મ બુદ્ધિથી વિચારે છે કે તેણે મને અનુત્તર કલ્યાણપદને પ્રાપ્ત કરાવ્યું છે, તેનો આદર કરે છે, ઉપકારી માને છે, તેમને વંદન–નમસ્કાર કરે છે, સત્કાર–સન્માન કરે છે. યાવત્ કલ્યાણ–મંગલ–દેવક–ચૈત્યક માનીને તેની પર્યુપાસના કરે છે. ત્યારે ઉદક પેઢાલપુત્રે ગૌતમ સ્વામીને કહ્યું –

હે ભદન્ત ! આ પદો પૂર્વે મેં જાણેલ નહીં, સાંભળેલ નહીં, સમજેલ નહીં, હૃદયંગમ ન કર્યા, તેથી તે પદો મારે અદષ્ટ–અશ્રુત–અમુક–અવિજ્ઞાત–અનુપધારિત–અનિગૂઢ–અવિચ્છિન્ન–અનિસૃષ્ટ–અનિવૂઢ–અનિર્વાહિત હતા. તેથી આ અર્થની મેં શ્રદ્ધા ન કરી, પ્રીતિ ન કરી, રુચિ ન કરી. હે પૂજ્ય ! આ પદો હવે મેં જાણ્યા–સાંભળ્યા–સમજ્યા યાવત્ તેનો નિશ્ચય કર્યો છે. આ અર્થની હવે શ્રદ્ધા કરું છું, પ્રીતિ કરું છું, રુચિ કરું છું. તે એમ જ છે જે પ્રમાણે તમે કહ્યા છે. ત્યારે ગૌતમસ્વામીએ તેને કહ્યું –

હે આયુષ્યમાન્ ઉદક ! હે આર્ય ! જે પ્રમાણે અમે કહ્યા છે, તે પ્રમાણે તેની શ્રદ્ધા કરો, પ્રીતિ કરો, રુચિ કરો. ત્યારે તે ઉદક પેઢાલપુત્રે ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું – હે ભદન્ત ! હું તમારી પાસે ચતુર્યામ ધર્મને છોડીને પંચ–મહાવ્રતિક સપ્રતિક્રમણ ધર્મ સ્વીકારીને વિચરવા ઇચ્છું છું.

ત્યારે તે ભગવાન ગૌતમે ઉદક પેઢાલપુત્રને લઈને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા ત્યાં ગયા. જઈને તે ઉદક પેઢાલપુત્રે શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરી, ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરીને વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને કહ્યું –

હે ભગવન્ ! આપની પાસે હું ચતુર્યામ ધર્મ છોડીને પંચમહાવ્રતવાળો સપ્રતિક્રમણ ધર્મ અંગીકાર કરીને વિચરવા ઇચ્છું છું. ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે ઉદકને આ પ્રમાણે કહ્યું – જેમ સુખ ઊપજે તેમ કરો, પણ પ્રતિબંધ ન કરો. ત્યારે તે ઉદક પેઢાલપુત્રે શ્રમણ ભગવંત મહાવીર પાસે ચતુર્યામ ધર્મને બદલે પંચ મહાવ્રત વાળો સપ્રતિક્રમણ ધર્મ અંગીકાર કરી વિચરવા લાગ્યા – તેમ હું કહું છું.

**શ્રુતસ્કંધ-૨, અધ્યયન-૭ 'નાલંદીય'નો ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## શ્રુતસ્કંધ–૨ ગુજરાતી અનુવાદ પૂર્ણ

**સૂત્રકૃત સૂત્ર–(અંગસૂત્ર-૨, આગમ-૨)નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ**

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [૧] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि-मूलं** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 2 | **आगम सुत्ताणि-मूलं** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 3 | **आगम सुत्ताणि-मंजूषा** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| [૨] | **आगम अनुवाद साहित्य**<br>આગમ અનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ | 165 | 20050 |
| 1 | **आगम सूत्र-गुजराती अनुवाद-मूळ** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 2 | **आगम सूत्र-हिन्दी अनुवाद** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 3 | **आगम सूत्र-इंग्लिश अनुवाद** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 4 | **आगम सूत्र-गुजराती अनुवाद-सटीक** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 5 | **आगम सूत्र-हिन्दी अनुवाद** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| [૩] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ | 171 | 60900 |
| 1 | **आगम सूत्र-सटीकं** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति-1** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति-2** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि-1** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि-2** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 2 | **आगम नाम व कहा-कोसो** (Printed)<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 2 | **आगम संबंधी साहित्य** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** (Printed)<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** (Printed)<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–**4 [603+**DVD] **1,36,000**<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– **603**, તેના કુલ પૃષ્ઠો **1,08,070** | | | |
|---|---|---|---|
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम-मूल** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 | | |
| 2 | **आगम विषयानुक्रम-सटीक** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 | | |
| 3 | **आगम सूत्र-गाथा अनुक्रम** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 | | |

**મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000**
**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપૂટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપૂટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપૂટમાં અમારા કુલ 5પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત ‘તત્ત્વાર્થસૂત્ર’ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000

અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે

વેબ સાઈટ:– (1) www.jainelibrary.org (2) deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
“પાર્શ્વ વિહાર”, જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ
Post: – ઠેબા, Dis:–જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૨

# સૂત્રકૃત્

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

વેબ સાઈટ:- (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397